
# શ્રી પુષ્પમાલા પ્રકરણ





મલધારી આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ વિરચિત

# શ્રી પુષ્પમાલા પ્રકરણ

(મૂળગાથા, અનુવાદ, કથા, અકારાદિક્રમ સહિત)


: અનુવાદક :

શાન્તમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મ.ના શિષ્ય

સન્મિત્ર મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ

: સંપાદક / સહસંપાદક :

શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિશિષ્ય

આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ મહારાજ

તથા

પ્રા. કાંતિભાઈ બી. શાહ



: પ્રકાશક :

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ-૧૩.

Maldhari Acharya Shri Hemchandrasuri
Maharaj-virachit
**Pushpamala Prakarana**

પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૫૯, શ્રાવણી પૂનમ, ઓગષ્ટ ૨૦03

પ્રત : ૧000

પૃષ્ઠ સંખ્યા : ૮+૨00

કિંમત : ૩૫-00

પ્રકાશક / પ્રાપ્તિસ્થાન

• **શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા**

**C/o.** જીતેન્દ્ર કાપડિયા, અજંતા પ્રિન્ટર્સ,
૧૨-બી, સત્તર તાલુકા સોસાયટી,
પોષ્ટ : નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪.
ફોન : (ઓ.) ૭૫૪૫૫૫૭ (રહે.) ૬૬૦૦૯૨૬

• **શરદભાઇ ઘોઘાવાળા**

બી-૧, વી.ટી. એપાર્ટમેન્ટ, કાળાનાળા,
ભાવનગર. (સૌરાષ્ટ્ર)

મુદ્રક : **કિરીટ ગ્રાફીક્સ,** ફોન : (૦૭૯) ૫૩૫૨૬૦૨

# : શ્રુતલાભ :

સંયમમૂર્તિ સાધ્વીજીશ્રી ચંપકશ્રીજી,
સાધ્વીજી શ્રી ચારિત્રશ્રીજી,
સાધ્વીજીશ્રી સરસ્વતીશ્રીજી તથા
સાધ્વીજીશ્રી પદ્મલતાશ્રીજી મહારાજના
રત્નત્રયીની આરાધનાની પ્રમોદપૂર્ણ
અનુમોદનાર્થે
સાધ્વીજીશ્રી હેમલતાશ્રીજીના
ઉપદેશથી જુદાજુદા ગામના જ્ઞાનપ્રેમી
ગૃહસ્થો દ્વારા જ્ઞાનભક્તિનો તથા
શ્રી દેવકીનંદન જૈન સંઘની શ્રાવિકાના
જ્ઞાનદ્રવ્યનો 'પુષ્પમાલા પ્રકરણ' માં
લાભ લેવામાં આવ્યો છે.

## : પ્રકાશકીય નિવેદન :

'શ્રી પુષ્પમાલા પ્રકરણ' ગ્રન્થ શ્રી સંઘના કરકમલમાં મૂકતાં આજે આનંદની લાગણી થાય છે.

આ પહેલાં આ ગ્રન્થ વિ.સં. ૧૯૬૭માં શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી પ્રકાશિત થયો હતો અને તેનું પુનઃમુદ્રણ વિ.સં. ૨૦૪૪માં શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયું છે.

આ ગ્રન્થના અર્થ સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજે ટૂંકાણમાં પણ સુંદર લખેલા છે તે જ રાખ્યા છે. કથાઓ પાછળ આપી છે.

આમ આ ત્રીજી આવૃત્તિ છે પણ તેમાં શક્ય તેટલી પાઠ શુદ્ધિ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ કાર્યમાં પ્રો. કાંતિભાઈ બી. શાહનો પૂર્ણ સહયોગ સાંપડ્યો છે. તેની અમો સાભાર નોંધ લઈએ છીએ.

શ્રુતલાભ પણ જ્ઞાનરસપિપાસુ વ્યક્તિઓએ લીધો છે. મુદ્રણકાર્ય કિરીટ ગ્રાફીક્સે સુંદર રીતે પાર પાડ્યું છે. જેનું અમે સાનંદ સ્મરણ કરીએ છીએ.

પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ આ ગ્રન્થના સ્વાધ્યાય દ્વારા આત્મશુદ્ધિ કરીને પ્રભુ મહાવીર મહારાજાએ ચીંધેલા માર્ગે ચાલીને મોક્ષને વધુ ને વધુ નજીક લાવે તેવી શુભેચ્છા પ્રકટ કરીને વિરમીએ છીએ.

–પ્રકાશક

॥ નમોનમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

# સ્વાધ્યાય : શ્રમણ જીવનની નોળવેલ

શ્રમણ ભગવાન મહાવીર મહારાજાની સકલજીવહિતકારિણી વાણીની શક્તિ અચિન્ત્ય છે. શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજે ગાયું છે.

*"પ્રભુ તુજ આગમ સરસ સુધારસ સિંચ્યો શીતળ થાય રે,*
*તાસજનમ સુકૃતારથ માનું સુરનર તસ ગુણ ગાય રે."*

આ વચનો અનુભવગમ્ય છે.

શ્રમણ જીવનની સાર્થકતા શમની પ્રાપ્તિમાં છે. શમની પ્રાપ્તિ મનને વિકલ્પરહિત બનાવવામાં છે. 'જ્ઞાનસાર' ગ્રન્થમાં ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનના પરિપાક સ્વરૂપે જે શમને ગણાવ્યો છે તે શમ વિકલ્પવિષયથી પાર પામ્યા પછી પ્રાપ્ત થાય છે. મનમાંથી વિકલ્પ કાઢવા માટે પહેલાં મનને શુભસંકલ્પવાળું બનાવવું પડે. તે માટે પ્રભુવાણીનો સ્વાધ્યાય તેનો અમોઘ ઉપાય છે.

અહીં જે મલધારી શ્રી અભયદેવસૂરિ મહારાજના શિષ્ય આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજરચિત એક ઉત્તમ ગ્રન્થ 'પુષ્પમાલા પ્રકરણ' આપણા હાથને શોભાવે છે, તેનાં વચનો જ્ઞાન માટે ખૂબ ઉત્સાહપ્રેરક છે.

પંદર દિવસ સુધી ઉદ્યમ કરો અને સોળ અક્ષર કંઠસ્થ થાય ત્યાં સુધી જ્ઞાનમાં ઉદ્યમ ન મૂકવો. पक्खेण

सिलोगद्धं - પક્ષ એટલે પંદર દિવસ અને શ્લોકાર્ધ એટલે સોળ અક્ષર.

સ્વયં શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ પણ જ્ઞાની હતા. સંપૂર્ણ શ્રી ભગવતીસૂત્ર તેઓને પોતાના નામની જેમ કંઠસ્થ હતું. "नियनामेव भगवई जीहग्ग गया कया जेण" આવા જ્ઞાની પુરુષનાં વચનોનો આ ગ્રન્થ છે.

આમાં વીસ અધિકાર છે. ઘણી ગાથાઓ પ્રાચીન ગ્રન્થોમાંથી પણ આમાં સમાવવામાં આવી છે.

શ્રી ધર્મદાસગણી મહારાજરચિત ઉપદેશમાળાની છાયા પણ ઘણી ગાથામાં જણાય છે.

કષાયની કાલિમાના વિષથી મન જ્યારે ઘેરાયેલું હોય ત્યારે આવા ગ્રન્થની મોળવેલ સૂંઘવાથી ચિત્તમાં અમૃતનો સંચાર થતો અનુભવાય છે.

હમણાં હમણાં ઘણાં સાધ્વીજી મહારાજને આ ગ્રન્થ ભણતાં અને કંઠસ્થ કરતાં જોયાં તેથી પ્રેરણામળી કે અનુવાદ સાથે આને મુદ્રિત કરાવીને સુલભ બનાવાય તો શ્રુતભક્તિનો લાભ મળે.

આ ગ્રન્થના સ્વાધ્યાયથી, અર્થ અનુપ્રેક્ષાથી શ્રમણ-શ્રમણી નિજ જીવનને ધન્ય બનાવે એ જ અભિલાષા.

વિ.સં. ૨૦૫૯, શ્રાવણી પૂનમ,
પુરુષાદાનીય પાર્શ્વનાથ વસતિ
દેવકીનંદન, અમદાવાદ-૧૩

— પ્રદ્યુમ્નસૂરિ

## અ...નુ...ક...મ...ણિ...કા


- પ્રકાશકીય નિવેદન
- સ્વાધ્યાય : શ્રમણજીવનની નોળવેલ / આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ.
- મંગલાચરણ.....૧
- અહિંસાદ્વાર.....૩
- જ્ઞાનદ્વાર.....૬
- દાનદ્વાર.....૧૪
- શીલદ્વાર.....૧૯
- તપદ્વાર.....૨૨
- ભાવનાદ્વાર.....૨૭
- સમ્યક્ત્વશુદ્ધિદ્વાર.....૨૮
- ચારિત્રદ્વાર.....૩૫
- ઇંદ્રિયજયદ્વાર.....૭૮
- કષાયજયદ્વાર.....૮૪
- ગુરુકુલવાસદ્વાર.....૯૬
- આલોચનાદ્વાર.....૧૦૫
- ભવવૈરાગ્યદ્વાર.....૧૧૪
- વિનયદ્વાર.....૧૧૯
- વેયાવચ્ચદ્વાર.....૧૨૪
- સ્વાધ્યાયદ્વાર.....૧૨૬
- અનાયતનત્યાગદ્વાર.....૧૩૦
- પરપરિવાદનિવૃત્તિદ્વાર.....૧૩૬
- ધર્મસ્થિરતાદ્વાર.....૧૩૮
- પરિજ્ઞાદ્વાર.....૧૪૨
- 'શ્રી પુષ્પમાલા પ્રકરણ'ની દૃષ્ટાંતકથાઓ.....૧૮૬
- ગાથા અકારાદિ ક્રમ.....૧૮૭
- દૃષ્ટાંતકથાઓનો અકારાદિ ક્રમ.....૧૯૯

વારંવાર મનન કરવા માટેની
ગાથા નોંધવાનો અવકાશ

મલધારી આચાર્ય
શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ વિરચિત

# શ્રી પુષ્પમાલા પ્રકરણ

श्री मल्लधारि-हेमचंद्रसूरि-विरचितम्

# ॥ श्री पुष्पमाला प्रकरणम् ॥

## મંગલાચરણ

**सिद्धमकम्ममविग्गह-मकलंकमसंगमक्खयं धीरं ।**
**पणमामि सुगइपच्चल, परमत्थपयासणं वीरं ॥ १ ॥**

*સિદ્ધ (સર્વથા મોક્ષ પ્રાપ્ત થયેલા), અકર્મા (સર્વથા કર્મમુક્ત થયેલા), વિગ્રહ (દેહ-વિરોધ)થી સર્વથા મુકાએલા, અકલંક (સર્વથા કલંક રહિત), અસંગ (સર્વથા સર્વસંગ-મૂર્છા પરિગ્રહથી મુક્ત થયેલા), અક્ષય (અક્ષદ-ઈંદ્રિયોનો સંપૂર્ણ નિગ્રહ કરનારા અથવા અક્ષય અવ્યાબાધ મોક્ષ સ્થિતિને ભજનારા), ધીર, (સમસ્ત આવરણરહિત તત્વાવબોધ શક્તિથી શોભતા અથવા અનંત શક્તિવાળા હોવાથી સમસ્ત પરિસહ ઉપસર્ગ સહવા સંપૂર્ણ સમર્થ-નિષ્પ્રકંપ), અને સદ્ગતિ પમાડવા સમર્થ પુરુષોમાં શિરોમણિ, તેમજ જીવજીવાદિ સદ્ભૂત અર્થ પ્રકાશવાવાળા (અથવા સદ્ગતિ પમાડવા સમર્થ એવા પરમાર્થને પ્રકાશવાવાળા) શ્રી વીરપ્રભુને હું(હેમચંદ્રસૂરિ) ત્રિકરણ શુદ્ધિથી પ્રણામ કરું છું. ૧.*

**जिणवयणकाणणाओ, चिणिऊण सुवन्नमसरिसगुणड्ढं ।**
**उवएसमालमेयं, रएमि वरकुसुममालं व ॥ २ ॥**

જિનવચન (પ્રવચન-આગમ) રૂપી બગીચામાંથી પ્રધાન પુષ્પોની માળાની જેમ સુવર્ણ (શોભનિક-ઉત્તમ અક્ષરોનાં વિન્યાસવાળી) અને અસાધારણ જ્ઞાનાદિક ગુણો વડે ગુંફેલી-રચેલી આ ઉપદેશમાળા (અપર નામ **પુષ્પમાળા પ્રકરણ**)ની હું રચના કરું છું. ૨.

**रयणायरपब्भट्ठं, रयणं व सुदुल्लहं मणुयजंमं ।**
**तत्थवि रोरस्स निहिव्व, दुल्लहो होइ जिणधम्मो ॥ ३ ॥**

સમુદ્રમાં પાડી નાંખેલ (ચિંતામણિ) રત્નની જેમ મનુષ્યજન્મ ફરી પામવો અતિ દુર્લભ છે. તેમાં પણ રંકને નિધાનપ્રાપ્તિની પેરે જિન ધર્મની પ્રાપ્તિ (અતિ અતિ) દુર્લભ છે. **ઉત્તરાધ્યયન** સૂત્ર પ્રમુખમાં चूल्लगपासग, પ્રમુખ દશ દૃષ્ટાંતે મનુષ્યજન્મ પામવો દુર્લભ કહ્યો છે, તે દૃષ્ટાંતો વિશેષાર્થીએ ત્યાંથી જોઈ લેવાં. ૩.

**तं चेव दिव्वपरिणइ-वसेण कह कहवि पाविउं पवरं ।**
**जइयव्वं इत्थ सया, सिवसुहसंपत्तिमूलंमि ॥ ४ ॥**

એવું મનુષ્યપણું અને જિનધર્મ પમાય તેવા અનુકૂલ અદ્‌ભુત કાર્યના ફલ તરીકે કોઈ કોઈ રીતે મનુષ્યજન્માદિક શ્રેષ્ઠ સામગ્રી પામીને શિવસુખ સંપત્તિના હેતુરૂપ એવા જિનધર્મમાં સદા સાવધાન પણે વર્તવું. મોક્ષસુખદાયી વીતરાગપ્રણીત ધર્મ પામીને તેમાં ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કરવો, મતલબ કે શ્રી વીતરાગપ્રણીત તત્ત્વનું રુચિપૂર્વક શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા તત્પર રહેવું. ૪.

सोय अहिंसा मूलो, धम्मो जियरागदोसमोहेहिं।
भणिओ जिणेहिं तम्हा, सविसेसं तीइ जइयव्वं॥ ५॥

*તે **ધર્મ** રાગ, દ્વેષ અને મોહવર્જિત એવા જિનેશ્વરોએ **અહિંસામૂલ** કહેલો છે, તે માટે તે અહિંસા અર્થે અધિક ઉજમાળ રહેવું. ૫.*

किं सुरगिरिणो गरुयं, जल निहिणो किं व हुज्ज गंभीरं ।
किं गयणाओ विसालं, को य अहिंसा समो धम्मों ॥ ६ ॥

*મેરુ ગિરિથી (વધારે) મ્હોટું કોણ છે? સમુદ્રથી વધારે ગંભીર કોણ છે ? આકાશથી વધારે વિશાળ કોણ છે? તેમજ અહિંસા સમાન બીજો ક્યો ધર્મ છે ?. ૬.*

कल्लाणकोडिजणणी, दुरंतदुरियारिवग्गनिट्ठवणी ।
संसारजलहितरणी, इकुच्चिय होइ जीवदया ॥ ७ ॥

*કોટિ ગમે કલ્યાણને કરનારી, મહા દુઃખદાયી દુરિત (પાપ) રૂપ શત્રુ વર્ગનો ક્ષય કરનારી, અને સંસારસમુદ્ર તરનારી નૌકા એક કેવળ જીવદયા જ છે. ૭.*

विउलं रज्जं रोगेहिं वज्जियं रूवमाउयं दीहं ।
अन्नंपि तं न सुक्खं, जं जीवदयाइ न हु सज्झं ॥ ८ ॥

*વિશાળ રાજ્ય, રોગોથી વર્જિત રૂપ, અને દીર્ઘ આયુષ્ય*

તેમજ એવું બીજું કોઈ પણ સુખ નથી કે જે જીવદયાથી સાધ્ય ન થાય. માટે જીવદયાનો અત્યંત આદર કરવો ઘટે છે. ૮.

**देविंदचक्कवट्टित्तणाई, भुत्तूण सिवसुहमणंतं ।**
**पत्ता अणंत जीवा, अभय दाऊण जीवाणं ॥ ९ ॥**

જીવોને અભય આપીને અનંત જીવો દેવેન્દ્ર અને ચક્રવર્તી આદિ સંબંધી સુખને અનુભવી અનંત અક્ષય એવા શિવ સુખને પ્રાપ્ત થયા છે. ૯.

**तो अत्तणो हिएसी, अभयं जीवाण दिज्ज निच्चंपि ।**
**जह वज्जाउहजम्मे, दिन्नं सिरिसंतिनाहेण॥ १०॥**

તે માટે આત્મહિતૈષી જનોએ (સર્વ) જીવોને સદાય અભયદાન દેવું જોઈએ. જેવી રીતે **વજ્રાયુધના** ભવમાં શ્રી શાંતિનાથે અભયદાન આપ્યું હતું. શ્રી શાંતિનાથના જીવે પૂર્વભવમાં એક **પારેવા** ઉપર કેવી કરુણા આણી આત્માર્પણ કર્યું હતું તે કથાનક ! સુપ્રસિદ્ધ છે. ૧૦.

**जह मम न पियं दुक्खं, जाणिय एमेव सयल जीवाणं।**
**न हणइ न हणावेईय, धम्मंमि ठिओ स विन्नेओ ॥११॥**

જેમ મુજને દુઃખ પ્રિય નથી લાગતું તેમજ સકળ જીવોને પ્રિય ન જ લાગે એમ જાણીને કોઈ જીવને ન હણે, ન હણાવે, તેમજ હણતાને રૂડું ન જાણે તે જ આત્મા ધર્મમાર્ગમાં સ્થિત નિશ્ચળ જાણવો. ૧૧.

जे उण छज्जीववहं, कुणंति अस्संजया निरणुकंपा ।
ते दुहलक्खाभिहया, भमंति संसारकंतारे ॥ १२॥

*તેમજ જે મન, વચન અને કાયાને કાબુમાં નહિ રાખતાં છતાં અનુકંપા (દયા) રહિત બની સર્વ જીવોનો વધ કરે છે, (કરાવે છે અને અનુમોદે છે) તે લાખો ગમે દુઃખોથી પરાભવ પામી સંસાર અટવીમાં ભ્રમણ કરે છે. ૧૨.*

वहबंधमारणरया, जियाण दुक्खं बहुं उईरंता ।
हुंति मियाव्रइ तणओ-व्व भायणां सयलदुक्खाणं ॥ १३ ॥

*વધ, બંધન અને મારવામાં રક્ત છતાં જે નિર્દય જનો જીવોને બહુ દુઃખ ઉપજાવે છે તે મૃગાવતીના પુત્ર-મૃગાપુત્રની પેરે સકળ દુઃખોનું ભાજન થાય છે. ૧૩.**

नाऊण दुहमणंतं, जिणोवएसाउ जीवहयाणं।
हुज्ज अहिंसानिरओ, जइ निव्वेओ भवदुहेसु ॥ १४ ॥

*જીવહિંસા કરનારને અનંત દુઃખ થાય છે એમ સર્વજ્ઞ વીતરાગના ઉપદેશથી જાણીને જો ભવદુઃખથી નિર્વેદ-ત્રાસ થતો હોય તો જીવદયામાં રક્ત રહેવું. ૧૪.*

---

** આ ગાથામાં છે તે રીતે તમામ ગાથાઓમાં નિર્દિષ્ટ દૃષ્ટાંતકથાઓ આ ગ્રંથમાં પાછળ આપવામાં આવી છે.*

## ज्ञानद्वार-२

**इच्छंतो य अहिंसं, नाणं सिरिकज्ज सुगुरुमूलंमि ।**
**सच्चिय कीरइ संमं, जं तव्विसयाइ विन्नाणे ॥ १५ ॥**

*અહિંસાના લાભને ઈચ્છનારે સદ્‌ગુરુની સમીપે જ્ઞાન મેળવવું જોઈએ, કેમકે જ્યારે તે અહિંસા સંબંધી વિજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જ તે (અહિંસા) રૂડી રીતે સેવાય છે, અન્યથા તે સારી રીતે સેવી શકાતી નથી. ૧૫.*

**किं नाणं को दाया, को गहणविही गुणा य के तस्स ।**
**दारक्कमेण इमिणा, नाणस्स परूवणं वुच्छं ॥ १६ ॥**

*જ્ઞાન તે શું છે ? જ્ઞાન દાતા કોણ ? જ્ઞાન ગ્રહણ કરવાનો વિધિ શું ? તેના શા શા ગુણો? આ દ્વારના અનુક્રમથી જ્ઞાનની પ્રરૂપણા કરીશું. ૧૬.*

**आभिणिबोहियनाणं, सुयनाणं चेव ओहिनाणं च ।**
**तह मणपज्जवनाणं, केवलनाणं च पंचमयं॥ १७ ॥.**

*પહેલું મતિજ્ઞાન, બીજું શ્રુતજ્ઞાન, ત્રીજું અવધિજ્ઞાન, ચોથું મનઃપર્યવજ્ઞાન, અને પાંચમું કેવળજ્ઞાન. ૧૭.*

**इत्थं पुण अहिगारो, सुयनाणेणं जओ सुएणं तु**
**सेसाणमप्पणोवि य,अणुओग पईवदिट्ठंतो ॥ १८ ॥**

*અત્ર પ્રસ્તુત અધિકાર શ્રુતજ્ઞાન વડે છે કેમકે શ્રુતજ્ઞાન વડે જ શેષ (બીજાં) મતિજ્ઞાનાદિક જ્ઞાનોનું તેમજ પોતાનું*

*(શ્રુતજ્ઞાનનું) વ્યાખ્યાન થઈ શકે છે, પ્રદીપના દૃષ્ટાંતથી જેમ દીપક પોતાને તેમજ બીજા ઘટપટાદિક પદાર્થોને પ્રકાશે છે, તેમ શ્રુતજ્ઞાન પણ ઉભયને પ્રકાશી-જણાવી શકે છે. ૧૮.*

**इक्कंमि वि मुक्खपयंमि, होइ जो इत्थ निच्चमाउत्तो ।**
**तं तस्स होइ नाणं, छिंदई सो तेण दुहजालं ॥ १९ ॥**

*એક પણ નિર્વાણ સુખદાયી પદમાં જે અત્ર સદાય ઉપયુક્ત (તદાકાર વૃતિવાળો) થઈ વર્તે છે. તે તેનું (સમ્યગ્) જ્ઞાન કહેવાય છે. અને તે વડે તે દુ:ખજાળ ને છેદી નાખે છે (ભાવનામય કરેલા એક પણ ઉત્તમ પદથી પ્રાણીનું કલ્યાણ થઈ શકે છે. તેવું જ ઉત્તમ જ્ઞાન અધિક હોય તો અધિક હિત, પણ જેટલું હોય તે ભાવનામય હોવું જોઈએ, પછી ભલે તે થોડું જ હોય). ૧૯.*

**संविग्गो गीयत्थो, मज्झत्थो देसकालभावन्नू ।**
**नाणस्स होइ दाया, जो सुद्ध परूवगो साहू ॥ २० ॥**

*સંવિગ્ન-ભવભીરુ, મોક્ષ-અનુકૂળ ક્રિયા કરનાર, મુમુક્ષુ, તીવ્ર વૈરાગી, ગીતાર્થ (સૂત્રાર્થ ઉભયના જાણ), મધ્યસ્થ નિષ્પક્ષપાતી, કેવળ ગુણરાગી; અને દેશકાળનો જાણ છતો જે સાધુ મુમુક્ષુ શુદ્ધ પ્રરૂપક હોય તે જ્ઞાનનો દાતા હોય. ૨૦.*

**ओसन्नो वि विहारे, कम्मं सोहेइ सुलभबोही य ।**
**चरणकरणं विसुद्धं, उववूहंतो परूवंतो ॥ २१ ॥**

*(કોઈ મુમુક્ષુ) સંયમમાર્ગમાં શિથિલ છતાં સર્વજ્ઞ વીતરાગ પ્રણીત ચરણકરણ (પંચ મહાવ્રત મૂળ ગુણ અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ)ને પ્રશંસતો ને પ્રરૂપતો કર્મનિર્જરા કરે અને સુલભબોધી પણ થાય. મતલબ કે શ્રી ઉપદેશમાળા પ્રમુખમાં કહ્યા મુજબ સંવિગ્નપક્ષીપણું પાળનાર પણ સ્વહિત સાધી શકે. પણ ગુણ વિના મિથ્યાડંબરી સ્વહિત સાધી ન શકે. ૨૧.*

**अक्खलियमिलियाइ गुणे, कालग्गहणाई उ विही सुत्ते ।**
**मज्जण निसिज्ज अक्खा, इच्चाइ क्रमो तयत्थंमि ॥ २२ ॥**

*સૂત્ર-અર્થ ગ્રહણ કરતી વખતે (શિષ્યોએ) અસ્ખલિત અને અમિલિત પ્રમુખ ગુણવાળા (ન્યૂનાધિક રહિત) ઉચ્ચારાતા સૂત્રોમાં કાલગ્રહણાદિક વિધિ (શાસ્ત્રપ્રસિદ્ધ ક્રિયા વિશેષ-ઉદ્દેશ, સમુદ્દેશ અનુજ્ઞા પ્રમુખ), પ્રમાર્જન (ભૂમિ-શુદ્ધિ), જ્ઞાનદાતા ગુરુ મહારાજ શાસ્ત્રવાચના દેવા સમાધિપૂર્વક બેસે એવા આસન પ્રમુખની યોજના તેમજ અક્ષ (ચંદનક) વડે સ્થાપનાચાર્યને સ્થાપવા ઈત્યાદિક ક્રિયાક્રમ કરવાનો હોય છે. ૨૨.*

**निद्दा विकहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं ।**
**भत्तिबहुमाणपुव्वं, उवउत्तेहिं सुणेयव्वं ॥ २३ ॥**

*નિદ્રા અને વિકથા વર્જિત અને સુનિગ્રહીત યોગવાળા થઈને શિષ્યોએ પ્રાંજલિ (હસ્તપુટ) જોડી કરી ભક્તિ-બહુ માનપૂર્વક ઉપયુક્ત બની (સાવધાનપણે) શાસ્ત્રવાચના લેવી જોઈએ. ૨૩.*

अभिकंखवं तेहिं सुहासिआइं,वयणाइं अत्थसाराइं ।
विम्हिय मुहेहिं हरिसा, गएहिं हरिसं जणंतेहिं ॥ २४॥

*તેમજ વળી શિષ્યોએ વિસ્મિત મુખે, હર્ષિત મને અને આચાર્ય મહારાજને હર્ષ ઉપજાવતા છતાં ગુરુના ગંભીર અર્થવાળાં સુભાષિત (મધુર) વચનોને શ્રવણ કરવા અભિલાષી બનવું જોઈએ. ૨૪.*

गुरुपरितोसगएणं, गुरुभत्तीए तहेव विणएणं ।
इच्छिय सुत्तत्थाणं, खिप्पं पारं समुवयंति ॥ २५॥

*ગુરુ મહારાજને પરિતોષ (અનેક રીતે સમાધિ) ઉપજાવવાથી, ગુરુ મહારાજ પ્રત્યે સારા ભક્તિભાવથી તેમજ વિનય-બહુમાન કરવાથી શિષ્યો ઈચ્છિત સૂત્રાર્થનો શીઘ્ર સારી રીતે પાર પામે છે. ૨૫.*

समयभणिएण विहिणा, सुत्तं अत्थो अ दिज्ज जुग्गस्स ।
विज्जासाहगनाएण, हुंति इयरा बहुदोसा ॥ २६॥

*શાસ્ત્રકથિત વિધિ મુજબ વિદ્યાસાધકના દૃષ્ટાંતથી યોગ્ય જીવને સૂત્ર અને અર્થ દેવા, અન્યથા અનેક દોષો સંભવે છે. મતલબ કે યોગ્ય જીવને સૂત્રાર્થ દેવાથી સ્વપરને હિત અને અયોગ્યને દેવાથી સ્વપરને અહિત-અનર્થ પેદા થાય છે. ૨૬.*

आमे घडे निहित्तं, जहा जलं तं घडं विणासेइ ।
इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥ २७॥

જેમ કાચા ઘડામાં નાખેલુ જળ તે ઘડાનો વિનાશ કરે છે તેમ સિદ્ધાન્ત - રહસ્ય પણ હીન - સત્વ ગુણ વિકળ - અયોગ્ય જીવનો વિનાશ કરે છે. ૨૭.

**मेहा हुज्ज न हुज्ज व, लोए जीवाण कम्मवसगाणं ।**
**उज्जोओ पुण तह विहु, नाणंमि सया न मोतव्वो ॥ २८ ॥**

જગત્માં કર્મવશવર્તી જીવોને મેધા (ધારણાશક્તિ) હોય અથવા ન હોય તો પણ જ્ઞાન - અભ્યાસ કરવામાં ઉદ્યમ તો ન જ મૂકવો જોઈએ. ૨૮.

**जइ विहु दिवसेण पयं, धरेइ पक्खेण वा सिलोगद्धं ।**
**उज्जोयं मा मुंचसु,जइ इच्छसि सिक्खिउं नाणं ॥ २९ ॥**

કદાચ આખા દિવસમાં એક જં પદ આવડે અથવા આખા પખવાડિયામાં અર્ધો શ્લોક જ આવડે તો પણ જો જ્ઞાન શીખવા ઈચ્છા હોય તો ઉદ્યમ મૂકીશ નહીં. શુભ નિષ્ઠાથી ઉદ્યમ વડે જ જ્ઞાનનો વધારો થઈ શકશે. ૨૯.

**जं पिच्छह अच्छेरं,तह सीयलमओनएणवि कमेण ।**
**उदाएण गिरी भिन्नो, थोवं थोवं वहंतेणं ॥ ३० ॥**

પ્રસ્તુત વિષયની પુષ્ટી માટે આશ્ચર્યભૂત દૃષ્ટાંત છે તે તમે વિચારો કે શીતળ મૃદુ અને થોડું થોડું બોલતું, ધીમે ધીમે વહેતું જળ (જળપ્રવાહ) અનુક્રમે નદીના સંબધવાળું થઈને ગિરિ જેવા દુર્ભેદ્યને પણ ભેદી નાંખે છે. તેમ શાન્તિથી વિનય-બહુમાન-

*પૂર્વક ગુરુ સમીપે થોડું થોડું ભણતાં પણ અનુક્રમે દુર્લભ શ્રુત-રહસ્યને પામી શકાય છે. ૩૦.*

**सूइ जहाससुत्ता, न नस्सई कयवरंमि पडियावि ।**
**जीवोवि तह ससुत्तो, न नस्सई गओवि संसारे ॥ ३१ ॥**

*જેમ સૂત્ર (દોરા) સહિત સોય કચરામાં પડી હોય છતાં નાશ પામતી નથી તેમ જીવ પણ સૂત્ર (જ્ઞાનસહિત) છતો કદાચ કર્મવશાત્ સંસારભ્રમણ કરતો છતો પણ વિનાશ પામતો નથી, મતલબ કે પૂર્વે અભ્યાસેલા શ્રુતજ્ઞાનના પ્રભાવથી પુનઃ અલ્પ સમયમાં બોધિલાભ પામીને ઊંચો આવે છે. ૩૧.*

**सुइवि जह असुत्ता, नासइ रेणुंमि निविडिया लोए ।**
**तह जीवोवि असुत्तो, नासइ पडिओ भवरयंमि ॥ ३२ ॥**

*જેમ સૂત્રરહિત સોય રજમાં પડી થકી લોકમાં નષ્ટ થતી જણાય છે, તેમ સૂત્ર (જ્ઞાન) રહિત જીવ પણ ભવ (સંસાર) રજમાં રગદોળાઈને નાશ પામે છે. એટલે અનંતશઃ જન્મજરામરણનાં દુઃખ પામ્યા કરે છે. ૩૨.*

**जह आगमपरिहीणो, विज्जो वाहिस्स न मुणइ तिगिच्छं ।**
**तह आगमपरिहीणो, चरित्तसोहिं न याणेइ ॥ ३३ ॥**

*જેમ શાસ્ત્ર-જ્ઞાનરહિત વૈદ્ય વ્યાધિની ચિકિત્સા કરવી જાણતો નથી તેમ આગમબોધરહિત જીવ પણ ચારિત્રશુદ્ધિને જાણી શકતો નથી. ૩૩.*

किं इत्तो लट्ठयरं, अच्छेरतरं व सुंदरतरं वा ।
चंदमिव सव्वलोगा, बहुस्सुयमुहं पलोयंति ॥ ३४॥

*આથી વધારે પ્રધાન, આશ્ચર્યકારક અથવા સુંદર શું? કે સર્વે લોકો બહુશ્રુત (જ્ઞાની)ના મુખને ચંદ્રમાની જેમ અતિ આદરથી જુએ છે. ૩૪.*

छट्ठट्ठमदसमदुवालसेहिं,अबुहुस्सुयस्स जा सोही ।
इत्तो य अणेगगुणा,सोही जिमिअस्स नाणिस्स ॥ ३५॥

*છટ્ઠ, અટ્ઠમ, દસમ (ચાર ઉપવાસ) અને દુવાલસ (પાંચ ઉપવાસ) કરવે કરીને અબહુશ્રુત (અલ્પજ્ઞ - અજ્ઞાની) ની જેટલી શુદ્ધિ(કર્મનિર્જરા) થાય તેથી અનેકગુણી શુદ્ધિ સંયમના ખપી નિત્ય ભોજી જ્ઞાની - વિવેકીને થાય. એ સર્વ નિર્મળ જ્ઞાન(વિવેક)નો જ પ્રભાવ જાણવો. ૩૫.*

नाणेण सव्वभावा, नज्जंती सुहुमबायरा लोए ।
तम्हा नाणं कुसलेण, सिक्खियव्वं पयत्तेण ॥ ३६॥

*જ્ઞાન વડે જગતમાં વર્તતા સૂક્ષ્મ અને બાદર સર્વ ભાવો જાણી શકાય છે. તે માટે કુશળ (બુદ્ધિમાન) જનોએ પ્રયત્નથી જ્ઞાન અભ્યાસ કરવો. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી લેવું એ જ સદ્બુદ્ધિ પામ્યાનું ખરું ફળ છે. ૩૬.*

नाणमकारणबंधू, नाणं मोहंधयारदिणबंधू ।
नाणं संसारसमुद्द-तारणे बंधुरं जाणं ॥ ३७॥

*જ્ઞાન નિષ્કારણ બંધુ (સહાયક) છે. જ્ઞાન મોહ-અંધકારને દૂર કરવા સૂર્ય છે, અને જ્ઞાન આ સંસારસમુદ્ર તારવાને મનોહર જહાજ છે. ૩૭.*

**वसणसयसल्लियाणं, नाणं आसासयं सुमित्तुव्व ।**
**सागरचंदरस्स व होइ, कारणं सिवसुहाणं च ॥ ३८ ॥**

*સેંકડો કષ્ટથી દુઃખિત જનોને જ્ઞાન ઉત્તમ મિત્રની પેરે (અત્ર) આશ્વાસન આપનાર છે અને સાગરચંદ્રની પેરે (પરત્ર) શિવ સુખને મેળવી આપનાર છે. ૩૮.*

**पावाओ विणियत्ती, पवत्तणा तह य कुसलपक्खंमि ।**
**विणयस्सय पडिवत्ती, तिन्निवि नाणे समुप्पंति ॥ ३९ ॥**

*પાપ થકી નિવૃત્તિ, તેમજ પુણ્યકાર્યમાં પ્રવૃત્તિ અને વિનય ગુણની પ્રાપ્તિ એ ત્રણ વાનાં જ્ઞાન છતે જ પરિપૂર્ણ થાય છે. ૩૯.*

**गंगाइ वालुअं जो मिणिज्ज उल्लिंचिऊण य समत्थो ।**
**हॆत्थउडेहिं समुद्दं, सो नाणगुणे भणिज्जाहि ॥ ४० ॥**

*જો ગંગાનદીની રેતી માપી શકાય અને સમુદ્રનાં જળ બે હાથથી ઉલેચી નાખવા કોઈ સમર્થ હોય તો જ તે જ્ઞાનગુણને કહી શકે. ૪૦.*

ઇતિ જ્ઞાનદ્વાર સમાપ્ત.

**आहार वसहि वत्था, एएहिं नाणीण वग्गहं कुज्जा ।**
**जं भवगयाण नाणं, देहेण विणा न संभवइ ॥ ४१ ॥**

*આહાર, વસતિ (વસવાનું સ્થાન) અને વસ્ત્રાદિક વડે જ્ઞાની જનોને ઉપષ્ટંભ (આધાર) આપવો, કેમકે જીવોને જ્ઞાન દેહ વિના સંભવતું નથી. ૪૧.*

**देहो अ पुग्गलमओ, आहाराईहिं विरहिओ न भवे ।**
**तयभावे न य नाणं, नाणेण विणा कओ तित्थं॥ ४२ ॥**

*દેહ પુદ્‌ગળમય છે, તે દેહ આહારિક વિના ન નભી શકે. મતલબ કે દેહના નિર્વાહને માટે આહારાદિકની અવશ્ય જરૂર છે, તેથી જ તે ટકી શકે છે. તેના વિના જ્ઞાન સંભવતું નથી અને જ્ઞાન વિના સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ તીર્થ-સંઘ શી રીતે સંભવે ? ૪૨.*

**एएहिं विरहियाणं, तवनियमगुणा भवे जइ समग्गा ।**
**आहारमाईयाणं, को नाम परिग्गहं कुज्जा ॥ ४३ ॥**

*જો ઉપષ્ટભં વિના જ તપનિયમ પ્રમુખ સમગ્ર ગુણો સંભવતા હોય તો પછી આહાર, વસ્ત્ર, પાત્રાદિકનો કોણ (શા માટે) સ્વીકાર કરે ? ૪૩.*

**तम्हा विहीइ संमं, नाणीणमुवग्गहं कुणंतेणं ।**
**भवजलहिजाणपत्तं पवत्तियं होइ तित्थंपि ॥ ४४ ॥**

તે માટે વિધિપૂર્વક જ્ઞાની પુરુષોને સમ્યગ્ ઉપષ્ટંભ આપતાં છતાં ભવસમુદ્ર તરવાને યાનપાત્ર (જહાજ) જેવું તીર્થ પણ પ્રવર્તાવ્યું ગણાય. ૪૪.

**कह दायगेण एयं, दायव्वं केसु वावि पत्तेसु ।**
**दाणस्स दाइगाणं, अदायगाणं च गुणदोसो ॥ ४५ ॥**

દાતાએ આવો ઉપષ્ટંભ કેવા ભાવથી આપવો અને તે વળી કેવા પાત્ર પુરુષોને આપવો; એવી રીતે દાનદાતા અને અદાતાના જે ગુણદોષ સંભવે તે કહેવા યોગ્ય છે. ૪૫.

**आसंसाइ विरहिओ, सद्धा रोमंचकंचुइजंत्तो ।**
**कम्मक्खयहेउं चिय, दिज्जा दाणं सुपत्तेसु ॥ ४६ ॥**

આશંસાદિક (આલોક પરલોક સંબંધી સુખની ઈચ્છા, યશ, માન, પ્રતિષ્ઠાદિકની ઈચ્છા) રહિત થઈ અને શ્રદ્ધા તથા રોમાંચ (હર્ષોલ્લાસ) ને ધારણ કરી દાતાએ કેવળ કર્મનો ક્ષય કરવાને માટે જ સુપાત્ર દાન દેવું. ૪૬.

**आरंभनियत्ताणं, अकिरित्ताणं, अकारविंताणं ।**
**धम्मट्ठा दायव्वं, गिहीहिं धम्मे कयमणाणं ॥ ४७ ॥**

આરંભક્રિયાથી નિવૃત થયેલા, મૂલ્ય વડે વસ્ત્ર-આહારાદિક નહિ ગ્રહણ કરનારા, તેમજ આરંભ અને ખરીદી નહિ કરાવનાર તથા ધર્મમાં જ ચિત્તને સ્થાપનારા સાધુજનોને ગૃહસ્થોએ ધર્મને માટે જ દાન દેવું. ૪૭.

इय मुक्खहेउ दाणं दायव्वं सुत्तवन्नियविहीए ।
अणुकंपादाणं पुण, जिणेहिं सव्वथ्थ न निसिद्धिं ॥ ४८ ॥

આવું મોક્ષસુખ આપનારું સુપાત્રદાન શાસ્ત્રમાં વર્ણવેલા વિધિ મુજબ દાતાએ દેવું, અને અનુકંપાદાનનો તો જિનોએ ક્યાંય પણ નિષેધ કર્યો જ નથી. ૪૮.

केसिं च होइ चित्तं, वित्तं अन्नेसिमुभयमन्नेसिं ।
चित्तं वित्तं पत्तं, तिन्निवि केसिं च धन्नाणं ॥ ४९ ॥

કેટલાકનું ચિત્ત સુંદર ઉદાર (ભાવનામય) હોય, કેટલાકનું દ્રવ્ય સુંદર(ન્યાયોપાર્જિત) હોય, ત્યારે કેટલાકનાં ચિત્ત અને વિત્ત બન્ને સુંદર હોય પણ ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણે સુંદર તો કોઈક જ ભાગ્યશાળીને લાભે છે.મતલબકે ભાવનામય ઉદાર આશય વડે નીતિથી ઉપાર્જિત કરેલું દ્રવ્ય તથાપ્રકારના સુપાત્રમાં દેવાનો પુણ્યપ્રસંગ વિરલ પુણ્યશાળીને જ મળે છે. ૪૯.

आरुग्गं सोहग्गं, आणिस्सरिय मणिच्छिओ विहवो ।
सुरलोयसंपया विय, सुपत्तदाणाऽवरफलाइं ॥ ५० ॥

આરોગ્ય, સૌભાગ્ય, આજ્ઞૈશ્વર્ય (અન્ય જનો આજ્ઞા સ્વીકારી લે તેવી ઠકુરાઈ), મનચિંતિત વિભવ (લક્ષ્મી) તેમજ સુરલોક સંબંધી સંપદા એ સહુ સુપાત્રદાનનાં મોક્ષસુખની અપેક્ષાએ અપર (પ્રાસંગિક) ફળ જાણવા. ૫૦.

दाउं सुपत्तदाणं, तंमि भवे चेव निव्वुया केवि ।
अन्ने तईय भवेणं, भुत्तूण नरामरसुहाइं ॥ ५१ ॥

સુપાત્રદાન દઈને કેટલાક ભવ્ય જનો તે ભવમાં જ નિવૃત્તિ (મોક્ષ) પામ્યા અને અનેરા કેટલાક ભવ્યો નર-સુર સંબંધી સુખ વિલાસીને ત્રીજા ભવે સિદ્ધિપદને પામ્યા. ૫૧.

**जायइ सुपत्तदाणं, भोगाणं कारणं सिवफलं च ।**
**जह दुण्ह भाउयाणं, सुयाण निवसूरसेणस्स ॥ ५२ ॥**

સુપાત્રદાન દેવ અને મનુષ્ય સંબંધી સુખપ્રાપ્તિનું કારણ થાય છે તેમજ શિવસુખ (મોક્ષ) રૂપ ફળ પણ આપે છે, જેમ સુરસેન નૃપના પુત્ર બન્ને ભાઈઓને સુપાત્રદાનથી ભારે સુખ પ્રાપ્ત થયું હતું. ૫૨.

**पहसंतगिलाणेसु, आगमगाहीसु तह य कयलोए ।**
**उत्तरपारणगम्मि य, दिन्नं सुबहुफलं होइ ॥ ५३ ॥**

પ્રશ્રાન્ત (પર્યટન-વિહાર કરવાને અસમર્થ), ગ્લાન (રોગી), આગમગ્રાહી (શાસ્ત્રાભ્યાસી) સાધુને લોચ કર્યા બાદ તેમજ ઉત્તરપારણાને પ્રસંગે (શાસ્ત્રવિધિથી) દીધેલું દાન બહુ ગણું ફળદાયી નીવડે છે. ૫૩.

**बज्झेण अणिच्चेण य, धणेण जइ होइ पत्तनिहिएणं ।**
**निच्चंतरंगरूवो, धम्मो ता किं न पज्जत्तं ॥ ५४ ॥**

બાહ્ય અને અનિત્ય એવું ધન (સુ)પાત્રમાં સ્થાપવા વડે કરીને જો નિત્ય (શાશ્વત) એવો અંતરંગ ધર્મ પ્રાપ્ત થતો હોય તો શું પરિપૂર્ણ ન થયું ? અર્થાત્ સર્વ સિદ્ધ થયું સમજવું. ૫૪.

दारिद्दं दोहग्गं, दासत्तं दीणया सरोगत्तं ।
परपरिभवसहणं चिय, अदिन्नदाणाणवथ्थाओ ॥ ५५ ॥

દારિદ્ર, દૌર્ભાગ્ય, દાસત્વ, દીનતા, સરોગતા, અને પરપરાભવનું સહન કરવાપણું એ સર્વ (સુપાત્ર) દાન નહિ દેનારની અવસ્થાઓ છે. ૫૫

ववसायफलं वहवो, विहवस्स फलं सुपत्तविणिओगो ।
तयभावे ववसाओ, विंभवो विय दुग्गइनिमित्तो ॥ ५६ ॥

વ્યવસાય, ઉદ્યોગ કરવાનું પ્રયોજન - ફળ લક્ષ્મી છે, લક્ષ્મી પામ્યાનું ફળ સુપાત્રદાન છે. તેના અભાવે વ્યવસાય અને લક્ષ્મી બંને દુર્ગતિના કારણરૂપ થાય છે. ન્યાયનીતિથી લક્ષ્મી કમાઈ તેનો સુપાત્રદાન વડે લ્હાવો લેવો એથી સદ્ગતિ સહજે પ્રાપ્ત થઈ શકે છે, એમ પૂર્વે શાસ્ત્રકારે જણાવ્યું છે. ૫૬.

पायं अदिन्न पुव्वं, दाणं सुरतिरियनारयभवेसु ।
मणुयत्तेवि न दिज्जा, जइ तं तो तं पि नणु विहलं ॥ ५७ ॥

પ્રાયઃ દેવ, તિર્યંચ અને નારકીના ભવોમાં દાન પૂર્વે દીધેલું હોતું નથી, અને મનુષ્યભવપણામાં પણ જો દાન ન દેવાય તો તેને મનુષ્યભવ પણ ખરેખર નિષ્ફળ નીવડે. ૫૭.

उन्नयविहवो वि कुलुग्गओ वि समलंकिओ वि रूवी वि ।
पुरिसो न सोहइ च्चिय, दाणेण विणा गईदुव्व ॥ ५८ ॥

અત્યંત લક્ષ્મીપાત્ર છતાં ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયાં છતાં, વસ્ત્રાલંકારથી અલંકૃત છતાં અને સ્વરૂપવંત છતાં પુરુષ,

દાન(સુપાત્રદાનપક્ષે મદ વારિ) વિના મયગળ (હાથી)ની જેમ ખરેખર શોભા પામતો નથી. ૫૮

लद्धोवि गरूयविहवो, सुपत्तखित्तेसु जेहिं न निहित्तो ।
ते महुरापुरिवणिउव्व, भायणं हुंति सोयस्स ॥ ५९ ॥

બહુ દ્રવ્ય પામ્યાં છતાં સુપાત્રરૂપ ઉત્તમ ક્ષેત્રમાં જેમણે વાવ્યું નથી, તે મથુરાપુરીમાં વસનારા વણિકની પેરે શોકનું ભાજન થાય છે. ૫૯

## शीलद्वार-४

इय इक्कं चिय दाणं, भणियं नीसेसगुणगणनिहाणं ।
जइ पुण सीलंपि हविज्ज, तत्थ ता मुद्दियं भवणं ॥ ६० ॥

આ અનંતર કહેલું દાન જ સમસ્ત ગુણગણનું નિધાન છે, અને જો કદાચ તેની સાથે શીલ (ગુણ) પણ હોય તો પછી તેમાં બાકી શું કહેવાય ? આથી વધારે ગુણકથા ભવનમાં ન હોઈ શકે. ૬૦

जं देवाणवि पुज्जो, भिक्खानिरओवि सीलसंपुन्नो ।
पुहविवईवि कुसीलो, परिहरणिज्जो बुहजणस्स ॥ ६१ ॥

ભિક્ષા-ઉપજીવી છતાં જો શીલગુણથી સંપૂર્ણ હોય તો તે દેવતાને પણ પૂજનિક થાય છે અને એક પૃથ્વીપતિ પણ જો કુશીલ (શીલ-વિકલ) હોય તો તે પંડિત પુરુષોને પરિહરવા યોગ્ય છે. ૬૧

कस्स न सलाहणिज्जं, मरणंपि विशुद्धसीलरयणस्स ।
कस्स व न गरहणिज्जं, विअलिअसीला जिअंता वि ॥६२॥

*વિશુદ્ધ શીલરત્ન પુરુષનું મરણ પણ કોને શ્લાઘા (પ્રશંસા) કરવા યોગ્ય ન થાય ? અને શીલવિકલજનો જીવતાં પણ કોને નિંદવા યોગ્ય ન થાય ?. ૬૨*

**जे सयल पुहई भारं, वहंति विसहंति पहरणप्पीलं ।**
**नणु सीलभरुव्वहणे, ते विहु सीयंति कासरुव्व ॥ ६३ ॥**

*જે સકળ પૃથ્વીના ભારને વહે છે અને શસ્ત્રોની પીડાને ખુશીથી સહે છે તે પણ પાડાની પેરે શીલ સંબંધી ભારનું ઉદ્વહન કરવામાં ખરેખર સીદાય છે, મતલબ કે કામાન્ધ જનો શીલ પાળવાને કેવળ કાયર હોય છે. આ પ્રસંગે રાવણાદિક દૃષ્ટાન્તરૂપ સમજવા. તેનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે. ૬૩*

**रइरिद्धिबुद्धिगुणसुंदरीण, तहसीलरख्खणपयत्तं ।**
**सोऊण विम्हियकरं, को मइलइ शीलवररयणं ॥ ६४ ॥**

*રતિસુંદરી, રિદ્ધિસુંદરી, બુદ્ધિસુંદરી, અને ગુણસુંદરીએ શાસ્ત્રનીતિ મુજબ શીલરક્ષણ કરવાનો કરેલો વિસ્મયકારી પ્રયત્ન સાંભળીને પોતાના પ્રધાન શીલરત્નને કોણ મલિન કરે ? ૬૪*

**जलहीवि गोपयं चिय, अग्गीवि जलं विसंपि अमयसमं ।**
**सीलसहायाण सुरावि, किंकरा हुंति भुवणंमि ॥ ६५ ॥**

*જેમને શીલગુણની સહાય છે તેમને સમુદ્ર પણ ખરેખર ગોપદ (ગાયના પગલાં) જેવડો સુતર થાય છે, અગ્નિ પણ જળ થાય છે, અને વિષ પણ અમૃત સમાન થાય છે. (શીલના પ્રભાવથી) શીલવંતને દેવતાઓ પણ સર્વત્ર સેવક થઈ રહે છે. ૬૫*

सुरनररिद्धी-निय किंकरिव्व गेहंगणंमि कप्पतरू ।
सिद्धिसुहंपि च करयल-गयं व वरसीलकलियाणं ॥ ६६ ॥

*શ્રેષ્ઠ શીલ પાળનાર દેવમનુષ્યની રિદ્ધિ પોતાના ચાકરની જેમ સેવે છે. કલ્પવૃક્ષ તેના ઘરના આંગણે આવી રહે છે. અને મોક્ષસુખ પણ તેના હસ્તગત જેવા જ થઈ રહે છે. મતલબ સમસ્ત સુખ શીલવંતને સુલભ છે. ૬૬*

सीया-देवसियाणं, विसुद्धवरसीलरयणकलियाणं ।
भुवणच्छरियं चरियं, समए लोएवि य पसिद्धं ॥ ६७॥

*વિશુદ્ધવર શીલરત્નને ધરનારી એવી સીતા અને દેવસિકા (દેવસેના) નાં જગતને ચકિત કરી નાંખે એવાં ચરિત્ર શાસ્ત્રમાં અને લોકમાં પણ પ્રસિદ્ધ છે. (મહાસતી સીતાના પવિત્ર શીલના પ્રભાવથી ગગનતલસ્પર્શી અગ્નિ પણ જળ રૂપ થઈ ગયો હતો તે અને દેવસેનાએ પોતાનો પતિ પરદેશ ગયે છતે તેના પવિત્ર શીલનો ભંગ કરવા માટે આવેલ ચાર વ્યવહારીના પુત્રોને શીલના પ્રભાવથી ઊલટા છેતરી સ્વશીલની રક્ષા કરી પ્રસંગે તેમને પણ ધર્મ યુક્તિથી પ્રતિબોધી તેવા કુચ્છંદથી મુક્ત કર્યા હતા. અને છેવટે પોતે પણ વૈરાગ્યથી પ્રવ્રજ્યા અંગીકાર કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગઈ. તે વાત પ્રસિદ્ધ છે.) ૬૭.*

विसयाउरे बहुसो, सीलं मणसावि मइलियं जेहिं ।
ते नरय दुहं दुसहं, सहंति जह मणिरहो राया ॥ ६८ ॥

*જેમણે વિષયાતુર બનીને મનથી પણ શીલરત્નને અનેકવાર*

મલિન કર્યું છે તે (બાપડા) મણિરથ રાજાની પેરે નરકનાં દુઃસહ દુઃખને સહન કરે છે. ૬૮.

चिंतामणिणा किं तस्स, किं च कप्पद्दुमाइ वत्थूहिं ।
चिंताइयफलकरं, सीलं जस्सत्थि साहीणं ॥ ६९ ॥

જેમને અચિંત્ય ફળદાયી શીલરત્ન સ્વાધીન છે તેમને ચિંતામણિ કે કલ્પદ્રુમાદિક વસ્તુઓની શી જરૂર છે ?

આ પ્રમાણે શીલધર્મનું સમર્થન કર્યું. હવે ક્રમાગત તપ ધર્મની વ્યાખ્યા કરતાં ગ્રંથકાર કહે છે : ૬૯

## तपद्वार-५

इय निज्जियकप्पद्दुम-चिंतामणिकामधेणुमाहप्पं ।
धन्नाण होइ सीलं, विसेसओ संजुअं तवसा ॥ ७० ॥

આવી રીતે કલ્પદ્રુપ, ચિંતામણિ અને કામધેનુના મહિમાને જીતી લેનારું શીલરત્ન પુન્યવંત પ્રાણીઓને પ્રાપ્ત થાય છે. તે શીલરત્ન જો તપયુક્ત હોય તો તે વિશેષે કરીને કર્મનિર્જરાને માટે થઈ શકે છે. ૭૦

समयपसिद्धं च तवं, बाहिरमब्भिंतरं च बारसहा ।
नाऊणं जहा विरियं, कायव्वं तो सुहत्थीहिं ॥ ७१ ॥

શાસ્ત્રપ્રસિદ્ધ તે તપ બાહ્ય અને અભ્યંતરભેદે બાર પ્રકારનો જાણીને સુખના અર્થી જનોએ તેનું યથાશક્તિ સેવન કરવું ઘટે છે. ૭૧

जं आमोसहिं विप्पो-सही अ संभिन्नसोअपमुहाओ।
लद्धीओ हुंति तवसा, सुदुल्लहा सुरवराणंपि ॥ ७२॥

*તે તપના સેવનથી શ્રેષ્ઠ દેવતાઓને પણ અતિ દુર્લભ એવી આમૌષધિ લબ્ધિ (જેના વડે સંસ્પર્શન માત્રથી જ સકળ વ્યાધિઓ દૂર થઈ જાય તે), વિપ્રુડૌષધિ લબ્ધિ (જેનાવડે વિષ્ટાદિક મળ સુગંધી થાય અને સંસ્પર્શ માત્રથી જ વ્યાધિઓ દૂર થઈ જાય તે.) અને સંભિન્ન શ્રોત (સર્વ શરીર વ્યાધિઓનું જેમાં શ્રવણ થાય છે અથવા જુદી જુદી એક એક ઈંદ્રિય વડે સર્વ ઈંદ્રિયોના વિષયો જેમાં અનુભવી શકાય, અથવા પરસ્પર લક્ષણથી અને નામથી જુદા જુદા અનેક શબ્દો જે વડે સાંભળી શકાય તે) વિગેરે (ખેલૌષધિ, મળૌષધિ, જંઘાચારણ અને વિદ્યાચારણ પ્રમુખ અનેક) લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. ૭૨*

सुरसुंदरिकरचालिय-चमरुप्पीलो सुहाइं सुरलोए ।
जं भुंजइ सुरनाहो कुसुममिणं जाण तवतरुणो ॥ ७३॥

*જેને સુરસુંદરીઓ (દેવાંગનાઓ) પોતાના હાથે ચામર વીંઝી રહી છે એવા ઈંદ્રો દેવલોકમાં જે દિવ્ય સુખ ભોગવે છે તે તપ તરૂનાં પુષ્પ માત્ર સમજો, તેનાં ફળ તો મુક્તિનાં અક્ષય સુખ જ છે. ૭૩*

जं भरहमाइणो चक्किणो वि, विप्फुरियनिम्मलपयावा ।
भुंजंति भरहवासं, तं जाण तवप्पभावेणं ॥ ७४॥

*વળી જેમનો નિર્મળ પ્રતાપ ચોતરફ પ્રસરી રહ્યો છે એવા*

ભરતાદિક ચક્રવર્તીઓ જે આખા ભરતક્ષેત્રને ભોગવે છે તે તપનો જ પ્રભાવ જાણવો. ૭૪

**पायाले सुरलोए, नरलोए वावि नत्थि तं कज्जं ।**
**जीवाण जं न सिज्झइ, तवेण विहिणाणुचिन्नेणं ॥ ७५ ॥**

સ્વર્ગ, મૃત્યુ કે પાતાળમાં પણ એવું કોઈ કાર્ય નથી કે જે યથાસ્થિત-શાસ્ત્રનીતિ મુજબ કરેલા તપથી સિદ્ધ ન થાય. મતલબ કે ગમે તેવું કાર્ય પણ યથાર્થ તપના પ્રભાવથી સિદ્ધ થાય જ છે. ૭૫

**विसमंपि समं समयंपि, निभ्भयं दुज्जणावि सुयणुव्व ।**
**सुचरिअतवस्स मुणिणो, जायइ जलणोवि जलनिवहो ॥७६ ।**

સારી રીતે શાસ્ત્રમર્યાદા મુજબ તપ કરનાર મુનિને વિપદા રૂપ હોય તે પણ સંપદા રૂપ, ભયથી ભરેલું હોય તે પણ નિર્ભય, દુર્જન હોય તે પણ સજ્જન જેવો અને અગ્નિ હોય તે પણ જળના સંચય જેવો થઈ જાય છે. જેમ મુનિને તેમ બીજા પણ ઉગ્ર તપસ્વીઓને તપના પ્રભાવથી ઉપર જણાવેલું સર્વ શુભ સંભવે છે. ૭૬

**तवसुसियमंसरुहिरो, अंतोविप्फुरियगरुअमाहप्पा ।**
**सलहिज्जंति सुरेहि वि, जे मुणिणो ताण पणओहं ॥ ७७ ॥**

જેમણે તપથી માંસરુધિર શોષવી નાંખ્યાં છે અને જેમના અંતરમાં મહાન પ્રભાવ જાગેલો હોવાથી દેવતાઓ પણ જેમની શ્લાઘા(પ્રશંસા) કરે છે તે મુનિજનોને મારો પ્રણામ છે. ૭૭

जं नंदिसेणम्मुणिणो, भवंतरे अमरसुंदरीणंपि ।
अइलोभणिज्जरूवं, संपत्तं तं तवस्स फलं ॥ ७८ ॥

*નંદિષેણ મુનિનું અનેરા મનુષ્યભવમાં સુરસુંદરીઓને પણ અતિ લોભાવનારું રૂપ થયું તે તપનું ફળ સમજવું. ૭૮*

सुर-असुर-देव-दाणव-नरिंदवरचक्कवट्टिपमुहेहिं ।
भत्तीइ संभमेण य, तवस्सिणो चेव थुव्वंति ॥ ७९ ॥

*સુર, અસુર, દેવ, દાનવ, તેમજ સર્વ નરપતિમાં પ્રધાન ચક્રવર્તી પ્રમુખ ભક્તિથી અને બહુમાનથી તપસ્વીઓને જ સ્તવે છે (તે તપનો જ પ્રભાવ છે.) ૭૯*

पथ्थइ सुहाइं जीवो रसगिद्धो कुणइ नेव विउलतवं ।
तंतूहिं विणा पडयं, मग्गइ अहिलासमित्तेण ॥ ८० ॥

*જીવ અનેક પ્રકારના સુખની ચાહના કરે છે પણ રસગૃદ્ધ છતો વિશાળ તપ કદાપિ કરતો નથી. ફક્ત તે તંતુઓ વિના અભિલાષ માત્રથી વસ્ત્ર માગે છે, પરંતુ જેમ તંતુઓ વિના વસ્ત્ર નિષ્પન્ન થતું નથી તેમ વિશાળ તપ વિના સુખ પણ મળતું નથી. કાર્યના અર્થી જનોએ કારણને અવશ્ય સેવવું જ જોઈએ. ૮૦*

कंमाइं भवंतरसंचियाइं, अइकख्खडाइं वि खणेण ।
डज्झंति सुचिन्नेणं, तवेण जलणेणव वणाइं ॥ ८१ ॥

*જેમ દાવાનળથી વન બળી જાય છે તેમ ભવાન્તરમાં સંચેલાં અતિ આકરાં કર્મ પણ ક્ષણવારમાં સારી રીતે આચરેલા તપથી બળીને ભસ્મ થઈ જાય છે. ૮૧*

होऊण विसमसीला, बहुजीवखयंकराविं कूराविं ।
निम्मलतवाणुभावा, सिज्झंति दढप्पहारिव्व ॥ ८२ ॥

*મહા માઠા આચરણ કરનાર અને બહુ જીવોનો ઘાત કરનાર એવાં ક્રૂર પ્રાણીઓ પણ નિર્મળ તપના પ્રભાવથી દૃઢપ્રહારીની પેરે સિદ્ધ થઈ શકે છે. ૮૨*

संघगुरुपच्चणीए, तवाणुभावेण सासिउं बहुसो ।
विन्हुकुमारव्व मुणीं, तित्थस्स पभावगा जाया ॥ ८३ ॥

*તપના પ્રભાવથી સંઘ તથા ગુરુના પ્રત્યનિક (શત્રુ) જનોને શિક્ષા આપી વિષ્ણુકુમાર મુનિની પેરે અનેક મુનિઓ શાસન પ્રભાવક થયા છે, વિષ્ણુકુમાર મુનિએ સ્વલબ્ધિના પ્રભાવથી લક્ષયોજન પ્રમાણ દેહ કરીને જિનધર્મના દ્વેષી નમુચિને ગુરુમહારાજની આજ્ઞાથી શ્રીસંઘની રક્ષા કરવા માટે સંપૂર્ણ શિક્ષા કરી ધર્મપ્રભાવના કીધી હતી. તેનો વિશેષ અધિકાર ઉપદેશમાળા પ્રમુખથી જાણી લેવો. નિર્મળ તપના પ્રાભાવથી એવી અનેક અપૂર્વ લબ્ધિઓ સ્વતઃ ઊપજે છે. ૮૩.*

हुंति महाकप्पसुरा, बोहिं लहिउं तवेण विहुअरया ।
जह खंदओ महप्पा, सीसो सिरिवीरनाहस्स ॥ ८४ ॥

*તપ વડે પાપ કર્મને ખપાવી શ્રીવીરપ્રભુના શિષ્ય ખંધકમુનિની પરે મહર્ધિક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા છે, ત્યાંથી ચ્યવી પુનઃ બોધિરત્ન પામી તપયોગે સકળ કર્મને ખપાવી કેવળજ્ઞાન પામીને મોક્ષે જાય છે. પ્રથમ તે ગર્દભાલી*

પરિવ્રાજકના શિષ્ય હતા. એકદા શ્રીવીર પ્રભુના શિષ્ય પિંગલે તેને લોક સ્વરૂપાદિક સંબંધી પ્રશ્ન પૂછ્યા. ખંધક પોતે અજાણ હોવાથી મૌન રહ્યો. એકદા શ્રીવીર પ્રભુને વંદન કરવા લોકોને જતા દેખી સ્વસંદેહ પૂછવા પોતે પણ ગયો, ત્યાં છિન્ન સંદેહ થયો છતો શ્રીવીર પ્રભુ સમીપે દીક્ષા લહી દુષ્કર તપસંયમ પાળીને અંતે અનશન કરી અચ્યુત દેવલોકે દેવ થયો, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં અવતરી સર્વ કર્મ ખપાવીને મોક્ષે જશે. ૮૪.

**कित्तिय मित्तं भणिमो तवस्स सुह भावणाइ चिन्नस्स ।**
**भुवणत्तएवि न जओ, अन्नं तस्सथ्थि गरुअतरं ॥ ८५ ॥**

શુભ ભાવનાથી આચરેલા તપનું માહાત્મ્ય કેટલું કહીએ! કેમકે ત્રણ ભુવનમાં પણ તે તપથી કોઈ વધારે બળવાન નથી.

એવી રીતે તપ ધર્મનું સમર્થન કરી હવે ભાવના ધર્મની વ્યાખ્યા ગ્રંથકાર કહે છે. ૮૫

## भावनाद्वार-६

**दाणं सीलं च तवो, उच्छुपुप्फं व निप्फलं हुज्जा ।**
**जइ न हिअयंमि भावो, होइ सुहो तस्सिमे हेऊ ॥ ८६ ॥**

જો હૃદયમાં શુભભાવ (જાગૃત) ન હોય તો દાન, શીલ, અને તપ શેલડીના ફૂલની પેઠે નિષ્ફળ થાય છે. એવી શુભભાવના જાગૃત કરવાના આ આગળ કહેવામાં આવતા હેતુઓ છે. પ્રથમ તે ૧૪ હેતુઓનાં નામ ગ્રંથકાર કહે છે. ૮૬.

सम्मत्तचरणसुद्धी, करणजओ निग्गहो कसायाणं ।
गुरुकुलवासो दोसाण, वियडणा भवविरागोय ॥ ८७॥
विणओ वेयावच्चं, सज्झायरई अणाययणचाओ ।
परपरिवायनिवित्ती, थिरया धम्मे परिन्ना य ॥ ८८॥

*૧- સમ્યકત્વશુદ્ધિ, ૨- ચારિત્રશુદ્ધિ, ૩- ઇંદ્રિયજય, ૪- કષાયનિગ્રહ, ૫- ગુરુકુલવાસ, ૬- દોષ(અતિચારાદિક)ની આલોચના અને ૭-ભવવૈરાગ્ય. ૮- વિનય, ૯- વેયાવચ્ચ, ૧૦- સ્વાધ્યાયરતિ, ૧૧- અનાયતન ત્યાગ, ૧૨-પરપરિવાદ(નિંદા) નિવૃત્તિ, ૧૩-ધર્મમાં સ્થિરતા અને છેવટે, ૧૪-અનશન રૂપ પરિજ્ઞા.*

*હવે તે દરેક હેતુઓનું વધારે સ્પષ્ટીકરણ અનુક્રમે ગ્રંથકાર જ પોતે કરે છે. ૮૭-૮૮*

### सम्यक्त शुद्धि द्वार ( दार गाहा )-७

किं सम्मत्तं त्तं हुज्ज, किहणु कस्स व गुणा य के तस्स ।
कइ भेयं अइआरा, लिगं वा किं भवे तस्स ॥ ८९ ॥

*તેમાં (પ્રથમ) સમ્યક્ત્વ તે શું ? તે શી રીતે પ્રાપ્ત થાય ? કોને પ્રાપ્ત થાય ? તેના શા શા ફાયદા છે ? તેના કેટલા ભેદ છે? તેના કટલા અતિચાર છે ? તેમજ તેના લિંગ ક્યાં ક્યાં છે? ૮૯*

### ( पडिदारगाहा )

अरिहं देवो गुरूणो, सुसाहुणो जिणमयं मह पमाणं ।
इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणो ॥ ९०॥

*અરિહંત એ જ દેવ, સુસાધુ એ જ ગુરુ, અને વીતરાગસર્વજ્ઞ કથિત એ જ ધર્મ મારે પ્રમાણ છે, ઈત્યાદિક જે શુભ ભાવ તે જ સમ્યક્ત્વ (સમકિત) છે, એમ જગગુરુ જિનેશ્વરો કહે છે. ૯૦*

**भमिऊण अणंताइं, पुग्गलपरियट्टसयसहस्साइं ।**
**मिच्छत्तमोहियमई, जीवा संसारकंतारे ॥ ९१ ॥**

**पावंति खवेऊणं, कंमाइं अहापवत्तकरणेणं ।**
**उवलनाएण कहमवि, अभिन्नपुव्वं तओ गंठिं ॥ ९२ ॥**

*પ્રથમ તો મિથ્યાત્વ મોહિત મતિવાળા જીવો અનંત લક્ષ ગમે પુદ્ગલ-પરાવર્તન સુધી સંસારઅટવીમાં ભ્રમણ કરીને ઘંચના ઘોળના ન્યાયે કથંચિત્ યથાપ્રવૃત્તિ કરણ વડે (આયુવર્જિત સકળ કર્મની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન એક કોડાકોડ સાગરોપમ જેટલી કરી તેથી અધિક) કર્મની સ્થિતિ ખપાવીને પૂર્વે નહિ ભેદેલી ગ્રંથી પાસે આવે છે. ૯૧-૯૨.*

**गंठिं भणंति मुणिणो, घणरागद्दोसपरिणइसरूवं ।**
**जम्मि अभिन्न जीवा, न लहंति कयावि संमत्तं ॥ ९३ ॥**

*નિબિડ રાગદ્વેષની પરિણતિને જ્ઞાની પુરુષો ગ્રંથિ કહે છે. તે ગ્રંથિને ભેદ્યા વિના જીવો કદાપિ પણ સમકિત પામી શકતા નથી. ૯૩*

**उल्लसिय-गरूय-विरया, धन्न लहुकंमुणो महप्पाणो ।**
**आसन्नकालभवसिद्धि-या य तं केइ भिंदंति ॥ ९४ ॥**

*જેમની વીર્યશક્તિ અત્યંત ઉલ્લસિત થઈ છે અને જે અલ્પ સમયમાં સિદ્ધિપદ પામવાના છે એવા કોઈક વિરલ હળવા કર્મી મહાત્માઓ તે નિબિડ રાગદ્વેષમય ગ્રંથિને ભેદી નાંખે છે. ૯૪*

**जे उण अभव्वजीवा, अणंतसो गंठिदेसपत्तावि।**
**ते अकयगंठीभेया, पुणोवि वड्ढंति कंमाइं॥ ९५॥**

*પરંતુ જે અભવ્ય જીવો છે તે તો અનંતીવાર તે ગ્રંથિપ્રદેશ સુધી આવ્યા છતાં ગ્રંથિને ભેદી શકતા જ નથી. તેથી તેઓ પુનઃકર્મ વૃદ્ધિ કરે છે. ૯૫*

**तं गिरिवरंव भित्तुं, अपुव्वकरणुग्गवज्जधाराए ।**
**अंतोमुहुत्तकालं, गंतुं अनियट्टिकरणंमि ॥ ९६॥**

**पइसमयं सुज्झंतो, खविउं कम्माइं तत्थ बहुयाइं।**
**मिच्छत्तंमि उइन्ने, खीणे-णुईअम्मि उवसंते ॥ ९७॥**

**संसारगिम्हतविओ, तत्तो गोसीसचंदणुरसं व।**
**अइपरमनिव्वुइकरं, तस्संते लहइ सम्मत्तं ॥ ९८॥**

*અપૂર્વકરણ (અપૂર્વ શુભ અધ્યવસાય) રૂપે ઉગ્ર વજ્રધારા વડે મોટા પહાડની જેવી દુર્ભેદ્ય તે નિબિડ ગ્રંથિને ભેદી નાંખી અંતર્મુહૂર્તકાલ પર્યંત (* **अंतमुहूत्तेणगओ** *એવો પાઠ સમકિત પચીશીમાં છે ત્યાં તો અપૂર્વકરણ કર્યા બાદ અંતર્મુહૂર્ત કાળે ત્યાં અનિવૃતિકરણે જાય એમ સમજાય છે.) અનિવૃત્તિકરણ (વિશુદ્ધ અધ્યવસાય)ને પામીને ત્યાં પ્રતિસમય અંતર્મુહૂર્ત સુધી*

અનંતગણી વિશુદ્ધિથી વિશુદ્ધમાન છતો ઘણાં કર્મને ખપાવી ઉદીરેલાં મિથ્યાત્વ દળિયાં ક્ષીણ થયે છતે અને અનુદીર્ણ-સત્તાગત (દળિયાં) ઉપશાન્ત થયે છતે એટલે મિથ્યાત્વનાં દળિયાં(રસ ઉદયે કે પ્રદેશ ઉદયે)વેદવાં ન જ પડે એવી ઉપશાન્ત સ્થિતિ પ્રાપ્ત થયે છતે, સંસાર રૂપ ગ્રીષ્મ-તાપથી તપ્ત થયેલો જીવ ગોશીર્ષચંદનના રસ જેવું અત્યંત શાન્તિને આપનારું (ઉપશમ)સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. હવે સમ્યક્ત્વ કોને કોને હોય છે તે વાતને ગ્રંથકાર સ્પષ્ટ કરે છે. ૯૬-૯૭-૯૮

**पुव्वपडिवन्ना पडिवज्जमाणया, निरयमणुयदेवा य।**
**तिरिएसुं तु पवन्ना, बेइंदियमाइणो हुज्जा ॥ ९९॥**

**पडिवज्जमाणया विहु, विगलिंदिय अ मणवज्जिया।**
**हुंति उभया, भावो एगिंदिसु सम्मत्तलद्धीए ॥ १००॥**

સમ્યક્ત્વને પૂર્વ પ્રાપ્ત થયેલ અને વર્તમાન સમયે પ્રાપ્ત થતા જીવો નારક, મનુષ્ય અને દેવો હોઈ શકે છે, કેમકે દેવ અને મનુષ્યો ધર્મશ્રવણાદિકથી અને નારકો અતિ દુખ સહન કરવા વિગેરે કારણોથી કર્મને ખપાવતાં તથા ભવ્યત્વ પરિપાકથી તે સમ્યક્ત્વ પામે છે. પામતી વખતે તે પામતા કહેવાય છે. અને પછી પામેલા કહેવાય છે. તિર્યંચગતિમાં પૂર્વપ્રતિપન્ન તો જે બેઈન્દ્રયાદિક વિકલેંદ્રિયમાં સાસ્વાદન સમકિતવંત ઊપજે તેની અપેક્ષાએ થોડોક વખત કહેવાય, પછી તો તે નિશ્ચે મિથ્યાત્વ પામે છે. પંચેન્દ્રિય તિર્યંચમાં તો પૂર્વ પ્રતિપન્ન હોઈ શકે, અને વર્તમાન સમયે પામતા તે વિકલેંદ્રિય અને સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય

ન જ સંભવે, એકેન્દ્રિયમાં તો સમ્યક્ત્વની પૂર્વપ્રાપ્તિ તેમજ વર્તમાન સમયે સંભવતી જ નથી. બાકી કર્મગ્રંથ પ્રમાણે સાસ્વાદન સમકિતવંત તેમાં ઊપજે તે અપેક્ષાએ થોડોક વખત પૂર્વપ્રતિપન્ન કહેવાય. ૯૯-૧૦૦

जह धन्नाणं पुहई, आहारो नहयलं व तारणं।
तह नीसेसगुणाणं, आहारो होइ सम्मत्तं ॥१०१॥

જેમ સર્વ ધાન્યની ઉત્પત્તિ અને સ્થિતિના આધારભૂત પૃથ્વી છે, તારાઓ (જ્યોતિષ્ચક્ર)નો આધારભૂત આકાશ છે તેમ સમસ્ત ગુણોના આધાર રૂપ સમ્યક્ત્વ (સમકિત) છે. ૧૦૧.

सम्मद्दिट्ठी जीवो, गच्छइ नियमा विमाणवासीसु ।
जइवि न गयसम्मत्तो, अहवा निबद्धाउओ पुव्विं ॥१०२॥

સમ્યગ્દૃષ્ટિ (સમકિતી) જીવ જો તેણે સમકિત વિણાશ્યું ન હોય અથવા પૂર્વે (અન્યગતિ યોગ) આયુષ્ય બાંધી લીધું ન હોય તે અવશ્ય વિમાનવાસી (વિમાનિક) દેવપણે ઉત્પન્ન થાય છે, મતલબ કે સમકિતની અખંડ આરાધના કરનારની જરૂર સદ્ગતિ જ થાય છે. ૧૦૨.

अचलियसंमत्ताणं, सुरावि आणं कुणंति भत्तीए ।
जह अमरदत्तभज्जाए, अहव निवविक्कमाईणं ॥१०३ ॥

અચળ સમકિતવંતની દેવતાઓ પણ ભક્તિથી સેવા બજાવે છે, અમરદત્તની ભાર્યા અને વિક્રમ નૃપતિની પેરે. ૧૦૩.

अंतोमुहुत्तमित्तंपि, फासियं जेहिं हुज्ज सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल-परियट्टो चेव संसारो ॥१०४॥

*અંતર્મુહર્ત (અલ્પકાળ) સુધી પણ જેમણે સમકિત સ્પર્શ્યું છે તેમને અર્ધ પુદ્‌ગલપરાવર્તનથી અધિક સંસાર-પરિભ્રમણ કરવું પડતું નથી. ૧૦૪.*

लब्भंति अमरनरसंपयाओ सोहग्गरूवकलियाओ॥
न य लब्भइ सम्मत्तं, तरंडयं भवसमुद्दस्स ॥१०५॥

*સૌભાગ્ય અને રૂપથી શોભિત દેવ-મનુષ્ય સંબંધી સંપદા મળી શકે પણ ભવસમુદ્ર થકી તરવા નાવ તુલ્ય સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ સુલભ નથી. ૧૦૫.*

खइयं खओवसमियं, वेअय-मुवसामियं च सासणयं।
पंचविहं सम्मत्तं, पन्नतं वीयरागेहिं ॥१०६॥

*ક્ષાયિક, ક્ષાયોપશમિક, વેદક, ઉપશમિક અને સાસ્વાદન એ પાંચ પ્રકારનું સમ્યક્ત્વ શ્રી વીતરાગ પરમાત્માએ જણાવ્યું છે. તેનો વિશેષ અધિકાર સમકિત પચીશી, કર્મગ્રંથ પ્રમુખથી જાણી લેવો. ૧૦૬*

संका कंख विगिंच्छा, पासंडीणं च संथव-पसंसा ।
तस्स य पंच अइयारा, वज्जेयव्वा पयत्तेणं ॥ १०७॥

*શંકા કંખા (કુમતની વાંછના), વિગિચ્છા, (ધર્મના ફળોનો સંદેહ), પાખંડીઓનો પરિચય અને પાખંડીઓની સ્તુતિ એ*

*સમ્યક્ત્વના પાંચ અતિચાર પ્રયત્ન વડે વર્જવા યોગ્ય છે. ૧૦૭*

**पिडंप्पयाण हुणणं, सोमग्गहणाइं लोय-किच्चाइं ।**
**वज्जसु कुलिंगिसंगे लोइअतित्थिसु गमणं च ॥१०८॥**

*પિંડપ્રદાન (પિતૃપિંડ), યજ્ઞ(અગ્નિતર્પણ), સોમગ્રહણ (ચંદ્રગ્રહણ) આદિ શબ્દથી સૂર્યગ્રહણ, સંક્રાન્તિ પ્રમુખ લૌકિક કાર્ય તેમજ કુલિંગીનો સંગ તથા લૌકિક તીર્થ(પરમાર્થ શૂન્ય સ્થળ) માં ભ્રમણ કરવાનું તું ત્યજ. ૧૦૮.*

**मिच्छत्तभाविउ च्चिय, जीवो भवसायरे अणायंमि।**
**दढचित्तोवि छलिज्जइ, तेण इमो नणु कुसंगेहिं ॥१०९॥**

*અનાદિ સંસારસાગરમાં પ્રથમ તો જીવ મિથ્યાત્વ ભાવિવત હોય છે તેથી તે ગમે તેવો દૃઢ ચિત્તવાળો હોય તો પણ નિશ્ચે કુસંગથી છળાઈ જાય છે. ૧૦૯.*

**जस्स भवे संवेगों, निव्वेओ उवसमो अ अणुकंपा ।**
**अत्थिक्कं जीवाइसु, नज्जइ तस्सत्थि संमत्तं ॥ ११० ॥**

*જેને સંવેગ (મોક્ષાભિલાષ), નિર્વેદ (ભવવૈરાગ્ય), ઉપશમ (ક્ષમા-સમતાભાવ), અનુકંપા (કરુણાભાવ), અને જીવાદિક તત્ત્વમાં આસ્તિક્ય (તત્ત્વશ્રદ્ધા) હોય તેને સમ્યક્ત્વ છે એમ જાણવું તે સિવાય બીજાં પણ લિંગ કહે છે. ૧૧૦*

**सव्वथ्थ उचियकरणं, गुणाणुराओ रई य जिणवयणे ।**
**अगुणेसु अ मज्झथ्थं, सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥ १११ ॥**

*સર્વત્ર ઉચિત વર્તન, ગુણાનુરાગ, જિનવચનમાં રતિ અને નિર્ગુણી ઉપર પણ મધ્યસ્થ ભાવ એ સમ્યગ્ દષ્ટિનાં બીજાં લિંગ છે. ૧૧૧.*

એ પ્રમાણે સમ્યક્ત્વશુદ્ધિનું સમર્થન કરીને હવે ચારિત્રશુદ્ધિ દ્વાર કહે છે.

## चारित्रद्वार-८

**चरणरहियं न जायइ, सम्मत्तं मुक्खसाहयं इक्कं ।**
**तो जइसु चरणकरणे, जइ इच्छसि मुक्खमचिरेण ॥११२॥**

*ચારિત્ર (સદ્વર્તન) રહિત એકલું સમ્યક્ત્વ (તત્ત્વશ્રદ્ધાન) મોક્ષદાયક થતું નથી. માટે જો શીઘ્ર મોક્ષ મેળવવા ઈચ્છતો હોય તો ચરણ કરણ (મૂળ ગુણ તથા ઉત્તરગુણ સેવન કરવા)માં ઉજમાળ થા! ૧૧૨.*

**किं चरणं कइ भेयं, तदरिहपडिवत्ति विहिपरूवणया ।**
**उसग्ग-ववाएहि अ, तं कस्स फलं व किं तस्स ॥११३॥**

*ચારિત્ર તે શું? એટલે તેનું સ્વરૂપ શું? તેના કેટલા ભેદ (પ્રકાર)છે? તેને યોગ્ય (અધિકારી) કોણ? તેને અંગીકાર કરવાના વિધિની પ્રરૂપણા, ઉત્સર્ગ, અપવાદ વડે તેની શુદ્ધિ, તે ચારિત્ર કોણ સાધુને હોય? અને તો ચારિત્રનું શું ફળ(સાધ્ય) છે? એ સર્વ પ્રતિદ્વારોનો ખુલાસો કરતા છતા ગ્રંથકાર પોતે જ કહે છે. ૧૧૩*

**सावज्जजोगविरई, चरणं ओहेण देसियं समए ।**
**भेएण उ दुविगप्पं, देसे सव्वे अ नायव्वं ॥ ११४॥**

*પાપવ્યાપારથી વિરમવું તે ચારિત્ર, એમ તેનું સામાન્ય લક્ષણ શાસ્ત્રમાં કહેલું છે. તે ચારિત્ર દેશથી અને સર્વથી એમ બે પ્રકારનું કહેલું છે એમ જાણવું. ૧૧૪.*

**देसचरणं गिहीणं, मूलत्तर-गुण-विगप्पओ दुविहं ।**
**मूले पंच अणुव्वय,उत्तरगुण दिसिवयाईया ॥११५॥**

*ગૃહસ્થોનું દેશ ચારિત્ર મૂળગુણ અને ઉત્તરગુણના ભેદથી બે પ્રકારનું છે. મૂળગુણમાં પાંચ અણુવ્રતો અને ઉત્તરગુણમાં ગુણ વ્રતાદિ છે. ૧૧૫.*

**पंचय अणुव्वयाइं, गुणव्वयाइं च हुंति तिन्नेव।**
**सिक्खायाइं चउरो, सव्वं चिय होइ बारसहा ॥११६॥**

*અણુવ્રતો પાંચ છે. ગુણવ્રતો ત્રણ છે. અને શિક્ષાવ્રતો ચાર છે. સર્વ મળીને દેશચારિત્ર બાર પ્રકારનું છે. ૧૧૬.*

**मूलुत्तरगुणभेएण, सव्वचरणंपि वन्नियं दुविहं ।**
**मूलगुणेसु महव्वय, राई-भोयण-विरमणं च ॥ ११७॥**

*મૂળગુણ અને ઉત્તરગુણના ભેદથી સર્વ ચારિત્ર પણ બે પ્રકારનું કહ્યું છે. મૂળગુણોમાં પાંચ મહાવ્રતો અને છટ્ઠું રાત્રિભોજન-વિરમણ છે. ૧૧૭.*

**पिंडविसोही समई, भावण पडिमा य इंदियनिरोहो ।**
**पडिलेहण गुत्तिओ, अभिग्गहा उत्तरगुणेसु ॥ ११८॥**

*ઉત્તરગુણોમાં પિંડવિશુદ્ધિ (નિર્દોષ આહારવિધિ), પાંચ સમિતિ, ભાવના (અનિત્યાદિક દ્વાદશ, મૈત્રી પ્રમુખ ચાર, અથવા પાંચ મહાવ્રતોની ૨૫ ભવનાઓ છે તે), દ્વાદશ પડિમા, પાંચ ઈંદ્રિયોનો નિગ્રહ, પ્રતિલેખન, ત્રણ ગુપ્તિઓ, અને અનેક પ્રકારના (દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ)અભિગ્રહોનો સમાવેશ થાય છે. ૧૧૮.*

**इय एवमाइभेयं, चरणं सुरमणुयसिद्धिसुहकरणं ।**
**जो अरिहइ घित्तुं जे, तमहं वुच्छं समासेणं ॥ ११९ ॥**

*ઈત્યાદિક ભેદવાળું આ ચારિત્ર જે દેવ-મનુષ્ય સંબંધી સુખ તેમજ મોક્ષસુખને સાધી આપનાર છે તેને ગ્રહણ કરવાને જે યોગ્ય (અધિકારી) છે તે હું સંક્ષેપથી કહીશ. ૧૧૯.*

**संवेगभाविअमणो, सम्मत्ते निच्चलो थिरपइन्नो ।**
**विजइंदिओ अमाई, पन्नवणिज्जो किवालु य ॥ १२० ॥**

**जइधम्मंमि वि कुसलो, धीमं आणारुई सुसीलो अ ।**
**विन्नाय तस्सरूवो, अहिगारी देसविरईए ॥ १२१ ॥**

*સંવેગ (તીવ્ર મોક્ષાભિલાષ) વડે ભાવિત, સમ્યક્ત્વમાં નિશ્ચળ, સ્થિર (દૃઢ) પ્રતિજ્ઞાવંત, જિતેન્દ્રિય, નિર્માયી સુખે સમજાવી શકાય છે તેવો અને કરુણાવંત, યતિધર્મમાં પણ કુશળ બુદ્ધિમાન, આજ્ઞારુચિ, સુશીલ અને દેશચારિત્રના સ્વરૂપનો જાણ (ઉપલક્ષણથી અક્ષુદ્રતા, વિનયાદિક ગુણથી શોભિત) દેશ-વિરતિનો અધિકારી છે. ૧૨૦-૧૨૧.*

पाएण हुंति जोगा, पव्वज्जाए वि तिच्चिय मणुस्सा ।
देसकुलाइ सुद्धा, बहु खीणप्पाय कम्मंसा ॥ १२२ ॥

अट्ठारस पुरिसेसुं, वीसं इथ्थीसु दस नपुंसेसुं ।
जिण पडिकुट्ठत्ति तओ, पव्वावेउं न कप्पंति ॥ १२३ ॥

*પ્રાયઃ દેશવિરતિને જે યોગ્ય છે તે મનુષ્યો પ્રવ્રજ્યા (સર્વ ચારિત્ર) લેવા યોગ્ય હોય છે. વિશેષમાં દેશ-કુળાદિક શુદ્ધ અને જેનાં કર્મ બહુ ક્ષીણપ્રાય થઈ ગયાં હોય તે ચારિત્રને યોગ્ય છે. પુરુષવર્ગમાં૧૮, સ્ત્રીવર્ગમાં૨૦ અને નપુંસક વર્ગમાં ૧૦ પ્રકાર જિનોએ નિષેધ્યા છે. માટે તેને પ્રવ્રજ્યા દેવી કલ્પે નહીં તેમાં પ્રથમ પુરુષના ૧૮ પ્રકાર રહે છે. ૧૨૨-૧૨૩.*

बाले वुड्ढे नपुंसे य, कीवे जडे य वाहिए ।
तेण रायावगारी य, उमत्तेय अदंसणे ॥ १२४ ॥

दासे दुट्ठे अ मूढे अ, अणुत्ते जुंगिए इअ ।
उबद्धए अ भयए, सेहनिप्फेडियाई य ॥ १२५ ॥

इय अट्ठारस भेया, पुरिसस्स तहिथ्थियाइ ते चेव ।
गुव्विणि सबालवच्छा, दुन्नि इमे हुंति अन्नेवि ॥ १२६ ॥

*બાલ (સાત આઠ વર્ષનો), વૃદ્ધ (સાંઠ ૭૦ વર્ષનો), નપુંસક (ન સ્ત્રી તેમજ ન પુરુષ), કલીબ (કાયર-બીકણ), જડ, વ્યાધિગ્રસ્ત, ચોર, રાજદ્રોહી, ઉન્મત્ત, અંધ, દાસ (વેચાણ થયેલો), દુષ્ટ (કષાયદુષ્ટ તેમજ વિષયદુષ્ટ), મૂઢ, ઋણાર્ત (કરજદાર), જુંગિત (જાતિ કર્મ શરીરાદિકથી દૂષિત), અવબદ્ધ*

(કોઈની સાથે કરારથી બંધાઈ ગયેલ), ભૃતક (ભાડુત) અને શિષ્ય નિષ્ફેટક (માતા-પિતાદિકની આજ્ઞા પામ્યા વિના દીક્ષા માટે ભગાવેલો-નસાડેલ) એ અઢાર ભેદ પુરુષમાં વર્જવા યોગ્ય છે. મતલબ કે દીક્ષાને અયોગ્ય છે. કેમકે બાલાદિકને દીક્ષા દેવાથી શાસનમાલિન્ય, સંયમ-આત્મવિરાધનાદિક દોષ સંભવે છે. સ્ત્રીવર્ગના પણ ઉપર કહેલા ભેદ જાણવા વિશેષમાં ગર્ભવંતી અને દૂધ પીતા બાળકવાળી એમ બે મળીને સ્ત્રીના ૨૦ ભેદ થાય છે. ૧૨૪-૧૨૫-૧૨૬.

**पंडए वाइए कीवे, कुंभी इसालुअत्ति अ ।**
**सउणी तक्कम्मसेवि अ, पक्खियावपक्खिए इअ ॥ १२७॥**
**सोगंधिए अ आसित्ते, दसे एए नपुंसगा ।**
**संकिलिट्ठुत्ति साहूणं, पव्वावेउं अकप्पिआ ॥ १२८॥**

પંડગ, વાતિક, કુંભી, ઈર્ષ્યાળુ, શકુનિ, તત્કર્મસેવી, પાક્ષિકાપાક્ષિક, સૌગંધિક, અને આસક્ત એ દશ પ્રકારના નપુંસક સંકિલષ્ટ પરિણામી હોવાથી સાધુઓએ દીક્ષા દેવા અયોગ્ય કહ્યા છે. ૧૨૭-૧૨૮.

**वद्धिए वप्पिए चेव, मंतओसहिउवहए ।**
**इसिसत्ते देवसत्ते अ, पव्वाविज्ज नपुंसए ॥ १२९॥**

વર્ધિત, વર્ષિત, મંત્ર અને ઔષધિ વડે ઉપહત, ઋષિ તપસ્વી વડે શપ્ત અને દેવશપ્ત (શાપથી એવી અવસ્થાને પ્રાપ્ત થયેલ) એવા છ પ્રકારના નપુંસકને પ્રવ્રજ્યા આપી શકાય કારણ

કે તે કામઉન્માદથી રહિત હોય. ૧૨૯.

**महिलासहावो सरवन्न भेओ, मिढिं महंतं मउआ य वाणी।**
**ससद्दयमुत्त-मफेणगं च, एयाणि छप्पंडगलख्खणाणि ।१३०।**

*ઉપર બતાવેલા દશ પ્રકારના નપુંસકમાં પંડકનાં છ લક્ષણો ગ્રંથકાર કહે છે. સ્ત્રીસ્વભાવ (પુરુષાકાર છતાં સ્ત્રીના જેવો સ્વભાવ, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શનો ભેદ હોય એટલે તે સર્વ વિલક્ષણ હોય), પુરુષચિહ્ન મ્હોટું હોય, વાણી મૃદુ હોય, સ્ત્રીની જેમ મૂત્ર સશબ્દ હોય અને તે ફીણ વગરનું હોય છે એ છ લક્ષણ કહ્યાં છે. ૧૩૦.*

**बालाइदोसरहिओ, उवट्ठिओ जइ हविज्ज चरणथ्थं ।**
**तं तस्स पउत्तालो-अणस्स सुगुरुहिं दायव्वं ॥ १३१ ॥**

*માટે જે બાલાદિક દોષોથી રહિત હોય અને ચારિત્રને અર્થે ઉજમાળ થઈ આવ્યો હોય તેને પ્રથમ સદ્ગુરુઓએ આલોચના (આલોયણ) આપીને પછી દીક્ષા દેવી. ૧૩૧.*

**आलोयण-सुद्धस्स, वि दिज्ज विणीयस्स नाविणीयस्स ।**
**नहि दिज्जइ आहरणं, पलिअत्तिअ कन्नहथ्थस्स ॥ १३२ ॥**

*આલોયણથી શુદ્ધ થયેલ પણ જો વિનીત હોય તો જ તેને દીક્ષા દેવી, પણ અવિનીતને દેવી નહીં, કેમકે જેના હાથ, કાન કપાઈ ગયા હોય તેને આભરણ દેવાય નહિ. મતલબ કે જેમ તે આભરણ પહેરવાને લાયક નથી તેમ અવિનીત પણ ભાગવતી દીક્ષાને લાયક નથી. કેવળ વિનીત શિષ્ય જ દીક્ષાને લાયક છે. ૧૩૨.*

अणुरत्तो भत्तिगओ, अमुई अणुअत्तओ विसेसन्नू ।
उज्जुत्तो परितंतो इच्छिय-मत्थं लहइ साहु ॥ १३३ ॥

*અનુરક્ત (વસ્ત્રમાં ગળીના રંગની જેમ જેનું મન ગુરુમાં રંગાયું હોય), ભક્તિવંત, અમોચક (કદાપિ ગુરુનાં ચરણ ન તજે એવો), અનુવર્તક (સર્વનું ઉચિત સાચવવામાં તત્પર), વિશેષજ્ઞ (સમસ્ત વસ્તુના વિવેકનો જાણ), ઉદ્યક્ત (જ્ઞાન ધ્યાનમાં અતિ ઉજમાળ) અને અપરિતાંત (આત્માર્થ સાધવામાં અખિન્ન-પણે ઉદ્યમ કરનાર) સાધુ ઈચ્છિત અર્થને સુખે મેળવી શકે છે. ૧૩૩.*

विणयवओ विहु कयमंगलस्स, तदविग्घपारगमणाय ।
दिज्जसु कओवओगो, खित्ताइसु सुप्पसत्थेसु ॥ १३४ ॥

*વિનયવંત અને નિશ્ચે મંગળકારી (દેવ, ગુરુ, સંઘ વગેરેની પૂજા ભક્તિ કરનાર) શિષ્ય નિર્વિઘ્ને ચારિત્ર પાળી શકે માટે નિમિત્તાદિક સંબંધી ઉપયોગ કરી તેને સુપ્રશસ્ત (જિનચૈત્ય-ક્ષીરવૃક્ષાદિક સમીપ) ક્ષેત્ર (સ્થળ)માં દીક્ષા દેવી. ૧૩૪.*

इय एवमाइ विहिणा, पाएण परिक्खिऊण छम्मासं ।
पव्वज्जा दायव्वा, सत्ताणं भवविरत्ताणं ॥ १३५ ॥

*આ આદિક વિધિ વડે પ્રાયઃ છ માસ સુધી પરીક્ષા કરીને ભવવિરક્ત ભવ્ય આત્માને દીક્ષા દેવી. એ સર્વવિરતિ સામાયિક અંગીકાર કરવાનો વિધિ બતાવ્યો. ૧૩૫.*

विहिपडिवन्नचरित्तो, दढधम्मो जइ अ वज्जभीरू य ।
तो सो उवट्ठविज्जइ, वएसु विहिणा इमो सो उ ॥ १३६ ॥

*વિધિ સહિત ચારિત્ર અંગીકાર કર્યે છતે જો તે ચારિત્રધર્મમાં નિશ્ચળ હોય અને પાપથી ડરતો હોય તો તેને વિધિવત્ ઉપસ્થાપના આપવી. એટલે મહાવ્રતારોપ કરવો તે વિધિ આ મુજબ છે. ૧૩૬.*

**पढिए अ कहिअअहिगय, परिहारुट्ठावणाइ सो कप्पो ।**
**छज्जीवघायविरओ, तिविहं तिविहेण परिहारी ॥ १३७॥**

*દશવૈકાલિકના ષટ્જીવનિકાય અધ્યયન પર્યંત સૂત્ર-અર્થ અવધાર્યે છતે તેમજ સર્વ જીવહિંસાથી સર્વથા નિવૃત થયે છતે તે શિષ્યને ઉપસ્થાપના આપવી એટલે મહાવ્રત આરોપવાં. ૧૩૭.*

**अप्पत्ते य कहित्ता, अणहिगयपरिच्छणे अ आणाई ।**
**दोसा जिणेहिं भणिआ, तम्हा पत्ता-दुवट्ठावे ॥ १३८॥**

*આગળ કહેવામાં આવનાર જઘન્યથી સાત દિવસ વગેરે જે ઉપસ્થાપના બાબત કાલક્રમ છે તે પ્રાપ્ત નહિ થયે છતે, તેમજ પૂર્વોક્ત સૂત્ર અર્થ શ્રદ્ધા સહિત નહિ અવધાર્યે છતે, તેમજ શિષ્યના વિનયાદિક ગુણપરીક્ષા નહિ કર્યે છતે, જો ઉપસ્થાપના કરે તો આજ્ઞાભંગાદિક દોષો જિનોએ ફરમાવ્યા છે; માટે પૂર્વોક્ત વિધિ મુજબ ઉપસ્થાપના કરવી. ૧૩૮.*

**सेहस्स तिन्नि भूमी, जहन्नू तह मज्झिमा य उक्कोसा ।**
**राइंदिय सत्त चउमासिआ य छम्मासिया चेव ॥ १३९॥**

*અભિનવ શિષ્યને ઉપસ્થાપના (મહાવ્રત આરોપવા)ની ત્રણ ભૂમિકા છે. જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ. તે અનુક્રમે સાત*

અહોરાત્રિ, ચાર માસ અને છ માસની છે. ૧૩૯.

पुव्वोवट्ठपुराणे, करणजयट्ठा जहन्निया भूमी ।
उक्कोसा उ दुम्मेहं, पडुच्च असद्दहाणं च॥ १४०॥

વ્રતભ્રષ્ટ થયેલાને પુનઃ મહાવ્રત આરોપવાના પ્રસંગે ઈન્દ્રિયજય કરવા માટે જઘન્ય ભૂમિકા અને બુદ્ધિ રહિત તેમજ શ્રદ્ધા રહિતને માટે ઉત્કૃષ્ટ ભૂમિકા સમજવી. વ્રતભ્રષ્ટને સૂત્રાર્થ પ્રાપ્ત છતાં ઈંદ્રિયજય માટે જઘન્ય ભૂમિ. ૧૪૦.

एमेवय मज्झिमिया,अणिहिज्जंते असद्दहंते अ ।
भावियमेहाविस्स वि, करणजयट्ठाय मज्झिमिया ॥ १४१ ॥

એ જ પ્રમાણે બુદ્ધિ રહિત હોવાથી સૂત્રાર્થ તૈયાર કર્યા ન હોય અથવા મોહોદયથી શ્રદ્ધાયુક્ત બન્યો ન હોય તેને માટે મધ્યમ ભૂમિકા છે, તેમજ કદાચ શ્રદ્ધા સહિત સૂત્રાર્થ અધીત હોય તો પણ ઈંદ્રિયજયને માટે પણ મધ્યમ ભૂમિકા સમજવી. ૧૪૧.

इयविहिपडिवन्नवओ, जइज्ज छज्जीव-काय-जयणासु ।
दुग्गइ-निबंधण च्चिय, तप्पडिवत्ती भवे इअरा ॥ १४२॥

આ પ્રમાણે વિધિ મુજબ મહાવ્રત અંગીકાર કરનારે છ જીવ નિકાયની યતનાને માટે અધિક ખપ કરવો! તેમાં ઉપેક્ષા કરવાથી વ્રતગ્રહણ ઊલટું દુર્ગતિકારી થાય છે. માટે તેવી અનર્થકારી ઉપેક્ષા કરવી નહિ. ૧૪૨.

एगिंदिएसु पंचसु , तसेसु कय-कारणा-णुमइ-भेयं ।
संघट्टण परिआवण, वेरमणं च य सुतिविहेण ॥ १४३॥

*પાંચ પ્રકારના સ્થાવર રૂપ એકેંદ્રિય જીવો તથા સર્વ ત્રસ જીવોને સંઘટ્ટન (ચરણ સ્પર્શાદિકજન્ય), પરિતાપન (કશાથી તાડન લકુટપ્રહારાદિક), અને વ્યપરોપણ (પ્રાણહરણ) મન, વચન અને કાયાથી કરવું નહિ, કરાવવું નહિ, અને કરનારને રૂડું જાણવું પણ નહિ. ૧૪૩.*

जइ मिच्छदिट्ठिआणवि, जत्तो केसिं च जीव रख्खाए ।
कह साहूहिं न एसो, कायव्वो मुणियसारेहिं ॥ १४४ ॥

*જ્યારે કેટલાક મિથ્યાદૃષ્ટિ છતાં પણ જીવરક્ષા માટે યત્ન કરતા જણાય છે તો પછી ધર્મરહસ્યના જાણ મુનિઓએ તે જીવરક્ષામાં કેમ યત્ન ન કરવો ? તેમણે તો કેડ કસીને અધિકતર યત્ન કરવો જ ઘટે છે. ૧૪૪.*

निय पाणग्घाएणवि, कुणंति परपाणरक्खणं धीरा ।
विसतुंबउवभोगी, धम्मरुई इत्थुदाहरणं ॥ १४५॥

*ધીર પુરુષો પોતાના પ્રાણ ત્યાગે પણ પરપ્રાણનું રક્ષણ કરે છે. ઝેરી તુંબડીનું શાક વાપરી જનારા ધર્મરુચિ અણગારનું અત્ર ઉદાહરણ છે. ૧૪૫.*

कोहेण व लोहेण व, भएण हासेण वा वि तिविहेण ।
सुहमेअरंपि अलियं, वज्जसु सावज्जसयमूलं ॥ १४६॥

*ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી નાનું કે મોટું જૂઠાણું સેંકડો ગમે પાપનું મૂળ જાણીને તું ત્રિવિધે ત્રિવિધે પરિહર. ૧૪૬.*

**लोएवि अलियवाई, वीससणिज्जा न होइ भुयंगुव्व ।**
**पावइ अवन्नवायं, पियराणवि देइ उव्वेयं ॥ १४७॥**

*લોકમાં પણ અસત્યવાદી ભુજંગની પેરે વિશ્વાસ કરવા યોગ્ય થતો નથી. તેથી તે અવર્ણવાદ (અપવાદ)ને પામે છે, અને માતપિતાદિકને પણ ઉદ્વેગ ઉપજાવે છે. ૧૪૭.*

**आराहिज्जइ गुरु देवयं च, जणणिव्व जणइ वीसंभं ।**
**पियबंधुव्व तोसं, अवितहवयणो जणइ लोए ॥ १४८॥**

*સત્યવાદી આ લોકમાં દેવ-ગુરુને આરાધી શકે છે, માતની પેરે વિશ્વાસ પેદા કરે છે, અને પ્રિયબંધુની પેરે સંતોષ ઉપજાવે છે. ૧૪૮.*

**मरणे वि समावडिए, जंपंति न अन्नहा महासत्ता।**
**जं न फलं निवपुट्ठा, जह कालगसूरिणो भयवं॥ १४९॥**

*દત્ત નૃપે યજ્ઞફલ પૂછ્યે છતે, પૂજ્યશ્રી કાલિકાચાર્ય મહારાજની પેરે મરણાંત કષ્ટ આવ્યે છતે પણ મહા સત્ત્વવંત સાધુઓ અન્યથા જલ્પતા નથી. ઉપદેશમાળા પ્રમુખ ગ્રંથોમાં ઉક્ત મહા સત્ત્વ આચાર્યવરનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે. ૧૪૯.*

**वसुनरवईणो अयसं, सोऊण असच्चवाइणो कित्तिं ।**
**संच्चेण नारयस्सवि, को नाम रमिज्ज अलियंमि ॥ १५०॥**

અસત્યવાદી વસુરાજાનો અપયશ થયેલો જાણી અને સત્યવાદી નારદની કીર્તિ વિસ્તરેલ જાણીને કોણ અસત્યમાં રમણ રતિ કરે ?

ક્ષીરકદંબક ઉપાધ્યાયના છાત્ર નારદ, વસુ અને પર્વતની કથા ઉપદેશમાળાદિકમાં સુપ્રસિદ્ધ છે. ૧૫૦.

**अवि दंतसोहणं पि हु, परद्व्वमदिन्नयं न गिन्हिज्जा।**
**इहपरलोयगयाणं, मूलं बहुदुख्खलख्खाणं ॥ १५१॥**

દંતશુદ્ધિ કરવા માટે એક સળી જેવી પણ પારકી વસ્તુ આપ્યા વગર લેવી નહિ. કેમકે તે અદત્ત આલોક પરલોક સંબંધી લાખો દુઃખનું મૂળ છે. ૧૫૧.

**तइअवए दढत्तं, सोउं गिहिणो वि नागदत्तस्स ।**
**कह तत्थ हुंति सिढिला, साहू कयसव्वपरिचाया ॥ १५२॥**

ત્રીજા વ્રતમાં ગૃહસ્થ એવા નાગદત્તનું પણ દઢપણું સાંભળીને સર્વ સાવદ્ય (પાપ) વ્યાપારના પરિહારી સાધુઓ તેમાં કેમ શિથિલ હોય? ન જ હોય. ૧૫૨.

**नवगुत्तीहिं विसुद्धं, धरिज्ज बंभं विसुद्धपरिणामो ।**
**सव्ववयाणवि पवरं, सुदुद्धरं विसयलुद्धाणं ॥ १५३॥**

સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ અને વિષયલુબ્ધને અતિ દુર્ધર એવું બ્રહ્મચર્ય વિશુદ્ધ પરિણામ યોગે નવ ગુપ્તિ (વાડો) વડે નિર્મળપણે પાળવું. ૧૫૩.

**देवेसु वीयराओ, चारित्ती उत्तमो सुपत्तेसु ।**
**दाणाणमभयदाणं, वयाण बंभव्वयं पवरं ॥ १५४॥**

*જેમ સર્વ દેવોમાં વીતરાગ ઉત્તમ છે, સુપાત્રમાં સાધુ (નિર્ગ્રંથ મુનિ) ઉત્તમ છે, દાનમાં અભયદાન ઉત્તમ છે તેમ સર્વ વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત ઉત્તમ છે. ૧૫૪.*

**धरउ वयं चरउ तवं, सहउ दुहं वसउ वणनिकुंजेसु ।**
**बंभवयं अधरंतो, बंभा विहु देइ महहासं ॥ १५५॥**

*ગમે તે વ્રત ધરો, તપ તપો, દુઃખ સહો, વનના નિકુંજમાં જઈ વસો પણ બ્રહ્મચર્યને નહિ ધારણ કરતો બ્રહ્મા પણ મને હસવા યોગ્ય લાગે છે. મતલબ કે બ્રહ્મચર્ય વિના બધાં વ્રત, તપ, કષ્ટરૂપ છે અને બ્રહ્મચર્ય વડે તે સર્વે સાર્થક છે. તેથી બ્રહ્મચર્ય વિના બ્રહ્મા પણ મને રુચતો નથી. ૧૫૫.*

**जं किंचि दुहं लोए, इहपरलोउभवंपि अइदुसहं ।**
**तं सच्चं चिय जीवो, अणुभुंजइ मेहुणासत्तो ॥ १५६॥**

*જે કંઈ આલોક અને પરલોક સંબંધી અતિ દુસ્સહ દુઃખે છે, તે સર્વ દુસ્સહ દુઃખ મૈથુન (વિષયભોગ) માં આસક્ત જીવ જરૂર અનુભવે છે. ૧૫૬.*

**नंदंतु निम्मलाइं चरिआइ सुदंसणस्स महरिसिणो ।**
**तह विसमसंकडेसु वि, बंभवयं जस्स अखलियं ॥ १५७॥**

*સુદર્શન મહર્ષિના નિર્મળ ચરિત્રનું સહુ કોઈ ભવ્યજનો*

*અનુમોદન કરે ! કે જે બ્રહ્મવ્રત ભારે વિષમ સંયોગોમાં પણ અસ્ખલિત રાખી શક્યા. ૧૫૭.*

**वंदामि चरणजुयलं, मुणिणो सिरिथूलभद्दसामिस्स ।**
**जो कसिणभुयंगीए, पडिओ वि मुहे न निदूसिओ ॥ १५८ ॥**

*મુનિશ્રી સ્થૂલભદ્ર સ્વામીના ચરણયુગલને હું ભક્તિથી વંદુ છું કે જે કાળી નાગણના મુખ ઉપર પડ્યો છતો નિરાબાધ રહ્યો. ૧૫૮.*

**जइ वहसि कहवि अत्थं, निग्गंथं पवयणं पवन्नोवि ।**
**निग्गंथत्ते तो सा-सणस्स मइलत्तणं कुणसि ॥ १५९ ॥**

*નિર્ગ્રંથ શાસનને પ્રાપ્ત થતા છતાં નિર્ગ્રંથપણમાં જો કોઈ રીતે (કોઈ પ્રકારનો) અર્થ-પરિગ્રહ રાખીશ તો તું શાસનની મલિનતાને કરીશ. ૧૫૯.*

**तं मइलणा उ सत्थे, भणिया मूलं पुणब्भवलयाणं ।**
**तो निग्गंथो अत्थं, सव्वाणत्थं विवज्जिज्जा ॥ १६० ॥**

*એવી રીતે કરવામાં આવતી શાસન-મલિનતા પુનઃ પુનઃ સંસારઉત્પત્તિરૂપ વેલિનું મૂળ કારણભૂત કહેલી છે. તેથી સર્વ અનર્થ રૂપ અર્થ-પરિગ્રહને નિર્ગ્રંથે ત્યજી દેવો જોઈએ . ૧૬૦.*

**जइ चक्कवट्टिरिद्धिं, लद्धंपि चयंति केइ सुप्पुरिसा ।**
**को तु असंतेसुवि, धणेसु तुच्छेसु पडिबंधो ॥ १६१ ॥**

*જ્યારે કોઈ સત્પુરુષો ચક્રવર્તી સંબંધી રિદ્ધિ સ્વાધીન છતી*

પણ ત્યજી દે છે તો પછી તને અછતા એવા પણ તુચ્છ અર્થમાં શો પ્રતિબંધ નડે છે ?. ૧૬૧.

बहुवेरकलहमूलं, नाऊण परिग्गहं पुरिससीहा ।
ससरीरेवि ममत्तं, चयंति चंपाउरिपहुव्व ॥ १६२ ॥

પરિગ્રહને બહુ વૈર અને ક્લેશના કારણ રૂપ જાણીને સિંહપુરુષો ચંપાપુરીના સ્વામીની પેરે સ્વશરીર પરનો મમત્વ પણ ત્યજી દે છે. ૧૬૨.

पच्चक्ख नाणिणो विहु, निसिभत्तं परिहरंति वहमूलं ।
लोइयसिद्धंतेसु वि, पडिसिद्धमिणं जओ भणियं॥ १६३ ॥

बंभाइतेअसंभूयं, भाणुं जंपंति वेअवी ।
पुट्ठं करेहिंतो तस्स, सुहं कम्मं समायरे ॥ १६४ ॥

પ્રત્યક્ષ જ્ઞાની (અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાની) પણ હિંસામૂળ રાત્રિભોજનનો પરિહાર કરે છે અને લૌકિક સિદ્ધાન્તમાં પણ તેનો પ્રતિષેધ કર્યો છે. કહ્યું છે કે વેદના જ્ઞાતા પુરુષો કહે છે કે સૂર્ય બ્રહ્માદિકના તેજથી ઉત્પન્ન થયેલ છે, તેથી તે સૂર્યનાં કિરણો બહાર નીકળ્યે છતે (સૂર્યોદય થયે છતે) શુભ કાર્ય કરવું. ૧૬૩-૧૬૪.

रिसीहिं भुत्तं मज्झण्हे, पुव्वण्हे तिअसेहि य ।
अवरण्हे पियरेहिं, सायं भुंजंति दाणवा ॥ १६५ ॥

ઋષિજનો મધ્યાહ્ને જમે, દેવતાઓ પહેલે પહોરે જમે, પિતૃલોક(પૂર્વજો)પાછલે પહોરે જમે અને દાનવો સાંજે જમે. ૧૬૫

संजाए जख्खरख्खेहिं, भुत्तमेवं जह क्रमं ।
सव्ववेलावइकम्मं, राओभुत्तमभोयणं ॥ १६६ ॥

*સંધ્યા સમયે યક્ષ અને રાક્ષસો જમે એમ સહુનો ભોજન સમય યથાક્રમ કહ્યો છે. (તેથી સિદ્ધ થાય છે કે) સર્વ વેળા વ્યતિક્રાંત રાત્રીભોજન એ અભોજન છે. (મતલબ કે રાત્રી-ભોજન સવર્થા વર્જ્ય છે.) ૧૬૬.*

न वाहुई न वा न्हाणं, न सद्धं देवयच्चणं ।
दाणं वा विहियं रा-ओभोयणं तु विसेसओ ॥ १६७ ॥

*આહૂતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવાર્ચન, દાન અને વિશેષતઃ (ખાસ કરીને) ભોજન એટલાં વાનાં રાત્રીમાં કરવાં જ નહી. ૧૬૭.*

इय अन्नाणवि वज्जं, निसिभत्तं विविहजीववहजणयं ।
छज्जीव-हिअ-रयाणं, विसेसओ जिणमयठियाणं ॥ १६८ ॥

*વિવિધ જીવોનો વધ કરનારું રાત્રીભોજન જ્યારે સમ્યક્ત્વ રહિત-અજ્ઞાની જીવોને પણ વર્જ્ય છે તો સર્વ જીવનું હિત કરવામાં રક્ત એવા જૈનમતીઓને તે વિશેષ વર્જ્ય સમજવું. ૧૬૮.*

इह लोगंमि वि दोसा, रविगुत्तस्स व भवंति निसिभत्ते ।
परलोए सविसेसा, निद्दिट्ठा जिणवरिंदेहिं ॥ १६९ ॥

*રવિગુપ્તની જેમ આ લોકમાં પણ રાત્રિભોજન કરતાં પ્રગટ દોષો (વિવિધ વ્યાધિ પ્રમુખ) સંભવે છે અને પરલોકમાં તો તેથી*

અનેક દોષો જિનેશ્વરોએ કહેલા છે. એમ સમજી સુજ્ઞ ભવભીરુ (પાપભીરુ) જનોએ રાત્રીભોજનનો સર્વથા પરિહાર કરવો અને વિશેષ સંતોષવૃત્તિ ધારવી. ૧૬૯.

अलमित्थपसंगेणं, रक्खिज्ज महव्वयाइं जत्तेणं ।
अइदुसहमज्जियाइं, रयणाइं दरिद्द-पुरिसुव्व ॥ १७० ॥

વધારે કહેવાથી સર્યું. તત્ત્વ એ છે કે કોઈ નિર્ધને અતિ દુ:ખે ઉપાર્જેલાં રત્નોની પેરે મહાવ્રતોની કાળજીથી રક્ષા કરવી. મુમુક્ષુ જનોનું એ ખાસ કર્તવ્ય છે. ૧૭૦.

ताणं च तत्थुवाओ, पंचय समिओ तिन्निगुत्तीओ ।
जासु समप्पइ सव्वं, करणिज्जं संजयजणस्स ॥ १७१ ॥

તે મહાવ્રતોનું પાલન કરવાનો આ ઉપાય છે કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સારી રીતે પરિપાલન કરવું, તેમાં સંયમીસાધુજનોનું સર્વ કર્તવ્ય સમાઈ જાય છે. ૧૭૧.

पवयणमायाउ इमा, निद्दिट्ठा जिणवरेहिं समयंमि ।
मायं एयासु जओ, जिणभणियं पवयणमसेसं ॥ १७२ ॥

સિદ્ધાન્તમાં જિનેશ્વરોએ એમને પ્રવચનમાતા કહીને બોલાવી છે કેમકે તેમાં જિનેશ્વર ભગવાને ભાખેલા સમસ્ત સિદ્ધાન્ત સમાઈ જાય છે. ૧૭૨.

सुयसागरस्स सारो, चरणं चरणस्स सारमेयाओ ।
समिई-गुत्तीण परं, न किंचि अन्नं जओ चरणं ॥ १७३ ॥

*શ્રુતસાગરનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર અષ્ટ પ્રવચનમાતા છે. તે સમિતિ-ગુપ્તિ ઉપરાંત બીજું કંઈ ચારિત્રનું સાર-રહસ્ય નથી. ૧૭૩.*

**इरिया भासा एसण, आयाणे तह परिठ्ठवणसमिई ।**
**मण-वयण-काय-गुत्ती, एआउ जह क्कमं वुच्छं ॥ १७४॥**

*ઈર્યા, ભાષા, એષણે, આદાન અને પરિઠાવણિયા સમિતિ અને મન, વચન, અને કાય ગુપ્તિ એ અષ્ટ પ્રવચન-માતાનું વિશેષ સ્વરૂપ યથાક્રમ કહીશ. ૧૭૪.*

**आलंबणे अ काले, मग्गे जयणा य चउहिं ठाणेहिं ।**
**परिसुद्धं रियमाणो, इरियासमिओ हवइ साहू ॥ १७५॥**

*આલંબન, કાળ, માર્ગ અને જયણા એ ચાર સ્થાનક વડે પરિશુદ્ધ પર્યટન (ગમનાગમન ક્રિયા) કરતો સાધુ ઈર્યા સમિતિવાન કહેવાય. આલંબનાદિક ક્યા ? તેનો ગ્રંથકાર પોતે જ ખુલાસો કરે છે. ૧૭૫.*

**नाणाइ आलंबण,कालो दिवसो अ उप्पहविमुक्को ।**
**मग्गे जयणा य पुणो, दव्वाइ चउव्विहो इणमो ॥ १७६॥**

*આલંબન તે જ્ઞાનાદિક ગુણોની પ્રાપ્તિ કે પુષ્ટિ, કાળ તે દિવસ છતે, માર્ગ તે રાજમાર્ગ-ઉત્પથ વગરનો, અને જયણા તે દ્રવ્યાદિક ચાર પ્રકારની તે આ પ્રમાણે: ૧૭૬.*

जुगमित्तनिहियदिट्ठी, खित्ते दव्वंमि चक्खुणा पेहे ।
कालंमि जाव हिंडइ, भावे तिविहेण उवउत्तो ॥ १७७ ॥

*ક્ષેત્રથી યુગમાત્ર (ધૂંસરા પ્રમાણ) જમીન પર દૃષ્ટિ રાખી, દ્રવ્યથી ચક્ષુ વડે જોઈ તપાસી, કાળથી જ્યાં સુધી ગમન ક્રિયા કરવી પડે ત્યાં સુધી અને ભાવથી મન, વચન, કાયા વડે ઉપયુક્ત (ઉપયોગવંત છતો) પર્યટન કરે ! કેવી રીતે ઉપયોગવંત છતો પર્યટન કરે તે ગ્રંથકાર જણાવે છે. ૧૭૭.*

उड्ढमुहो कहरत्तो, हसिरो सद्दाइएसु रज्जंतो ।
सज्झायं चिंतंतो, रीइज्ज न चक्कवालेण ॥ १७८ ॥

*ઊંચે મુખ રાખી કથા (વાર્તા) કરતાં, હાસ્ય કરતાં, શબ્દાદિક વિષયમાં અનુરક્ત થઈ મનમાં સ્વાધ્યાય કરતાં તેમજ (વાર્તા કહેવાદિક કારણે) કુંડાળું વળી ન ચાલવું. પણ નાના મોટાના ક્રમસર જયણા સહિત ચાલવું. ૧૭૮.*

तह हुज्ज रियासमिओ, देहेवि अमुच्छिओ दयापरमो ।
जह संथुओ सुरेहिं वि, वरदत्तमुणी महाभागो ॥ १७९ ॥

*જેમ મહાભાગ્ય વરદત્ત મુનિને દેવોએ સ્તવ્યા તેમ દયામાં પરમ તત્પર છતા સ્વદેહમાં પણ મૂર્ચ્છા રહિત મુનિ ઈર્યા સમિતિવંત હોય. ૧૭૯.*

कोहाईहिं भएण व, हासेण व जो न भासए भासं ।
मोहर-विगहाहि तहा, भासासमिओ स विन्नेओ ॥ १८० ॥

*ક્રોધાદિક કષાયથી, ભયથી કે હાસ્યથી તેમજ મુખરતા અને વિકથારૂપે જે બોલે નહિ તેમને ભાષા સમિતિવંત જાણવા. ૧૮૦.*

**बहुयं लाघव-जणयं, सावज्जं निठुरं असंबद्धं ।**
**सारत्थियजणउचियं, भासासमिओ न भासिज्जा ॥ १८१ ॥**

*અતિઘણું, લઘુતા ઉપજાવનારું, સદોષ, કઠોર, સંબંધ વિનાનું તેમજ ગૃહસ્થજંનોચિત (હે, હો, આવો, બેસો, જાઓ ઈત્યાદિક) વચન ભાષાસમિતિવંત બોલે નહિ. ૧૮૧.*

**न विरुज्झइ लोयट्ठिई, वाहिज्जइ जेण नेय परलोओ ।**
**तह निउणं वत्तव्वं, जह संगयसाहुणा भणियं ॥ १८२ ॥**

*જેમ લોકમર્યાદાનો ભંગ ન થાય, તેમજ પરલોક સંબંધી હિતને બાધા ન પહોંચે, તેમ સંગત સાધુની પેરે નિપુણતાવાળું (ડહાપણભરેલું) વચન બોલવું. ૧૮૨.*

**आहारोवहिसिज्जं, उग्गमउप्पायणेसणासुद्धं ।**
**गिन्हइ अदीणहिअओ, जो होइ स एसणासमिओ ॥ १८३ ॥**

*આહાર, ઉપધિ અને ઉપાશ્રય (પ્રમુખ) ઉદ્‌ગમ, ઉત્પાદના અને એષણા દોષને વર્જી નિર્દોષ અદીન વૃતિએ ગ્રહે એવો જે ખપ કરે તે એષણાસમિતિવંત સમજવો. ૧૮૩.*

**आहार-मित्त-कज्जे, सह सच्चिय जोवलंघइ जिणाणं ।**
**कह सेसगुणे धरिही, सुदुद्धरे सो जओ मणियं ॥ १८४ ॥**

આહારમાત્ર પ્રયોજને જો જિનેશ્વર પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો પછી તે કાયર સુદુર્ધર બ્રહ્મચર્યાદિ શેષ ગુણોને શી રીતે ધરી શકશે ? જે કારણ માટે કહ્યું છે કે, ૧૮૪

**जिणसासणस्स मूलं, भिक्खायरिया जिणेहिं पन्नत्ता ।**
**इत्थ परितप्पमाणं, तं जाणसु मंदसद्धीअं ॥ १८५॥**

*જિનશાસનનું મૂળ(તત્ત્વ) એ છે કે મુનિએ નિર્દોષ આહાર ગવેષી લેવો, એમ જિનેશ્વરોએ ફરમાવ્યું છે. એ કાર્યમાં જે મુનિ ખેદ વહે છે તે સંયમમાર્ગમાં મંદ શ્રદ્ધાવાન છે એમ સમજવું. ૧૮૫*

**जह नरवइणो आणं, अइक्कमंता पमायदोसेणं ।**
**पावंति बंधवहरो-हछिज्जमरणावसाणाइं ॥ १८६॥**

**तह जिणवराण आणं, अइक्कमंता पमायदोसेणं।**
**पावंति दुग्गइपहे, विणिवाय सहस्सकोडीओ ॥ १८७॥**

*જેમ નરપતિની આજ્ઞા અતિક્રમનાર લોકો પોતાના પ્રમાદદોષથી બંધ, વધ, રોધ (કેદ) અને અવયવાદિકના છેદ પ્રમુખ મરણાંત કષ્ટને પામે છે, તેમ જિનેશ્વર પ્રભુની આજ્ઞા અતિક્રમનાર પ્રમાદદોષથી દુર્ગતિના રસ્તે સહસ્ર કોટીવાર વિનિપાતને જ પામે છે. ૧૮૬-૧૮૭.*

**जो जहव तहव लद्धुं, गिन्हइ आहारउवहिमाईयं ।**
**समणगुणविप्पमुक्को, संसारपवड्ढओ भणिओ ॥ १८८॥**

*આહાર ઉપધિ પ્રમુખને જે જેમતેમ (સ્વેચ્છાથી) પ્રાપ્ત કરી લે છે તે શ્રમણ (નિર્ગ્રંથ) માર્ગથી દૂર છતો સંસારની વૃદ્ધિ કરનાર*

કહ્યો છે. ૧૮૮.

धणसम्म-धम्मरुइमाइयाण, साहूण ताण पणओहं ।
कंठट्ठियजीएहिं वि, न एसणा पिल्लिया जेहिं ॥ १८९ ॥

તે ધનશર્મા અને ધર્મરુચિ પ્રમુખ સાધુઓને હું પ્રણામ કરું છું કે જેમણે મરણાંત કષ્ટ પ્રાપ્ત થયે છતે પણ એષણાસમિતિ વિરાધી નહિ. ૧૮૯.

पडिलेहिऊण सम्मं, सम्मं च पमज्जिऊण वत्थूणि।
गिन्हिज्ज निक्खविज्ज व, समिओ आयाणसमिईए॥ १९० ॥

આદાન નિક્ષેપણ સમિતિવંત (સાધુ-પુરુષ) પ્રથમ સમ્યગ્ રીતે દૃષ્ટિ-પડિલેહણા કરી પછી પૂંજી પ્રમાર્જીને વસ્તુ ગ્રહણ કરે અથવા નીચે સ્થાપે. ૧૯૦.

जइ घोरतवच्चरणं, असक्कणिज्जं न कीरए इन्हिं ।
किं सक्कावि न कीरइ, जयणा सुपमज्जणाईया ॥ १९१ ॥

ન બની શકે એવું ઘોર તપનું આચરણ જો ન કરી શકાય તો સુખે બની શકે એવી સુપ્રમાર્જનાદિક જયણા કરવામાં કેમ ઉપેક્ષા કરવી ઘટે ? ૧૯૧.

तम्हा उवउत्तेणं, पडिलेहणपमज्जणासु जइयव्वं ।
इय दोसे सुगुणेसुवि, आहरणं सो मिलज्ज मुणि ॥१९२ ॥

તે માટે ઉપયોગ સહિત પ્રતિલેખન પ્રમાર્જન કરવા કાળજી રાખવી. આ સંબંધી ગુણદોષમાં આર્ય સોમિલમુનિનું દૃષ્ટાંત

જાણવું. ૧૯૨.

आवायाइ-विरहीए, देसे संपेहणाइ परिसुद्धे ।
उच्चाराइ कुणंतो, पंचमसमियं समाणेइ ॥१९३॥

આપાત (લોકોનું આવાગમન જ્યાં થતું હોય) તેમજ સંલોક (લોકો દૂરથી દેખી શકે એવાં સ્થળ) ટાળી શુદ્ધ નિર્દોષ સ્થંડિલ ભૂમિમાં વડીનીતિ તથા લઘુનીતિ કરતો સાધુ પાંચમી પરિષ્ઠાપનિકા સમિતિને આરાધે છે. ૧૯૩.

धम्मरुइमाइणो इह, आहरणं साहुणो गयपमाया ।
जेहिं विसमावइसुवि, मणसावि न लंघिया एसा ॥१९४॥

ધર્મરુચિ પ્રમુખ પ્રમાદરહિત સાધુઓનું અત્ર ઉદાહરણ લેવું કે જેમણે વિષમ આપત્તિયોગે મનથી પણ એ સમિતિનું ઉલ્લંઘન કર્યું નથી. ૧૯૪.

अकुसलमणो निरोहो, कुसलस्स उईरणं तहेगत्तं ।
इय निट्ठिअमणपसरा, मणगुत्तिं बिंति महरिसिणो ॥ १९५ ॥

અકુશળ (સાવદ્ય) મનનો નિરોધ અને કુશળ (શુભ) મનનું ઉદીરણ તથા ચિત્તની એકાગ્રતા થાય તેમ પ્રવર્તવું એ મનોગુપ્તિ છે. એમ સકલ વિકલ્પાતીત-નિર્વિકલ્પ સમાધિવંત જિનેશ્વરો કહે છે. ૧૯૫.

अवि जलहीवि निरुज्झइ, पवणोवि खलिज्जए उवाएणं ।
मन्ने न निम्मिओ च्चिय, कोवि उवाओ मणनिरोहे ॥ १९६ ॥

*ઉપાય વડે સમુદ્રનો રોધ કરી શકાય છે અને પવનને પણ ખાળી (રોકી) શકાય છે; પણ મન-નિરોધ કરવાનો કોઈ અદ્‌ભુત ઉપાય કોઈએ નિર્માણ કર્યો જણાતો નથી. ૧૯૬.*

**चिंतइ अचिंतणिज्जं, वच्चइ दूरं वि लंघइ गुरूंपि ।**
**गुरूंआणवि जेण मणो, भमइ दुरायारमहिलव्व ॥१९७॥**

**जिणवयणमहाविज्जा, सहाइणो अहव केइ सप्पुरिसा ।**
**रुंभंति तंपि विसमिवं, पडिमापडिवन्न-सड्ढव्व ॥१९८॥**

*કેમકે મન નહિ ચિંતવવા યોગ્ય (પરસ્ત્રી પ્રમુખ) વસ્તુને ચિંતવે છે, દૂર જાય છે; સમુદ્ર અને ડુંગરને ઓળંગી જાય છે; અરે મહાન પુરુષોનાં પણ મન દુરાચારી સ્ત્રીની પેરે ભમ્યા કરે છે. અથવા કેટલાક સત્પુરુષો જિનવચન રૂપ મહાવિદ્યાની સહાયથી (વિષધરના) વિષની જેમ મનને પણ પ્રતિમા પ્રતિપન્ન (જિનદાસ) શ્રાવકની પેરે નિરૂંધે છે. ૧૯૭-૧૯૮.*

**अकुसलवयणनिरोहो, कुसलस्स उईरणं तहेगत्तं ।**
**भासाविसारएहिं, वइगुत्ती वन्निया एसा ॥ १९९ ॥**

*અકુશળ વચનનો નિરોધ, કુશળ વચનનું ઉદીરણ તેમજ વચનની એકાગ્રતા (નિર્વ્યાપારતારૂપ)ને ભાષાસમિતિમાં કુશળ પુરુષો ભાષાસમિતિ કહે છે. ૧૯૯.*

**दंमंति तुरंगा विहु, कुसलेहिं गयावि संजमिज्जंति ।**
**वयवग्घं संजमिउं, निउणाणवि दुक्करं मन्ने ॥ २०० ॥**

*કુશળ પુરુષો (ઉદ્ધત) ઘોડાને તેમજ (મદોન્મત્ત) હાથીને પણ દમી જાણે છે, પણ વાણી રૂપ વાઘણને વશ કરવી એ તો નિપુણ જનોને પણ દુષ્કર છે એમ માનું છું. ૨૦૦.*

**सिद्धंतनीइकुसलो, कइ निगिन्हंति तं महासत्ता ।**
**सन्नायग-चोरग्गह-जाणग गुणदत्तसाहुव्व ॥ २०१ ॥**

*સિંદ્ધાન્ત (આગમ) નીતિમાં કુશળ કંઈક મહાસત્ત્વશાળી સાધુ પુરુષો તેનો પણ નિગ્રહ કરે છે. અને સ્વજનોને ચોર પકડી લેશે એવું જાણનારા ગુણદત્ત સાધુની પેરે દૃષ્ટાંત રૂપ બને છે. ૨૦૧.*

**जो दुट्ठगइंदो इव, देहो असंजमेसु वट्टंतो ।**
**नाणंकुसेण रुंभइ, सो भन्नइ कायगुत्तत्ति ॥ २०२ ॥**

*દુષ્ટ ગજેન્દ્રની પેરે અસંયમમાર્ગમાં પ્રવર્તતા દેહને જ્ઞાન રૂપ અંકુશ વડે દમવામાં આવે તે કાયગુપ્તિ કહેવાય છે. ૨૦૨.*

**कुम्मुव्व सया अंगे , अंगोवंगाइं गोविउं धीरा ।**
**चिट्ठंति दयाहेउं, जह मग्गपवन्नओ साहू ॥२०३॥**

*કૂર્મ(કાચબા)ની પેરે સદા સ્વદેહમાં અંગોપાંગને ગોપવી રાખી ધીર પુરુષો દયાને માટે માર્ગપ્રપન્ન સાધુની પેરે પ્રવર્તે છે. ૨૦૩.*

**इय निम्मलवयकलिओ, समिई-गुत्तीसु उज्जुओ साहू**
**तो सुत्त अत्थ पोरिसि, कमेण सुत्तं अहिज्जिज्जा ॥ २०४ ॥**

એ પ્રમાણે નિર્મળ વ્રત સહિત સમિતિ ગુપ્તિ પાળવામાં ઉદ્યુક્ત (ઉજમાળ થયેલો) સાધુ સૂત્ર પોરષી અને અર્થ પોરષીના અનુક્રમ પ્રમાણે શાસ્ત્ર-સિદ્ધાન્તનો અભ્યાસ કરે. ૨૦૪.

**तंमि अहीए विहिणा, विसेसकयउज्जमो तवविहाणे ।**
**दव्वाइअपडिबद्धो, नाणादेसेसु विहरिज्ज ॥ २०५ ॥**

વિધિપૂર્વક શાસ્ત્રઅભ્યાસ કર્યે છતે વિવિધ તપોવિધાનમાં વિશેષે ઉદ્યમવંત બની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં પ્રતિબંધ રહિતપણે જુદા જુદા દેશોમાં મુનિએ વિચરવું! તે પ્રતિબંધ દ્રવ્યથી શ્રાવકાદિકમાં, ક્ષેત્રથી નિર્વાત(પવન વગરના) સ્થાનાદિકમાં, કાળથી શરદાદિક ઋતુમાં, અને ભાવથી શરીર અવયવાદિકમાં, જેમકે આ ગ્રીષ્મ ઋતુમાં અહીં જ રહીએ તો શરીરને સુખ રહેશે. ૨૦૫.

**पडिबद्धो लहुअत्तं, न जणुवयारो न देसविन्नाणं ।**
**नाणाईण अवुद्ढी, दोसा अविहारपक्खंमि ॥ २०६ ॥**

(પ્રતિબંધરહિતપણે) વિહાર નહિ કરવાથી(એકત્ર રહેતાં) રાગદ્વેષાદિક દોષોની ઉત્પત્તિ થાય, સ્વલઘુતા થાય, તેમ જ લોકોપકાર, દેશવિજ્ઞાન, તથા જ્ઞાનવૃદ્ધિ થઈ શકે નહિ. ૨૦૬.

**गयणंव निरालंबो, हुज्ज धरामंडलं व सव्वसहो।**
**मेरुव्व निप्पकंपो, गंभीरो नीरनाहुव्व ॥ २०७ ॥**

**चंदुव्व सोमलेसो, सूरूव्व फुरंतउग्गतवतेओ**
**सीहुव्व असंखोभो, सुसीयलो चंदणवणं व ॥ २०८ ॥**

(આત્મવેદી મુનિ) ગગનની જેમ નિરાલંબી, પૃથ્વીની પેરે સહનશીલ, મેરુની જેવા નિષ્પ્રકંપ, સમુદ્રની જેવા ગંભીર, ચંદ્રની જેવા સૌમ્ય લેશ્યાવંત, સૂર્યની જેવા સ્ફુરાયમાન, ઉગ્ર તપતેજવાળા, સિંહની પેરે અક્ષોભ્ય અને ચંદનના વનની જેમ સુશીતળ પ્રકૃતિવંત હોય. ૨૦૭-૨૦૮.

**पवणुव्व अपडिबद्धो, भारुंडविहंगमुव्व अपमत्तो ।**
**मुद्धवहुव्व वयारो, सारयसलिलं व सुद्धमाणो ॥ २०९ ॥**

તેમજ મુનિ પવનની પેરે પ્રતિબંધ રહિત વિચરનાર, ભારંડ પંખીની પેરે પ્રમાદ રહિત, મુગ્ધ વધૂની પેરે વિકાર વર્જિત, અને શરદ્-જળની પેરે શુદ્ધ હૃદયવાળા હોય.. ૨૦૯.

**वज्जिज्ज मच्छरं परगुणेसु, तह नियगुणेसु उक्करिसं ।**
**दूरेणं परिवज्जसु, सुहसीलस्स संसग्गिं ॥ २१० ॥**

પરગુણમાં મત્સર, તેમજ નિજગુણમાં ઉત્કર્ષ કરવો નહિ, અને સુખશીલ જનોનો સંસર્ગ (પરિચય) દૂરથી જ ત્યજવો, મતલબ કે તે કદાપિ લગારે કરવો નહિ. ૨૧૦.

**पासत्थो ओसन्नो, कुसील संसत्तनीअ अहाछंदो ।**
**एएहिं समाइन्नं, न आयरिज्ज न संसिज्ज ॥ २११ ॥**

પાસથ્થા, ઉસન્ના, કુશીલ, સંસક્ત અને યથાચ્છંદી સાધુએ જિનાજ્ઞાને ઉલ્લંઘી સમાચરેલું કાર્ય આત્માર્થી સાધુએ પોતે આદરવું નહિ, તેમજ તેને પ્રશંસવું નહિ ! પાસત્થાદિકનું સ્વરૂપ પ્રવચન સારોદ્ધાર પ્રમુખ અન્ય ગ્રંથો થકી જાણી લેવું ! ૨૧૧.

पिज्जं भयं पओसो, पेसुन्नं मच्छरो रईहासो ॥
अरईकलहो सोगो, जिणेहिं साहूण पडिकुट्ठो ॥ २१२॥

*પ્રેમ, (સ્વજનાદિકમાં) ભય, પ્રદ્વેષ, પૈશૂન્ય(ચાડી), મચ્છર, રતિ (ઈષ્ટ સંયોગે હર્ષ), હાસ્ય, અરતિ (અનિષ્ટ સંયોગે ખેદ), કલહ, શોક એ સર્વ વાનાં સાધુઓને શ્રીજિનેશ્વરોએ નિષેધ્યાં છે. ૨૧૨.*

वंदिज्जंतो हरिसं, निंदिज्जंतो करिज्ज न विसायं ।
न हि नमिअनिंदिआणं,सुगइं कुगइं च बिंति जिणा ॥२१३॥

*મુનિજન વંદાતાં હર્ષ ન કરે, અને નિંદા કરતાં ખેદ ન ધરે, કેમકે નમાયેલાની સુગતિ અને નિંદા કરાએલાની દુર્ગતિ થાય એવો નિયમ નથી. એમ કહેવાની મતલબ એ કે મુનિએ નિંદા, સ્તુતિ કરનાર, માન અપમાન આપનાર તેમજ સ્વજન અને અન્ય જનો એ સહુ ઉપર સદાય સમદૃષ્ટિ રાખી વિચરવું. ૨૧૩.*

अप्पा सुगइ साहइ, सुपउत्तो दुग्गइं च दुपउत्तो ।
तुट्ठो रुट्ठो अपरो, न साहओ सुगईकुगईणं ॥ २१४॥

*આત્માને સન્માર્ગમાં પ્રવર્તાવ્યાથી તે સદ્‌ગતિ આપે છે અને ઉન્માર્ગમાં વર્તાવ્યાથી દુર્ગતિ આપે છે. બાકી બીજા તૂઠ્યા રૂઠ્યા છતાં કંઈ સદ્‌ગતિ કે દુર્ગતિ આપી શકતાં નથી; માટે બીજે બહાર નહિ જોતાં અંતરમાં જ જોઈ પોતાની જ ભૂલો સુધારી શુદ્ધ નિર્મળ થવું એ જ ખરું નિજ કર્તવ્ય છે. ૨૧૪.*

लहुकम्मो चरमतणू, अणंतविरिओ सुरिंद पणओवि ।
सव्वोवायविहिन्नू, तियलोयगुरू महावीरो ॥ २१५॥

गोआलमाईएहिं, अहमेहिं उईरिए महाघोरे ।
जइ सहइ तहा सम्मं, उवसग्गपरीसहे सव्वे ॥ २१६॥

अम्हारिसा कहं पुण, न सहंति विसोहिअव्व घणकंमा ।
इअ भावंतो सम्मं, उवसग्गपरीसहे सहसु ॥ २१७॥

*લઘુકર્મા, ચરમશરીરી, અનંતવીર્યવંત, સુરેન્દ્રપ્રણમિત તેમજ સર્વ ઉપાય અને વિધિના જાણ છતાં ત્રિલોકી ગુરુશ્રી મહાવીર દેવે પણ જ્યારે ગોવાળિયા પ્રમુખ અધમ લોકોએ ઉદીરેલા મહાઘોર સર્વ ઉપસર્ગ અને પરિસહો સમ્યગ્ રીતે (દીનતા વગર-અદીનભાવે) સહન કર્યા તો પછી જેને હજુ ઘણાં કર્મ ખપાવવાનાં રહેલાં છે એવા અમારા જેવાઓએ તે કેમ ન સહન કરવાં ? એમ વિચાર કરી ઉપસર્ગ પરીસહને સમભાવે સહન કર! ૨૧૫-૨૧૬-૨૧૭.*

एवंपि कम्मवसओ, अरई चरणंमि हुज्ज जई कहवि ।
तो भावणाइ सम्मं, इमाई सिग्घं निअत्तिज्जा ॥ २१८॥

*એમ છતાં કર્મયોગે કદાચ ચારિત્રમાં અરતિ થઈ જાય તો આ ભાવના વડે તે થતી અરતિને શીઘ્ર ટાળી દેવી. ૨૧૮.*

सयलदुहाणावासो, गिहिवासो तत्थ जीव मा रमसु ।
जं दूसमाइ गिहिणो, उयरंपि दुहेण पूरिंति ॥ २१९॥

*હે જીવ ! સકળ દુઃખના નિવાસ રૂપ ગૃહવાસમાં તું રતિ*

કર મા, કેમકે આ દુષમા કાળમાં ગૃહસ્થો પોતાના ઉદરને પણ દુઃખે ભરે છે. ૨૧૯.

जललवतरलं जीयं, अथिरा लच्छि विभंगुरो देहो ।
तुच्छा य कामभोगा, निबंधणं दुक्खलक्खाणं ॥ २२० ॥

ડાભના અગ્ર ઉપર રહેલા જળબિંદુના જેવું જીવિત જોતજોતામાં પૂરું થઈ જાય છે, તેમજ લક્ષ્મી ચપળ-અસ્થિર છે, દેહ ક્ષણભંગુર છે અને લાંખો ગમે દુઃખોને દેનારા વિષયભોગ તુચ્છ અસાર છે. ૨૨૦.

को चक्कवट्टिरिद्धिं, चइउं दासत्तणं समहिलसइ ।
को वररयणाइं मुत्तुं, परिगिन्हइ उवलखंडाइं ॥ २२१ ॥

ચક્રવર્તીની રિદ્ધિ મૂકીને દાસપણું કોણ(મૂર્ખ) માંગી લે ? અને શ્રેષ્ઠ રત્નોનો ત્યાગ કરીને કોણ પથ્થરના કટકાને ગ્રહણ કરે ? ૨૨૧.

नेरइआणवि दुक्खं , जिज्झइ कालेण किं पुण नराणं ।
ता न चिरं तुह होही, दुक्खमिणं मा समुच्चियसु ॥ २२२ ॥

નારકીઓનાં (દીર્ઘ) દુઃખ પણ કાળે કરીને ક્ષીણ થઈ જાય છે તો પછી મનુષ્યનાં દુઃખ કઈ ગણતરીમાં છે? તેથી આ દુઃખ તને લાંબો વખત નહિ રહે, એમ વિચારી હે જીવ! તું ખેદ (ઉદ્વેગ) ન કર, પણ ધીરો થા ! ૨૨૨.

इय भावंतो संमं, खंतो दंतो जिइंदिओ होउं ।
हत्थिव्व अंकुसेणं, मग्गंमि ठवेसु नियचित्तं ॥ २२३ ॥

આવી રીતે સમ્યગ્ વિચાર કરતો હે ભદ્ર ! તું ક્ષાન્ત, દાન્ત અને જિતેન્દ્રિય થઈ એ અંકુશ વડે હાથીની જેમ પોતાના ચિત્તને માર્ગમાં સ્થાપન કર. ૨૨૩.

**जम्हा न कज्जसिद्धी, जीवाण मणंमि अट्ठिए ठाणे ।**
**इत्थं पुण आहरणं, पसन्नचंदाइणो भणिया ॥ २२४॥**

કેમકે શુભ પરિણામાદિકમાં મન અસ્થિર છતે જીવોના ઈષ્ટ કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી, આ પ્રસંગે પ્રસન્નચંદ્ર પ્રમુખનાં ઉદાહરણ શાસ્ત્રમાં ભાખ્યાં છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ તેમજ ભરત મહારાજનાં ઉદાહરણ ઉપદેશમાળાદિકમાં સુપ્રસિદ્ધ છે. ૨૨૪.

**अहर-गइ-पडियाणं, किलिट्ठचित्ताण नियडि बहुलाणं ।**
**सिरितुंडमुंडणेणं, न वेसमित्तेण साहारो ॥ २२५॥**

નરકાદિક નીચી ગતિ તરફ જેમણે પ્રસ્થાન કરેલું છે એવા ક્લિષ્ટ ચિત્તવાળા અતિ કપટી જનોનું શિર મુંડન કરવા- પૂર્વક વેષ આપવા માત્રથી કલ્યાણ થતું નથી, ગુણ વિકળ અને અનેક દોષ દૂષિત જનોનું વેષ માત્રથી હિત થતું નથી. ૨૨૫.

**वेलंबगाईएसु वि, दीसइ लिंगं न कज्जसंसिद्धी।**
**पत्ताइं च भवोहे, अणंतसो दव्वलिंगाइं ॥ २२६॥**

વેષવિડંબક વિદૂષકાદિકની પાસે લિંગ(વેષ) તો હોય છે છતાં તેથી કંઈ કાર્યસિદ્ધિ થતી નથી. તેવા દ્રવ્યલિંગ તો સંસારચક્રમાં ભમતાં જીવે અનંતીવાર પ્રાપ્ત કરેલાં છે; પણ

ગુણના ખપ વિના કશું વળ્યું નથી. તેટલા માટે કેવળ દ્રવ્ય લિંગમાં જ આગ્રહ નહિ ધરતાં સાથે સદ્ગુણનો અધિક ખપ કરવા શાસ્ત્રકાર જણાવે છે. ૨૨૬.

**तम्हा परिणामुच्चिय, साहइ कज्जं विणिच्छिओ एसो ।**
**ववहारनयमएणं, लिंगग्गहणंपि निद्दिट्ठं ॥२२७॥**

*તેથી આત્માનો (શુદ્ધ) પરિણામ જ (સ્વઈષ્ટ) કાર્ય સાધી આપે છે એવો નિશ્ચય-સિદ્ધાન્ત છે. તેમજ વ્યવહાર નયના અભિપ્રાયે લિંગ ગ્રહણ કરવાનું પણ કહેલું છે. તેથી ઉભયની અપેક્ષા સિદ્ધ થાય છે. ૨૨૭.*

**जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुयह ।**
**ववहारनओच्छेए, तित्थुच्छेओ जओ भणिओ ॥ २२८ ॥**

*જો તમે જિનમતને અંગીકાર કરો તો વ્યવહાર અને નિશ્ચય ઉભયને આદરો; એકેનો અનાદર-ઉપેક્ષા ન કરો. (તેમાં પણ લિંગગ્રહણ, જિનપૂજાદિક) વ્યવહાર નયનો ઉચ્છેદ કરવાથી તો તીર્થનો જ ઉચ્છેદ કર્યો જાણવો. ૨૨૮.*

**ववहारो विहु बलवं, जं वंदइ केवलीवि छउमत्थं ।**
**आहाकम्मं भुंजइ, सुयववहारं पमाणंतो ॥ २२९ ॥**

*વ્યવહાર પણ બળવાન છે કેમકે કેવળી (સર્વજ્ઞ) છતાં પણ છદ્મસ્થ (ગુરુ)ને વાંદે છે તેમજ શ્રુતવ્યવહારને પ્રમાણ કરતાં આધાકર્મી આહારને વાપરે છે, મતલબ કે જ્યાં સુધી શિષ્ય સર્વજ્ઞ થયેલ છે એવી ખબર ગુરુને ન પડે ત્યાં સુધી શિષ્ય સર્વજ્ઞ*

છતાં ગુરુવંદન કરવા રૂપ વ્યવહારને ત્યજી દેતા નથી, તેમજ બહુશ્રુતે શ્રુત ઉપયોગથી આણેલો સદોષ આહાર પણ ક્વચિત્ કેવળી વાપરે છે. તે વાત વ્યવહારમાર્ગની પુષ્ટિ (બલવત્તા) બતાવે છે. ૨૨૯.

**तित्थयरुद्देसेणवि, सिढिलिज्ज न संजमं सुगइमूलं ।**
**तित्थयरेण वि जम्हा, समयंमि इमं विणिद्दिठं ॥२३०॥**

*જિનપૂજાદિક તીર્થંકરના ઉદ્દેશથી પણ સદ્ગતિદાયક સંયમને શિથિલ કરવું નહિ. કેમકે તીર્થંકરોએ જ સિદ્ધાંતમાં આવી રીતે કહ્યું છે કે : ૨૩૦.*

**चेइय कुलगण संघे, आयरिआणं च पवयण सुए य।**
**सव्वेसुवि तेण कयं, तवसंजममुज्जमंतेण ॥ २३१ ॥**

*તપસંયમમાં ઉજમાળ રહેતાં મુનિએ ચૈત્ય(જિનમંદિર), કુળ, ગણ, સંઘ, આચાર્ય અને પ્રવચન (શ્રુત સિદ્ધાન્ત)ની ભક્તિ કરી જાણવી તેથી સાધુજનોએ તપસંયમમાં જ અધિક યત્ન કરવો ઘટે છે. ૨૩૧.*

**सव्वरयणामएहिं, विभूसियं जिणहरेहिं महिवलयं ।**
**जो कारिज्ज समग्गं, तउवि चरणं महिड्ढियं ॥ २३२॥**

*સર્વ રત્નમય જિનમંદિરોથી સમસ્ત પૃથ્વીવલયને કોઈ મંડિત કરે તેથી પણ ચારિત્રસેવન અધિક લાભદાયી છે.(તેથી જ ઇંદ્ર નરેંદ્રાદિક સહુ કોઈ મહર્દ્ધિક જનો એક દિનના દીક્ષિત દ્રમક સાધુને પણ પ્રણમે છે.) ૨૩૨.*

**दव्वत्थओ य भावत्थओ य, दव्वत्थओ बहुगुणुत्ति बुद्धिसिया।
अनिउणमइ-वयणमिणं,छज्जीवहियं जिणा बिंति ॥ २३३॥**

*દ્રવ્યસ્તવ (જિનચૈત્ય નિર્માપણ જિનપૂજાદિક) અને ભાવસ્તવ(ગુણોત્કીર્તન અંતરંગ પ્રીતિથી આજ્ઞાપાલન વડે પૂજ્ય પૂજના રૂપ) મધ્યે સ્વપર અધ્યવસાયની વિશુદ્ધિ થવાથી દ્રવ્યસ્તવ બહુગુણકારી છે એમ કોઈની બુદ્ધિ થાય તો તે અયુક્ત છે કેમકે તે નિપુણમતિ વચન નથી. જિનેશ્વરો તે સમસ્ત જીવના હિત રૂપ જ વચન વદે છે. ૨૩૩.*

**छज्जीवकायसंजमो, दव्वत्थए सो विरुज्झए कसिणो ।
तो कसिण संजम विऊ, पुप्फाइयं न इच्छंति ॥ २३४॥**

*દ્રવ્યસ્તવમાં સમસ્ત જીવોનો સંપૂર્ણ સંયમ(બચાવ) થઈ શકતો નથી તેથી સર્વવિરતિવંત વિદ્વાન્ સાધુઓ પુષ્પાદિક આરંભસાધ્ય દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી.૨૩૪.*

**अकसिण-पवत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणो दव्वत्थए कूवदिट्ठंतो ॥ २३५॥**

*(પરંતુ) દેશવિરતિવંત શ્રાવકોને તો એ દ્રવ્યસ્તવ(જિનપૂજાદિક) યુક્ત છે. કેમકે તે તેમને ભવભ્રમણ ઘટાડવાના હેતુ રૂપ છે. તે દ્રવ્યસ્તવના સંબંધમાં અરિહંતોએ કૂવાનું દૃષ્ટાન્ત કહેલું છે. તે આવી રીતે કે કૂવો ખણતી વખતે તે ખણનારને અધિક તૃષા અને શ્રમાદિક લાગે છે પરંતુ તે ખણી રહ્યા બાદ તેમાંથી અતિ શીતળ જળ મેળવી તેનો*

ખણનાર અને-અન્ય જનો ઘણી શાન્તિ મેળવે છે. તેમ દ્રવ્યસ્તવ કરતાં તો કંઈ આરંભજન્ય ક્રિયા લાગે પરંતુ તે પૂર્ણ થયે તે દ્રવ્યસ્તવ કરનાર અને અન્ય ભવ્ય જનો પણ અધ્યવસાયની વિશુદ્ધિથી પૂર્વોક્ત દોષોને નિવારી નિવૃત્તિ સુખને પામી શકે છે.(અથવા રોગીને ઔષધની પેરે દ્રવ્યસ્તવ મલિનારંભી ગૃહસ્થ જનોને હિતકારી હોવાથી આદરવા યોગ્ય છે. ઈતિ હરિભ૦ અષ્ટકે.) ૨૩૫.

**तो आणाबज्झेसुं, अविसुद्धालंबणेसु न रमिज्जा ।**
**नाणइवुड्ढिजणयं, तं पुण गिज्झं जिणाणाए ॥ २३६ ॥**

એમ સમજી પ્રભુઆજ્ઞાથી બહિર્ભૂત એવા અવિશુદ્ધ આલંબનમાં રતિ કરવી નહિ, પણ જ્ઞાનાદિક ગુણની વૃદ્ધિ કરનાર જે જે આલંબન હોય તે તે આલંબન જિનોક્ત વિધિ મુજબ ગ્રહણ કરવું, પણ સ્વમતિ કલ્પના વડે નહિ.

જ્ઞાનાદિકવૃદ્ધિકારી આલંબન કયાં કયાં તે ગ્રંથકાર પોતે જ જણાવે છે. ૨૩૬.

**काहं अछित्तिं अहवा अहीहं, तवोविहाणेण य उज्जमिस्सं।**
**गच्छं च नीई इअ सारइस्सं, सालंबसेवी समुवेइ मुक्खं।२३७।**

તીર્થવ્યુચ્છેદ ન થાય તેમ હું પ્રયત્ન કરીશ, અથવા હું શ્રુતઅભ્યાસ કરીશ, તપોવિધાન માટે ઉદ્યમ કરીશ અથવા શાસ્ત્રનીતિથી ગચ્છની સારવાર કરીશ; એ પ્રમાણે ગુણદાયક આલંબનોને સેવનાર સાધુ મોક્ષને પામી શકે છે. ૨૩૭.

**सालंबणो पडंतो, अप्पाणं दुग्गमेवि धारेइ ।**
**इय सालंबणसेवी, धारेइ जई असढभावं ॥ २३८ ॥**

*જેમ દુર્ગમ ખાડ વગેરેમાં પડતાં વૃક્ષાદિકનું પુષ્ઠ આલંબન લેનાર પોતાનો બચાવ કરી શકે છે તેમ પૂર્વોક્ત રૂડાં આલંબનને સેવનાર સાધુ જો અશઠભાવ (નિષ્કપટ વૃત્તિ-નિર્દંભતા)નું સેવન કરે તો તે સ્વપરનું હિત સાધી શકે છે. એ પ્રમાણે પુષ્ટ આલંબનને નિર્માયીપણે સેવવામાં ગુણ જણાવ્યો. ૨૩૮.*

**उस्सग्गेण निसिद्धं, अववायपयंमि सेवए असढो ।**
**अप्पेण बहूं इच्छइ, विसुद्ध-मालंबणो समणो ॥ २३९ ॥**

*ઉત્સર્ગ-સામાન્ય વિધિરૂપ માર્ગે જેનો નિષેધ કર્યો હોય તે અપવાદપદે (ગાઢ રોગાદિક કારણે) અશઠ ભાવે વિશુદ્ધ આલંબનવંત સાધુ આચરે, એમ કરીને તે અલ્પ માત્ર સંયમવ્યયથી અધિક સંયમલાભનો ઈચ્છુક હોય. ૨૩૯.*

**पडिसिद्धंपि कुणंतो, आणाए दव्व-खित्त-कालन्नू ।**
**सुज्झइ विसुद्धभावो, कालयसूरिव्व जं भणियं ॥ २४० ॥**

*દ્રવ્ય, ક્ષેત્ર, કાળનો જ્ઞાતા પ્રભુઆજ્ઞાએ નિષિદ્ધ કાર્યને કરતો છતો વિશુદ્ધ ભાવથી કાલિકસૂરિની પેરે કર્મનિર્જરા વડે શુદ્ધ થાય. કેમકે કહ્યું છે કે "સાધુ ચૈત્ય અને પ્રવચનના પ્રત્યનિક તથા નિંદકને સર્વ શક્તિથી નિવારે, સંઘાદિકના કાર્યે (લબ્ધિપાત્ર સાધુ) ચક્રવર્તીની સેનાને પણ ચૂરી નાખે." તે કાલિકાચાર્યની કથાનો વિસ્તાર નિશીથસૂત્ર થકી જાણી લેવો. બાકી પોતાની બ્હેન*

સાધ્વી (સરસ્વતી)ના વ્રતનો ભંગ કરનાર રાજા (ગર્દભિલ્લ)ને ઉપયોગથી પદભ્રષ્ટ કર્યા છતાં જેમ તે આચાર્યવર શુદ્ધિને પામ્યા તેમ અત્ર સમજી લેવું. ૨૪૦.

**जा जयमाणस्स भवे, विराहणा सुत्तविहि-समग्गस्स ।**
**सा होइ निज्जरफला, अज्झप्प विसोहि जुत्तस्स ॥ २४१ ॥**

જયણા(યતના)વંત અને શાસ્ત્રવિધિ સંયુક્ત ગીતાર્થ વડે અશક્ય પરિહારે જે જીવવિરાધના થઈ જાય તે અધ્યાત્મવિશુદ્ધિ-યુક્ત હોવાથી તેમને અશુભકર્મની નિર્જરાને માટે થાય ! મતલબ કે તેવી વિરાધનાથી લાગેલું યત્કિંચિત્ કર્મ શીઘ્ર નષ્ટ થઈ જાય. જેમકે પ્રથમ સમયે બાંધે, બીજે સમયે નિર્જરે અને ત્રીજે સમયે કર્મ રહિત બને. પ્રખર અધ્યાત્મ વિશુદ્ધવંત માટે એવી શાસ્ત્રમર્યાદા છે. ૨૪૧.

**जे जत्तिआ य हेऊ, भवस्स ते चेव तत्तिआ मुक्खे ।**
**गणणाईया लोगा, दुण्हवि पुन्ना भवे तुल्ला ॥२४२॥**

રાગદ્વેષ અને અજ્ઞાનયુક્ત જીવોને જે ભવવૃદ્ધિના હેતુઓ છે તે જ હેતુઓ સમતાભાવી જ્ઞાન-વિવેકી જનોને મોક્ષને માટે થાય છે. અને તે ભવમોક્ષ સંબંધી હેતુઓની ગણના કરતાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશ વડે (અન્યૂનાધિક)પૂર્ણ અને પરસ્પર તુલ્ય થાય છે. જીવ અનંત છતાં હેતુ અસંખ્ય કહ્યા તે અધ્યવસાય સ્થાનની અપેક્ષાએ સમજવા. ૨૪૨.

इरियावहियाईया, जे चेव हवंति कंमबंधाय ।
अजयाणं ते चेव ओ, जयाण निव्वाणगमणाय ॥ २४३ ॥

*ગમનાગમન, ભોજન, શયન, પ્રમુખ જે (ક્રિયા) અજયણાવંતને કર્મબંધ ભણી થાય છે તે જ ક્રિયા જયણાવંતને કર્મનિર્જરા વડે મોક્ષને માટે થાય છે. ૨૪૩.*

एगंतेण निसेहो, जोगेसु न देसिओ विही वा वि ।
दलियं पप्प निसेहो हुज्ज विही वा जहा रोगे ॥२४४॥

*ગમનાગમન, ભોજન, શયનાદિક વ્યાપારોમાં જિનોએ એકાંત નિષેધ કે એકાંત આદેશ કર્યો નથી. પણ જેમ રોગમાં જીવ દ્રવ્યને પામીને વિધિનિષેધ કરવામાં આવે છે, એટલે અમુકને અમુક પ્રકારના જ્વરમાં સદ્વૈદ્ય અમુક વસ્તુની છૂટ આપે છે ત્યારે અન્યને જુદા જ પ્રકારના સંયોગોને લઈ તેવા જ જ્વરમાં તે વસ્તુનો નિષેધ કરે છે, તેમ અત્ર પણ જિનો તથાવિધ સંઘયણ વિનાના છતાં શાસ્ત્રઅભ્યાસમાં પ્રવૃત્ત થયેલા સાધુને અતિ આકરાં તપનો નિષેધ કરે છે, અને સ્નિગ્ધ આહારાદિકની આજ્ઞા આપે છે, ત્યારે દૃઢ સંઘયણવાળા સાધુને આશ્રી તે જ કર્મરોગની ચિકિત્સામાં તેથી જુદું જ બતાવે છે. અથવા તો એક જ જીવ દ્રવ્ય આશ્રી દેશકાલાદિકના ભેદથી કાર્યભેદ બતાવે છે. ૨૪૪.*

अणुमित्तोवि न कस्सइ, बंधो परवत्थुपच्चया भणिओ ।
तहवि य जयंति जइणो, परिणामविसोहिमिच्छंता ॥२४५॥

*કોઈને પરવસ્તુ પ્રત્યય(બાહ્ય અર્થ કારણે) કશો બંધ કે*

*મોક્ષ થતો નથી પણ પોતાના પરિણામથી જ બંધ કે મોક્ષ થાય છે. તો પણ પરિણામવિશુદ્ધિને ઈચ્છતા મુનીશ્વરો પ્રાણાતિ- પાત વિરમણાદિક વિષયોમાં યત્ન કરે છે તે યુક્ત જ છે. ૨૪૫.*

**जो पुण हिंसाययणे- सु वट्टई तस्स नणु परीणामो ।**
**दुट्ठो न य तं लिंगं, होइ विसुद्धस्स जोगस्स ॥ २४६ ॥**

*અને જે (આપમતિથી) હિંસાદિક કાર્યમાં પ્રવર્તે છે તેનો પરિણામ તો દુષ્ટ જ સમજવો. હિંસાદિક સ્થાનોમાં વર્તવું એ વિશુદ્ધ પરિણામવંતનું લક્ષણ નથી. ૨૪૬.*

**पडिसेहो अ अणुन्ना, एगंतेणं न वन्निया समए ।**
**एसा जिणाण आणा, कज्जे सच्चेणं होअव्वं ॥ २४७ ॥**

*(જોકે) સિદ્ધાન્તમાં એકાંત વિધિ કે નિષેધ ઉપદિશ્યા નથી પણ જે સમયે કરવા યોગ્ય હોય તે કરતાં નિર્દંભ-દંભરહિત વર્તવું એ તો ખાસ જિન-આજ્ઞા છે. ૨૪૭.*

**दोसा जेण निरुज्झंति, जेण खिज्जंति पुव्वकंमाइं ।**
**सो सो मुक्खोवाओ, रोगावथ्थासु समणं व ॥ २४८ ॥**

*જેનાથી દોષોનો નિગ્રહ થાય એટલે કે દોષોનું શમન થાય, તેમજ પૂર્વકર્મનો ક્ષય (નિર્જરા) થાય, તેને રોગાવસ્થામાં ઔષધ સમાન મોક્ષોપાય સમજવો. ૨૪૮.*

**बहु-वित्थर-मुस्सग्गं, बहुयर-मुववाय-वित्थरं नाउं ।**
**जेण न संजमहाणी, तह जयसु निज्जरा जह य ॥ २४९ ॥**

*બહુ વિસ્તારયુક્ત ઉત્સર્ગ(વિધિમાર્ગ)ને તથા અતિ બહુ વિસ્તારયુક્ત અપવાદ(નિષેધમાર્ગ)ને જાણી, જેમ સંયમની હાનિ ન થાય, તેમજ જેમ કર્મનિર્જરા થાય, તેમ હે ભદ્ર! તું પ્રયત્ન કર. ૨૪૯.*

**सामेन्नेणुस्सुगो, विसेसओ जो स होइ अववाओ।**
**ताणं पुण वावारे, एस विही वन्निओ सुत्ते ॥ २५० ॥**

*સામાન્યપણે જ જે માર્ગ કહ્યો હોય તે ઉત્સર્ગ, જેમકે ગોચરી કરવા ગયેલાએ ક્યાંય બસવું નહિ; અને વિશેષિત કહ્યા હોય તે અપવાદ, જેમકે તપસ્વી, ગ્લાન (વ્યાધિગ્રસ્ત) તેમજ જરાથી જર્જરિત દેહવાળા સાધુને (તથા પ્રકારના કારણ યોગે) ક્વચિત્ બેસવું પણ કલ્પે. તે ઉત્સર્ગ અને અપવાદનો વ્યાપાર (ઉપયોગ) કરવા માટે શાસ્ત્રમાં આ પ્રમાણે વિધિ દર્શાવ્યો છે. ૨૫૦.*

**उस्सग्गे उववायं, आयरमाणो विराहओ होइ ।**
**अववाए पुण पत्ते, उस्सग्ग निसेवओ भईउ ॥ २५१ ॥**

*ઉત્સર્ગ સમયે(દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિક અનુકૂલ સંયોગે) જો અપવાદ સેવે તો તે નિષ્કારણ આપમતિથી અપવાદ સેવનાર સંયમ વિરાધક સમજવો. અને અપવાદ અવસર (તથા પ્રકારના પ્રતિકૂલ દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિ યોગ) પ્રાપ્ત થયે છતે ઉત્સર્ગ આદરે તેમાં ભજના સમજવી. એટલે કોઈક વિશુદ્ધમાન પરિણામવંત તો આરાધક થાય અને બીજો હીયમાન (પડતા-મલિન) પરિણામવંત*

વિરાધક થાય. મતલબકે અપવાદ સેવવાની જરૂર જ હોય તેવે પ્રસંગે પ્રભુઆજ્ઞાએ નિષ્કપટપણે તેમ કરતાં હાનિ નથી. કેમકે તેનું સાધ્ય તે સંયમનું ગમે તેમ કરીને રક્ષણ કરવામાં જ સમાય. પણ એવે સમયે કોઈક અતિ ધૈર્યવંત, દેહાદિક જડ વસ્તુ ઉપરનો મોહ ત્યજીને અપવાદને ન પણ સેવે અને વિશુદ્ધ પરિણામથી સંયમનો આરાધક થાય એ વાત પણ સંભવિત છે. તે જ વાત ગ્રંથકાર વધારે સ્પષ્ટ કરતા છતા કહે છે કે - ૨૫૧.

**किह होही भइअव्वो, संघयणधीइजुओ समत्थोओ ।**
**एरिसओ उववाए, उस्सग्ग निसेवओ सुद्धो ॥२५२॥**

**इअरो उ विराहेई, असमत्थो जं परीसहे सहिउं ।**
**धीइसंघयणेहिं तो, एगयरेणंवि सोहीणो ॥ २५३॥**

અપવાદના અવસરે ઉત્સર્ગ સેવનારની શી રીતે ભજના સમજવી તેનો ખુલાસો એવો છે કે ઉત્તમ (બલિષ્ઠ) સંઘયણ (શરીરનો બાંધો)વાળો, તથા સંયમમાં સ્થિરતાયુક્ત તેમજ પરિસહ ઉપસર્ગ સહન કરવા સમર્થ (બળવાન્) તેવા જિનકલ્પાદિક સાધુ જાણી જોઈને અપવાદ સેવવાને બદલે ઉત્સર્ગ સેવે તો કર્મનિર્જરા કરી શકે.(એટલે આરાધક થઈ શકે) પણ બીજો સાધુ જે સંયમસ્થિરતા અને બલિષ્ઠ સંઘયણમાંથી એક પણ નહિ હોવાથી પરીસહ સહન કરવાને અસમર્થ હોય તે જો અપવાદ સ્થાને સ્વેચ્છાથી ઉત્સર્ગ સેવે તો આર્તધ્યાનના યોગે વિરાધક થાય. ૨૫૨-૨૫૩.

गंभीरं जिणवयणं, दुव्विन्नेअं अनिउणबुद्धीहिं ।
तो मज्झत्थेहिं इमं, विभावणीयं पयत्तेण ॥ २५४॥

*અનિપુણ બુદ્ધિવાળાથી બહુ કષ્ટે જાણી શકાય એવાં જિનવચન ગંભીર છે. તેથી રાગદ્વેષ કદાગ્રહાદિ રહિત થઈ આ જિનવચન પ્રયત્નથી વિચારવાં. ૨૫૪.*

उस्सग्गववाय-विऊ, गीयत्थो निस्सिओ अ जो तस्स ।
अनिगूहंतो विरियं, असढो सव्वत्थ चारित्ती ॥ २५५॥

*ઉત્સર્ગ અને અપવાદના જાણ એવા ગીતાર્થ અને જે તેવા ગીતાર્થની નિશ્રાએ રહેતા હોય તે સાધુ કપટ રહિત સર્વત્ર સ્વશક્તિ ફોરવીને તપ, સ્વાધ્યાય અને વૈયાવચ્ચને કરતો છતો ચારિત્રવંત લેખી શકાય. ૨૫૫.*

रागाइदोसरहिओ, मयण-मयट्ठाण-मच्छर-विमुक्को ।
जं लहइ सुहं साहू, चिंताविसवेयणारहिओ ॥ २५६॥

तं चिंतासयसल्लिय-हियएहिं कसायकामनडिएहिं ।
कह उवमिज्जइ लोए, सुरवरपहुचक्कवट्टीहिं ॥ २५७॥

*રાગાદિ દોષ રહિત,મદન(કામવિકાર), અષ્ટવિધ મદસ્થાન અને મચ્છર રહિત સાધુ, ચિંતા રૂપ વિષવેદનાથી મુક્ત છતો જે(અનુપમ)સુખ મેળવે છે તે સુખ સેંકડો ચિંતારૂપ શલ્યથી ભરેલા અને કામ કષાયથી વિડંબિત થયેલા ઈન્દ્રો અને ચક્રવર્તિ(ના સુખ) સાથે શી રીતે સરખાવી શકાય ? મતલબ કે નિર્વિકાર પ્રશાન્ત મુનિના સુખ પાસે વિષયકષાયને વશ વર્તનારા ઈન્દ્રાદિકનાં સુખ*

બિલકુલ નજીવાં જણાય છે. ૨૫૬-૨૫૭.

जं लहइ वीयराओ, सुक्खं तं मुणइ सुच्चिय न अन्नो ।
न हि गत्तासूयरओ, जाणाइ सुरलोइयं सुक्खं ॥ २५८ ॥

રાગાદિક વિકારવર્જિત વીતરાગ જે સુખ અનુભવે છે તે તે જ જાણે છે, બીજો કોઈ જાણી શકતો નથી. વિષ્ટાની ખાડમાં રમનારું ભુંડ સુરલોકનાં સુખ શું જાણે? મુનિના સ્વાભાવિક-સ્વાધીન સુખ પાસે લોકોનાં પૌદ્ગલિક સુખ શા હિસાબમાં છે? ૨૫૮.

इय सुहफलयं चरणं, जायइ इत्थेव तग्गयमणाणं ।
परलोय-फलाइं पुण, सुरनरवर-सिद्धि-सुक्खाइं ॥ २५९ ॥

જેમનું મન ચારિત્રથી ભાવિત છે તેમને યથોક્ત ચારિત્ર આ લોકમાં જ પ્રગટ (અંતર શાંતિ-પ્રશમાદિ રૂપ) સુખદાયી થાય છે. અને પરલોકમાં ઈન્દ્ર, ચક્રવર્તી સંબંધી સુખ તેમજ મોક્ષસુખ પણ અર્પે છે. ૨૫૯.

अव्वत्तेण वि सामा-इएण तह एगदिणपवन्नेणं ।
संपइराया रिद्धिं, पत्तो किं पुण समग्गेण ॥ २६० ॥

એક દિવસ માત્ર અવ્યક્ત સામાયિક પણ પાળવાથી સંપ્રતિરાજા ત્રણ ખંડની (અર્ધ ભરતક્ષેત્રની) ઋદ્ધિ પામ્યો,તો સમગ્ર પૂર્ણ સામાયિકનું તો કહેવું જ શું ? આર્ય સુહસ્તિસૂરિએ પ્રતિબોધિત શ્રી સંપ્રતિરાજાનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે. ૨૬૦.

**એ પ્રમાણે ચારિત્રશુદ્ધિ અધિકાર પૂર્ણ થયો.**

## इंद्रियजयद्वार-९

**अजिइंदिएहिँ चरणं, कट्ठं व घणुहिं कीरइ असारं ।**
**तो चरणत्थीहिँ दढं, जइयव्वं इंदियजयंमि ॥ २६१ ॥**

*ક્રિયા કષ્ટને કરતા છતાં રસલોલુપતાદિકથી ઇંદ્રિયજય વગરના સાધુ જેમ ઘુણ નામનો જીવડો કાષ્ટને પોલું-નિઃસાર કરી મૂકે છે. તેમ વિષયસુખની લાલસાથી સ્વચારિત્રનો વિનાશ કરી નાખે છે; તેથી ચરણન' અર્થી સાધુએ ઇંદ્રિયજય કરવા દઢ પ્રયત્ન કરવો . ૨૬૧.*

**भेओ सामित्तं चिय, संठाण पमाण तहय विसओ य ।**
**इंदियगिद्धाण तहा, होइ विवागो अ भणियव्वो ॥ २६२ ॥**

*તે ઇંદ્રિયોના ભેદ, પ્રકાર તેનું સ્વામિત્વ(કયા જીવને કેટલી ઇંદ્રિયો હોય તે), સંસ્થાન (ઇંદ્રિયોનો આકાર), પ્રમાણ (મન), વિષય (ગ્રહણશક્તિ) તેમજ તે તે ઇન્દ્રિયોના વિષયમાં ગૃદ્ધ - આસક્ત થયેલાને જે જે ફળ થાય તે કહેવાશે. ૨૬૨.*

**पंचेव इंदियाइं, लोयपसिद्धाइं सोयमाईणि ।**
**दव्विंदिअ भाविंदिंअ, भयेविभिन्नं पुणिक्किक्कं ॥ २६३ ॥**

*શ્રોત્ર(કર્ણ) આદિક પાંચ જ ઇંદ્રિયો લોકપ્રસિદ્ધ છે, તે પ્રત્યેકના પુનઃદ્રવ્યેન્દ્રિય એવા બે ભેદ થઈ શકે છે. ૨૬૩.*

**अंतो-बहि-निव्वत्ती, तस्सत्ति-सरूवयं च उवगरणं ।**
**दव्विदियमियरं पुण, लद्धुवओगेहिं नायव्वं ॥ २६४ ॥**

તે ઈંદ્રિયની અંદર અને બહારની રચના તે નિવૃત્તિ અને તેની શક્તિલક્ષણ જે ઉપકરણ તે બન્ને દ્રવ્યેન્દ્રિય જાણવી. અને લબ્ધિ તથા ઉપયોગ વડે ભાવેન્દ્રિય જાણવી. તેમાં જ્ઞાનાવરણી આદિ કર્મના ક્ષયોપશમથી જીવનને શબ્દાદિક ગ્રહણ કરવાની શક્તિ સંપજે તે લબ્ધિ, અને તે શબ્દાદિકનો ગ્રહણ પરિણામ એ ઉપયોગ સમજવો. તે બન્ને ભાવેન્દ્રિય છે. ૨૬૪.

**पुढवि-जल-अग्गि-वाया,रुक्खा एगिंदिया विणिद्दिट्ठा ।**
**किमि-संख-जगूला-लस-माईवाहाइ य बेइंदि ॥ २६५ ॥**

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિય કહ્યા છે, તેમને એક જ સ્પર્શ ઈંદ્રિય હોય છે. કૃમિ, શંખ, જળો, અળશિયાં અને માતૃવાહ (ચુડેલ)પ્રમુખ બેઈંદ્રિય જાણવા. તેમને સ્પર્શ ઈંદ્રિય અને રસના ઈંદ્રિય એ બે ઈંદ્રિયો હોય છે. ૨૬૫.

**कुंथु पिवीलिय पमुया, जूया उद्देहिया य तेइंदी ।**
**विच्छु -भमर - पयंगा, मच्छिय-मसगाई चउरिंदि ॥२६६ ॥**

કુંથુ, કીડી, પમુયા, જૂ, અને ઉદ્દેહી પ્રમુખને સ્પર્શ, રસ અને ઘ્રાણ એ ત્રણ ઈંદ્રિય છે. વીંછી, ભ્રમર, પતંગ,માખી, મચ્છર(ડાંસ) પ્રમુખને સ્પર્શ, રસ, ઘ્રાણ(નાસિકા) અને ચક્ષુ એ ચાર ઈંદ્રિયો હોય છે. ૨૬૬.

**भूसग सप्प गिलोइ य, बंभणीया सरड पक्खिणो मच्छ।**
**गो महिस ससय सूयर, हरिण मणुस्सा य पंचिंदी ॥२६७॥**

મૂષક(ઉંદર), સાપ, ગિરોળી, બાંભણી, સરડા, પંખી, મચ્છ, ગાય, ભેંશ, સસલાં, સૂકર (ભૂંડ), હરિણ, મનુષ્યો, દેવતા, અને નારકી એ સહુને સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઈંદ્રિય હોય છે. ૨૬૭.

**कायंबपुप्फगोलय, मसूर अइमुत्तयस्स पुप्फं व ।**
**सोयं चक्खुं घाणं, खुरप्पपरिसंठियं रसणं ॥ २६८ ॥**

શ્રોત્ર,ચક્ષુ, ઘ્રાણ અને રસના અનુક્રમે કદંબ પુષ્પ ગોલક, મસૂર, અતિમુક્તકના પુષ્પ અને ક્ષુરપ્ર (અસ્ત્રો) જેવા સંસ્થાનવાળા હોય છે; મતલબકે શ્રોત્રાદિક ઈંદ્રિયોનો આકાર તથાપ્રકારનો હોય છે. ૨૬૮.

**नाणागारं फासिंदियं तु, बाहल्लओ य सव्वाइं ।**
**अंगुलमसंखभागं, एमेव पहुत्तओ नवरं ॥ २६९ ॥**

**अंगुलपहुत्त रसणं, फरिसं तु सरीरवित्थडं भणियं ।**
**बारसहिं जोयणेहिं, सोय परिगिन्हए सद्दं ॥ २७० ॥**

**रूवं गिन्हइ चक्खुं, जोयण लक्खाओ साइरेगाओ ।**
**गंधं रसं च फासं, जोयण नवगाओ सेसाइं ॥ २७१ ॥**

સ્પર્શ ઈંદ્રિય તો અનેક પ્રકારની હોય છે. પ્રમાણમાં શ્રોત્રાદિક સર્વે ઈંદ્રિયો પ્રત્યેકે અંતર રચના આશ્રી લાંબી, પહોળી અને જાડી અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે, તેમાં એટલો વિશેષ છે કે રસનેન્દ્રિય અંગુલ પૃથક્ત્વ (૨થી૯ અંગુલ) અને

સ્પર્શનેંદ્રિય શરીર પ્રમાણ વિસ્તારવાળી હોય છે. વિષય ગ્રહણ પ્રમાણ આશ્રી શ્રોત્ર ઇંદ્રિય (ઉત્કૃષ્ટ) બાર યોજન સુધીથી શબ્દ ગ્રહણ કરે છે, ચક્ષુ ઇંદ્રિય કંઈક અધિક લાખ જોજનથી રૂપ ગ્રહણ કરી શકે છે, અને બાકીની ઇંદ્રિયો ઉત્કૃષ્ટ નવ જોજન અંતરિત ગંધ, રસ, અને સ્પર્શ ગ્રહણ કરે છે. ઉત્કૃષ્ટતઃ તેટલા દૂર રહેલા ઉત્કટ ગંધ રસાદિકને ગ્રહણ કરી શકે છે.૨૬૯-૨૭૦-૨૭૧.

अंगुलअसंखभागो, मुणंति विसय जहन्नओ मुत्तुं ।
चक्खुं तं पुण जाणइ, अंगुलसंखिज्जभागाओ ॥ २७२॥

ચક્ષુ ઇંદ્રિય સિવાય બીજી બધી ઇંદ્રિયો જઘન્યતઃ અગુણના અસંખ્યાતમા ભાગના આંતરે રહેલ વિષયને જાણે છે, અને ચક્ષુ પણ અંગુલના સંખ્યાતમા ભાગના આંતરે રહેલ વિષયને ગ્રહણ કરી શકે છે.૨૭૨

इय नाय तस्सरूवो, इंदियतुरए सएसु विसएसु ।
अणवरयधायमाणे,निगिन्हए नाणरज्जूहिं ॥ २७३॥

આવી રીતે ઇન્દ્રિયોના વિષયનું સ્વરૂપ જાણીને સ્વવિષયોમાં સદાય દોડ કરતા રહેતા ઇન્દ્રિય તુરંગો (અશ્વો)નો જ્ઞાનલગામથી નિગ્રહ કરવો ઘટે છે. ૨૭૩.

तहसूरो तहमाणी, तहविक्खाओ जयंमि तहकुसलो ।
अजियंदियत्तणेणं, लंकाहिवई गओ निहणं ॥ २७४॥

*લંકાધિપતિ (રાવણ) જગતમાં તેવો શૂરો, માની, વિખ્યાત તેમજ કુશળ ગણાતાં છતાં ઈન્દ્રિયોનો નિગ્રહ નહિ કરી શકવાથી વિનાશ પામ્યો. રાવણની કથા સુપ્રસિદ્ધ છે. ૨૭૪.*

**देहट्ठिएहिं पंचहिं, खंडिज्जइ इंदिएहिं माहप्पं ।**
**जस्स स लक्खंपि बहिं, विणिज्जिणंतो कहं सूरो ॥ २७५ ॥**

**सुच्चिय सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं ।**
**इंदियचोरेहिं सया, न लुंटियं जस्स चरणधणं ॥ २७६ ॥**

*(સ્વ)દેહસ્થિત પાંચ ઈંદ્રિયો વડે જેનું સામર્થ્ય ખંડાયું છે તે ગમે તો બહાર લાખો માણસોને જીતતો હોય તોપણ તે તત્ત્વથી શૂરો કેમ કહેવાય? ઈંદ્રિયચોરોએ જેનું ચારિત્રધન લૂટ્યું નથી તે જ ખરો શૂરવીર, તે જ ખરો પંડિત્ છે અને અમે તેની જ સદા પ્રશંસા કરીએ છીએ. ૨૭૫-૨૭૬*

**सोएण सुभद्दाई, निहया तह चक्खुणा वणिसुयाई ।**
**घाणेण कुमाराई, रसणेण हया नरिंदाई ॥ २७७ ॥**

**फासिंदिएण वसणं, पत्ता सोमालिया नरेसाई ।**
**इक्किक्केण वि निहया, जीवा किं पुण समग्गेहिं ॥ २७८ ॥**

*શ્રોત્ર ઈંદ્રિયથી સુભદ્રાદિક, તેમજ ચક્ષુ-વિકારથી વણિક સુતાદિક, ઘ્રાણ ઈંદ્રિયથી કુમારાદિક અને રસના ઈંદ્રિયથી નરેન્દ્રાદિક વિનાશ પામ્યા, તેમજ સ્પર્શ ઈંદ્રિયથી સુકુમાલિકા સંબંધી નરેશાદિક દુ:ખ પામ્યા. જ્યારે એક એક ઈન્દ્રિયની પરવશતાથી જીવો એવી રીતે વિનાશ પામ્યા તો પછી પાંચે*

*ઇંદ્રિયોને સમકાળે પરવશ થઈ રહેનારા પામર પ્રાણીઓનું કહેવું જ શું ? ૨૭૭-૨૭૮.*

**सेवंति परो विसमं, विसंति दीणं भणंति गरूया वि ।**
**इंदियगिद्धा इहइं, अहरगयं जंति परलोए ॥ २७९ ॥**

*ઇંદ્રિયજન્ય વિષયોમાં ગૃદ્ધ બનેલા મોટા લોકો પણ અહીં બીજાની સેવા કરે છે, વિષમ સંગ્રામાદિકમાં ઊતરે છે, દીન વચન બોલે છે અને પરભવમાં નરકાદિકની નીચી ગતિમાં જાય છે. મતલબ કે વિષયવિવશતાથી જીવ ઉભય-લોકમાં પરાભવ પામે છે. ૨૭૯.*

**नारयतिरियाय भवे, इंदियविसगाण जाइं दुक्खाइं ।**
**मन्ने मुणिज्ज नाणी, भणिउं पुण सो वि न समत्थो ॥२८०॥**

*ઇંદ્રિયને વશ થયેલા જીવોને નરક તિર્યંચગતિમાં જે જે દુઃખો સહવાં પડે છે તે તે ફક્ત સર્વજ્ઞ-કેવળી જ જાણે છે, એમ હું માનું છું; છતાં તેઓ પણ તે દુઃખ કહેવા સમર્થ નથી. ૨૮૦.*

**तो जिणसु इंदियाइं, हणसु कसाए य जइ सुहं महसि ।**
**सकसायाण न जम्हा, फलसिद्धि इंदियजएवि ॥ २८१ ॥**

*તેથી જો તું સુખ વાંછતો હોય તો ઇંદ્રિયોનો જય કર અને કષાયોનો નાશ કર ! કેમકે ઇંદ્રિયોનો જય કર્યા છતાં પણ કષાયવંત જીવને ફળસિદ્ધિ થઈ શકતી નથી. ૨૮૧.*

तेसि सरूवं भेओ, कालो गइमाइणो य भणियव्वा ।
पत्तेयं च विवागो, रागद्दोसत्तभावो अ ॥ २८२ ॥

*તે કષાયોનું સ્વરૂપ, તેમના ભેદ, તેમનો સ્થિતિ-કાળ, અને તેમની ગતિ પ્રમુખ, તેમજ પ્રત્યેકે તેમનો ફળવિપાક અને તેમનું રાગદ્વેષપણે થતું પરિણમન એ સર્વે વિષયો અત્ર ચર્ચવા યોગ્ય છે. પ્રથમ કષાય શબ્દનો વ્યુત્પત્ત્યર્થ કરે છે. ૨૮૨.*

कम्मं कसं भवो वा, कसमाओ सिं जओ कसायाओ ।
संसारकारणाणं, मूलं कोहाइणो अ ते अ ॥ २८३ ॥

*કષ એટલે કર્મ અથવા ભવ. તે કર્મ અથવા ભવનો આય એટલે લાભ જેથી થાય તેનું નામ કષાય છે. તેથી તે ક્રોધાદિક કષાય અસંયમાદિક સંસારવૃદ્ધિજનક કારણોના મૂળ કારણરૂપ છે. ૨૮૩.*

कोहो माणो माया, लोहो चउरो वि हुंति चउ भेया ।
अण अप्पच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥२८४॥

*ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો પણ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન રૂપે ચાર ચાર પ્રકારના છે. ૨૮૪.*

बंधंति भवमणंतं, तेण अणंताणुबंधिणो भणियाँ ।
एवं सेसावि इमं, तेसिं सरूवं तु विन्नेयं ॥ २८५ ॥

કષાય ઉદય પામ્યા છતા અનંત ભવ(સંસાર)નો અનુબંધ (વિસ્તાર) કરે તેથી તેને **અનંતાનુબંધી** કહ્યા છે, તેમજ બીજાનું પણ આવી રીતે સ્વરૂપ કહેવામાં આવ્યું છે. પચ્ચક્ખાણનિયમમાં પ્રતિબંધ કરે તેથી અપ્રત્યાખ્યાની, સર્વવિરતિની પ્રાપ્તિમાં પ્રતિબંધ કરે તેથી પ્રત્યાખ્યાની અને ચારિત્રીને પણ ક્ષણવાર ઉદય ભાવ દેખાડે એવા મંદતાને પ્રાપ્ત થયેલા કષાયને સંજ્વલનના નામથી ઓળખાવ્યા છે. ૨૮૫.

**जल-रेणु-पुढवि-पव्वय-राईसरिसो चउव्विहो कोहो ।**
**तिणिस लया कट्ठ-ट्ठिय-सेल-थंभोवमो माणो ॥ २८६ ॥**

જળ, રેણુ (રજ), પૃથ્વી, અને પર્વતમાં પડેલી રેખા (ફાટ) સમાન અનુક્રમે ચાર પ્રકારનો સંજ્વલનાદિક ક્રોધ છે. તેમજ માન તૃણની સળી, કાષ્ઠ, અસ્થિ (હાડ) અને પથ્થરના થંભ જેવો છે. મતલબ કે તે અનુક્રમે અધિક અધિક વખત રહેનાર હોવાથી દૃઢ છે. ૨૮૬.

**मायावलेहि-गोमुत्ति-मिंढसिंग-घणवंसमूलसमा ।**
**लोहो हलिद्द-खंजण-कद्दम-किमिरागसामाणो ॥ २८७ ॥**

અવલેહિ (વાંસની છાલ), ગોમૂત્ર, મિંઢશૃંગ (મેંઢાનું શિંગડું) અને ઘણા મજબૂત વાંસના મૂળ સમાન માયા છે. તેમજ લોભ હળદર, ખંજન (કાજળ), કર્દમ (ગાડાનો મળ) અને કૃમિ રાગ (કિરમીજિયા રંગ) જેવો છે. ૨૮૭.

पक्ख-चउमासि-वच्छर-जावज्जीवाणुगामिणो भणिया ।
देव-नर-तिरिय-नारय-गइसाहणहेयवो नेया ॥ २८८ ॥

*તે સંજ્વલનાદિક કષાય અનુક્રમે એક પક્ષ (પખવાડિયું), ચાર માસ, એક વર્ષ, અને જીવિતપર્યંત ટકવાવાળા છે, અને દેવ, મનુષ્ય, તિર્યંચ અને નકરગતિને આપવાવાળા છે. ૨૮૮.*

चउसुवि गइसु सव्वे, नवरं देवाणु समहिओ लोहो ।
नेरइआणवि कोहों, माणो मणुयाण अहिअयरो ॥ २८९ ॥

माया तिरियाणहिया, मेहुण-आहार-मुच्छ-भय-सन्ना ।
स भवे कमेणहिया, मणुस्स-तिरि-अमर-निरयाणं ॥२९० ॥

*જો કે સર્વે ગતિમાં ચારે પ્રકારના કષાય તો હોય છે જ, તો પણ દેવતાઓને લોભ વિશેષ હોય છે, નારકીઓને ક્રોધ અને મનુષ્યોને માન અધિકતર હોય છે, તથા તિર્યંચને માયા અધિક હોય છે. તેમજ મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકીને ચાર સંજ્ઞા પૈકી મૈથુન, આહાર, પરિગ્રહ, અને ભય સંજ્ઞા અનુક્રમે અધિક હોય છે. ૨૮૯-૨૯૦.*

मित्तंपि कुणइ सत्तुं, पच्छइ अहियं हियंपि परिहरइ ।
कज्जाकज्जं न मुणइ, कोवस्स पसंगओ पुरिसो ॥ २९१ ॥

*કોપને વશ થયેલો પુરુષ મિત્રને શત્રુ લેખે છે, અહિત કરે છે, હિતનો પણ ત્યાગ કરે છે અને કાર્ય-અકાર્યને જાણતો નથી. ૨૯૧.*

धम्मत्थकामभोगा-ण हारणं कारणं दुहसयाणं ।
मा कुणसु कयभवोहं, कोहं जइ जिणमयं मुणसि ॥२९२॥

*જો તું જિનમતને જાણતો હોય તો ધર્મ, અર્થ, કામ (ભોગ)નો નાશ કરનાર, સેંકડો દુઃખને દેનાર અને સંસારની પરંપરા વધારનાર ક્રોધ કરીશ નહિ. ૨૯૨.*

इह लोइ च्चिय कोवो, सरीरसंताव-कलह-वेराइं ।
कुणइ पुणो परलोगे, नरगाइसु दारुणं दुक्खं ॥ २९३ ॥

*કોપ આ લોકમાં ખરેખર શરીરસંતાપ, કલહ અને વૈરભાવ કરાવે છે, અને પરલોકમાં નરકાદિક દારુણ (અતિ આકરું) દુઃખ આપે છે. ૨૯૩*

खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सयलाइं ॥ २९४ ॥

*(ત્યારે ક્રોધના પ્રતિકાર રૂપ) ક્ષમા સુખનું મૂળ છે. જિનોક્ત ઉત્તમ ક્ષમા ધર્મનું મૂળ છે, તેમજ તે મહા વિદ્યાની પેરે સકળ દુરિત પાપ-દોષને દૂર કરે છે. ૨૯૪.*

कोवंमि खमाए वि य, चंकारिय खुड्डुओ अ आहरणं ।
कोवेण दुहं पत्तो, खमाइ नमिओ सुरेहिंपि ॥ २९५ ॥

*કોપ કરવામાં અને ક્ષમા ગુણ આદરવામાં **અચ્ચંકારિત ભટ્ટિકા** (અચ્ચંકારી ભટ્ટા) તથા નાગદત્તક્ષુલ્લક **(કૂરગડૂ)** પ્રમુખનાં દૃષ્ટાંત છે. તેઓ કોપથી દુઃખ પામેલ છે, અને ક્ષમાથી દેવતાઓએ પણ તેમને પ્રણામ કરેલ છે. ૨૯૫.*

जाइ-कुल-रूव-बल-सुअ-लाभ-तव-सिरिय-अट्ठहा माणो।
जाणिय परमत्थेहिं, मुक्को संसारभीरुहिं ॥ २९६ ॥

*પરમાર્થના જાણ, ભવભીરુ જનો આઠ પ્રકારનો મદ ત્યજે છે. જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત, લાભ, તપ અને લક્ષ્મી સંબંધી અભિમાન-ગુમાન તેઓ કરતા નથી. ૨૯૬.*

अन्नयरमओम्मत्तो, पावइ लहुअत्तणं सुगुरुओवि ।
विबुहाण सोयणिज्जो, बालाणवि होइ हसणिज्जो ॥२९७॥

*ઉક્ત મદ પૈકી કોઈ મદથી ઉન્મત્ત બનેલો જીવ ગમે તેવો જબરો હોય તો પણ લઘુતાને પામે છે, પંડિતોને શોચવા યોગ્ય અને બાળકોને પણ હસવા યોગ્ય બને છે. ૨૯૭.*

जइ नाणाइ मओ वि हु, पडिसिद्धो अट्ठमाणमहणेहिं ।
तो सेस गयट्ठाणा, परिहरियव्वा पयत्तेण ॥ २९८ ॥

*જ્યારે આઠે મદના ક્ષય કરનાર જિનેશ્વરોએ જ્ઞાનાદિક ગુણોનો મદ કરવો પણ નિષેધ્યો છે, તો બાકીના (અનર્થદાયક) મદસ્થાનો તો અવશ્ય (આત્માર્થીજનોએ) પ્રયત્ન વડે પરિહરવા જ જોઈએ. ૨૯૮.*

दप्पविसपरममंतं, नाणं जो तेण गव्वमुव्वहइ ।
सलिलाउ तस्स अग्गी, समुट्ठिओ मंद पुन्नस्स ॥ २९९ ॥

*જે જ્ઞાન અભિમાન રૂપ વિષને ટાળવા પરમ મંત્ર સમાન છે તે જ જ્ઞાનથી જો ગર્વ કરવામાં આવે તો મંદ પુન્યવાળાને જળમાંથી અગ્નિ ઊઠ્યો સમજવો. ૨૯૯.*

धम्मस्स दया-मूलं, मूलं खंती वयाण सयलाण ।
विणओ गुणाण मूलं, दप्पो मूलं विणासस्स ॥ ३०० ॥

*ધર્મનું મૂળ દયા છે, સકળ વ્રતોનું મૂળ ક્ષમા છે, અને સકળ ગુણોનું મૂળ વિનય છે, તેમ સકળ વિનાશનું મૂળ અભિમાન-ગર્વ છે. 300.*

बहुदोससंकुले गुणलवंमि, को हुज्ज गव्विओ इहइं ।
सोऊण विगयदोसं, गुणनिवहं पुव्वपुरिसाणं ॥ ३०१ ॥

*પૂર્વ પુરુષોના નિર્દોષ ગુણસમુદાય (આશ્રી) સાંભળીને બહુ દોષથી વ્યાપ્ત એવા લવમાત્ર ગુણમાં કોણ (સહૃદય પુરુષ) ગર્વ કરે ? 301.*

सोहइ दोसाभावो, गुणव्व जइ होइ मच्छरुत्तिन्नो ।
विहवेसु तह गुणेसु अ, दूमेइ ठिओ अहंकारो ॥ ३०२ ॥

*જો જીવમાંથી મચ્છર દોષ દૂર થયો હોય તો તે દોષનો અભાવ ગુણની પેરે શોભે છે. શ્રીમંત (લક્ષ્મીપાત્ર) અને ગુણવંતને વિષે રહેલો અહંકાર શિષ્ટ જનોના હૃદયને વધારે પીડા કરે છે. મતલબ કે શ્રીમંતે તેમજ ગુણવંત જનોએ અહંકાર ન જ કરવો જોઈએ. 302.*

जाइ मएणिक्केणवि, पत्तो डुंबत्तणं दिअवरो वि ।
सव्वमएहिं कहं पुण, होहिंति न सव्वगुणहीणा ॥३०३॥

*એક જાતિમદ કરવા માત્રથી દ્વિજવર પણ ડુંબપણું પામ્યો*

*તો સર્વ મદ કરવાથી પ્રાણીઓ સકળ ગુણહીન કેમ ન થાય ? અપિતુ થાય જ. ૩૦૩.*

**जे मुद्धजणं परिवंचयंति, बहु-अलिय-कूड-कवडेहिं ।**
**अमरनरसिवसुहाणं, अप्पा वि हु वंचिओ तेहिं ॥ ३०४ ॥**

*જે અસત્ય વચન રચનાયુક્ત બહુ કૂડકપટ કેળવીને મુગ્ધજનોને ઠગે છે તેઓ સુરનર અને મોક્ષસુખથી પોતાના આત્માને પણ વંચે-ઠગે છે એમ ચોક્કસ સમજવું. આ ઉપરથી સત્યસરળની જ સિદ્ધિ થાય છે એ વાત પુરવાર થાય છે. ૩૦૪.*

**जइ वणिसुआइ दुक्खं, लद्धं इक्कसि कयाइ मायाए ।**
**तो ताण को विवागं, जाणइ जे माइणो निच्चं ॥ ३०५ ॥**

*એક વાર માયા-કપટ કરવાથી જો વણિક પુત્રી દુઃખ પામી તો જે સદાય માયા-પ્રપંચ કર્યા કરે છે તેમને કેવું ફળ થશે તે કોણ જાણે છે ? ૩૦૫.*

**को लोभेण न निहओ, कस्स न रमणीहिं भोलियं हिययं।**
**को मच्चुणा न गसिओ, को गिद्धो नेव विसएसु ॥ ३०६ ॥**

*લોભથી કોણ હણાયું નથી ? સ્ત્રીઓએ કોનું હૃદય ભોળવ્યું નથી ? મૃત્યુએ કોનો અંત કર્યો નથી ? અને વિષયસુખમાં કોણ ગૃદ્ધ બન્યુ નથી ? ૩૦૬.*

**पियविरहाओ न दुसहं, दारिद्दाउ परं दुहं नत्थि ।**
**लोभ समो न कसाओ, मरण समा आवइ नत्थि ॥ ३०७॥**

*પ્રિયવિરહ જેવું કંઈ દુઃસહ નથી, દારિદ્ર જેવું કંઈ દુઃખ નથી, લોભ સમાન કોઈ કષાય નથી અને મરણ સમાન કોઈ આપદા નથી. ૩૦૭.*

**थोवा माणकसाई, कोहकसाई तओ विसेसहिआ ।**
**मायाकसाइ विसेसहिया, लोभंमि तओ विसेसहिया ॥ ३०८ ॥**

*માનકષાયવંત થોડા છે, (મતલબ કે માનકષાય સંબંધી ઉપયોગ થોડો વખત રહે છે) તે કરતાં ક્રોધકષાયવંત વિશેષ અધિક છે, તે કરતાં માયાકષાયવંત વિશેષાધિક છે અને તે સર્વથી પણ લોભકષાયવંત વિશેષાધિક સમજવા. ૩૦૮.*

**इअ लोभस्सुवओगो, सुत्ते वि हु दीहकालिओ भणिओ ।**
**पच्छाय जं खविज्जइ, एसु च्चिय तेण गरुअयरो ॥ ३०९ ॥**

*કારણ કે એ લોભનો ઉપયોગ સૂત્રમાં દીર્ઘ કાળનો કહ્યો છે, તેમ તેનો ક્ષય પણ સર્વ કષાયના ક્ષય પછી થાય છે; તેથી કરીને એ લોભ ખરેખર બીજાથી વધારે બળવાન છે. ૩૦૯.*

**कोहाइणो य सव्वे, लोभाउ च्चिंय जओ पयट्टंति ।**
**एसु च्चिय तो पढमं, निग्गहिअव्वो पयत्तेण ॥ ३१० ॥**

*વળી ક્રોધાદિક સર્વ કષાય લોભ થકી જ પ્રવર્તે છે, તેથી કરીને એ લોભનો જ પ્રથમ પ્રયત્નથી નિગ્રહ કરવો ઘટે છે. ૩૧૦.*

**न य विहवेणुवसमिओ, लोभो सुरमणुअचक्कवट्टीहिं ।**
**संतोसु च्चिय तम्हा, लोभविसुच्छायणे मंतो ॥ ३११ ॥**

*સુરપતિઓ કે ચક્રવર્તીઓ વૈભવ વડે લોભને શાન્ત કરી શકતા નથી, માટે લોભ રૂપી વિષનો ઉચ્છેદ કરવાને ફક્ત સંતોષ રૂપી મંત્ર જ સમર્થ છે. ૩૧૧.*

**जह जह वड्ढइ विहवो, तह तह लोभोवि वड्ढए अहियं ।**
**देवाइत्थाहरणं, कविले वा खुड्डुओ वा वि ॥ ३१२ ॥**

*જેમ જેમ વૈભવ વધતો જાય છે, તેમ તેમ લોભ પણ અધિક વધતો જાય છે, તેમાં દેવતાઓ દૃષ્ટાંત રૂપ છે. મતલબ કે સર્વ જીવો કરતાં દેવોને અધિક લોભ કહ્યો છે, મનુષ્યોમાં પણ કપિલ અને ક્ષુલ્લકનાં દૃષ્ટાંત જાણવાં. ૩૧૨.*

**सामन्नमणुचरंतस्स, कसाया जस्स उक्कडा हुंति ।**
**मन्नामि उच्छुपुप्फं व, निप्फलं तस्स सामन्नं ॥ ३१३ ॥**

*ચારિત્રને સેવન કરનાર જે સાધુના કષાય ઉત્કટ(પ્રબળ) વર્તતા હોય તેનું ચારિત્ર શેલડીના ફલ જેવું નિષ્ફળ છે એમ સમજવું. ૩૧૩.*

**जं अज्जियं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।**
**तं पि कसाइय मित्तो, हारेइ नरो मुहुत्तेण ॥ ३१४ ॥**

*કંઈક ન્યૂન ક્રોડ પૂર્વપર્યંત ચારિત્ર પાળી જે લાભ ઉપાર્જ્યો હોય તે પણ એક મુહૂર્ત (બે ઘડી) માત્ર કષાયિત પરિણામથી સાધુ હારી જાય છે. ૩૧૪.*

**जइ उवसंतकसाओ, लहइ अणंतं पुणोवि पडिवायं ।**
**न हु भे विससियव्वं, थोवेवि कसाय सेसंमि ॥ ३१५ ॥**

*જ્યારે એકાદશ ગુણસ્થાનવર્તી ઉપશાન્ત કષાયવંત સાધુ પણ પુનઃ અનંત ભવભ્રમણ રૂપ પ્રતિપાતને પામે છે, ત્યારે જેને સમસ્ત કષાય ઉપશાન્ત થયા નથી એવા તમારે તો થોડા પણ કષાય ઉદયમાં જણાતા હોય, ત્યાં સુધી તેનો વિશ્વાસ જ રાખવો યોગ્ય નથી. કેમકે તે કષાયનો નિગ્રહ નહિ કરવાથી તેને વધતાં વાર લાગતી નથી. ૩૧૫.*

**पढमाणुदए जीवो, न लहइ भवसिद्धिओ वि संमत्तं ।**
**बीआण देसविरइं, तइआणुदयंमि चारित्तं ॥ ३१६ ॥**

*પ્રથમના (અનંતાનુબંધી) કષાયનો ઉદય છતે ભવસિદ્ધિક (મોક્ષગામી થનાર) જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. બીજા (અપ્રત્યાખ્યાની) કષાયનો ઉદય છતે દેશવિરતિ ચારિત્ર પાળતો નથી. અને ત્રીજા (પ્રત્યાખ્યાની) કષાયનો ઉદય છતે સર્વવિરતિ ચારિત્ર પામી શકતો નથી. ૩૧૬.*

**सव्वेवि अ अइयारा, संजलणाणं तु उदयओ हुंति ।**
**मूलछिज्जं पुण होइ, बारसण्हं कसायाणं ॥ ३१७ ॥**

*ચારિત્રમાં સર્વ કોઈ અતિચાર સંજ્વલન કષાયના ઉદય થકી જ હોય છે. અને બાકીના બાર (અનંતાનુબંધી, અપ્રત્યા૦ પ્રત્યા૦) કષાયોના ઉદયે તો મૂળ છેદ્ય (સર્વથા ચારિત્ર ઉચ્છેદક) દોષ લાગે છે. ૩૧૭.*

**जं पिच्छसि जियलोए, चउगइ-संसार-संभवं दुक्खं ।**
**तं जाण कसायफलं, सुक्खं पुण तज्जयस्स फलं ॥ ३१८ ॥**

*જીવ લોકમાં (જગતમાં) ચાર ગતિમાં ભ્રમણ કરવાથી ઉત્પન્ન થતું જે જે દુઃખ તું દેખે છે તે તે ક્રોધાદિક કષાયનું જ ફળ સમજ! તેમજ સમસ્ત જીવોમાં તું જે જે દેખે છે તે તે કષાયનિગ્રહનું ફળ સમજ! ૩૧૮.*

**तं वत्थुं मुत्तव्वं, जं पइ उप्पज्जए कसायग्गी ।**
**तं वत्थुं घित्तव्वं, जत्थोवसमो कसायाणं ॥ ३१९ ॥**

*એમ સમજી જે વસ્તુ પ્રત્યે (જેને આશ્રી) કષાયઅગ્નિ ઊપજે તે વસ્તુ તજી દેવી અને જ્યાં અથવા જેથી કષાય શાન્ત-ઉપશાન્ત થાય ત્યાં અથવા તે વસ્તુનો જરૂર આશ્રય લેવો. ૩૧૯.*

**एसो सो परमत्थो, एयं तत्तं तिलोयसारमिणं ।**
**सयलदुहकारणाणं, विणिग्गहो जं कसायाणं ॥ ३२० ॥**

*તે જ આ પરમાર્થ છે, આ જ તત્ત્વ છે, તેમજ ત્રણ લોકમાં સાર આ જ છે, કે સકળ દુઃખના કારણરૂપ કષાયોનો વિશેષે કરીને નિગ્રહ કરવો. ૩૨૦.*

**माया लोभो रागो, कोहो माणो अ वन्निओ दोसो ।**
**निज्जिणसु इमे दुन्निवि, जइ इच्छसि तं पयं परमं ॥ ३२१ ॥**

*માયા અને લોભ રાગ રૂપ છે તથા ક્રોધ અને માન દ્વેષ રૂપ છે, એમ શાસ્ત્રકારે કહેલું છે, તેથી જો તું પરમ પદને ઈચ્છતો હોય, તો તે રાગ અને દ્વેષ ઉભયને સમસ્ત પ્રકારે જીતી લે. ૩૨૧.*

ससुरासुरंपि भुवणं, निज्जिऊणं वसीकयं जेहिं ।
ते राग-दोस-मल्ले, जयंति जे ते जए सुहडा ॥ ३२२॥

*જેમણે (જે રાગ અને દ્વેષે) સુરાસુર સહિત આખા ભુવનને જીતી વશ કરી લીધું છે, તે રાગદ્વેષ રૂપ મલ્લોને જે જીતે છે, તે જ જગતમાં ખરા સુભટ છે. ૩૨૨.*

रागो अ तत्थ तिविहो, दिट्ठिसिणेहाणुराय- विसएसु ।
कुप्पवयणेसु पढमो, बीओ सुअ-बंधु-माईसु ॥ ३२३॥

*તેમાં રાગ ત્રણ પ્રકારનો છે, ૧. દૃષ્ટિરાગ, ૨. સ્નેહરાગ, અને ૩. કામરાગ. પ્રથમ (દૃષ્ટિરાગ) શાક્યાદિ કુપ્રવચન (કુશાસ્ત્ર) વિષે; બીજો (સ્નેહરાગ) પુત્ર-બંધુઓ પ્રમુખમાં સમજવો. ૩૨૩.*

विसयपडिबंधरूवो, तइओ दोसेण सह ओदाहरणा ।
लच्छीहर-सुंदर-अरिह-दत्त-नंदाइणो कमसो॥ ३२४॥

*ત્રીજો (કામરાગ) વિષય પ્રતિબંધ(ગૃદ્ધના)રૂપ જાણવો. આવી રીતના ત્રણ પ્રકારના રાગ તથા દ્વેષ ઉપર લક્ષ્મીધર, સુંદર, અર્હદત્ત અને નંદાદિક અનુક્રમે ઉદાહરણ રૂપ સમજવા. ૩૨૪.*

सत्तू विसं पिसाओ, वेयालो हुयवहोवि पज्जलिओ ।
तं न कुणइ जं कुविआ, कुणंति रागाइणो देहे ॥ ३२५॥

*શત્રુ, વિષ, પિશાચ, વેતાળ તેમજ પ્રજ્વલિત થયેલો અગ્નિ પણ તેવો અનર્થ દેહીને ન કરી શકે કે જેવો અનર્થ કુપિત થયેલા રાગાદિ દોષો કરે છે. ૩૨૫.*

जो रागाईण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ।
जस्स वसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥ ३२६ ॥

*જે રાગાદિક દોષોને પરવશ છે તે સકળ દુઃખોને પરવશ છે, અને તે જ રાગાદિક જેમને વશ છે તેમને સમસ્ત સુખ વશ છે, એમ સમજવું. ૩૨૬.*

पुव्वुत्तगुणा सव्वे, दंसणाचारित्तसुद्धिमाईया ।
हुंति गुरुसेवणुच्चिय, गुरुकुलवासं अओ वुच्छे ॥ ३२७ ॥

*પૂર્વોક્ત દર્શનશુદ્ધિ, તથા ચારિત્રશુદ્ધિ પ્રમખ સમસ્ત ગુણો ગુરુ મહારાજની સેવાથી જ પ્રાપ્ત થાય છે. માટે હવે ગુરુકુલવાસ સંબંધે કહીશ. ૩૨૭.*

## गुरुकुलवासद्वार-११

को य गुरु को सीसो, के य गुणा गुरुकुले वसंतस्स ।
तप्पडिवक्खे दोसा, भणामि लेसेण तत्थ गुरू ॥ ३२८ ॥

*(તેમાં) ગુરુ કેવા ગુણવંત હોય ? શિષ્યો કેવા ગુણપાત્ર હોવા જોઈએ ? ગુરુકુળમાં વસતાં કયા કયા ગુણ સંભવે? તેમજ ગુરુકુલવાસમાં નહિ વસતાં આપમતિએ એકલા ફરવાથી કયા કયા દોષ સંભવે? તે લેશમાત્ર કહું છું તેમાં પણ ગુરુ મહારાજ કેવા ગુણવંત હોય તેનો ખુલાસો આ પ્રમાણે છે. ૩૨૮.*

विहिपडिवन्नचरित्तो, गीयत्थो वच्छलो सुसीलो य ।
सेविय गुरुकुलवासो, अणुअत्तिपरो गुरु भणिओ ॥ ३२९ ॥

*યથાવિધ ચારિત્રપ્રતિપન્ન, ગીતાર્થ, વાત્સલ્યવંત, સુશીલ, ગુરુકુલવાસસેવી, અને શિષ્યાદિકના આશયને સમજી હિત ચાહનારા ગુરુમહારાજ હોય. ૩૨૯.*

**देस-कुल-जाइ-रूवी, संघयण-धिई-जुओ अणासंसी ।**
**अविकत्थणो अमाई, थिर परिवाडी गहिअवक्को ॥३३०॥**

**जियपरिसो जियनिद्दो, मज्झत्थो देसकालभावन्नू ।**
**आसन्नलद्धपइभो, नाणाविहदेसभासन्नू ॥ ३३१॥**

**पंचविहे आयारे, जुत्तो सुत्तत्थ-तदुभयविहन्नू ।**
**आहरण-हेउ-उवणय-नय-निउणो-गाहणा कुसलो ।३३२।**

**ससमयपरसमयविऊ, गंभीरो दित्तिमं सिवो सोमो ।**
**गुणसयकलिओ एसो,पवयणउवएसओ अ गुरू ॥३३३॥**

*વળી આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ, ઉત્તમ કુળ તથા જાતિમાં જન્મેલ, પ્રતિરૂપ (દેદીપ્યમાન દેહવંત), દૃઢ સંઘયણ (શરીર-બાંધો) અને સ્થિરતાયુક્ત, સ્પૃહારહિત, આત્મશ્લાઘારહિત, નિર્માયી, સ્મૃતિશીલ, આદેયવચન (જેનું વચન સર્વ કોઈ માન્ય કરે.), સહનશીલ, અલ્પનિદ્રાવંત, મધ્યસ્થ, દેશજ્ઞ, કાળજ્ઞ, ભાવજ્ઞ, આસન્નપ્રતિભાશાળી, (શીઘ્ર નિરૂપણ શક્તિવંત) તેમજ અનેક દેશોની ભાષાના જાણ, પંચવિધ આચાર યુક્ત, સૂત્ર-અર્થ તદુભયના જાણ, દૃષ્ટાંત, હેતુ, ઉપનય જોડવામાં તથા નૈગમાદિક નયોમાં નિપુણ, સ્વસમય તેમજ પરસમયના જાણ, ગંભીર, પ્રતાપી, ઉપદ્રવશામક, શીતળ પ્રકૃતિ અને પ્રવચન (શાસ્ત્ર) ઉપ-*

દેશક એવી રીતે સેંકડો ગમે ગુણોથી ગુરુ મહારાજ સંયુક્ત હોય. ૩૩૦-૩૩૧-૩૩૨-૩૩૩.

**अट्ठविहा गणिसंपय, आयाराई चउव्विहिक्किक्का ।**
**चउहा विणयपवित्ती, छत्तीस गुणा इमे गुरुणो ॥ ३३४॥**

પ્રત્યેક ચાર ચાર પ્રકારની એવી આચારાદિક આઠ પ્રકારની આચાર્યસંપદા તથા ચાર પ્રકારની વિનયપ્રવૃત્તિ એવી રીતે ગુરુ મહારાજના ૩૬ ગુણો છે. ૧. આચાર સંપત, ૨. શરીર સંપત, ૩. શ્રુત સંપત, ૪. વચન સંપત, ૫. વાચના સંપત, ૬. મતિ સંપત, ૭. પ્રયોગમતિ સંપત, અને ૮. સંગ્રહ પરિજ્ઞા સંપત એમ આઠ સંપદા છે. તે પ્રત્યેકના ચાર ચાર ભેદ આવી રીતે છે.

(૧) નિત્ય ચારિત્રમાં ઉજમાળતા, મદરહિતતા, અનિયત વિહાર સ્વરૂપતા, અને નિર્વિકારતા.

(૨) લક્ષણ પ્રમાણોપેતતા, સંપૂર્ણ અહીન સર્વાંગતા, પરિપૂર્ણ ઇંદ્રિયતા, અને સ્થિર સંહનનતા.

(૩) બહુશ્રુતતા, પરિચિતસૂત્રતા, ઘોષવિશુદ્ધિકરણતા અને ઉદાત્તાદિ સ્વરવિશુદ્ધિ વિધાયિતા.

(૪) આદેય વચનતા, મધુર વચનતા, રાગાદિ અનિશ્રિત વચનતા, અને પરિસ્ફુટ અસંદિગ્ધ વચનતા.

(૫) શિષ્યોને યથાયોગ્ય સૂત્ર ઉદ્દેશન, સમુદ્દેશન, પૂર્વ આલાપક પરિણમન પૂર્વક અપર આલાપક પ્રદાન, પૂર્વાપર સંગતિથી વિચારતાં કે પ્રરૂપતાં સૂત્ર અભિધેયનું સમ્યગ્ નિર્વહન કરવું.

(૬) અવગ્રહ (અર્થાવગ્રહ), ઈહા (વિચારણા), અપાય (નિશ્ચય) અને ધારણા.

(૭) વાદાદિક અવસરે અમુક વાદીને હું જીતવા સમર્થ છું કે નહિ એવી પર્યાલોચના, આ વાદી સાંખ્ય સૌગત કે કોણ છે? અથવા તે પ્રતિભાવંત છે કે રહિત છે ? એમ વિચારવું; આ ક્ષેત્ર સાધુ ભાવિત છે કે અભાવિત છે ઈત્યાદિક ચિંતવવું, આ આહારાદિ વસ્તુ મને હિતકર છે કે નહિ ઈત્યાદિ વિચારવું.

(૮) બાળ, ગ્લાન, બહુશ્રુતાદિના નિર્વાહયોગ્ય ક્ષેત્રગ્રહણ, વર્ષાઋતુમાં જંતુઘાતાદિ નિવારણાર્થે પીઠ ફલકાદિ ગ્રહણ, યથા સમયે જ સ્વાધ્યાય, પ્રતિલેખન, ભિક્ષાચર્યા તથા ઉપધિ યાચના-ગ્રહણ, વડીલ સાધુ પ્રત્યે યથાયોગ્ય વિનય બહુમાન પ્રમુખ કરવું. **એવી રીતે પ્રત્યેકે ચાર ચાર પ્રકારે આચાર્યસંપદાના આઠ ચોક બત્રીસ ભેદ કહ્યા.**

**હવે ચાર પ્રકારની વિનય પ્રતિપત્તિ જણાવે છે.**

૧. તપસંયમ પ્રમુખ કરવા, કરાવવા અને અનુમોદવા રૂપ આચાર વિનય, ૨. સૂત્રવાચના વ્યાખ્યાનાદિ રૂપ શ્રુતવિનય, ૩. મિથ્યાદષ્ટિ જનોને સમ્યક્ત્વ ધર્માદિ પમાડવા રૂપ વિક્ષેપણા વિનય, ૪. વિષય કષાયથી દોષિત જીવને તે તે દોષથી નિવર્તાવવા રૂપ દોષ નિર્ઘાતનાનો વિનય. ૩૩૪.

कालाइदोसवसओ, इत्तो इक्काइगुणविहीणोवि ।
होइ गुरू गीयत्थो, उज्जुत्तो सारणाईसु ॥ ३३५॥

દુષમાકાલાદિક દોષ થકી ઉપર કહેલા ગુણોમાંથી એકાદિગુણહીન છતાં ગચ્છ (સમુદાય)ને સારણા, વારણાદિક શિક્ષા દેવામાં સાવધાન રહેનારા ગીતાર્થ ગુરુ સમજવા. ૩૩૫.

**जीहाए वि लिहंतो, न भद्दओ जथ्थ सारणा नत्थि ।**
**दंडेणवि ताडंतो, स भद्दओ सारणा जत्थ ॥ ३३६ ॥**

*જે ગુરુ સ્વશિષ્યવર્ગને જીભથી ચાટતો છતો સારણાદિક કરતો નથી તે ગુરુ કલ્યાણકારી (રૂડો) નથી, અને જે સારણાદિક કરે છે તે દંડ વડે શિષ્યને શિક્ષા કરતો હોય તો પણ તે રૂડો છે. ૩૩૬.*

**जह सीसाइ निकिंतइ, कोइ सरणागयाण जंतूणं ।**
**तह गच्छमसारंतो, गुरू वि सुत्ते जओ भणियं ॥ ३३७ ॥**

*જેમ કોઈ મહા પાપી શરણાગત જીવોના મસ્તક કાપી નાખે તેમ ભવભયથી શરણે આવેલા સાધુઓને જે સારણાદિક કરતો નથી તે પણ સૂત્રમાં તેવો જ કહ્યો છે. જેવી રીતે કહ્યું છે કે- ૩૩૭.*

**जणणीए अनिसिद्धो, निहओ तिलहारओ पसंगेणं ।**
**जणणी वि थणच्छेयं, पत्ता अनिवारयंतीओ ॥ ३३८ ॥**

*માતાએ નહિ નિષેધેલો તિલ ચોરનાર પુત્ર વિનાશ પામ્યો, તેમજ તેવા જ કાર્યથી પુત્રને નહિ નિવારનારી માતાના પણ સ્તન કપાયા. ૩૩૮.*

इय अनिवारयदोसा, सीसा संसारसागरमुविंति ।
विणयत्तपसंगा पुण, कुणंति संसारवुच्छेयं ॥ ३३९॥

એવી રીતે જો શિષ્યોના દોષો નિવારવામાં આવે નહિ તો તે બાપડા સંસારસાગરમાં ડૂબે છે, અને તેમના દોષોનું નિવારણ કરવાથી તેઓ સંસારનો અંત કરે છે, એટલે ભવ-ભ્રમણ નિવારીને અક્ષય સુખ પામે છે. ૩૩૯.

जहिँ नत्थि सारणा वारणा य पडिचोयणा व गच्छंमि ।
सो अ अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥ ३४०॥

માટે જે ગચ્છમાં સન્માર્ગનું સ્મરણ કરવા રૂપ સારણા, અસદ્ માર્ગથી નિવારવા રૂપ વારણા, મિષ્ટ વચનથી સંયમ-માર્ગમાં પ્રેરણા રૂપ ચોયણા અને છેવટે તેમ છતાં ન માને તો કટુક વચનથી પણ હિત માર્ગમાં પ્રવૃત્તિ કરવા પુનઃ પુનઃ કહેવા રૂપ પડિચોયણા કરવામાં આવે નહિ તે ગચ્છને અગચ્છરૂપ નિઃસાર સમજી સંયમના અર્થી સાધુઓએ તજી દેવો અને બીજા સારા સુવિહિત ગચ્છમાં જઈ વસી નિર્મળ રીતે સંયમનું પરિપાલન કરવું. ૩૪૦.

अणभिओगेण तम्हा, अभिओगेण च विणीय इयरे य।
जच्चियर तुरंगा इव, वारेअव्वा अकज्जेसु ॥ ३४१ ॥

ગુરુ મહારાજાએ જાતિવંત અશ્વની જેમ વિનીત શિષ્યોને કોમળ વચનથી અને દુષ્ટ અશ્વની જેમ અવિનીત શિષ્યોને કટુક વચન વડે પણ અસદ્ માર્ગથી નિવારવા યોગ્ય છે. ૩૪૧.

गच्छंतु उवेहंतो, कुव्वइ दीहं भवं विहीएं उ ।
पालंतो पुण सिज्झइ, तइय भवे भगवई सिद्धं ॥ ३४२॥

*ગચ્છની ઉપેક્ષા કરતો ગુરુ દીર્ઘકાળ સંસારપરિભ્રમણ કરે છે અને વિધિવત્ સારણાદિકથી ગચ્છનું પાલન કરતાં તે ત્રીજે ભવે સિદ્ધિ પદને પામે છે એમ ભગવતી સૂત્રમાં કહ્યું છે. ૩૪૨.*

गुरूचित्तविऊ दक्खा, उवसंता अमुइणो कुलवहुव्व ।
विणयरया य कुलीणा, हुंति सुसीसा गुरुजणस्स ॥ ३४३॥

**હવે શિષ્યનું સ્વરૂપ કહે છે.**

*સુશિષ્યો ગુરુ મહારાજના આશયના જાણ; ચકોર, ઉપશાન્ત અને કુળવધૂની પેરે કોઈ રીતે ગુરુ મહારાજને નહિં છંડનારા, વિનય કરવામાં રક્ત તથાં કુલીન (જાતવંત) હોય. ૩૪૩.*

आगारिंगिय-कुसलं, जइ सेयं वायसं वए पुज्जा ।
तहवि अ सिं नवि कूडे विरहंमिं अ कारणं पुच्छे ॥ ३४४॥

*આકાર તથા ઈંગિત જાણવામાં કુશળ, કદાચ (પરીક્ષા નિમિત્તે) ગુરુ મહારાજ કાળા કાગડાને શ્વેત (ધોળો) કહે તો પણ તે વચનને ખોટું ન પાડે; પણ એકાંત સ્થળે અવસર પામીને તેનું રહસ્ય પૂછે, એવા સુવિનીત શિષ્યો હોય. ૩૪૪.*

निवपुच्छिएण गुरुणा, भणिओ गंगा कओमुही वहइ ।
संपइ एवं सीसो, जह तह सव्वत्थ कायव्वं ॥ ३४५॥

*રાજા વડે પુછાયેલા ગુરુએ જ્યારે શિષ્યને કહ્યું કે- "ગંગા કઈ દિશાએ વહે છે?" ત્યારે શિષ્યે જેમ વિનયપૂર્વક ગુરુમહારાજના કહેણ પ્રમાણે તે બાબતનો નિશ્ચય કરીને જણાવ્યું તેમ સુશિષ્યોએ સર્વત્ર વર્તવું. ૩૪૫.*

**नियगुणगोरवमत्तो, थद्धो विणयं न कुव्वइ गुरूणं ।**
**तुच्छो अवन्नवाई, गुरुपडिणीओ न सो सीसो ॥ ३४६ ॥**

*હું ગુણવાન છું એવી રીતે નિજ ગુણગૌરવ વડે મત્ત હોવાથી સ્તબ્ધ-અભિમાની છતો ગુરુ મહારાજનો વિનય ન કરે તથા જે તુચ્છમતિ અવર્ણવાદી અને ગુરુ પ્રત્યનીક હોય તે શિષ્ય નહિ પણ શલ્ય રૂપ જાણવો. ૩૪૬.*

**निच्छइ य सारणाई सारिज्जंतो अ कुप्पइ स पावो ।**
**उवएसंपि न अरिहइ, दूरे सीसत्तणं तस्स ॥ ३४७ ॥**

*સારણા, વારણાદિક જેને પ્રિય નથી અને ગુરુ મહારાજ સારણાદિક કરે તો જે તેમના ઉપર કોપે છે તે પાપી ઉપદેશને પણ યોગ્ય નથી. તો પછી શિષ્યપણાનું તો કહેવું જ શું ? મતલબ કે તે કેવળ કંટક તુલ્ય સમજવો. ૩૪૭.*

**छंदेण गओ छंदेण, आगओ चिट्ठिउ य छंदेण ।**
**छंदेण वट्टमाणो, सीसो छंदेण मुत्तव्वो ॥ ३४८ ॥**

*જે શિષ્ય આપછંદે જાય, આપછંદે આવે અને આપછંદે રહે એવા આપછંદે વર્તનારા કુશિષ્યને ગુરુમહારાજાએ*

સ્વાભિપ્રાયથી જ તજી દેવો. એટલે તેને ગચ્છ બહાર કરવો. નહિ તો તે આપછંદી સાધુ બીજા સાધુઓને પણ બગાડે. ૩૪૮.

नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।
धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥ ३४९ ॥

જે ભાગ્યવંત શિષ્યો યાવત્ જીવિત ગુરુકુળવાસને તજતા જ નથી તેમને અભિનવ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમજ સમ્યક્ત્વ તથા ચારિત્રમાં વધારે દૃઢ થાય છે. ૩૪૯.

पढमं चिय गुरुवयणं, मुम्मुरजलणुव्व दहइ भन्नंतं ।
परिणामे पुण तं चिय, मुणालदल सीयलं होइ ॥ ३५० ॥

પ્રથમ તો શિષ્યના હિત માટે પ્રયોજાયેલું ગુરુવચન મુર્મુર-અગ્નિ સમાન તીખું લાગે છે, પરંતુ પરિણામે તો તે જ વચન મૃણાલદળ (કમળદંડ)ની જેવું શીતળ લાગે છે. ૩૫૦.

तह सेवंति सपुन्ना, गुरुकुलवासं जहा गुरूणंपि ।
नित्थारकारणं चिय, पंथगसाहुव्व जायंति ॥ ३५१ ॥

પુણ્યવંત શિષ્યો ગુરુકુળવાસને એવી રીતે સેવે છે કે તેઓ પંથક મુનિની પેરે ગુરુ મહારાજને પણ કલ્યાણકારી જ થાય છે. પરમ વિનીત પંથક મુનિનું પવિત્ર ચરિત્ર ઉપદેશ-માળાદિકમાં સુપ્રસિદ્ધ જ છે. ૩૫૧.

सिरिगोअमाइणो गणहराvि, नीसेस-अइसय-समग्गा ।
तब्भवसिद्धीआ वि हु ,गुरुकुलवासं चिय पवन्ना ॥ ३५२ ॥

સમસ્ત અતિશય (લબ્ધિ) સંપન્ન અને તદ્ભવ મોક્ષ-ગામી એવા શ્રી ગૌતમસ્વામિ પ્રમુખ ગણધરો પણ ગુરુકુળવાસમાં જ રહેલા છે. ૩૫૨.

उज्झिय गुरुकुलवासो, इक्को सेवइ अकज्जमविसंको ।
तो कूलवालउ इव, भट्ठवओ भमइ भवगहणे ॥ ३५३॥

ગુરુકુળવાસ તજીને એકલા સાધુ કુલવાલક સાધુની પેરે નિઃશંકપણે અકાર્ય સેવે છે અને વ્રતથી ભ્રષ્ટ થઈ ભવઅટવીમાં ભમે છે. ૩૫૪.

तो सेविज्ज गुरुं चिय, मुक्खत्थी मुक्खकारणं पढमं ।
आलोइज्ज सुसम्मं, पमायखलियं च तस्संते ॥ ५४५॥

તેટલા માટે મુમુક્ષુએ મોક્ષના પ્રથમ કારણ રૂપ સદ્ગુરુને જ સેવવા, તેમજ તેમની સમીપે પોતાથી જે જે પ્રમાદાચરણ થયું હોય તે તે સમ્યગ્ આલોચવું. ૩૫૫.

**ઇતિ ગુરૂકુળવાસઅધિકાર.**

## आलोचनाद्वार-१२

कस्सालोयण आलो-अओ य आलोइयव्वयं चेव ।
आलोयणविहिमुवरिं, तद्दोसगुणे अ वुच्छामि ॥ ३५५॥

કેવા ગુરુની પાસે આલોચના કરવી ? આલોચના કરનાર શિષ્ય કેવો જોઈએ ? કઈ બાબત ગુરુ પાસે અલોચવી? તદુપરાંત આલોચના કરવા સંબંધી વિધિ તથા તેના ગુણદોષ આંશ્રી (હવે) હું કહીશ. ૩૫૫.

आयरव माहारव, ववहारव वीलए पकुव्वी अ ।
अपरिस्सावी निज्जव, अवायदंसी गुरू भणिओ ॥ ३५६ ॥

*જ્ઞાનાદિક પંચવિધ આચારવાન્, આલોચિત અપરાધો અવધારી શકે તેવો, આગળ કહેવાતા આગમ શ્રુતાદિત પંચવિધ વ્યવહારવાન્, આલોચના લેનાર શરમાતો હોય તો યુક્તિથી તેની શરમ તોડનાર, સમ્યક્ પ્રાયશ્ચિત દેવાથી સામાની વિશુદ્ધિ કરવા સમર્થ, ગંભીર, સામાની શક્તિ વિચારી આલોચના દઈ નિર્વહી લેનાર, અને નિઃશલ્યપણે આલોચના નહિ કરનારને પરભવનો ડર દેખાડનાર એવા ગુરુ આલોચના દેનાર હોય. ૩૫૬.*

***હવે પાંચ પ્રકારના વ્યવહાર જણાવે છે.***

आगम सुअ आणा धारणा य जीयं च होइ ववहारो ।
केवल मणो हि चऊदस, दस नव पुव्वाइ पढमत्था ॥३५७॥

*આગમ, શ્રુત; આજ્ઞા, ધારણા અને જીત એ પાંચ પ્રકારના વ્યવહાર છે, તેમાં કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, ચૌદપૂર્વ, દશપૂર્વ અને નવપૂર્વો એ પ્રથમ આગમ વ્યવહાર જાણવો. ૩૫૭.*

कहेहि सव्वं जो वुत्तो, जाणमाणोवि गूहई ।
न तस्स दिंति पच्छित्तं, बिंति अन्नत्थ सोहया ॥ ३५८ ॥

*સર્વ દોષો પ્રકાશી દે (કહી દે) એમ કેવળી ભગવાને કહ્યે છતે જે જાણતાં છતાં, પોતાના દોષને ગોપવે તે કપટીને કેવળી*

પ્રાયશ્ચિત આપે નહિ; પણ એમજ કહે કે અન્ય સ્થળે આલોચી શુદ્ધ થજે! જે સરલ ભાવથી જ આલોચના કરે છે તેને કેવળજ્ઞાની મહારાજ તેનું હિત થાય તેમ પ્રાયશ્ચિત આપે છે. ૩૫૮.

**न संभरइ जो दोसे, सब्भावा न य मायओ ।**
**पच्चक्खी साहए तेउ, माईणो उ न साहई ॥ ३५९ ॥**

જેને સ્વભાવે જ દોષ સાંભરતા નથી તેથી કપટ રહિત જેટલા દોષ સાંભરે છે તેટલા આલોચે છે; તેને કેવળી ભગવાન્ તે દોષ પોતે જ જણાવે છે. પરંતુ જે કપટવૃત્તિ કેળવે છે તેને તેના છૂપા દોષો જણાવતા નથી. ૩૫૯.

**आयारपकप्पाई, सेसं सव्वं सुयं विणिद्दिठ्ठं ।**
**देसंतरठ्ठियाणं, गूढपयालोअणा आणा ॥ ३६० ॥**

આચાર પ્રકલ્પ (નિશીથસૂત્ર) તેમજ કલ્પવ્યવહાર, દશાશ્રુતસ્કંધ પ્રમુખ શ્રુત તે શ્રુતવ્યવહાર જાણવો. ગુરુ મહારાજ સમીપે આવવા અસમર્થ એવા દેશાંતર રહેલા શિષ્ય ગૂઢ સમસ્યા વડે પોતાના અપરાધપદો લખીને મોકલે તેના પ્રત્યુત્તર તરીકે ગૂઢ પદો વડે જ ગુરુ પ્રાયશ્ચિત લખી મોકલે તે આજ્ઞા વ્યવહાર છે. ૩૬૦.

**गीयत्थेणं दिन्नं, सुद्धिं अवधारिऊण तह चेव ।**
**दिंतस्स धारणा सा, उद्धिअ-पय-धरण-रूवा वा ॥३६१ ॥**

સંવિગ્ન ગીતાર્થે દીધેલી શુદ્ધિ અવધારીને તે જ પ્રમાણે તથાપ્રકારના અપરાધ પ્રસંગે અન્યત્ર દેતાં તે ધારણ વ્યવહાર

કહેવાય છે. અથવા કોઈક છેદસૂત્ર યોગ્ય શિષ્યને ગુરુ મહારાજ પ્રસન્ન થઈ કેટલાંક પ્રાયશ્ચિત પદો ઉદ્ધરી બતાવે તે શિષ્ય ધારી રાખે એ પણ ધારણા વ્યવહાર જાણવો. ૩૬૧.

**दव्वाइ चिंतिऊणं, संघयणाईण हाणिमासज्जा ।**
**पायच्छित्तं जीयं, रूढं वा जं जहिं गच्छे ॥ ३६२॥**

સાંપ્રતકાળે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરી અને સંઘયણ બળ પ્રમુખની હાનિ (નિર્બળતા) સમજાયાથી આવા સંયોગોને અનુસરી જે પ્રાયશ્ચિત દેવામાં આવે તે, અથવા જે ગચ્છમાં સૂત્રાતિરિક્ત પ્રાયશ્ચિત કારણથી પ્રવર્તાવ્યું હોય તે શાસ્ત્રભાષાથી જીત વ્યવહારના નામથી ઓળખાય છે. ૩૬૨.

**अग्गीओ न वियाणई, सोहिं चरणस्स देइ ऊणहियं ।**
**तो अप्पाणं आलो-यगं च पाडेइ संसारे ॥ ३६३॥**

સૂત્રાર્થ ઉભયના અજાણ અગીતાર્થ ચારિત્રની શુદ્ધિ સમ્યગ્ જાણતા નથી તેથી તે પ્રાયશ્ચિત ન્યૂનાધિક આપે છે. અને એવી રીતે ન્યૂનાધિક પ્રાયશ્ચિત આપવાથી તે પોતાને અને આલોચના કરનારને સંસારમાં પાડે છે. ૩૬૩.

**तम्हा उक्कोसणं, खित्तंमि उ सत्तजोयणसयाइं ।**
**काले बारसवरिसा, गीअत्थ गवेसणं कुज्जा ॥ ३६४॥**

તેટલા માટે ઉત્કૃષ્ટપણે ક્ષેત્રથી ૭૦૦ જોજન સુધી અને કાળથી બાર વર્ષ પર્યંત ગીતાર્થ ગુરુની ગવેષણા કરી તેમની પાસે આલોયણા લેવી. ૩૬૪.

आलोयणा परिणओ, सम्मं संपट्ठिओ गुरुसगासे ।
जइ अंतरावि कालं, करिज्ज आराहओ तहवि ॥ ३६५॥

*આલોચના કરવા નિશ્ચયવાળો થઈ, આલોચના માટે જ ગુરુ સમીપે જવા નીકળેલો (ભવ્યાત્મા) કદાચ માર્ગમાં જ કાળ કરી જાય, તોપણ તે આજ્ઞાનો પાલક જ સમજવો. ૩૬૫.*

जाईकुलविणयउवसम-इंदियजयनाणदंसणसमग्गा ।
अणणुतावि अमाई, चरणजुयालोयगा भणिया ॥ ३६६॥

*ઉત્તમ જાતિ, કુળ, વિનય, ઉપશમ, ઈંદ્રિયજય, જ્ઞાન અને દર્શન સંપન્ન, કોઈને પણ પીડા નહિ કરનાર, નિર્માયી અને ચારિત્રયુક્ત આલોચક કહ્યા છે, મતલબ કે આલોચક એવા ગુણવાળો હોવો જોઈએ. ૩૬૬.*

मूलुत्तरगुणविसयं, निसेवियं जमिह रागदोसेहिं ।
दप्पेण पमाएण व, विहिणा लोइज्जं तं सव्वं ॥ ३६७॥

*મૂળગુણમાં કે ઉત્તરગુણમાં રાગદ્વેષ વડે દર્પ, પ્રમાદ કે અનાભોગથી જે જે દોષ સેવ્યા હોય, તે તે સર્વે દોષ વિધિવત્ આલોચવા. ૩૬૭.*

चाउम्मासिय वरिसय, दायव्वा-लोयणा चउछकंना ।
संविग्गभाविएणं, सव्वं विहिणा कहेअव्वं ॥ ३६८॥

*ત્રણ ચૌમાસી અને સંવત્સરી સમયે જરૂરી સ્ત્રીપુરુષોએ ગુરુ મહારાજ સમીપે આલોચના કરવી! તેમાં પુરુષવર્ગે ચાર કાને સંભળે તેમ અને સ્ત્રી વર્ગે છ કાને સાંભળે તેમ, વધતા વૈરાગ્યથી પોતાના સકળ દોષો વિધિવત્ જાહેર કરવા. ૩૬૮.*

जह बालो जंपंतो, कज्जमकज्जं च उज्जुअं भणइ ।
तं तह आलोइज्जा, मायामयविप्पमुक्को अ ॥ ३६९ ॥

*જેમ માબાપ સમીપે બોલતું બાળક કાર્ય સરળપણે કહી દે છે, તેમ માયામદનો સર્વથા ત્યાગ કરીને ગુરુ સમીપે આલોચના કરવી જોઈએ. ૩૬૯.*

छत्तीसगुणसमन्ना-गएण तेणवि अवस्स कायव्वा ।
परसरिकया विसोही, सुट्ठुवि ववहारकुसलेण ॥ ३७० ॥

*છત્રીસ ગુણે કરી સંયુક્ત એવા ગુરુએ પણ પૂર્વોક્ત આગમાદિક વ્યવહારમાં ઘણા કુશળ હોય તોપણ અન્ય ગીતાર્થની સમીપે અવશ્ય આલોચના કરવી. ૩૭૦.*

जह सुकुसलो वि विज्झो, अन्नस्स कहेइ अप्पणो वाहिं ।
एवं जाणंतस्सवि, सल्लुद्धरणं गुरुसगासे ॥ ३७१ ॥

*સુકુશળ વૈદ્ય પણ પોતાનો વ્યાધિ અન્ય વૈદ્યને જણાવી તેનો ઉપચાર કરે છે, તેમ જાણકારે પણ ગુરુ સમીપે સ્વશલ્ય ઉદ્ધરવું, એટલે ગમે તેવા ગીતાર્થે પણ સ્વદોષ અન્ય ગીતાર્થ પાસે આલોચી શુદ્ધ થવું. તો બીજાનું તો કહેવું જ શું? ૩૭૧.*

अप्पंपि भावसल्लं, अणुद्धरियं रायवणिअतणएहिं ।
जायं कडुयविवागं, किं पुण बहुयाइं पावाइं ॥ ३७२ ॥

*થોડુંક પણ ભાવશલ્ય નહિ ઉદ્ધરવાથી રાજપુત્ર- આર્દ્રકુમાર અને વણિક પુત્ર ઈલાચિ પુત્રને કટુક વિપાક (ફળ) રૂપ થયું,*

તો પછી બહુ પાપનું તો કહેવુંજ શું? મતલબ કે પ્રચ્છન્નપણે કે જાહેરપણે સેવેલું ઝાઝું કે થોડું પાપ પશ્ચાત્તાપપૂર્વક ગુરુ મહારાજ સમીપે સમ્યગ્ આલોચીને નિઃશલ્ય થવું જોઈએ. ૩૭૨.

**लज्जाइ गारवेण य, बहुस्सुअमएण वा वि दुच्चरियं ।**
**जे न कहंति गुरूणं । न हु ते आराहगा हुंति ॥ ३७३ ॥**

લજ્જાથી, ગારવથી, કે બહુશ્રુત (જ્ઞાન)ના મદથી જે પોતે કરેલાં પાપ ગુરુ પાસે પ્રકાશતા નથી તે આરાધક થતા નથી પણ વિરાધક બને છે. ૩૭૩.

**नवि तं सत्थं व विसं, व दुप्पउत्तुव्व कुणइ वेयालो ।**
**जं कुणइ भावसल्लं, अणुद्धियं सव्वदुहमूलं ॥ ३७४ ॥**

દુષ્પ્રયુક્ત વિષ કે શસ્ત્ર તેમજ પ્રકુપિત થયેલો વેતાળ એવો અનર્થ ઉપજાવી શકતા નથી જેવો અનર્થ સર્વ દુઃખના મૂળ રૂપ અણઉદ્ધરેલું ભાવશલ્ય (અણપ્રકાશેલું નિજ પાપ-દુષ્કૃત) ઉપજાવે છે. ૩૭૪.

**आकंपइत्ता अणुमाणइत्ता, जं दिट्ठं बायरं च सुहमं वा ।**
**छन्नं सद्दाउलयं, बहुजण अवत्त तस्सेवी ॥ ३७५ ॥**

સ્વદોષ આલોચનારે આલોચના વખતે નીચેની વાત લક્ષ્યમાં રાખવાની છે. ભક્તિ કે વિનયથી ગુરુને વશ કરવાથી ગુરુ થોડું પ્રાયશ્ચિત આપશે એમ સમજી ગુરુને વિનયથી વશ કરી લેવા, આ ગુરુ ઠીક પ્રાયશ્ચિત આપે છે તેથી તેમની પાસે

જ લેવું, ગુરુ મહારાજાએ જે નાનો કે મોટો દોષ સેવતાં દેખ્યો હોય તે જ આલોચવો, લજ્જાદિક કારણથી કે છાનોમાનો અવ્યક્ત શબ્દથી સ્વદોષ આલોચવો અથવા શબ્દકુળપણે ઘોંઘાટ કરીને આલોચવો, એક જ વાત બહુની પાસે જણાવી આલોચવી, અવ્યક્ત-અગીતાર્થની પાસે આલોચવી (તે પણ અવ્યક્તપણે) અથવા તો જે દોષ પોતાને આલોચવો છે તે જ દોષ સેવનાર ગુરુ પાસે આલોચના કરવી એ બધા દોષ આલોચના કરવા ઈચ્છનારે અવશ્ય પરિહરવા યોગ્ય છે. ૩૭૫.

**एअ-द्दोस-विमुक्कं, पइ-समय-वड्ढमाण-संवेगो ।**
**आलोइज्ज अकज्जं,न पुणो काहंति निच्छयओ ॥ ३७६ ॥**

ઉપર જણાવેલા સકળ દોષોને ત્યજી, પ્રતિસમય વધતા વૈરાગ્યયુક્ત પોતે કરેલાં અકાર્યને સદ્‌ગુરુ સમીપે આલોચવાં, નહિ તો તે આલોચના નિષ્ફળ થાય છે. ૩૭૬.

**जो भणइ नत्थि इन्हिं, पच्छित्तं तस्स दायगा वा वि ।**
**सो कुव्वइ संसारं, जम्हा सुत्ते विणिद्दिट्ठं ॥ ३७७ ॥**
**सव्वंपि य पच्छित्तं, नवमे पुव्वंमि तइअ वत्थुंमि ।**
**तत्तु च्चिय निज्जूढा, कप्पपकप्पो य ववहारो ॥ ३७८ ॥**

જે (મુગ્ધ-અજ્ઞજનો) એમ બોલે કે વર્તમાન કાળે પ્રાયશ્ચિત નથી, તેમજ પ્રાયશ્ચિત દેનારા ગુરુ પણ નથી, તે સંસારવૃદ્ધિ કરે છે, કેમકે સૂત્રમાં કહ્યું છે કે, સર્વ પ્રકારનું પ્રાયશ્ચિત નવમા પૂર્વની

ત્રીજી વસ્તુમાં ગણધરોએ નિરૂપિત કરેલું તેમાંથી જ ઉદ્ધરીને પૂજ્યવરોએ કલ્પ, નિશીથ અને વ્યવહારસૂત્રની રચના કરેલી છે. ૩૭૭-૩૭૮.

**ते वि अ धरंति अज्जवि, तेसु धरंतेसु कह तुमं भणसि ।**
**वुच्छिन्नं पच्छित्तं, तद्दायारो य जा तित्थं ॥ ३७९ ॥**

તે કલ્પાદિક સૂત્રો અદ્યાપિ વિદ્યમાન છે અને તે વિદ્યમાન છતાં પ્રાયશ્ચિત વ્યુચ્છિન્ન થયેલું તું કેમ કહે છે? વળી તે પ્રાયશ્ચિત-દાતા ગુરુઓ પણ પ્રભુના શાસનના અંત સુધી એટલે દુપ્પસહ આચાર્ય પર્યંત વર્તશે, એમ આગામમાં અનેકશઃ કહ્યું છે. ૩૭૯.

**कयपावोवि मणुस्सो, आलोइय निंदिय गुरुसगासे ।**
**होइ अइरेग लहुओ, ओहरिय भरुव्व भारवाहो ॥ ३८० ॥**

પાપકારી પણ મનુષ્ય સદ્‌ગુરુ સમીપે સમ્યગ્ આલોચના નિંદા કરવાથી જેમ ભારવાહક (મજૂર) ભાર ઉતાર્યા બાદ હળવો થાય છે તેમ અત્યંત હળવો (નિષ્પાપ) થાય છે. ૩૮૦.

**निट्ठविय-पावपंका, सम्मं आलोइयं गुरुसगासे ।**
**पत्ता अणंतसत्ता, सासयसुक्खं अणाबाहं ॥ ३८१ ॥**

ગુરુ મહારાજ સમીપે સમ્યગ્ આલોચના કરી પાપ-પંકથી રહિત થયેલા અનંતા આત્માઓ શાશ્વત અનાબાધ સુખને પ્રાપ્ત થયેલા છે. ૩૮૧.

**एवं विसुद्धचरणो, सम्मं विरमिज्जं भवसरूवाओ ।**
**नरगाइ-भेय-भिन्ने, नत्थि सुहं जेण संसारे ॥ ३८२॥**

*એવી રીતે વિશુદ્ધ ચારિત્રવંત બની તારે ભવસ્વરૂપ થકી સમ્યગ્ વિરમવું - વિરક્ત થવું જોઈએ. કેમકે નરકાદિ ભેદવાળા સંસારમાં કંઈ સુખ નથી. ૩૮૨.*

**दीहं ससंति कलुणं, भणंति विरसं रसंति दुक्खत्ता ।**
**नेरइआ अ परुप्पर-सुरखित्त-समुत्थ-वियणाहिं ॥ ३८३॥**

*નારકીના જીવો પરસ્પર ઉદીરેલી, પરમાધામીકૃત અને ક્ષેત્રપ્રભાવથી થયેલી વેદનાથી દુઃખાર્ત છતા દીર્ઘ શ્વાસ લે છે, કરુણા ઊપજે એવી ભયંકર વાણી બોલે છે, મુક્ત કંઠથી રડે છે. ૩૮૩.*

**जं नारयाण दुक्खं, उक्कत्तण-दहण-छिंदणाईयं ।**
**तं वरिससहस्सेहि वि,न भणिज्ज सहस्स वयणोवि॥ ३८४॥**

*કાપ-કૂપ, દહન, તથા છેદન-છુંદનાદિક સંબંધી નારકીઓને જે દુઃખ સહવું પડે છે, તે હજારો વર્ષપર્યંત બોલનારો હજારો મુખવાળો જ્ઞાની પણ કહી શકે તેમ નથી. ૩૮૪.*

**सी-उन्ह-खुप्पिवासा, दहणं-कण-वाह-दोह-दुक्खेहिं ।**
**दूमिज्जंति तिरिक्खा, जह तं लोएवि पच्चक्खं ॥ ३८५॥**

*શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, દહન, અંકન (ત્રિશૂળાદિક રૂપે*

ડાંભ દેવા વડે) ભારવહન અને દોહન પ્રમુખ જે જે દુઃખો વડે તિર્યંચો દુઃખી થાય છે તે લોકમાં પણ પ્રત્યક્ષ છે. ૩૮૫.

**लच्छीपेमं विसया, देहो मणुअत्तणेवि लोअस्स ।**
**एयाइं वल्लहाइं, ताणं पुण एस परिणामो ॥ ३८६ ॥**

લક્ષ્મી, પ્રેમ, વિષય (ભોગ) અને દેહ મનુષ્યપણામાં પણ લોકોને વલ્લભ (વ્હાલાં) લાગે છે, તેનું પરિણામ (સ્વરૂપ) આવા પ્રકારનું શાસ્ત્રકાર બતાવે છે. ૩૮૬.

**''લક્ષ્મીનું સ્વરૂપ''**

**न भवइ पथ्थंताणवि, जायइ कइयावि कहवि एमेव ।**
**विहडइ पिच्छंताणवि, खणेण लच्छी कुमहिलव्व ॥ ३८७ ॥**

૩૮૭-કુલટા (કુશીલ) નારીની પેરે લક્ષ્મી પ્રાર્થના કરનારને પણ કદાચિત્ મળે છે. તો પણ જોતજોતામાં વહી જાય છે, મતલબ કે એક ક્ષણવારનો પણ તેનો ભરૂસો નથી. તો સુજ્ઞજનોએ તેમાં કેમ આસ્થા રાખવી ઘટે ? ૩૮૭.

**जह सलिला वड्ढंती, कूलं पाडेइ कलुसए अप्पं ।**
**इअ विहवे वड्ढंते, पायं पुरिसो वि दठ्ठव्वो ॥ ३८८ ॥**

જેમ નદી વર્ષાઋતુમાં પાણીના પૂરથી વૃદ્ધિ પામી છતી પોતાની જ ભેખડોને ભાંગે છે અને પોતાને જ કલુષિત કરે છે. તેમ લક્ષ્મી વૃદ્ધિગત થયે છતે પુરુષ પણ પ્રાયઃ તેમજ કરે છે. સ્વકુળને સતાવે છે અને પોતાને મદાદિકથી કલુષિત કરે છે. ૩૮૮.

### પ્રેમસ્વરૂપ

होऊण वि कहवि निरं-तराइं दूरंतराइं जायंति ।
उम्मोइय-रसणंतो-वमाइं पिम्माइं लोयस्स ॥ ३८९॥

*ઉન્મોચિત (છોડેલા) કટિબંધન (કંદોરા)ના છેડાની પેરે લોકોના પ્રેમ ક્વચિત પ્રયોજનવશાત્ નિરંતર ગાઢ બન્યા છતાં પુનઃ કંઈ નિમિત્તને પામીને દૂરતર-છૂટી જાય છે. ૩૮૯.*

माय-पिय-बंधु-भज्जा-सुएसु पिम्मं जणंमि सविसेसं ।
चुलणी कहाइं तं पुण, कणगरह-विचिट्ठिएणं च ॥ ३९०॥

तह भरहनिवइ भज्जा, असोग चंदाइ चरिअ सवणेण ।
अइ विरसं चिय नज्जइ, विचिट्ठियं मूढ हियआण ॥३९१॥

*માતા, પિતા, બંધુ, ભાર્યા અને પુત્ર વિષે પ્રેમ લોકોમાં અધિક જણાય છે. પણ બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતા ૧. ચુલણીની કથાની માતાનો પ્રેમ, ૨. કનકરથ રાજાના વર્તનથી પિતાનો પ્રેમ, ૩. ભરતનૃપતિના ચારિત્રથી બંધુનો પ્રેમ, ૪. પ્રદેશી રાજાની ભાર્યા (સૂરિકંતા)નું ચરિત્ર સાંભળવાથી ભાર્યાનો પ્રેમ, ૫. અશોકચંદ્ર (કૂણિક) રાજાના ચરિત્રથી પુત્રનો પ્રેમ, તેમજ તેવાં જ શાસ્ત્રપ્રસિદ્ધ અન્ય ચરિત્રોથી મૂઢ હૃદયવાળા જીવોનું વર્ણન અતિ વિરસ લાગે છે. ૩૯૦-૩૯૧.*

### વિષયસ્વરૂપ

हुंति मुहु च्चिय महुरा, विसया किंपाग-भूरुह-फलं व ।
परिणामे पुण तिच्चिय, नारयजलणिंधणं मुणसु ॥३९२॥

*વિષય (સુખ) શરૂઆતમાં કિંપાક વૃક્ષના ફળની પેરે મધુર (મીઠાં) લાગે છે, પણ પરિણામે તો તે નારકીઓને બાળવા ઈંધન રૂપ જાણવાં, મતલબ કે કટ્ટા શત્રુની પેરે મુખે મીઠાં પણ દિલમાં જૂઠાં, પ્રાણીઓના પ્રાણ લેનારાં છે. ૩૯૨.*

**विसयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोहं ।**
**जिण-वीर-विणिद्दिट्ठो, दिट्ठंतो बंधु-जुअलेण॥ ३९३॥**

*વિષયસુખની વાંછા કરનારા નર્કાદિકમાં જઈ પડે છે, અને વિષયને પૂંઠ દેનારા દુસ્તર ભવસમુદ્રને તરી જાય છે. તે ઉપર **શ્રીવીર** પ્રભુએ બતાવેલું બંધુયુગલનું દૃષ્ટાંત સમજવું. ૩૯૩.*

**आहार-गंध-मल्ला-इएहिं सुयलंकिओ सुपुट्ठोवि ।**
**देहो न सूई न थिरो, विहडइ सहसा कुमित्तुव्व॥ ३९४॥**

*ભોજન, ગંધ (સુગંધ) અને પુષ્પમાલાદિક વડે દેહને સુઅલંકૃત અને સુસેવિત કર્યો છતો તે શુચિ (પવિત્ર) થતો નથી અને સ્થિર ટકતો નથી. પરંતુ કુમિત્રની પેરે એકાએક વિછડી જાય છે. ૩૯૪.*

**तम्हा दारिद्द-जरा-परपरिभव-रोअ-सोअ-तविआणं ।**
**मणुआणवि नत्थि सुहं, दविण पिवासाइ नडियाणं ।३९५।**

*તે માટે દારિદ્ર, ઘડપણ તેમજ પરપરાભવ, રોગ અને શોકથી દુઃખિત અને ધનની તૃષ્ણાથી પીડિત એવા મનુષ્યોને પણ સુખ નથી. ૩૯૫.*

सव्वं सुराण विभवो, अणुत्तरो रयण-रइय-भवणेसु ।
दिव्वाभरण-विलेवण-वर-कामिणि-नाडय-रयाण ।३९६।
किंतु मय-माण-मच्छर-विसाय-ईसा-नलेण संतत्ता ।
ते वि चविऊण तत्तो, भमंति केई भवमणंतं ॥ ३९७॥

*રત્નરચિત ભુવનોમાં વસતા, દિવ્ય આભરણ, વિલેપન તેમજ દેવાંગનાઓના નાટકમાં રક્ત થયેલા દેવતાઓને સર્વ વિભવ અનુત્તર (પ્રધાન) છે, મનુષ્યોની અપેક્ષાએ તેમની સાહેબી અતુલ છે, તો પણ મદ, માન, મચ્છર, વિષાદ (ખેદ-શોક) અને ઈર્ષ્યા રૂપ અગ્નિથી સંતપ્ત થયેલા તે પણ કેટલાક ત્યાંથી ચ્યવીને અનંત-અપાર સંસારમાં ભ્રમણ કરે છે. ૩૯૬-૩૯૭.*

तम्हा सुहं सुराणवि, न किं पि अहवा इमाम सुक्खाइं ।
अवसाण दारुणाइं, अणंतसो पत्त-पुव्वाइं ॥ ३९८॥

*તેથી દેવતાઓને પણ પરમાર્થથી જોતાં કંઈ સુખ નથી અથવા તો એ બધાં સુખ પરિણામે દુઃખદાયી છે અને તે પૂર્વે અનંતીવાર પ્રાપ્ત થયેલાં છે. ૩૯૮.*

तं नत्थि किं पि ठाणं लोए वालग्ग-कोडिमित्तंपि ।
जत्थ न जीवा बहुसो, सुहदुक्खपरंपरं पत्ता ॥ ३९९॥

*લોકમાં વાળના અગ્ર ભાગ માત્ર એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવો બહુવાર સુખ અને દુઃખની પરંપરા પામ્યા ન હોય. ૩૯૯.*

सव्वाओ रिद्धीओ, पत्ता सव्वेवि सयणसंबंधा ।
संसारे तो विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥ ४०० ॥

*સર્વ રિદ્ધિ-સિદ્ધિઓ અને સર્વે સ્વજન સંબંધો પૂર્વે પ્રાપ્ત થઈ ચૂકેલા છે એમ સમજીને હવે જો આત્માને તેમનાથી ભિન્ન ઓળખી શકે તો તેવા અનિત્ય-અસાર-ખોટા કલ્પિત સંબંધથી તું વિરમ! ૪૦૦.*

## विनयद्वार-१४

इय-भव-विरत्त-चित्तो वि, सुद्ध-चरणाइ-गुण-जुओ निच्चं।
विणए रमिज्ज सव्वे, जेण गुणा निम्मला हुंति ॥ ४०१ ॥

*એવી રીતે સંસારથી વિરક્ત ચિત્ત છતાં શુદ્ધ સંયમાદિક ગુણયુક્ત બની નિરંતર વિનયમાં પ્રવૃતિ કરવી જેથી નિજ ગુણો નિર્મળ થશે. ૪૦૧.*

जम्हा विणयइ कम्मं, अट्ठविहं चाउरंत-मुक्खाए ।
तम्हा उ वयंति विऊ, विणउत्ति विलीण-संसारा ॥ ४०२ ॥

*જેમણે સંસારસંતતિનો સર્વથા અંત કર્યો છે, એવા તીર્થંકર ગણધરો એમ કહે છે કે જેથી ચઉગતિના બંધન થકી મુક્ત થવા આઠ પ્રકારના કર્મનો અંત કરી શકાય છે તેથી તે વિનય કહેવાય છે. ૪૦૨.*

लोगोवयार-विणओ, अत्थे कामे भयंमि मुक्खे अ ।
विणओ पंच विगप्पो, अहिगारो मुक्ख-विणएण ॥ ४०३ ॥

*તે વિનય પાંચ પ્રકારનો છે. (૧) લોકોપચાર વિનય (વ્યવહારમાં રૂઢ-રૂઢિ મુજબ) (૨) અર્થ વિનય (દ્રવ્ય ઉપાર્જન માટે રાજા પ્રમુખના છંદે ચાલવા રૂપ) (૩) કામ વિનય (વેશ્યાદિકને આશ્રી) (૪) ભય વિનય (ભયથકી સેવકો સ્વામી પ્રતિ વર્તન રાખે તે) અને (૫) મોક્ષ વિનય (કેવળ આત્મ કલ્યાણાર્થે). તેમાં અત્ર મોક્ષ અર્થે જ પ્રયુંજાતા વિનયનો અધિકાર કહેવામાં આવશે. ૪૦૩.*

**दंसण-नाण-चरित्ते, तवे य तह ओव्रयारिए चेव ।**
**मुक्ख-विणणो वि एसो, पंचविहो होइ नायव्वो ॥४०४ ॥**

*દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ સંબંધે અને ઔપચારિક એવી રીતે મોક્ષ વિનય પણ પાંચ પ્રકારનો સમજવો. ૪૦૪.*

**दव्वाइ सद्दहंते, नाणेण कुणंतयंमि किच्चाइं ।**
**चरणं तवं च सम्मं, कुणमाणे होइ तव्विणओ ॥ ४०५ ॥**

*દ્રવ્ય તથા તેના ગુણપર્યાયની (ષડ્ દ્રવ્યના ગુણ પર્યાયની) શ્રદ્ધા કરતાં દર્શનવિનય, જ્ઞાન વડે સમજપૂર્વક સંયમ આચરણ કરતાં જ્ઞાનવિનય, તેવી જ રીતે સમતા સહિત ચારિત્ર પાળતાં ચારિત્રવિનય, અને પ્રભુ-આજ્ઞા પ્રમાણે તપ કરતાં થકાં તપવિનય કહેવાય છે. ૪૦૫.*

**अह ओवयारिओ पुण, दुविहो विणओ समासओ होइ ।**
**पडिरूव-जोग-जुंजण, तह य अणासायणा विणओ ।४०६।**

ઔપચારિક વિનય પણ સંક્ષેપથી બે પ્રકારનો છે. પ્રથમ પ્રતિરૂપ એટલે ઉચિત રીતે મન, વચન, કાયાને પ્રવર્તાવવા રૂપ તેમજ બીજો અનાશાતના એટલે આશાતના-વિરાધના પરિહરવા રૂપ વિનય જાણવો. ૪૦૬.

**पडिरूवो खलु विणओ, काइय जोगे य वाय माणसिओ।**
**अट्ठ चउव्विह दुविहो, परूवणा तस्सिमा होइ ॥ ४०७॥**

પ્રતિરૂપ વિનય ખરેખર મન, વચન અને કાયા સંબંધી ત્રણ પ્રકારનો છે. તેના અનુક્રમે આઠ, ચાર અને બે પ્રકાર કહ્યા છે. તેનું સ્વરૂપ આવી રીતનું છે. ૪૦૭.

**अब्भुट्ठाणं अंजलि, आसणदाणं अभिग्गह किई य ।**
**सुस्सूसण अणुगच्छण, संसाहण काय अट्ठविहो ॥ ४०८॥**

અભ્યુત્થાન (ઊભા થવું), અંજલિ (હાથ જોડવા), આસન દેવું, ગુરુ મહારાજનો આદેશ પાળવાનો નિશ્ચય અને તેમજ વર્તન, કૃતિકર્મ (દ્વાદશાવર્ત વંદન), ગુરુસેવા, ગુરુ આવતા દેખી સન્મુખ જવું, તેમજ જતા હોય તો વળાવવા જવું. એમ કાય સંબંધી વિનય આઠ પ્રકારનો છે. ૪૦૮.

**हिअमिअ अफुरस वाई, अणुवाई भासि वाईओ विअणो।**
**अकुसलमणो निरोहो, कुसलमणो-दीरणं चेव ॥ ४०९॥**

હિતકારી વચન, મિત-પરિમિત વચન, અપરૂપ-અકઠોર મધુર વચન તથા પ્રથમ વિચાર કરીને વચન વદવું એવી રીતે વચન સંબંધી વિનય ત્રણ પ્રકારનો સમજવો. અકુશળ (મલિન-

અશુભ) મનનો નિરોધ તથા શુભ મનનું ઉદીરણ એમ મન સંબંધી વિનય બે પ્રકારનો કહ્યો છે. ૪૦૯.

**पडिरूवो खलु विणओ पराणुवित्ति-मइओ मुणेयव्वो ।**
**अप्पडिरूवो विणओ, नायव्वो केवलीणं तु ॥ ४१० ॥**

*પ્રતિરૂપ-ઉચિત વિનય ખરેખર પરાનુવૃત્તિ સામાના ચિત્તવૃત્તિને અનુસરવા રૂપ સમજવો, અને અપ્રતિરૂપ વિનય તો ફક્ત કેવળજ્ઞાનીને જ હોય. ૪૧૦.*

**एसो मे परिकहिओ, विणओ पडिरूवलखखणो तिविहो।**
**बावन्न-विहि-विहाणं, बिंति अणासायणा विणयं॥ ४११ ॥**

*એ પ્રમાણે ત્રિવિધ પ્રતિરૂપ વિનય તમને કહ્યો અને અનાશાતના વિનય તો શાસ્ત્રમાં પર (બાવન) પ્રકારનો કહ્યો છે. ૪૧૧.*

**तित्थयर-सिद्ध-कुल-गण-संघ-किरिय-धम्म-नाण-नाणीणं।**
**आयरिय-थेरु-वज्झाय, गणीणं तेरसपयाणि ॥ ४१२ ॥**
**अणासायणा य भत्ती, बहुमाणो तह य वन्नसंजणणा ।**
**तित्थयराई तेरस, चउग्गुणा हुंति बावन्ना ॥ ४१३ ॥**

*તીર્થંકર, સિદ્ધ, કુળ (નાગેન્દ્રાદિ), ગણ (કોટિકાદિ), સંઘ, ક્રિયા (અસ્તિવાદરૂપ), ધર્મ (યતિધર્માદિ), જ્ઞાન (મતિશ્રુતાદિ), જ્ઞાની, આચાર્ય, સ્થવિર (શિષ્યોને ધર્મમાં સ્થિર કરનારું વૃદ્ધ સાધુ), ઉપાધ્યાય (પાઠક) અને ગણી (ગીતાર્થ) એ તેર પદ*

થયાં; તે દરેકનેં ૧. આશાતનાથી દૂર રહેવું, ૨. ભક્તિ કરવી, ૩. બહુમાન સાચવવું તથા ૪. તેમનો ગુણાનુવાદ કરવો, એવી રીતે તેરને ચાર ગુણ કરતાં (૫૨) બાવન ભેદો થાય. એવી રીતે અનાશાતના વિનય કહ્યો. ૪૧૨-૪૧૩.

**अमय समो नत्थि रसो, न तरू कप्पद्दुमेण परितुल्लो ।**
**विणय समो नत्थि गुणो, न मणी चिंतामणि सरिच्छो ।४१४।**

જેમ અમૃત સમાન કોઈ રસ નથી, કલ્પવૃક્ષ સમાન કોઈ વૃક્ષ નથી, અને ચિંતામણિ સદૃશ કોઈ મણિ નથી તેમ વિનય સમાન કોઈ ગુણ નથી. ૪૧૪.

**चंदन तरूण गंधो, जुण्हा ससिणो सिअत्तणं संखे ।**
**सह-निम्मियाइं विहिणा,विणओ अ कुलप्पसूयाणं ॥४१५॥**

જેમ ચંદનના વૃક્ષનો ગંધ, ચંદ્રની ચાંદણી અને શંખમાં શ્વેતતા એ સર્વે વિધિએ સાથે જ સર્જેલાં છે, તેમજ કુળ પ્રસૂત (કુલીન) જનોમાં પણ વિનયગુણ જન્મથી માંડીને સાથે જ પેદા થાય છે. ૪૧૫.

**हुज्ज असज्झं मन्ते, मणिमंतोसहि सुराणवि जयंमि ।**
**नत्थि असज्झं कज्जं, किंपि विणीआण पुरिसाणं ॥ ४१६ ॥**

હું માનું છું કે કદાચ જગતમાં મણિ, મંત્ર, ઔષધિ, અને દેવતા વડે પણ કોઈ વસ્તુ અસાધ્ય હોય, પરંતુ વિનીત પુરુષોને કંઈ પણ વસ્તુ અસાધ્ય નથી. ૪૧૬.

**इहलोय च्चिय विणओ, कुणइ विणीयाणं इच्छिअं लच्छिं।**
**जह सीहरहाईणं, सुगइनिमित्तं च परलोए ॥ ४१७॥**

*આ લોકમાં જ વિનય વડે વિનીત જનોને ઈચ્છિત લક્ષ્મી મળે છે અને સિંહરથાદિકની પેરે પરલોકમાં પણ સદ્ગતિ નીપજે છે. ૪૧૭*

**किं बहुणा विणओ च्चिय, अमूलमंतं जए वसीकरणं ।**
**इहलोय परलोइ य, सुहाण मणवंछिय-फलाणं ॥ ४१८ ॥**

*કિં બહુના ! વિનય જ જગતમાં આલોક સંબંધી તથા પરલોક સંબંધી મનવાંછિત ફળદાયી સર્વ સુખનું મંત્ર તથા મુળિકા વગરનું કોઈક અપૂર્વ વશીકરણ છે. ૪૧૮*

## वेयावच्चद्वार-१५

**विणय विसेसो य तहा, आयरिअ गिलाण सेहमाईणं ।**
**दसविह वेयावच्चं, करिज्ज समए जओ भणियं ॥ ४१९ ॥**

**भरहे-रवय-विदेहे, पन्नरसवि कम्मभूमिया साहू ।**
**इक्कंमि पूईयंमी, सव्वे ते पूईया हुंति ॥ ४२० ॥**

*જેમ વિનય કરવો તેમ આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, નવદીક્ષિત શિષ્ય, સાધર્મિક, કુળ, ગણ અને સંઘ એ દશનું વેયાવચ્ચ કરવું. કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે, ભરત, ઐરવત અને મહાવિદેહ મધ્યે પન્નર કર્મભૂમિમાં વિચરનારા જેટલા સાધુઓ છે તેમાં એક પણ સાધુની પૂજા-સેવા કર્યે છતે તે સર્વે સાધુઓની પૂજા-સેવા કરી જાણવી, એમ બહુ લાભ*

સમજી ચારિત્રપાત્ર સાધુનું ભક્તપાનાદિક વડે વેયાવચ્ચ કરવા ચૂકવું નહિ. ૪૧૯-૪૨૦.

इक्कंमि हीलयंमी, सव्वे ते हीलिया मुणेअव्वा ।
नाणाईण गुणाणं, सव्वत्थ वि तुल्लभावाओ ॥ ४२१ ॥

તેવી જ રીતે એક પણ ચારિત્રવંત મુનિની હીલના કરવાથી તે સર્વે સાધુઓની હીલના કરી સમજવી. કેમકે જ્ઞાનાદિક ગુણોનું સર્વત્ર તુલ્યપણું હોય છે. ૪૨૧.

तम्हा जइ एस गुणो, साहूणं भत्तपाणगाईहिं ।
कुज्जा वेयावच्चं धणयसुओ रायतणउव्व ॥ ४२२ ॥

જ્યારે ગુરુભક્તિમાં આટલો બધો લાભ અને અભક્તિ-આશાતનામાં આટલું બધું નુકસાન છે ત્યારે સુજ્ઞજનોએ **ધનદરાજપુત્ર**ની પેરે આહારપાણી વગેરે વડે સાધુજનોનું વેયાવચ્ચ (અવશ્ય) કરવું. ૪૨૨.

वेयावच्चं नियय़ं, करेह उत्तम गुणे धरंताणं ।
सव्वं किर पडिवाई, वेयावच्चं अपडिवाई ॥ ४२३ ॥

ઉત્તમ ગુણવંત સાધુઓનું જરૂર વેયાવચ્ચ કરવું. કેમકે બીજા શ્રુત ચારિત્રાદિક ગુણો પ્રતિપાતી છે પણ **વેયાવચ્ચ અપ્રતિપાતી ગુણ** છે. ૪૨૩.

पडिभग्गस्स मयस्स व, नासइ चरणं सुअं अगुणणाए ।
न हु वेयावच्चकयं, सुहोदयं नासए कम्मं ॥ ४२४ ॥

ભગ્નપરિણામી થઈને મરણ પામેલા યા વ્રતહીન થયેલાનું ચારિત્ર નષ્ટ થાય છે અને ભણેલું નહિ સંભારનાર (ગણનાર)નું જ્ઞાન નષ્ટ થઈ જાય છે. પરંતુ વેયાવચ્ચથી પ્રાપ્ત થયેલું શુભ વિપાકવાળું પુન્ય નષ્ટ થતું નથી. ૪૨૪.

गिहिणो वेआवडिए, साहूणं वंनिया बहूदोसा ।
जह साहुणी सुभद्दाइ, तेण य विसए तयं कुज्जा ॥ ४२५ ॥

**સુભદ્રા** સાધ્વીની પેરે ગૃહસ્થ(સંસારી લોકો)નું વેયાવચ્ચ કરવામાં સાધુઓને બહુ દોષો શાસ્ત્રમાં કહ્યા છે, તેથી વેયાવચ્ચ શાસ્ત્રનીતિથી કરવું, પણ સ્વછંદપણે નહિ. ૪૨૫.

इच्छिज्ज न इच्छिज्ज व, तहवि पयओ निमंतए साहू ।
परिणामविसुद्धीए, निज्जरा होइ अगहिए वि ॥ ४२६ ॥

વેયાવચ્ચકારી સાધુએ સાધુઓને સાવધાનપણે નિમંત્રણા કરવી ! પછી તે સ્વીકાર કરો અથવા ન કરો પણ પોતાના પરિણામની વિશુદ્ધિથી તો તે ભક્તપાનાદિક સાધુજનો ન સ્વીકારે તો પણ પોતાને નિર્જરા(કર્મક્ષય) જ થાય છે. ૪૨૬.

## स्वाध्यायद्वार-१६

वेयावच्चे अब्भुज्ज-एण तो वायणाइ पंचविहो ।
विच्चंमि य सज्झाओ, कायव्वो परम-पय-हेऊ ॥ ४२७ ॥

વેયાવચ્ચ કરવાને અભ્યુદ્યત-ઉજમાળ સાધુએ વચમાં વચમાં વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા રૂપ પંચવિધ સ્વાધ્યાય પરમ પદ-મોક્ષપ્રાપ્તિને માટે કરવો. ૪૨૭.

इत्तो सव्वन्नूत्तं, तित्थयरत्तं च जायइ कमेण ।
इय परमं मुक्खंगं, सज्झाओ तेण विन्नेओ ॥ ४२८ ॥

*સ્વાધ્યાયથી અનુક્રમે સર્વજ્ઞપણું અને તીર્થંકરપણું પણ પ્રાપ્ત થાય છે, એવી રીતે તે મોક્ષનું પરમ અંગ છે એમ સમજી તેનો અવશ્ય ખપ કરવો. ૪૨૮.*

तं नत्थि जं न पासइ, सज्झाय-विऊ पयत्थ-परमत्थं ।
गच्छइ य सुगइमूलं, खणे खणे परमसंवेगं ॥ ४२९ ॥

*સ્વાધ્યાયવિદ્ સાધુ આગમના સમસ્ત ભાવને જાણી શકે છે, તેનાથી કશું અજાણ્યું રહેતું નથી, અને સદ્ગતિદાયક પરમ વૈરાગ્યને તે ક્ષણે ક્ષણે પ્રાપ્ત થાય છે. ૪૨૯.*

कम्ममसंखिज्जभवं, खवेइ अणुसमयमेव आउत्तो ।
अंनयरंमि वि जोगे, सज्झायंमि विसेसेण ॥ ४३० ॥

*ગમે તે સંયમયોગમાં સાવધાનપણે પ્રવૃત્તિ કરનાર સાધુ સમયે સમયે અસંખ્ય ભવથી સંચિત કરેલાં કર્મને ખપાવે છે, પરંતુ સ્વાધ્યાય-ધ્યાનમાં ઉપયોગ સહિત વર્તતો સાધુ વિશેષે કર્મનિર્જરા કરી શકે છે. ૪૩૦.*

उक्कोसो सज्झाओ, चउसपुव्वीण बारसंगाइं ।
तत्तो परिहाणीए, जाव तयत्थो नमुक्कारो ॥ ४३१ ॥

*ચૌદ પૂર્વધર સાધુને ઉત્કૃષ્ટ સ્વાધ્યાય દ્વાદશાંગરૂપ હોય છે, (મહા પ્રણિધાનાદિક સામર્થ્યથી તે અંતર્મુહૂર્તમાં ચૌદે પૂર્વનું*

પરાવર્તન કરી શકે છે.) પછી ઉત્તરોત્તર ન્યૂનતાએ છેવટ દ્વાદશાંગના સારભૂત નવકાર મંત્ર રૂપ સમજવો. ૪૩૧.

जलणाइ भए सेसं, मुत्तुं इक्कंपि जह महारयणं ।
घिप्पइ संगामे वा, अमोह-सत्थं जह तहेह ॥ ४३२॥

मुत्तंपि बारसंगं, स एव मरणंमि कीरए जम्हा ।
अरहंत-नमुक्कारो, तम्हा सो बारसंगत्थो ॥ ४३३ ॥

જેમ અગ્નિ પ્રમુખનો ભય પ્રાપ્ત થયે છતે શેષ સર્વ વસ્તુને ત્યજી દઈ સારભૂત એક મહારત્ન ગ્રહણ કરી લેવામાં આવે છે, અથવા તો જેમ સંગ્રામ સમયે અમોઘ શસ્ત્ર અંગીકાર કરી લેવામાં આવે છે, તેમ મરણ સમયે પ્રાપ્ત થયે છતે દ્વાદશાંગને પણ ત્યજી નવકાર મહામંત્રનું જ શરણ-સ્મરણ કરવામાં આવે છે. તેથી તે દ્વાદશાંગના સાર-નિચોડ રૂપ છે. ૪૩૨-૪૩૩.

सव्वंपि बारसंगं, परिणाम-विसुद्धि-हेउ-मित्तागं ।
तक्कारण-मित्ताओ, किह न तयत्थो नमुक्कारो ॥ ४३४ ॥

સમગ્ર દ્વાદશાંગ પરિણામવિશુદ્ધિને માટે જ છે, એવી જ રીતે પરિણામવિશુદ્ધિના કારણ રૂપ હોવાથી નવકારમંત્ર તે દ્વાદશાંગના અર્થ રૂપ કેમ ન કહેવાય ? મતલબ કે પરિણામ વિશુદ્ધિકારક હોવાથી નવકાર મંત્ર દ્વાદશાંગના સારરૂપ જ છે. ૪૩૪.

न हु तंमि देसकाले, सक्का बारसविहो सुअखंधो ।
सव्वो अणुचिंतेउं, धंतंपि समत्थचित्तेणं ॥ ४३५ ॥

*તથાપ્રકારના દેશકાળમાં સમગ્ર દ્વાદશવિધ શ્રુતસ્કંધનું અનુચિંતન ગમે તેવા સમર્થ ચિત્તવાળા સાધુ પણ કરી શકતા નથી, તેથી તેવે પ્રસંગે દ્વાદશાંગના સાર રૂપ નવકારમંત્રનું જ સ્મરણ કરવું યુક્ત છે. ૪૩૫.*

## नवकारमंत्र माहात्म्य

**नामाइ मंगलाणं, पढमं चिय मंगलं नुमक्कारो ।**
**अवणेइ वाहि-तक्कर-जलणाइ भयाइं सव्वाइं ॥ ४३६ ॥**

*નામ, સ્થાપનાદિક મંગળોમાં નવકારમંત્ર પ્રથમ-પ્રધાન મંગલ રૂપ છે. તે વ્યાધિ, તસ્કર (ચોર) અને અગ્નિ પ્રમુખ સર્વ ભયનો વિનાશ કરે છે. ૪૩૬.*

**हरइ दुहं कुणइ सुहं, जणइ जसं सोसए भवसमुद्दं ।**
**इहलोय पारलोइअ, सुहाण मूलं नमुक्कारो ॥ ४३७ ॥**

*દુઃખ માત્રને હરે છે, સમસ્ત સુખ કરે છે, યશ આપે છે (વધારે છે), સંસારસમુદ્રને શોષવી નાંખે છે, જન્મમરણનો અંત કરે છે. વધારે શું કહીએ? એ નવકારમંત્ર આલોક સંબંધી અને પરલોક સંબંધી સમસ્ત સુખનું મૂળ છે. ૪૩૭.*

**इह लोगंमि तिदंडी, सादिव्वं माउलिंग वणमेव ।**
**परलोइ चंड पिंगल, हुंडिय जक्खो अ दिट्ठंता ॥४३८ ॥**

*આ લોક સંબંધી સુખ સંબંધે ત્રિદંડીના ઉત્તરસાધક થયેલા શિવકુમારનું પ્રથમ દૃષ્ટાંત, જેમાં નવકાર મંત્રના પ્રભાવથી પોતાનો બચાવ કરી સુવર્ણ પુરુષ પોતાને પ્રાપ્ત થયો. ૪૩૮.*

શ્રીમતી તથા બીજોરાનાં દૃષ્ટાંત અને પરલોક સંબંધી પરલોકમાં ચંડ પિંગલ તથા હુંડિય જક્ષનાં દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે.

## अनायतन त्यागद्वार-१७

**सज्झायंपि करिज्ज, वज्जंतो जत्तओ अणाययणं ।**
**तं इत्थिमाइयं पुण, जईण समए जओ भणियं ॥ ४३९ ॥**

*જ્યાં સાધુજનો મોક્ષને માટે યત્ન કરે તે "આયતન" કહેવાય. તેથી પ્રતિકૂલ તે અનાયતન જાણવું. મતલબ કે મુનિ જનોએ કાળજીથી અનાયતનનો ત્યાગ કરી સ્વાધ્યાય ધ્યાન કરવું! સાધુઓને, સ્ત્રી, પશુ, પંડગ પ્રમુખ અનાયતન કહેલું છે. કેમકે તે આશ્રી શાસ્ત્રમાં એમ કહ્યું છે કે- ૪૩૯.*

**विभूसा इत्थि सामग्गि, पणीयं रसभोअणं ।**
**नरस्सत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥ ४४० ॥**

*વિભૂષા,(વસ્ત્રાદિક વડે શરીરસત્કાર), સ્ત્રીસંસર્ગપરિચય અને પ્રણીત (સ્નિગ્ધ) ખાનપાન, એ બધાં સ્વાત્મહિતેચ્છુ સાધુને તાલપુટ ઝેર જેવાં છે. ૪૪૦.*

**सिद्धंत-जलहि-पारं-गओवि विजिइंदिओवि सूरोवि।**
**थिरचित्तोवि छलिज्जइ, जुवइ-पिसाईहिं खुड्डाहिं ॥४४१ ॥**

*(સાધુ કદાચ) સિદ્ધાન્તસમુદ્રનો પાર પામેલ પણ હોય, જિતેન્દ્રિય હોય, શૂરવીર હોય અને સ્થિર ચિત્તવાળો હોય તો પણ ક્ષુદ્ર એવી સ્ત્રી પિશાચિણીઓ વડે તે છળાઈ જાય છે.૪૪૧*

मयण-नवणीग्र-विलओ, जह जाइ जलणसंनिहाणंमि ।
तह रमणिसंनिहाणे, विद्दवइ मणो मुणीणंपि ॥ ४४२ ॥

*જેમ મીણ અને માખણ, અગ્નિ આગળ દ્રવી-પાણી થઈ જાય છે, તેમ સ્ત્રીની સમીપે તેમનો સંસર્ગ કરવાથી મુનિઓનું મન પણ દ્રવી જાય છે. ૪૪૨.*

नीयंगमाहिं सुपओहराहिं उप्पित्थ-मंथरगईहिं ।
महिलाहिं निन्नयाहि य, गिरिवरगरुया वि भिज्जंति ॥४४३ ॥

*નીચગામી, સારાં પયોધર (સ્તન-જળાશય)ને ધારણ કરનારી, મનહર મંદ (ધીમી) ગતિથી ચાલનારી નદીઓની જેવી નારીઓ ગિરિવર(ડુંગર) જેવા ગબ્બર લોકોને પણ ભેદી નાખે છે. ૪૪૩.*

घणमालाउ व दून्नमंत सुपओहराउ वड्ढंति ।
मोहविसं महिलाओ,दुनिरुद्ध विसं व पुरिसस्स ॥४४४ ॥

*અતિ ઉન્નતિને પામેલા પયોધર (સ્તન-જળધર)વાળી મહિલા - સ્ત્રીઓ મેઘઘટાની જેમ પુરુષના અનિવાર્ય વિષની પેરે મોહ વિષયને વધારે છે. મતલબ કે જેમ મેઘઘટા દેખવાથી કોઈક તેવું ઝેર અભિવૃદ્ધિ પામે છે, તેમ સ્ત્રીઓને જોવાથી પણ મોહવિષ વૃદ્ધિ પામે છે. ૪૪૪.*

सिंगार-तरंगाए, विलास-वेलाइ जुव्वण-जलाए।
के के जयंमि पुरिसा, नारि-नईए न बुड्डुंति॥ ४४५ ॥

*શૃંગાર રૂપી તરંગવાળી, વિલાસ (હાવભાવ) રૂપી વેલા (ભરતી)વાળી અને યૌવન રૂપી જલવાળી નારી રૂપી નદીઓ વડે જગતમાં કોણ કોણ પુરુષો ડૂબતા નથી ? મતલબ કે શૃંગાર, વિલાસ અને યૌવન વાળી વનિતા વડે કઈ કઈ લોકો તણાઈ ગયા છે. તેમનો પત્તો પણ ક્યાંય મળતો નથી. ૪૪૫.*

**जुव्वईहिं सह कुणंतो, संसग्गिं कुणइ सयलदुक्खेहिं ।**
**न हि मूसगाण संगो, होइ सुहो सह विडालीहिं ॥ ४४६ ॥**

*સ્ત્રીઓ સાથે સોબત કરનાર સમસ્ત દુ:ખો સાથે સોબત કરનાર જાણવો. મતલબ કે સ્ત્રીલુબ્ધ માણસ સમસ્ત આપદાને પામે છે. શું બિલાડીની સાથે સોબત કરનાર મૂષક(ઉંદર)ને કદાપિ ક્ષેમ હોય? ન જ હોય. ૪૪૬.*

**रोयंति रुआवंति अ, अलियं जंपंति पत्तियावंति।**
**कवडेण य खंति विसं,महिलाओ न जंति सब्भावं॥ ४४७॥**

*વળી સ્ત્રીઓ પોતે રુદન કરે છે તેમજ બીજાને રુદન કરાવે છે, અસત્ય બોલે છે, છતાં પોતે સાચી છે એમ પ્રતીતિ કરાવે છે. વળી કપટથી વિષ ખાય છે. એવી રીતે નારીઓ સરલતાને આદરતી નથી, પણ વક્રતાને જ પ્રાય: ધારે છે. ૪૪૭.*

**परिहरसु तओ तासिं, दिट्ठिं दिट्ठीविसस्स व अहिस्स ।**
**जं रमणिनयणबाणा, चरित्तपाणे विणासंति ॥ ४४८ ॥**

*તેટલા માટે દષ્ટિવિષ સર્પની દષ્ટિ જેવી સ્ત્રીઓની દષ્ટિનો તું ત્યાગ કર ! મતલબ કે સ્ત્રીઓની દષ્ટિ-સાથે તારી દષ્ટિ*

જોડીશ નહિ. કેમકે સ્ત્રીઓનાં કટાક્ષબાણ ચારિત્ર રૂપ ભાવપ્રાણનો વિનાશ કરી નાંખે છે. ૪૪૮.

**जइ वि परिचत्तसंगो, तवतणुअंगो तहावि परिवडइ ।**
**महिला संसग्गीए, पवसिअ-भवणूसिय-मुणिव्व ॥४४९॥**

કામરાગ (વિષયરાગ) જેણે તજી દીધો હોય અને તપથી શરીર કૃશ કરી નાખ્યું હોય એવો સાધુ પણ સ્ત્રીના સંસર્ગથી વિદેશ ગયેલા વણિકના ગૃહ સમીપે વિશ્રાન્તિને માટે ઊભા રહેલા સાધુની પેરે સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે.

ઉપર જણાવેલા **અરણિક** મુનિનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે,જે પ્રથમ વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કર્યા છતાં સ્ત્રીસંસર્ગમાં ફસાઈ પડ્યા હતા, પરંતુ માતાને દેખી પુનઃ પ્રતિબોધિત થઈ તપ્ત શિલાતલ ઉપર અનશન કરી શુભ ધ્યાનથી સદ્‌ગતિ પામ્યા. ૪૪૯.

**इयरित्थीणवि संगो, अग्गी सथ्थं विसं विसेसेइ ।**
**जा संजईहिं संगो, सो पुण अइदारुणो भणिओ ॥ ४५०॥**

અન્ય ગૃહસ્થ સ્ત્રીઓનો સંગ પણ સાધુઓને અગ્નિ, શસ્ત્ર અને વિષથી પણ અધિક દુઃખદાયી છે, તો પછી સંજતી-સાધ્વીનો સંગ તો વળી અતિદારુણ (ભયંકર) પરિણામવાળો થાય છે. તેથી તે વિશેષ કરીને પરિહરવો. ૪૫૦.

**चेईय-दव्व-विणासे, रिसिघाए पवयणस्स उड्डाहे ।**
**संजइ-चउत्थ-भंगे, मूलग्गी बोहिलाभस्स ॥ ४५१॥**

*દેવદ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિનો ઘાત કરવાથી, શાસનનો ઉડ્ડાહ કરવાથી અને સાધ્વીનું બ્રહ્મચર્ય ખંડવાથી બોધિલાભના મૂળમાં અગ્નિ મૂક્યો જાણવો! મતલબ કે એવું અનાચરણ કરનાર અનંત સંસારપરિભ્રમણ કરતાં પણ પુનઃ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકતો નથી. ૪૫૧*

**चेईय-दव्वं साहारणं च, जो मुसइ जाणमाणोवि ।**
**धम्मंपि सो न याणइ, अहवा बद्धाउओ नरए ॥ ४५२ ॥**

*જે જાણી જોઈને દેવદ્રવ્ય કે સાધારણદ્રવ્યની ચોરી કરે છે તે મૂઢ ધર્મના મર્મને જાણતો નથી અથવા તો તેણે પૂર્વે નરકનું આયુષ્ય બાંધ્યું હોવું જોઈએ. તે વિના તેવું દુર્ઘટ કામ કરાય જ કેમ ? ૪૫૨.*

**जमुवेहंतो पावइ, साहूवि भवं दुहं च सोऊण ।**
**संकासमाइयाणं, को चेइयदव्वमवहरइ ॥ ४५३ ॥**

*ઉક્ત દ્રવ્યની ઉપેક્ષા કરતો, છતી શક્તિએ તે બાબત અનાદર કરતો સાધુ પણ અનંત ભવભમ્રણ કરે તે તથા તેથી સંકાસ પ્રમુખ શ્રાવકને જે દુઃખ અનુભવવું પડ્યું છે તે સાંભળી ચૈત્ય (દેવ) દ્રવ્ય કોણ અપહરે? (ચોરે ?) ઉક્ત સંકાસ શ્રેષ્ઠી પ્રમુખનાં ચરિત્ર દ્રવ્યસિત્તરી પ્રમુખ ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે તે ત્યાંથી તપાસી, દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય તેમજ જ્ઞાન દ્રવ્યાદિકની બનતી રક્ષા કરવી. ૪૫૩.*

जो लिंगिणिं निसेवइ, लुद्धो निद्धंधसो महापावो ।
सव्व जिणाण झेओ, संघो आसाइओ तेण ॥ ४५४ ॥

*જે સાધ્વીની સાથે વિષયભોગ કરે છે તે લુબ્ધ, નિદ્ધંધસ, અને મહાપાપી છે. તેણે સર્વ જિનોને ધ્યેય-આરાધના યોગ્ય શ્રી સંઘની આશાતના કીધી જાણવી. ૪૫૪*

पावाणं पावयरो, दिट्ठिब्भासे वि सो न कायव्वो ।
जो जिणमुद्दे समणिं, नमिउं तं चेव धंसेइ ॥ ४५५ ॥

*જ્ઞાનાદિક ગુણના આધાર રૂપ હોવાથી શ્રમણી-શ્રમણભૂત શ્રી જિનમુદ્રાને નમીને જે તેનો જ ધ્વંસ-વિનાશ કરે છે તે મહાપાપી છે. તેવા મહાપાપીનું મુખ પણ કદાપિ જોવું ન જોઈએ. ૪૫૫.*

संसारमणवयग्गं, जाइ-जरा-मरण-वेअणा-पवरं ।
पाव-मल-पडल-छन्ना, भमंति मुद्दा-धरिसणेणं ॥४५६ ॥

*જિનમુદ્રાનો લોપ કરવાથી પાપના પુંજથી ભારે થયેલા દુર્ભવ્યો જન્મજરામરણની વેદનાથી ભરેલા અનંત અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. ૪૫૬.*

अन्नेपि अणाययणं, परं तित्थयमाईयं विवज्जिज्जा ।
आययणं सेविज्जसु, वुड्ढिकरं नाणमाईणं ॥ ४५७ ॥

*બીજા પણ પરતીર્થિકર સંબંધી અનાયતનનો પરિહાર કરવો અને જ્ઞાનદર્શનાદિક ગુણની વૃદ્ધિ કરે એવાં આયતનો સુસ્થાનકો સેવવાં. ૪૫૭.*

भावुग-दव्वं जीवो, संसग्गीए गुणं च दोसं च ।
पावइ इत्थाहरणं, सोमा तह दियवरो चेव ॥ ४५८ ॥

*જીવ દ્રવ્ય ભાવુક (પરિણામી) છે તેથી સંસર્ગવશાત્ તેને ગુણ યા દોષ પ્રાપ્ત થાય છે, મતલબ કે જેવો સંસર્ગ તેવો તેને ગુણ દોષ થાય છે. તે ઉપર સોમા તથા દ્વિજવરનું ઉદાહરણ સમજવું. ૪૫૮.*

## परपरिवादनिवृत्तिद्वार-१८

सुठ्ठुवि गुणे धरंतो, पावइ लहुअत्तणं अकित्तिं च ।
परदोस-कहा-निरओ, उक्करिसपरो अ सगुणेसु ॥४५९॥

*ગમે તેવા ગુણને ધારણ કરતો છતો પારકા દોષ કહેવામાં રસિક અને પોતાના ગુણનો ગર્વ કરનાર લઘુતા અને અપજશને પામે છે. ૪૫૯.*

आयरइ जइ अकज्जं, अन्नो किं तुज्झ तत्थ चिंताए ।
अप्पाणं चिअ चिंतसु, अज्जवि वसगं भवदुहाणं ॥४६० ॥

*અન્ય કોઈ કર્મવશાત્ અકાર્ય આચરતો હોય તેની તારે ચિંતા કરવાનું શું પ્રયોજન છે? તું તો અદ્યાપિપર્યંત ભવદુઃખને વશ પડેલા પોતાના આત્માની જ ચિંતા કર ! જન્મ મરણના દુઃખ થકી આત્મા શી રીતે છૂટી શકે તેનો વિચાર કર. ૪૬૦.*

परदोसं जंपंतो, न लहइ अत्थं जसं न पावेइ ।
सुअणंपि कुणइ सत्तुं, बंधइ कम्मं महाघोरं ॥४६१॥

પારકા દોષને કહેતો તું નથી તો પામતો દ્રવ્ય કે નથી પામતો યશ. ઊલટો તેમ કરવાથી પોતાના સ્વજન-સંબંધીને પણ તું શત્રુ બનાવે છે. અને મહાઘોર-દુઃખદાયી કર્મ બાંધે છે. માટે પરદોષ કથવાથી પાછો નિવર્ત. ૪૬૧.

**समयंमि निग्गुणेसुवि, भणिया मज्झत्थ भावणा चेव ।**
**परदोस-गहणं पुण, भणियं अन्नेहिं वि विरुद्धं ॥४६२॥**

શાસ્ત્રમાં નિર્ગુણી જનો ઉપર મધ્યસ્થ ભાવના રાખવી કહી છે, અને પરદોષ ગ્રહણ કરવાનું તો અન્ય દર્શનીઓએ પણ નિષેધ્યું છે, તો પછી પરમ પવિત્ર સર્વજ્ઞ વીતરાગપ્રણીત દર્શનમાં તો કહેવું જ શું ? ૪૬૨.

**लोओ परस्स दोसे, हथ्थाहथ्थिं गुणे य गिन्हंतो ।**
**अप्पाणमप्पणो चिय, कुणइ सदोसं च सगुणं च ॥ ४६३ ॥**

પારકા દોષને અને ગુણને સ્વયં સાક્ષાત્ ગ્રહણ કરતાં લોક પોતાના આત્માને જ અનુક્રમે દોષવાન્ અને ગુણવાન્ બનાવે છે; એમ સમજી સદ્ગુણી બનવા ઈચ્છતા જનોએ પરના સદ્ગુણો જ ગ્રહવા ઉચિત છે. ૪૬૩.

**भूरिगुणा विरलच्चिय, इक्कगुणो वि हु जणो न सव्वत्थ**
**निद्दोसाण वि भद्दं, पसंसिमो थोवदोसेवि ॥ ६६४॥**

જેનામાં અનેક સદ્ગુણો હોય એવા તો જગતમાં બહુ-વિરલાં જ જણાય છે, પરંતુ એક જ્ઞાનાદિક પુષ્ટગુણવાળા લોકો

પણ સર્વત્ર જણાતા નથી, તેવા એકાદ પુષ્ટ ગુણવાળા પણ કોઈક સ્થળે જ લાભે છે. ગુણ રહિત છતાં પણ જેનામાં (રાગદ્વેષાદિ પ્રબળ) દોષો નથી તેમનું પણ કલ્યાણ સંભવે છે તેમજ જેનામાં અતિ અલ્પ (મંદ) દોષો છે તેમની પણ અમે પ્રશંસા-અનુમોદના કરીએ છીએ. ૪૬૪.

**परदोसकहा न भवइ, विणा पओसेण सो य भवहेऊ ।**
**खमओ कुंतलदेवी, सूरी य इह उदाहरणा ॥ ४६५ ॥**

પ્રદ્વેશ-ઈર્ષ્યા-અદેખાઈ વગર પારકા દોષ કહેવાતા નથી અને તે પ્રદ્વેષ ભવવૃદ્ધિનું કારણ છે એમ સમજીને પર અપવાદ પરિહરવા યોગ્ય જ છે. અત્ર વિષયે ક્ષપક, કુંતલદેવી અને સૂરિનાં ઉદાહરણો કહેલાં છે. ૪૬૫.

## धर्मस्थिरताद्वार-१९

**पुव्वुत्तगुणसमग्गं, धरिउं जइ तरसि नेय चारित्तं ।**
**सावयधम्मंमि दढो, हविज्ज जिण पूयणुज्जुत्तो ॥ ४६६ ॥**

કષાયજય, ઈંદ્રિયજય, પ્રમુખ ગુણ વડે સંપૂર્ણ ચારિત્રને ધારવા તું સમર્થ ન હો તો તારે જિનેશ્વર પ્રભુની પૂજામાં ઉજમાળ બની શ્રાવક ધર્મમાં દૃઢ થવું. ૪૬૬.

**वर-पुप्फ[१]-गंध[२]-अक्खय[३]-पईव[४]-फल[५]-धूव[६]-नीर[७]-पत्तेहिं ।**
**नेवज्जविहाणेहि य, जिणपूया अट्ठहा भणिया ॥४६७॥**

ઉત્તમ પુષ્પ, ગંધ (ચંદન પ્રમુખ), અક્ષત, પ્રદીપ, ફળ,

ધૂપ, જળપાત્ર-(કળશ) અને નૈવેદ્ય ઢોકવા વડે જિનપૂજા અષ્ટ પ્રકારની કહી છે. ૪૬૭.

**उवसमइ दुरियवग्गं, हरइ दुहं जणइ सयलसुक्खाइं ।**
**चिंताइअंपि फलं, साहइ पूआ जिणंदाणं ॥ ४६८ ॥**

*જિનપૂજા દુરિત (પાપ) સમૂહને શમાવે છે, દુઃખને હરે છે, સમસ્ત સુખ આપે છે, તેમજ સ્વર્ગ-મોક્ષ સંબંધી અચિંત્ય ફળ સમર્પે છે. ૪૬૮.*

**पुप्फेसु कीर जुयलं, गंधाइसु विमल-संख-वरसेणा ।**
**सिव-वरुण-सुजस-सुव्वय, कमेण पूयाइ आहरणा ।४६९।**

*પ્રભુની પુષ્પપૂજા કરવામાં કીરયુગલ (બે પોપટ)નું દૃષ્ટાન્ત, સુગંધી બાવના ચંદન પ્રમુખ વડે પૂજા કરવામાં વિમલ, શંખ, વરસેન, શિવ, વરુણ, સુયશ અને સુવ્રત અનુક્રમે ઉદાહરણ રૂપે સમજવા. ૬૫૯.*

**अन्नो सुखखंमि जओ, नथ्थि उवाओ जिणेहिं निद्दिठ्ठो ।**
**तम्हा दुहओ चुक्का, चुक्का सव्वाणवि गईणं ॥ ४७० ॥**

*જિનેશ્વર ભગવાને અક્ષય સુખ-મોક્ષ પામવાનો અન્ય કોઈ ઉપાય બતાવેલો નથી. તેથી જે મુનિમાર્ગ(સર્વ સંયમ) અને ગૃહસ્થ-શ્રાવકધર્મ (દેશસંયમ) એ ઉભયથી ચૂક્યા તે સર્વ પ્રકારના સુખ થકી ચૂક્યા સમજવા. ૪૭૦.*

तो अवगय परमत्थो, दुविहे धम्मंमि हुज्ज दढचित्तो।
समयंमि जओ भणिया, दुलहा मणुयाइसामग्गी ।।४७१ ।।

*તેથી પરમાર્થ સમજી વીતરાગપ્રણીત ઉક્ત દ્વિવિધ ધર્મમાં સુદૃઢ થવું-રહેવું. કેમકે આ મનુષ્યાદિક શુભ સામગ્રી પુનઃ પુનઃ પામવી શાસ્ત્રમાં દુર્લભ કહી છે. ૪૭૧.*

अइदुल्लहंपि लद्धुं , कहमवि मणुयत्तणं पमायपरो ।
जो न कुणइ जिणधम्मं, सो झूरइ मरणकालंमि ।।४७२ ।।

*કોઈ રીતે પૂર્વ પુણ્યયોગે અતિ દુર્લભ એવો પણ મનુષ્ય-ભવ પામીને જે પ્રમાદથી જિનધર્મને સેવતો નથી તેને પાછળથી અવસાન વખતે બહુ ઝૂરવું પડે છે. ૪૭૨.*

जह वारिमज्झछूढु व्व, गयवरो मच्छंउ व्व गलगहिओ ।
वरगुरपडिओ व्व मओ,संवट्टइ उ जह व पक्खी ।।४७३ ।।

*જેમ કાદવમાં ખૂચેલો મયગળ-હાથી, ગલગ્રાહિત (લોહમય ખીલાવડે પકડાએલો) મચ્છ, પારધીની જાળમાં સપડાયેલો મૃગલો અને પાશમાં પડેલું પંખી શોચે છે - ઝૂરે છે તેમ મરણકાળે સુકૃત કમાણી વગરના જીવને ઝૂરવું પડે છે. ૪૭૩.*

जललवचलंमि विहवे, विज्जुलयाचंचलंमि मणुयत्ते ।
धम्मंमि जो विसीयइ, सो का पुरिसो न सप्पुरिसो ।।४७४ ।।

*કુશાગ્ર સ્થિત જળબિંદુ સદૃશ લક્ષ્મી ચંચળ હોવાથી તેમજ વિદ્યુત્‌લતા (વીજળી) જેવું યૌવન, આયુષ્ય વિગેરે અસ્થિર*

હોવાથી ધર્મસેવનમાં જે પ્રમાદ કરે છે-ઉપેક્ષા કરે છે તે કાપુરુષ છે, સત્પુરુષ નથી. ૪૭૪.

**वरविसयसुहं सोहग्ग-संपयं वररूवजसकित्तिं ।**
**जइ महसि जीव निच्चं,ता धम्मे आयरं कुणसु ॥४७५॥**

જો તું ઉત્તમ વિષય-ભોગ, સુખ, સૌભાગ્ય, સંપદા અને સુંદર રૂપ, યશકીર્તિને ઈચ્છતો હોય તો હે આત્મન્! તું ધર્મકાર્યમાં સદાય આદર કર! ધર્મસાધના કરવામાં લગારે પણ પ્રમાદ-ઉપેક્ષા ન કર. ૪૭૫.

**धम्मेण विणा परिचिंतियाइं जइ हुंति कहवि एमेव ।**
**ता तिहुयणंमि सयले, म हुज्ज इह दुक्खिओ कोइ ॥४७६॥**

જો ધર્મસેવન વગર એમના એમ જ મનવાંછિત સુખ મળતાં હોય તો સકળ ત્રિભુવનમાં ક્યાંય કોઈ પણ દુઃખી દુઃખ-ભાગી ન હોત. ૪૭૬.

**तुल्लेवि माणुसत्ते, केवि सुहि दुक्खिया य जं अन्ने ।**
**तं निउणं परिचिंतसु, धम्माधम्मफलं चेव ॥ ४७७॥**

મનુષ્યપણું સહુમાં સાધારણ હોવા છતાં કેટલાક સુખી તો કેટલાક દુઃખી દેખાય છે. તે ઉપરથી વિવેકપૂર્વક વિચાર કરી જોઈશ તો જણાશે કે તે પ્રત્યક્ષ પુણ્ય અને પાપ (ધર્મ અને અધર્મ)નું જ પરિણામ છે. ૪૭૭.

ता जइ मणोरहाणवि, अगोयरं उत्तमं फलं महसि ॥
ता धणमित्तुव्व दढं, धम्मेच्चिय आयरं कुणसु ॥४७८॥

*તેથી તું જો મનોરથને પણ અગોચર એવાં ઉત્તમ ફળની ઈચ્છા કરતો હોય તો ધનમિત્રની જેમ ધર્મ વિષે દૃઢ આદર કર! ૪૭૮.*

## परिज्ञाद्वार-२०

इय सव्वगुणविसुद्धं, दीहं परिपालिऊण परियायं ।
तत्तो कुणंति धीरा, अंते आराहणं जम्हा ॥४७९॥

*અનંતર કહેલા સમસ્ત ગુણ વડે વિશુદ્ધ એવું ચારિત્ર દીર્ઘકાળપર્યંત સમ્યગ્ સેવી અંતે-અવસાન વખતે મહાસત્ત્વવંત પુરુષો (તીર્થંકર ગણધર પ્રમુખ સાધુજનો) પાદપોપગમન અનશન વડે આરાધના કરે છે. કેમ કે- ૪૭૯.*

सुचिरंपि तवं तवियं, चिन्नं चरणं सुयं च बहुपढियं ।
अंते विराहइत्ता, अणंतसंसारिणो भणिया ॥४८०॥

*બહુ લાંબો વખત તપ આચરણ કર્યું હોય, ચારિત્ર પાળ્યું હોય, અને બહુશ્રુત અભ્યાસ કર્યો હોય તોપણ અંતે જો તેની વિરાધના કરે તો તે અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે, એમ શાસ્ત્ર-સિદ્ધાન્તમાં કહેલું છે. ૪૮૦.*

काले सुपत्तदाणं, चरणे सुगुरूण बोहिलाभं च ।
अंते समाहिमरणं, अभव्वजीवा न पावंति ॥ ४८१॥

તથાવિધ્ અવસરે સુપાત્રદાન, સદ્ગુરુના ચરણ સમીપે બોધિલાભ અને અંતે મરણ સમયે સમાધિ (આરાધના) એટલાં વાનાં અભવ્યને તેમજ દુર્ભવ્યને પ્રાપ્ત થતાં જ નથી. તેમાં સમાધિ મરણ આશ્રી શાસ્ત્રકાર ખુલાસો કરે છે. ૪૮૧.

**सपरक्कमेयरं पुण, मरणं दुविहं जिणेहिं निद्दिट्ठं ।**
**इकिक्कंपि य दुविहं, निव्वाघायं च वाघायं ॥ ४८२ ॥**

**सपरक्कमं तु तहियं, निव्वाघायं तहेव वाघायं ।**
**जीयकप्पंमि भणियं, इमेहिं दारेहिं नायव्वं ॥ ४८३ ॥**

તે મરણ જિનોએ બે પ્રકારનું કહ્યું છે. એક સપરાક્રમ અને બીજું અપરાક્રમ. તે પણ પ્રત્યેક નિર્વ્યાઘાત અને સવ્યાઘાતના ભેદથી બે બે પ્રકારનું છે. તેમા જે રોગ, પીડા, સર્પદંશ, અગ્નિદાહ અને શસ્ત્રઘાતાદિક વગર સ્વસ્થ દશામાં મરણ થાય તે નિર્વ્યાઘાત અને તેથી વિપરીત સવ્યાઘાત જાણવું. તેમાં બંને પ્રકારના સપરાક્રમ મરણ સંબંધે જીતકલ્પ ભાષ્યમાં આ આગળ કહેવાતાં દ્વારો વડે વ્યાંખ્યા કરેલી છે. ૪૮૨-૪૮૩.

**गणनिसरणा परगणे, सिति संलेहि अगीय-संविग्गे ।**
**एगाऽभोगाणमन्ने, अणपुच्छ परिच्छया-लोए ॥४८४॥**

**ठाण-वसही-पसत्थे, निज्जवगा दव्वदाइणा चरिमे ।**
**हाणि परितंत निज्जर, संथारुव्वत्तणाईणि ॥ ४८५ ॥**

**सारेऊण य कवयं, निव्वाघाएण चिंधकरणं च ।**
**वाघाए जायणया, भत्तपरिन्ना य कायव्वा ॥ ४८६ ॥**

સ્વગણ થકી નિર્ગમ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક નિઃસરવું, પરગણમાં વિધિ વડે સંક્રમણ કરવું, પ્રશસ્ત અધ્યવસાય પરંપરા રૂપ ભાવશ્રેણિ આદરવી, શરીર કષાયાદિક કૃશ કરવા રૂપ સંલેખના કરવી (છ માસથી માંડી ૧૨ વર્ષ પર્યંત), અગીતાર્થને તજી દઈ ગીતાર્થ પાસે જ અનશન આદરવું, તે પણ સંવિગ્ન (ભવભીરુ) ગીતાર્થ પાસે પચ્ચક્ખાણ કરવું, ગીતાર્થ સંવિગ્ન પણ એક જ નિર્યાપક કરવો, નિર્વિઘ્નપણે અનશન આરાધનાર્થે અતિશય (અતિંદ્રિય) જ્ઞાનાદિકમાં ઉપયોગ મૂકવો, સમકાળે અનેરો સાધુ અનશન નિમિત્તે આવ્યો છતે એક સાધુ સંલેખના કરે અને એક અનશન કરે એવી રીતે યથાયોગ્ય કરવું, સ્વગણની આજ્ઞા વગર અનશન કરવા ઉજમાળ થનારને આચાર્યે સહસા અંગીકાર કરવો નહિ, અનશન નિમિત્તે આવેલા સાધુની આચાર્યે તેમ સાધુઓએ ભલી રીતે પરીક્ષા કરવી, તેમજ આવનારે પણ તેમની પરીક્ષા કરવી. અનશન ગ્રહણ કરનાર સાધુને દીક્ષા દિવસથી માંડી આલોચના આપવી. ઉપદ્રવ રહિત પ્રશસ્ત સ્થાનમાં અનશન અંગીકાર કરવું, પ્રશસ્ત વસતીમાં સાધુઓએ અન્યત્ર અને અનશન કરનારે અન્યત્ર રહેવું (મતલબ બીજા સાધુઓ આહારાદિ અન્યત્ર કરે.). એક અનશન આશ્રી પણ અનેક કાર્ય નિમિત્તે અનેક નિર્યાપક કરવા. અંતસમયે અનશન કરનારની ઈચ્છાને અનુસરી તેને સમાધિ ઉપજાવવા ઈચ્છિત દ્રવ્ય બતાવવાં, ખેદ રહિત કેવળ નિર્જરા માટે જ ખપી સાધુઓએ તેનું વૈયાવચ્ચ કરવું. અનશન કરનાર સમીપે ગુરુ મહારાજે તેનો વૈરાગ્ય ઉપયોગ સતેજ રહે તેવી કર્મનિર્જરા આશ્રી પ્રરૂપણા

કરવી, અનશન કરનારને શરીર ફેરવવાની જરૂર પડે તેમજ તેવું જ બીજું કામ પડે તો તે સમર્થ, સ્થિર, ગંભીર અને સુકોમળ હાથવાળા પાસે કરાવવું, કદાચ અનશનકાર અનશન લીધા છતાં આહાર માગે તો તેની ભલી રીતે પરીક્ષા કરી પછી તેને સમાધિ ઊપજે તેમ ઉચિત આહાર આપવો, આવી રીતે નિર્વિઘ્ને અનશન પામી કાળગત થયેલા સાધુને ચિહ્ન કરવું. (પ્રથમ કેશલોચ કરલો હોય તોપણ ઘણા દિવસ થઈ ગયા હોય તો છેવટ પણ ફરી લોચ કરવો તેમજ રજોહરણાદિક ઉપકરણ તેની સમીપે મૂકી રાખવાં.) જો તે અનશન આરાધના નિષ્ફળ ગઈ હોય એટલે જો તેની વિરાધના થઈ હોય તો અન્ય અનશન કરવા ઈચ્છનાર તે સ્થાને પ્રવેશ કરી શકે. (એટલે જે સંલેખના કરવામાં પ્રવૃત્ત થયેલા હોય તે અનશન અંગીકાર કરે.) એવી રીતે બન્ને પ્રકારે સપરાક્રમ અનશન સ્વરૂપ સમજાવી, હવે અપરાક્રમ અનશન સ્વરૂપ શાસ્ત્રકાર જણાવે છે. ૪૮૪-૪૮૫-૪૮૬.

**अपरक्कमो बलहीणो, निव्वाघाएण कुणइ गच्छंमि ।**
**वाघाओ रोग-विसाइएहिं, तह बिज्जुमाईहिं ॥ ४८७॥**

જે પરગચ્છમાં જઈ અનશન અંગીકાર કરી શકે એવો સમર્થ ન હોય તો તે રોગાદિક ઉપદ્રવ રહિતપણે સમાધિથી સ્વગચ્છમાં પણ અનશન આદરી કાળધર્મ કરે તો નિર્વ્યાઘાત અનશન સમજવું. અને રોગ, વિષ તેમજ વીજળી પ્રમુખ વ્યાઘાત પ્રાપ્ત થયે તત્કાળ અનશન આદરી કાળ કરે તે સવ્યાઘાત અનશન સમજવું. ૪૮૭.

इक्कं पंडियमरणं, छिंदइ जाई सयाइं बहुआइं ।
इक्कंपि बालमरणं, कुणइ अणंताइं दुक्खाइं ॥४८८॥

*એક જે પંડિતમરણ (સર્વવિરતિવંત સમાધિપૂર્વક અનશન આરાધી કાળ કરે) તે અનેક સેંકડો ગમે ભવનો અંત કરે છે. અને બીજું જે બાલમરણ (અવિરતિપણે આરાધના રહિત કાળ કરે.) તે અનંત જન્મમરણનાં દુ:ખો આપે છે. ૪૮૮.*

धीरेणवि मरियव्वं, काउरिसेण वि अवस्स मरियव्वं ।
ता निच्छियंमि मरणे, वरं खु धीरत्तणे मरिउं ॥ ४८९॥

*ધીર, મહાસત્ત્વને પણ મરવું છે, અને કાયરને પણ અવશ્ય મરવાનું છે. જ્યારે મરણનિશ્ચિત જ થવાનું છે ત્યારે ધીરપણે જ મરવું સારું છે. ૪૮૯.*

पाउवगमण-इंगिणि, भत्तपरिन्नाइ विबुहमरणेण ।
जंति महाकप्पेसु, अहवा पावंति सिद्धिसुहं ॥ ४९०॥

*પાદપોપગમન, ઈંગિણી અને ભક્તપરિજ્ઞાદિક પંડિત મરણથી મુનિઓ મહાકલ્પ (અનુત્તર વિમાન)માં ઉત્પન્ન થાય છે. અથવા તો મોક્ષસુખ પામે છે. ૪૯૦.*

सुरगण सुहं समग्गं, सव्वद्धा पिंडियं जइ हविज्जा ।
न वि पावइ मुत्ति-सुहं,णंताहिं वि वग्गवग्गूहिं ॥४९१॥

*સર્વ કાળનાં સુરગણનાં સમગ્ર સુખ જો એકઠાં કરી તેમને અનંતીવાર વર્ગે વર્ગીત કર્યાં હોય તો પણ તે મોક્ષના સુખની હોડે આવી ન શકે. ૪૯૧.*

दुक्खं जरा विओगो, दारिद्दं रोय-सोय-रागाई ।
तं च न सिद्धाण तओ,ते च्चिय सुहिणो न रागंधा ॥ ४९२ ॥

*દુઃખ, જરા, વિયોગ, દારિદ્ર, રોગ, શોક, અને રાગાદિક વિકારો સિદ્ધ ભગવાનને નથી તેથી તેઓ જ સુખી છે. પણ રાગથી અંધ બનેલા દેવાદિક સુખી નથી. ૪૯૨.*

निच्छिन्न-सव्व-दुक्खा, जाइ-जरा-मरण-बंधण-विमुक्का।
अव्वाबाहं सुक्खं, अणुहंती सासयं सिद्धा ॥ ४९३ ॥

*સર્વ દુઃખથી સર્વથા મુક્ત થયેલા, તેમજ જન્મ, જરા અને મરણના બંધનથી સર્વથા મુકાયેલા સિદ્ધ ભગવાન શાશ્વત અવ્યાબાધ સુખને અનુભવે છે. ૪૯૩.*

संते वि सिद्धिसुक्खे, पुव्वुत्ते दंसिअंमि वि उवाए ।
लद्धेवि माणुसत्ते, पत्तेवि-जिणिंद-वर-धम्मे ॥ ४९४ ॥

जं अज्जवि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंधो ।
तं नज्जइ गरुयाणवि, अलंघणिज्जो महामोहो ॥ ४९५ ॥

*એક પ્રકારનું મોક્ષસુખ વિદ્યમાન છતાં તેમજ તેવું સુખ પ્રાપ્ત કરવા પૂર્વોક્ત અભયદાનાદિક ઉપાય બતાવ્યા છતાં અને મનુષ્યપણું તથા જિનેશ્વરપ્રણીત ધર્મ પ્રાપ્ત થયે છતે અદ્યાપિપર્યંત જીવોને દુઃખદાયી વિષયોમાં જે પ્રતિબંધ આસક્તિ દેખાય છે તેથી એમ સમજાય છે કે (મોટા પુરુષોને પણ પ્રાયઃ) મહા મોહ દુર્લંઘ્ય છે. ૪૯૪-૪૯૫.*

नाऊण सुअबलेणं, करयलमुत्ताहलं व भुवणयलं ।
केवि निवडंति तह विहु, पिच्छसु कम्माण बलिअत्तं ।४९६।

*શ્રુતજ્ઞાનના બળથી હસ્તગત મુક્તાફળની પેરે જગતને જાણીને પણ ચારિત્રાદિક ગુણથી કેટલાક ભ્રષ્ટ થાય છે તેથી જુઓ કે કર્મનું કેટલું પ્રબળપણું છે. ૪૯૬.*

इक्कंपि पयं सोउं, अन्ने सिज्झंति समर-निवइ व्व ।
संजाय-कंम-विवरा, जीवाण गई अहो विसमा ॥ ४९७॥

*અન્ય કંઈક હળુકર્મી જીવો સમરનૃપતિની પેરે કર્મવિવર પામીને એક પણ (પવિત્ર) પદ સાંભળી મોક્ષસુખ પામે છે, અહો જીવોની ગતિ વિચિત્ર છે. ૪૯૭.*

तम्हा सकम्म-विवरे, कज्जं साहंति पाणिणो सव्वे ।
तो तह जइज्ज संमं, जह कम्मं खिज्जइ असेसं ॥ ४९८॥

*ઉપલી હકીકતથી એમ સિદ્ધ થાય છે કે, પોતાના સમસ્ત કર્મનો ક્ષય થયે છતે જ સર્વે ભવ્ય જીવો મોક્ષસુખ પામી શકે છે. તેથી સુજ્ઞજનોએ બરાબર કાળજીથી એવો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી સમસ્ત કર્મનો ક્ષય થઈ જાય. ૪૯૮.*

कम्मखवए उवाओ, सुआणुसारेण पगरणे इत्थ ।
लेसेण मए भणिओ, अणुट्ठिअव्वो सुबुद्धीहिं ॥ ४९९ ॥

*કર્મક્ષયાર્થે જે ઉપાય યોજવા ઘટે છે તે અત્ર પ્રકરણમાં શાસ્ત્ર અનુસારે લેશ માત્ર સંક્ષેપથી અમે દર્શાવ્યા છે. સુબુદ્ધિવંતે તે પ્રમાણે વર્તવું. ૪૯૯.*

पायं धम्मत्थीण्णं, मज्झत्थाणं सुनिउण-दिट्ठीणं ।
परिणमइ पगरणमिणं, न संकिलिट्ठाण जंतूणं ॥ ५०० ॥

*પ્રાયઃધર્માર્થી (ધર્મની રુચિવાળા), મધ્યસ્થ (પક્ષપાત વર્જી કેવળ સત્યગ્રાહી) અને સુનિપુણ બુદ્ધિવાળા ભવ્યજનોને આ પ્રકરણ ઉપકારક થશે, પરંતુ રાગદ્વેષ કદાગ્રહાદિકથી સંક્લિષ્ટ ચિત્તવાળાને ઉપકારક થશે નહીં. ૫૦૦.*

हेम-मणि-चंद-दप्पण-सूरि-रिसि-पढमवन्न-नामेहिं ।
सिरि अभयसूरिसीसेहिं, विरईयं पगरणं इणमो ॥ ५०१ ॥

*હેમ, મણિ, ચંદ્ર, દર્પણ, સૂર, ઋષિ, એટલા શબ્દોના પ્રથમવર્ણથી નિષ્પન્ન થતા નામવાળા શ્રી **અભયસૂરિ**ના શિષ્ય શ્રી **હેમચંદ્રસૂરિ**એ આ પ્રકરણની વિવેકથી રચના કરી છે. ૫૦૧.*

उवएसमाल-नामं, पूरिअ-कामं सया पढंताणं ।
कल्लाण-रिद्धि-संसिद्धि-कारणं सुद्ध-हिययाणं ॥ ५०२ ॥

*આ ઉપદેશમાળા (અપરનામ પુષ્પમાળા) પ્રકરણ સદાકાળ પઠન-પાઠન કરનારના મનોરથ પૂર્ણ કરનાર તથા શુદ્ધ હૃદયવાળા ભવ્યજનોને કલ્યાણસંપદા સંપૂર્ણ પ્રાપ્ત કરાવનાર છે. ૫૦૨.*

इत्थं वीसहिगारा, जीवदयाईहिं विविह-अत्थेहिं ।
गाहाणं पंचसया, पणुत्तरा हुंति संखाए ॥ ५०३ ॥

*આ પ્રકરણમાં વિવિધ અર્થવાળા જીવદયાદિક વીશ અધિકાર કહ્યા છે અને ગાથાઓ સર્વે મળીને પાંચસોનેપાંચ (૫૦૫) છે. ૫૦૩.*

उवएसमाल-करणे, जं पुन्नं अज्जियं मए तेणं ।
जीवाणं हुज्ज सया, जिणोवएसंमि पडिवत्ती ॥ ५०४ ॥

*આ ઉપદેશમાળા પ્રકરણ નિર્માણ કરતાં મેં જે સુકૃત (પુણ્ય) ઉપાર્જ્યું છે તે વડે ભવ્ય જીવોનો જિનોપદેશમાં સદા આદર થાઓ ! મતલબ કે એકાંત હિતકારી શ્રી જિનવચ-નામૃતનું પાન કરવાને ભવ્યજનો સદાય આદરવંત થાઓ ! ૫૦૪.*

जाव जिणसासणमिणं, जावइ धम्मो जयंमि विप्फुरइ ।
ताव पढिज्जउ एसा, भव्वेहिं सया सुहत्थीहिं ॥ ५०५ ॥

*જ્યાં સુધી આ જિનશાસન જગતમાં જયવંતું વર્તે છે અને જ્યાં સુધી જગતમાં ધર્મનો મહિમા જાગતો રહે ત્યાં સુધી આ ઉપદેશમાળા (પુષ્પમાળા) સુખના અર્થી સજ્જનો સદા પઢો! ૫૦૫.*

• • •

ઉપસંહાર :

*એવી રીતે મલધારી શ્રીમાન્ **અભયદેવસૂરિ**ના શિષ્યરત્ન શ્રી **હેમચંદ્રસૂરિ**એ રચેલી **ઉપદેશમાળા** (અપરનામ **પુષ્પમાળા**) ઉપર યથામતિ શ્રી **જિનભદ્રસૂરિ** શિષ્ય શ્રી **સિદ્ધાન્તરુચિ** મહોપાધ્યાય શ્રીમાન્ **સોમગણિ**વિરચિત વૃત્તિ અનુસારે સ્વપર ઉપકારાર્થે **સરળ વ્યાખ્યા** લખી છે. તેમાં મતિમંદતાદિ દોષથી કે અનાભોગથી જે કંઈ મૂળ ગ્રંથકાર કે વૃત્તિકારના પવિત્ર આશયથી વિપરીત વ્યાખ્યા થઈ હોય તે સંબંધી દુષ્કૃત મિથ્યા થાઓ.*

-:OO:-

# 'શ્રી પુષ્પમાલા પ્રકરણ'ની દૃષ્ટાંતકથાઓ

## **મૃગાપુત્રની કથા** (ગાથા-૧૩)

મનુષ્યભવમાં પણ નારકીની જેવાં દુઃખોને સાક્ષાત્ વેદનાર **મૃગાપુત્રને** ભગવંતના મુખથી જાણીને પ્રભુના વચનમાં દૃઢ પ્રતીતિ છતાં તેવાં દુઃખો સાક્ષાત્ જોવાના કૌતુકવાળા શ્રી **ગૌતમસ્વામી** શ્રી **વીરપ્રભુની** આજ્ઞા લઈને મૃગાવતીને ઘરે પધાર્યા. પોતાના આવાગમનનું કારણ નિવેદન કર્યે છતે મૃગાવતી ગૌતમસ્વામીને નાસિકા સહિત મુખ (મુહપત્તિ) બાંધી લેવાનું જણાવી જ્યાં ભૂમિગૃહ (ભોંયરા)માં મૃગાપુત્ર છે ત્યાં લઇ ગઈ. તે સ્થળે અનેક અસાધ્ય રોગોથી પીડાતા તે કુમારને સાક્ષાત્ દેખીને પછી શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુની સમીપે આવી અતિ નમ્રતાથી તેના પૂર્વભવ સંબંધી પૃચ્છા કરી. ત્યારે શ્રી વીરપ્રભુએ જણાવ્યું કે આ ભરતક્ષેત્રમાં પૂર્વે **શતદ્વાર** નામના નગરના **ધનપતિ** રાજાનો **વિજયવર્ધન** પ્રમુખ પાંચસો ગામનો એક અધિપતિ અધર્મી, અધર્મ-પ્રિય, અધર્મને સાર જાણનાર અને અધર્મવડે ચાવો થયેલો, બહુ જીવોને વધબંધન અને મરણ સંબંધી ત્રાસ આપવામાં જ રક્ત રાઠોડ નામનો **ક્ષત્રિય** (રાજપૂત) હતો. તે પોતાના ગામોના લોકોને આકરા કરો વડે સંતાપતો, નિર્ધન કરી મૂકતો, યાવત્ સ્થાનભ્રષ્ટ કરતો, એમ મદોન્મત્ત બની સ્વચ્છંદપણે વર્તતો. એવામાં એકદા તેના શરીરમાં એકી સાથે ૧૬ મહારોગો પ્રગટ થયા. ખાંસી, શ્વાસ, જ્વર, દાહ, કુક્ષીશૂળ, ભગંદર અને અર્ષ પ્રમુખ મહારોગોથી તે બહુ પીડાવા લાગ્યો. અનેક ઉપાય કરતાં છતાં ઉક્ત મહારોગથી તે મુક્ત થઇ શક્યો નહિ. તે મહારોગથી ભારે વિડંબના પામતો **આર્ત્ત-રૌદ્ર** ધ્યનને ધ્યાતો અઢીસેં વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ પાળી ત્યાંથી મરીને

પ્રથમ નરકમાં ઉત્કૃષ્ટ આયખે નારકી થયો. ત્યાં અનેક દુ:સહ દુ:ખો સહી અંતે ત્યાંથી ચ્યવીને અહીં **મૃગાવતી રાણીની** કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેથી રાણીને અને રાજાને પણ ભારે કષ્ટ થયું. અંતે તે જન્મ્યો પણ વિડંબના પામતો છતો પોતાનો કાળ નિર્ગમન કરે છે, તે ૨૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને અનેક નીચ અવતારો લઇ ભવભ્રમણ કરશે. હિંસાનો આવો કટુક વિપાક સાંભળી ચતુર માણસોએ ચેતીને ચાલવું ઘટે છે: મતલબ કે કોઈ પણ પ્રાણીને કદાપિ કોઈ પણ રીતે દુ:ખ ઊપજે તેમ કરવું નહિં.

## **સાગરચંદ્રની કથા** (ગાથા-૩૮)

આ ભરતક્ષેત્રમાં **મલયપુર** નગરને વિષે **અમૃતચંદ્ર** રાજાની **ચંદ્રકળા** નામની રાણીની કુક્ષીથી ઉત્પન્ન થયેલા **સાગરચંદ્ર** કુમારે એકદા કોઈક પુરુષ પાસેથી પાંચસો દિનાર દઈને એક ગાથા ગ્રહણ કરી. તે ગાથા આ પ્રમાણે હતી.

**अपत्थियं चिय जहा एइ, दुहं तह सुहंपि जीवाणं,**
**ता मुत्तुं सम्मोहं, धम्मे च्चिय कुणइ पडिबंधं. १.**

તેનો પરમાર્થ એવો છે કે જીવોને દુ:ખ તેમજ સુખ પણ ખરેખર જ્યારે વગર ઈચ્છાએ જ આવી મળે છે ત્યારે સંમોહ મૂકીને (મુંઝાયા વિના) કેવળ ધર્મને વિષે જ પ્રતિબંધ (આગ્રહ-વિશ્વાસ) કરવો. તે કુમાર કદાચિત્ ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયો હતો ત્યાંથી તેને કોઈએ અપહરી લીધેલા પોતાને તેણે સમુદ્રમાં પડેલો જોયો. ભાગ્યયોગે કાષ્ઠખંડને પામી તે સમુદ્રની પાર પહોંચ્યો. પૂર્વોક્ત ગાથાના સંસ્મરણથી સર્વ દુ:ખને અસત્ લેખી ફરતા એવા તેણે કોઈક અરણ્યમાં ફાંસો ખાતી એક દિવ્ય કન્યાને જોઈ. તેનો પાસ છેદીને તેણે એનું રક્ષણ કર્યું. તે કન્યા **ભાનુરાજાની** પુત્રી **કમળમાળા**

નામની હતી. તે કન્યા પ્રથમથી જ કુમારના ગુણ સાંભળી તેને જ વરવા આતુર હતી. તે હકીકત કુમારને કોઈક ખેચરે કહી, પછી અનુકૂળ સંયોગોને પામી કુમારે તે કન્યાનું પાણિગ્રહણ કર્યું. તે તે સમવિષમ સ્થળે તે પૂર્વોક્ત ગાથાનું સ્મરણ કરી ધર્મમાં જ ચિત્ત રાખતો તેથી તે બહુ જ સુખી થયો. અનુક્રમે મહા વિશાળ રાજ્યને ભોગવી સદ્ગુરુ સમીપે દીક્ષા ગ્રહી શાસ્ત્ર-અભ્યાસથી મહાજ્ઞાની થઈ, દુષ્કર ચારિત્ર પાળી સર્વ પરિસહ ઉપસર્ગને સમભાવે સહી, નિખિલ કર્મમળનો ક્ષય કરી કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. એક ગાથાના પ્રભાવથી **સાગરચંદ્ર** કુમાર અનુક્રમે અક્ષય સુખ પામ્યા જાણીને આત્માર્થીજનોએ અવશ્ય જ્ઞાનાભ્યાસ કરવા સતત ખ્યાલ રાખવો ઉચિત છે. તેથી ઉભય લોકમાં હિત જ સંભવે છે.

## **અમરસેન-વયરસેનની કથા** (ગાથા-૫૨)

સુરસેન રાજાના બંને પુત્રો **અમરસેન** અને **વયરસેન** એ બંને ભાઈઓ એકદા મહેલના ઝરૂખામાં બેઠા હતા, તેવામાં મુનિયુગલ(બે મુનિઓ)ને જોઈને જાતિસ્મરણ જ્ઞાન પામી ભક્તિભરથી તે બંને મુનિઓને વંદન કરવાને ગયા. અવધિજ્ઞાની મહર્ષી મુનિએ તે બંનેના પૂર્વભવનું સ્વરૂપ જણાવી કહ્યું કે તમારામાંથી **અમરસેને** પૂર્વે મુનિને દાન દીધું હતું. તે દાનવૃક્ષના પુષ્પરૂપ આ રાજ્યની તેને પ્રાપ્તિ થઈ અને **વયરસેને** પાંચ કોડીના પુષ્પથી પ્રભુની પૂજા કીધી હતી તેથી તેને પાંચસો પાંચસો દિનાર (સૌનેયા) પ્રાપ્ત કરવાની શક્તિ તથા ભોગ પ્રાપ્તિરૂપ થઈ અને મુખ્ય ફળ રૂપે તો બંનેને આ ભવથી પાંચ ભવ સુધી દેવલોક તથા મનુષ્યલોકના ઉત્તમ ભોગ ભોગવીને છટ્ઠે ભવે પૂર્વવિદેહમાં રાજ્ય ભોગવી નીરાગ (વીતરાગ) ચારિત્ર વડે મુક્તિની પ્રાપ્તિ થશે. આવી

રીતે પૂર્વજન્મમાં દીધેલાં દાન અને કરેલી જિનપૂજાનું ફળ જાણી અનેક દાનશાળા તથા જિનચૈત્યો કરાવી, તેમજ સાતે ક્ષેત્રોમાં પુષ્કળ ધન વાવી, પ્રવ્રજ્યા અંગીકાર કરી, પાંચમા સ્વર્ગમાં દેવપણે તે બંને ભાઈઓ ઉપન્યા. પછી ત્યાંથી પૂર્વોક્ત ક્રમે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી મોક્ષે જશે.

## **ધનસાર શ્રેષ્ઠીની કથા** (ગાથા-૫૯)

**મથુરાપુરીમાં ધનસાર** શ્રેષ્ઠી વસે છે, તે ૬૬ ક્રોડ દ્રવ્યનો સ્વામી છે. તો પણ એક કોડી માત્ર પણ ધર્મકાર્યમાં આપતો નથી. બીજા દાતાર જનોને દેખીને પણ દિલમાં ઘણો બળે છે, વધારે શું? પણ ઘરનાં માણસ પણ તે બહાર ગયો હોય ત્યારે જમે છે. તેનું કૃપણપણું એવું તો જગજાહેર થયું કે ભોજન કર્યા વગર કોઈ તેનું નામ પણ ગ્રહણ કરે નહિ. અન્યદા તેનું ભંડારેલું સમસ્ત દ્રવ્ય કોયલા રૂપ થઈ ગયું, જળ માર્ગે રહેલું બૂડી ગયું, સ્થળ માર્ગે રહેલું ચોરોએ લૂંટી લીધું અને બાકીનું દશ લક્ષ જેટલું દ્રવ્ય લહીને તે જળમાર્ગે ચાલ્યો, તો માર્ગમાં વહાણ ભાગ્યું, ત્યાંથી દૈવયોગે સમુદ્રના તીરે પહોંચ્યો છતો એક અટવીમાં પડ્યો પડ્યો વિચારવા લાગ્યો કે 'હા ! મેં જાતે દ્રવ્યને ભોગવ્યું નહિ, તેમજ તે સુપાત્રમાં ખર્ચ્યું પણ નહિ, તેથી દાન ભોગ રહિત મારા દ્રવ્યનો છેવટે દૈવયોગે વિનાશ થયો; તેમજ વળી કુટુંબનો પણ વિરહ થયો. એટલામાં તત્કાળ **કેવળજ્ઞાન** પ્રાપ્ત થવાથી સુર-અસુરોએ અર્ચેલા એક **મહર્ષિને** દેખી મનમાં ખુશી થઈ તેમને વંદન કરી ધર્મદેશના સાંભળી; પછી જ્ઞાનીને દ્રવ્યવિનાશનું કારણ પૂછવા લાગ્યો.

કેવળી ભગવાને કહ્યું કે **ધાતકીખંડે ભરતક્ષેત્રમાં** બે ભાઈઓ હતા. તેમાં વડો ભાઈ સરળ, ગંભીર અને દાનેશ્વરી હતો. તે સદાય

દીન જનોને દાન દીધા જ કરતો હતો. નાનો ભાઈ ક્ષુદ્ર સ્વભાવી હતો. તેથી તે જો કે મોટા ભાઈ ઉપર દ્વેષબુદ્ધિ રાખતો હતો, તોપણ તે તો દાન દીધા જ કરતો હતો, ત્યારે નાનો ભાઈ દ્રવ્ય વહેંચી લઈ જુદો થયો; જુદા થયા પછી તેનું ધન ક્ષીણ થઈ ગયું અને મોટા ભાઈને તો તેના પુણ્યના પ્રભાવથી ધન વૃદ્ધિ પામ્યું. ત્યારે નાના ભાઈએ દ્વેષબુદ્ધિથી રાજાની પાસે ખોટી ચાડી કરી તેની પાસેથી દ્રવ્ય પડાવ્યું. તેથી વૈરાગ્ય પામી વડા ભાઈએ દીક્ષા ગ્રહણ કરી અને તેનું પાલન કરી તે સૌધર્મ દેવલોકમાં ગયો. નાનો ભાઈ અજ્ઞાન તપ કરીને અસુર થયો. તે અસુર ત્યાંથી ચ્યવીને આ તું થયો અને વડો ભાઈ **તામલિપ્તિપુરીમાં** વ્યવહારી પુત્ર થયો, ત્યાં તે ભુક્ત ભોગી થઈ દીક્ષિત થયો. અનુક્રમે ઘાતિ કર્મને ખપાવી **કેવળજ્ઞાન** પામ્યો તે હું પોતે જ છું. જે તેં પૂર્વભવમાં દાનનો દ્વેષ કર્યો હતો તે કર્મથી તું કૃપણ થયો અને ધન પણ સહસા નષ્ટ થઈ ગયું. એ પ્રમાણે સર્વ હકીકત જ્ઞાનીના મુખથી શ્રવણ કરીને પૂર્વભવનું સ્વરૂપ જાણી વૈરાગ્યથી પોતે સમ્યક્ત્વમૂળ શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં. હવેથી વ્યાપારમાં જે લાભ મળે તેમાંથી ફક્ત ચોથો ભાગ જ પોતે રાખવો, બાકીના ત્રણ ભાગ ધર્મકાર્યમાં (પરમાર્થમાં) ખર્ચી દેવા, એવો અભિગ્રહ ધારણ કરી કેવળી ભગવાનને નમસ્કાર કરી તે તામલિપ્તિ નગરીમાં આવ્યો. અન્યદા વ્યંતરેં ઉજ્જડ કરી મૂકેલા કોઈ એક શૂન્ય ઘરમાં પોતે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યો. તેને તે વ્યંતરે આખી રાત્રિ ઉપસર્ગ કર્યો તેમાં ક્ષોભ ન પામ્યો, તેથી પ્રભાતે વ્યંતર તુષ્ટમાન થઈ બોલ્યો કે, "વર માંગ" છતાં પોતે કાંઈ માંગ્યું નહિ. ત્યારે વ્યંતરે કહ્યું કે, "તું મથુરામાં જા, ત્યાં તું પુનઃ ૬૬ ક્રોડ દ્રવ્યનો સ્વામી થઈશ." પછી મથુરામાં આવ્યા બાદ તેને તેવી જ રીતે નિધાનાદિ ૬૬ ક્રોડ દ્રવ્ય મળ્યું, તેથી તે મહાદાન પુણ્ય કરી ધર્મને

આરાધી સૌધર્મ દેવલોકે અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો, ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિ પામશે.

## રતિસુંદરી, રિદ્ધિસુંદરી, બુદ્ધિસુંદરી અને ગુણસુંદરી સતીઓની કથા (ગાથા-૬૪)

સાકેતપુરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરે છે. ત્યાં રાજા, શ્રેષ્ઠી, મંત્રી અને પુરોહિતની પુત્રીઓ **રતિસુંદરી, રિદ્ધિસુંદરી, બુદ્ધિસુંદરી** અને **ગુણસુંદરી** નામની ચારે સખીઓ શ્રીજિનધર્મના મર્મને જાણનારી છે. તેમાં નંદનપુરના રાજાની સાથે પરણાવેલી રાજાની પુત્રીને અત્યંત રૂપવાળી જાણીને હસ્તિનાપુરના સ્વામીએ સર્વ બળથી તેના પતિને હણી તેણીને ગ્રહણ કરી લીધી. અનેક ચાટુ (પ્રિય) વચનોથી પ્રાર્થના કરાતી તેણીએ મદનફળ-મીંઢળાદિકના યોગથી વમનાદિક વડે સ્વદેહનું અશુચિપણું તેને જણાવ્યું અને વળી કહ્યું કે આ પ્રમાણે મારું આખું શરીર અશુચિમય છે તો પછી આવા અશુચિદેહ ઉપર શા માટે અનુરાગ કરો છો ? ત્યારે રાજા બોલ્યો, "હે પ્રિયે ! તારા નેત્ર ઉપર મને મહામોહ થાય છે." એ વાત જાણીને **રતિસુંદરી**એ રાત્રિમાં શસ્ત્ર વડે પોતાનાં બે નેત્રો ઉખેડી કાઢી રાજાના હાથમાં આપ્યાં. રાજા આ દેખીને વૈરાગ્ય પામ્યો. તે બનાવ વડે રાજાનું મન ખિન્ન થવાથી રતિસુંદરીએ કરેલા કાઉસ્સગ્ગ વડે આકર્ષાએલા દેવતાએ નવાં ચક્ષુ કરી દીધાં જેથી લોકમાં શીલનો મહિમાં વિસ્તર્યો.પછી રતિસુંદરી વૈરાગ્ય વડે દીક્ષા ગ્રહીને સ્વર્ગે ગઈ.

શ્રેષ્ઠીપુત્રી **રિદ્ધિસુંદરી**ને વ્યવહારી પુત્રની સાથે પરણાવી. તે દંપતી જે વહાણ ઉપર ચઢ્યાં હતાં તે વહાણ ભાંગી જવાથી પાટિયું

પામીને તે દંપતી કોઈક બીજા દ્વીપમાં ગયાં, ત્યાં આવી ચઢેલા બીજા વણિકે તેમને પોતાના વહાણમાં લીધાં પછી રિદ્ધિસુંદરીના રૂપથી મોહિત થયેલા તેણે તેના પતિને સમુદ્રમાં પાડી નાખી તેણીને વિષયભોગ માટે પ્રાર્થના કરી. ત્યારે તેણીએ કહ્યું કે, "પરવશ ઇન્દ્રિયવાળા પુરુષો અનેક સ્ત્રીઓના સમુદાય (સ્વાધીન) છતાં પણ તૃપ્તિ પામતા નથી. તેમજ તેવી કામી સ્ત્રી સમસ્ત પુરુષો વડે કરીને પણ તૃપ્તિ પામતી નથી, તો પછી તું કેમ મોહ પામે છે ? " એવાં વચનથી તે મૌન રહ્યો. તે વહાણ પણ ભાંગ્યું અને એક પાટિયુ મળી આવવાથી તે સોપારક પહોંચી. ત્યાં પૂર્વે જ આવી પહોંચેલા પોતાના ભર્તારને મળી. બન્નેએ એકબીજાના વૃતાન્ત કહી સંભળાવ્યા, તેથી તે બન્ને સંસારથી વિરક્ત થતાં ત્યાં રહે છે. પેલો વણિક પણ પાટિયે વળગીને ત્યાં જ આવ્યો, મ્રચ્છાહારથી તે કોઢિયો થયો. દંપતીએ તેને દેખી ઓળખી લીધો. તેને પશ્ચાતાપ થવાથી પ્રતિબોધીને પરસ્ત્રીગમન નહિ કરવાનો નિયમ આપ્યો. ત્યાં ધન ઉપાર્જીને સહુ સ્વસ્થાનકે ગયાં. રિદ્ધિસુંદરી અવસરે પ્રવ્રજ્યા (દીક્ષા) અંગીકાર કરીને સ્વર્ગે ગઈ.

મંત્રીપુત્રી **બુદ્ધિસુંદરી** સાર્થવાહના પુત્ર સાથે પરણાવેલી છે. પિતાના ઘરે ગોખમાં બેઠેલી તેણીને રાજાએ દેખી તેણીમાં અનુરક્ત થવાથી ખોટો દોષ માથે ચઢાવીને તેણીના પિતાને સહકુટુંબ પકડ્યો. છેવટે રાજાના કહેવા મુજબ બુદ્ધિસુંદરીને સાંકેતિક સ્થાનમાં મૂકવાથી મંત્રીને મુક્ત કર્યો. પછી રાજાએ તેણીને કામભોગ માટે પ્રાર્થના કરી, પરંતુ તેણીએ તે માન્ય કરી નહીં. અન્યદા તેણીએ એક પોતાના જેવી મીણની પૂતળી ચોતરફ વિષ્ટાવાળી કરાવી તેને વસ્ત્રાભરણથી શણગારીને પોતાના સ્થાનમાં મૂકી. અને પોતે છાની છૂપાઈને રહી. રાત્રિમાં રાજા ત્યાં આવ્યો. તે પૂતળીને બુદ્ધિસુંદરી જાણીને બોલાવવા

લાગ્યો. નહીં બોલતી એવી તેણીને બોલાવવા માટે તેણીનું મુખ ઊંચું કરે છે તેવામાં પહેલેથી જ જાણે (તે પૂતળીનું) અણલાગેલું મોકળું (છૂટું) માથું ભૂમિ ઉપર પડ્યું. દુર્ગંધ છૂટી. રાજા મુખ મચકોડતો "આ શું" એમ ચિંતવે છે, એવામાં બુદ્ધિસુંદરી પ્રકટ થઈને કહેવા લાગી કે, "જેવી આ તેવી જ હું, દેખાવમાં રમણીક છતાં અંદર વિષ્ટાથી ભરેલી છું." ઈત્યાદિક કહેવા છતાં રાજા સમજ્યો નહિ, ત્યારે સહસા ગોખથી પડતું મૂકીને તે ભૂમિ ઉપર પડી. તેથી રાજા લજ્જિત થઈ ત્યાં આવીને ઉપચાર કરી તેણીને બહેન કહીને બોલાવી તેણીની ક્ષમા માગી. તેણીના વચનથી પરસ્ત્રીગમન નહિ કરવાનો નિયમ અંગીકાર કર્યો. લોકોમાં ભારે યશ ગવાયો અને અવસરે તે બુદ્ધિસુંદરી દીક્ષા ગ્રહણ કરી સ્વર્ગે ગઈ.

પુરોહિતની પુત્રી **ગુણસુંદરી**ને શ્રાવસ્તીમાં વિપ્રપુત્રની સાથે પરણાવી. સાકેતપુરના કોઈ બીજા વિપ્રપુત્રે ચોરપલ્લીમાંથી ભિલ્લોની ધાડ લાવીને સ્વરૂપવંત હોવાથી તેણીને પલ્લીમાં આણી. કામભોગ માટે જ્યારે તેણીને પ્રાર્થના કરી ત્યારે તેણીએ ચૂર્ણયોગથી પોતાના દેહમાં અતિસાર (ઉપરા ઉપર દસ્ત થાય તેવો રોગ) પેદા કર્યો. અનેક ઉપચાર કર્યા છતાં તે નહિ મટવાથી તેમજ તેણીનું શરીર અશુચિથી ખરડાયેલું જોઈને તે નિર્વેદ (વૈરાગ્ય) પામ્યો. ત્યારે તેનો તેવો શુભ ભાવ જાણીને તેણીએ પ્રતિબોધ આપ્યો. પછી તે વિપ્રે તેણીને શ્રાવસ્તીમાં તેણીની પિતાના ઘરે મૂકી. અન્યદા તે વિપ્રને સર્પ કરડ્યો ત્યારે ઉપચારથી તેને સજ્જ કરી જિનધર્મ અને પરસ્ત્રીગમન નહિ કરવાનો નિયમ પ્રાપ્ત કરાવ્યો. **ગુણસુંદરી** પોતે પણ વૈરાગ્યથી પ્રવ્રજ્યા અંગીકાર કરી સ્વર્ગે ગઈ.

એવી રીતે એ ચારે સતીઓ શીલના પ્રભાવથી સ્વર્ગસુખ ભોગવી ચંપાપુરીમાં મહેભ્યના ઘરે જુદી જુદી અવતરી. રૂપ-

સૌભાગ્યયુક્ત છતી ત્યાં શ્રેષ્ટિપુત્ર **વિનયંધર** કુમારની સાથે પરણી. અન્યદા તેમનું મનોહર રૂપ સાંભળીને રાજાએ વિનયંધર સાથે કૂડી મૈત્રી કરી તેના અંતેઉર ઉપર ખોટો આરોપ ચઢાવી, તેનું ઘર મુદ્રિત (જપ્ત) કરાવીને પોતાના અંતેઉરમાં તે સર્વ સ્ત્રીઓને રખાવી. ત્યારે શીલના પ્રભાવથી દેવતાએ તેમને કદ્રૂપી કરી દીધી. તેથી ભય અને વિસ્મય પામેલા રાજાએ તેમને મૂકી દીધી. એટલે તે પાછી જેવી હતી તેવી સુરૂપવંત થઈ ગઈ. વિનયંધરનું પણ સન્માન કર્યું. લોકમાં-શાસન પ્રભાવના થઈ. અવસરે રાજાએ કેવળી ભગવાન પાસે પૃછા કરી તેથી તેમનો પૂર્વભવ અને દેવસાન્નિધ્ય સાંભળીને સંવેગ પામેલો રાજા અને **વિનયંધર** અંતેઉર સહિત પ્રવ્રજ્યા લઈ કર્મ ખપાવીને મોક્ષે ગયા.

## **મણિરથ રાજાની કથા** (ગાથા-૬૮)

અવંતી દેશના પ્રધાન સુદર્શન નગરમાં **મણિરથ** નામનો રાજા છે. તેનો નાનો ભાઈ **યુગબાહુ** યુવરાજ છે. તેને **મદનરેખા** નામની સ્ત્રી છે. એકદા તેણીના રૂપમાં રક્ત થયેલા મણિરથે દૂતીદ્વારા તેણીની પ્રાર્થના કરી, ત્યારે તેણીએ તેવા અકાર્યથી નિવર્તવા તેને જણાવ્યા છતાં તે વિષયાંધ મણિરથે પોતાના બંધુ **યુગબાહુ**ને છળથી શસ્ત્રઘાત વડે મારી નાંખ્યો, તે વખતે હિમ્મતથી સ્વપતિને ધર્મમાં જાગ્રત કર્યો; તે ધર્મના પ્રભાવથી મરણ પામી બ્રહ્મદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. પછી પોતાના પવિત્ર શીલની રક્ષા કરવા માટે તેણી સગર્ભ છતી રાત્રી સમયે જ ત્યાંથી નાઠી. માર્ગમાં પુત્રપ્રસવ થયો. તે બાળકને વસ્ત્રમાં વીંટાળીને તેના હાથમાં મુદ્રિકા પહેરાવીને અશુચી ટાળવા જળાશય પાસે ગઈ. ત્યાં જળગજે તેણીને ગગનમાં ઉછાળી, તે વખતે ત્યાંથી નંદીશ્વરદ્વીપે જતા એક વિદ્યાધરે

કામવિકારથી તેણીને વિમાનમાં ઝીલી લીધી. પુત્રને ત્યાં આવી ચઢેલો મિથિલાપુરીનો સ્વામી **પદ્મરથ** લઈ ગયો. તે વાત પ્રજ્ઞપ્તિવિદ્યાના યોગે તે વિદ્યાધરે કહેવાથી તેણીને ધીરજ આવી. નંદીશ્વરમાં ચૈત્યો જુહારી (તે વિદ્યાધરના પિતા) જ્ઞાની મુનિને નમસ્કાર કર્યો. મુનિના ઉપદેશથી વિદ્યાધરનો વિકાર શમી ગયો. તેણીને ધર્મભગિની (બ્હેન) તરીકે સ્વીકારી. તે વખતે પોતાનો પતિ, જે તરત બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો હતો તેણે આવીને અવસાન વખતે સહાય કરનાર પોતાની ધર્મપત્નીને પ્રણામ કર્યો. તે દેવે તેણીને ઉપાડીને સ્વપુત્ર સમીપે મૂકી; પછી વૈરાગ્ય વડે દીક્ષા ગ્રહણ કરી સદ્ગતિગામી થઈ. અને મણિરથ રાજા તે જ રાત્રિમાં સર્પદંસથી મરીને નરકે ગયો.

## **દૃઢપ્રહારીની કથા** (ગાથા-૮૨)

વસંતપુરમાં અગ્નિશર્મા નામના વિપ્રનાં કુળમાં દૃઢ પ્રહાર વડે અનેક જીવોને ત્રાસ આપતો યથાર્થનામા **દૃઢપ્રહારી** ચોર મહા અન્યાયવૃત્તિથી આજીવિકા ચલાવતો, એકદા મોટી ધાડ લઈને એક બ્રાહ્મણના ઘરમાં પેઠો. ત્યાં તે બ્રાહ્મણ, તેની સગર્ભા સ્ત્રી અને ગાયની હત્યા કરી ઉદ્વિગ્ન ચિત્તથી આગળ ચાલતાં તેણે એક મુનિને દેખ્યા, તેમની દેશના સાંભળી વૈરાગ્યથી દીક્ષા લઈ તેણે એવો અભિગ્રહ કર્યો કે ગમે તેવા ઉપસર્ગ થાય તો પણ મારે રોષ ન કરવો અને જ્યાં સુધી પૂર્વે કરેલું પાપ યાદ આવે ત્યાં સુધી કશો આહાર ગ્રહણ ન કરવો. પછી પ્રથમ હેરાન કરેલા લોકોએ ઉપજાવેલા અનેક પ્રકારના ઉપસર્ગો અદીનપણે સહન કરી શુદ્ધ ધ્યાન વડે કેવળજ્ઞાન ઉપજાવીને તે સિદ્ધિપદ પામ્યો. પહેલાં અઘોર પાપ કરનારો છતાં તે સકળ પાપથી મુક્ત થઈ પરમપદ પામ્યો તે ઉત્તમ પ્રકારના તપ સંયમનો જ પ્રભાવ સમજવો.

## **અમરદત્તભાર્યાની કથા** ( ગાથા-૧૦૩ )

શ્રેષ્ઠીપુત્ર અમરદત્ત વ્યાપારાર્થે પરદેશ ગયેલો. ત્યાં જિનમતિ **નિઃશંક શ્રેષ્ઠીની વિમળયશા** નામે પુત્રીને અત્યંત રૂપવંતી જોઈને તેની સાથે પાણિગ્રહણ કરવા તેણે તેના પિતાને પ્રાર્થના કરી, પણ વિધર્મી હોવાથી તેમાં તે ફાવી શક્યો નહિ; ત્યારે પ્રથમ તો કપટથી શ્રાવક બની જૈન ગુરુ પાસે ભણી યથાર્થ તત્ત્વ જાણી વ્રતધારી થયો. પછી તે શ્રેષ્ઠીપુત્રીને પરણી સ્વદેશ ગયો. ત્યાં અમરદત્તનાં માતા-પિતા વિધર્મી હોવાથી દ્વેષ કરવા લાગ્યાં, સ્ત્રી ઉપર ખોટું આળ ચઢાવ્યું, બહુ પેરે વિડંબના કરવાથી મુંઝાઈને તેણી એક મોટા દેવાધિષ્ઠિત પદ્મદ્રહમાં પડી. તેણીના સત્યશીલાદિક સત્ત્વથી રંજિત થઈ દેવતાએ એક મહાન **રત્નમય** હોડી કરી રત્નમય સિંહાસન ઉપર તેણીને સ્થાપિત કરી તેણીનો ભારે સત્કાર કર્યો, તેથી શાસનની ઘણી ભારે પ્રભાવના થઈ. પછી કોઈ જ્ઞાની ગુરુને પોતાના ઉપર આવી પડેલા કલંકનું કારણ પૂછતાં પૂર્વભવમાં પોતે પોતાની શોક્યને કલંક આપેલું તેનું આ ફળ છે, એમ જાણી વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરી, દુષ્કર તપ જપ તથા જ્ઞાનના બળથી સકળ કર્મ ખપાવીને તે

## **વિક્રમ નૃપતિની કથા** ( ગાથા-૧૦૩ )

**કુસુમપુરપતિ હરિતિલક** નૃપતિનો **વિક્રમ** નામે પુત્ર યૌવનવય પ્રાપ્ત થયે છતે વિષયસુખને ભોગવતો છતો એકદા રોગવ્યાપ્ત થવાથી જ્ઞાની ગુરુને તેનું કારણ પૂછતાં પૂર્વજન્મમાં કરેલી મુનિહત્યાથી નરકાદિક દુર્ગતિમાં બહુકાળ ભમીને પુનઃ વણિકપુત્ર થઈ ત્યાં બાળ તપ તપીને અહીં રાજપુત્ર થયો છે, એમ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામી વ્રતધારી શ્રાવક થયો. પ્રથમ રોગશાન્તિ માટે મતિમોહથી તેનાં

માતા-પિતાએ દેવભોગને માટે માનેલી હિંસા નહિ કરવાથી તે યક્ષે અનેક ઉપસર્ગ કર્યા છતાં તેને દયાધર્મમાં દૃઢ નિશ્ચયવાળો જાણી, તેના સત્ત્વથી દેવે તુષ્ટમાન થઈ, તેના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી, તેના સદ્ગુણોની ભારે પ્રશંસા કીધી. પછી દેવસાન્નિધ્યથી સકળ પૃથ્વી સાધી, શ્રી જિનશાસનની પ્રભાવના કરી, બહુ પુણ્યનાં કાર્ય કરી, અંતે દીક્ષા ગ્રહી, સકળ કર્મમળનો સર્વથા ક્ષય કરી, તે પરમપદનો ભોગી થયો.

## **ધર્મરુચિ અણગારની કથા** (ગાથા-૧૪૫)

**ધર્મઘોષસૂરિ**ના શિષ્ય **ધર્મરુચિ અણગાર** તપસ્યાને પારણે ગોચરી ગયેલા ત્યારે નાગશ્રી નામની વિપ્રભાર્યાએ ભ્રાંતિથી કરેલું કડવી તુંબડીનું શાક તેમને આપી દીધું, તે શાક ગુરુ મહારાજને બતાવતાં વિષ તુલ્ય જાણી ગુરુએ નિરવદ્ય સ્થળમાં પરઠવવા ફરમાવ્યું. તેમ કરતાં તેમાંથી પડેલા એક બિંદુ માત્રથી અનેક કીટિકા પ્રમુખનો નાથ થયેલો જોઈ તે દયાળુ અણગાર તે સર્વ શાક પોતે જ ભક્ષી ગયા, અને પરિણામે સમાધિથી કાલધર્મ પામી સદ્ગતિ પામ્યા.

## **નાગદત્તની કથા** (ગાથા-૧૫૧)

**વારાણસી**માં વસતા **ધનદત્ત** શ્રેષ્ઠીનો પુત્ર **નાગદત્ત** નામે મહાસૌભાગ્યશાળી ધર્મમર્મનો જાણકાર છે. એકદા માર્ગમાં ચાલતાં રાજાનું પડી ગયેલું કુંડળ રજરેણુથી ઢંકાયેલું પોતે જોયા છતાં લીધું નહીં પણ ચકિત થઈ અન્ય માર્ગે ચાલ્યો. **વસુદત્તે** તે જોવા લીધું, અને અવસર પામી **નાગદત્ત**ને અપાય પાડવા જ્યારે **નાગદત્ત** પૌષધમાં કાઉસગ્ગમુદ્રાએ ઊભો હતો ત્યારે તેના ગળે બાંધીને રાજાને તે વાત જણાવી. રાજાએ તેને તેવી જ અવસ્થામાં ત્યાં મંગાવી બહુ

પેરે પૂછ્યું. પણ તેણે પૌષધ પાર્યા પછી પણ **વસુદત્ત** અનર્થ થવાના ભયથી સત્ય હકીકત રાજાને જણાવી નહિ, તેથી રાજાએ ભારે વિડંબનાપૂર્વક તેને વધસ્થાનકે મોકલ્યો. પણ તેના સત્ત્વ અને સત્યના પ્રભાવથી શાસનદેવતાએ શૂળિ સિંહાસન રૂપ અને પ્રહાર આભૂષણ રૂપ કરી દીધા. ધર્મની મોટી ભારે પ્રભાવના થઈ. રાજાએ આવી **નાગદત્ત**નો ભારે સત્કાર કર્યો અને **વસુદત્ત**ને દેશનિકાલ કર્યો. અનુક્રમે **નાગશ્રી**ને પરણી ચિરકાયપર્યંત વિષયસુખ ભોગવી અંતે વૈરાગ્યથી સ્ત્રી સાથે દીક્ષા લઈ સ્વર્ગે ગયો. યાવત્ મોક્ષ પામેશે.

## ચંપાપુરીસ્વામી કીર્તિચંદ્ર નૃપની કથા (ગાથા-૧૬૨)

**ચંપાપુરીમાં કીર્તિચંદ્ર** રાજા રાજ્ય કરે છે. તેનો સમરવિજય નામનો લઘુબંધુ **યુવરાજ**પદે છે. એકદા વર્ષાકાળે ક્રીડા અર્થે રાજા પ્રમુખ નાવ ઉપર આરૂઢ થઈ ક્રીડા કરવા લાગ્યા. એટલામાં નદીમાં એવું મોટું પૂર આવ્યું કે નાવાંઓ જુદી જુદી દિશાઓ તરફ વહી ગઈ, અને જોતજોતામાં રાજાની નાવ અદૃશ્ય થઈ ગઈ. તે નાવ દૂર જતી માર્ગમાં કોઈ વૃક્ષના મૂળે અથડાઈ ઊભી રહી એટલે રાજા પ્રમુખ તેમાંથી ઊતરી કાંઠે આવ્યા. ત્યાં નૃપતિએ નદીની ભેખડમાં દટાઈ ગયેલું મણિરત્નનું નિધાન દેખ્યું. તે પોતાના ભાઈને બોલાવી બતાવ્યું. તે જોતાં જ ભાઈની નિયત બગડવાથી તેણે નૃપતિને મારવા સાહસ ઘા કર્યો. તે ઘા વંચીને અર્થને અનર્થનું કારણ જાણી તે મણિનિધાનને એમનું એમ અનામત મૂકી પોતે ચાલી નીકળ્યો. યુવરાજે નિધાન તરફ જોયું તો તેના કમભાગ્યથી તેની નજરે પડ્યું નહિ. નૃપતિ જ્ઞાની ગુરુને તેનું કારણ પૂછી, સાંભળી, ભવવિરક્ત થઈ, દીક્ષા ગ્રહી સદ્ગતિ પામ્યો; અનુક્રમે મહાવિદેહક્ષેત્રમાં અવતરી મોક્ષપદ પામશે.

## **રવિગુપ્તની કથા** (ગાથા-૧૬૯)

**રવિગુપ્ત** એક શ્રેષ્ઠિનો પુત્ર અત્યંત વિષયગૃદ્ધ છતો યૌવનગર્વિતપણે આખી રાત છડેચોક ચૌટામાં પણ ખાધા કરતો હતો, ધર્માત્માઓની નિંદા કરતો હતો કે બાપડા રસમાં શું જાણે ? એમ કરતાં એકદા રાત્રીભોજનથી તેના શરીરમાં ભારે વ્યાધિ ઉત્પન્ન થયો. તેથી મરીને ત્રીજી નરકે ઉત્પન્ન થયો, અને તેને અનંત કાલપર્યંત સંસારમાં પર્યટન કરવું પડ્યું. એ વાત સુખાર્થીએ અવશ્ય લક્ષ્યમાં લેવી !

## **વરદત્ત મુનિની કથા** (ગાથા-૧૭૯)

કોઈક ગચ્છમાં **વરદત્ત**નામા મુનિ મહા ચારિત્રી, સ્વદેહમાં પણ નિસ્પૃઃહ, પ્રશમરસમાં નિમગ્ન, અને વિશેષે ઈર્ય્યા સમિતિવંત છતા ઉપયોગ સહિત વિચરે છે. પ્રાણાંતે પણ ઉપયોગ (જયણા) ચૂકતા નથી. એકદા ઈંદ્રે દેવ સમક્ષ તે મુનિના તીવ્ર ગુણની પ્રશંસા કરી કહ્યું કે કોઈ દેવ પણ તે મુનિને ક્ષોભાવી શકે તેમ નથી. એ વાત સાંભળી કોઈ મિથ્યાદૃષ્ટિને તે વાતની શ્રદ્ધા નહિ આવવાથી તે મુનિને ચળાવવા આવ્યો. મુનિ સ્થંડિલભૂમિ જતા હતા તે વખતે માર્ગમાં માંખી માંખી જેવડી નાની નાની મંડૂકીઓ વિકુર્વી અને પછાડી એક મદોન્મત હાથી વિકુર્વી મૂક્યો. મુનિએ વિચાર્યું કે જો હું દોડીશ તો મંડૂકી (દેડકી)ઓની વિરાધના થશે માટે ધીમે ધીમે જયણાથી ચાલતાં 'થવું હોય તે થાઓ,' એમ ધારી ધીમે ધીમે જયણાથી ચાલે છે. એવામાં એકાએક હાથીએ આવી મુનિને ઉછાળી આકાશમાં ફેંક્યા. ત્યાંથી તે મંડૂકી ઉપર પડતાં સ્વદેહથી થતી તે મંડુકીઓની વિરાધના માટે વારંવાર મિથ્યાદુષ્કૃત દેવા લાગ્યા. મરણ સંબંધી ભયથી રહિત તે મુનિને જાણી દેવે પ્રગટ થઈ તેમની પ્રશંસા

કરી; પોતાના આગમનનું કારણ જણાવી, તે મહાભાગ્ય મુનિને ખમાવી, દેવસ્થાનકે ગયો. તે દેવ એવી રીતે સ્તુતિ કર્યા છતાં ગર્વ રહિત તે મુનિવર જયણાપૂર્વક વિચરી સુખી થયા.

## **સંગત સાધુની કથા** (ગાથા-૧૮૨)

કોઈક ગચ્છમાં સિદ્ધાન્તમાં સુનિપુણ મહાગુણવંત **સંગત**નામના સાધુ વર્તે છે, ગુરુ મહારાજ સાથે વિચરતાં કોઈક નગરમાં આવ્યા. ત્યાં પરમચક્રનો ભય થવાનું નિમિત્તના બળથી જાણી ગુરુએ ગ્લાન સાધુને નિમિત્તે **સંગત** મુનિને તે નગરમાં મૂકી બીજા બધાને અન્યત્ર વિહાર કરાવ્યો. શત્રુઓએ આવીને નગરને રૂંધ્યું. સંગત સાધુ નિર્દોષ ઔષધ અને આહાર અર્થે બહાર નીકળ્યા. સેનાનીએ તેમને પૂછ્યું કે 'તમે ક્યાંથી આવો છો ?' મુનિએ ક્ષોભ રહિત કહ્યું કે નગર થકી, ત્યારે તે નગર સંબંધી બધી બાતમી મુનિને પૂછવા લાગ્યો. પણ મુનિએ નીડરપણે કહ્યું કે એવી વાત કહેવાનો મુનિનો આચાર નથી. સેનાનીએ ઘણી ધમકી આપી જણાવ્યું કે તમે હેરિક છો. મુનિએ કહ્યું અમે હેરિક નથી પણ સાધુ છીએ. પછી સ્પષ્ટ રીતે ક્ષોભ વગર મુનિનો આચાર જણાવવાથી સેનાની પ્રસન્ન થઈ કહેવા લાગ્યો કે એ ધર્મ બહુ સુંદર છે, મને પણ મારો યોગ્ય ધર્મ બતાવો! એમ કહેવાથી **સંગત** મુનિએ તેને ઉપદેશ દીધો તેથી તેણે ગૃહસ્થ યોગ્ય ધર્મ અંગીકાર કર્યો. આવી રીતે સજ્જનોએ પણ ભાષા સમિતિવંત થવું !

## **ધનશર્મા અને ધર્મરુચિની કથા** (ગાથા-૧૮૯)

**ધનશર્મા** એ એક શ્રેષ્ઠિપુત્ર વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરી ગ્રીષ્મ ઋતુમાં ગુરુ સાથે વિચરતો હતો તે વખતે અરણ્યમાં અત્યંત તૃષાથી પીડિત થવાથી આગળ ચાલવાને અશક્ત થયો. માર્ગમાં બહુજ ધીમી

ગતિથી ચાલતાં શીતળ જળથી ભરેલી નદી આવી આવી. પરંતુ પ્રાણાન્ત કષ્ટે પણ તે સચિત્ત જળ પોતે પીધું નહિ. શુભ ધ્યાનથી મરીને તે વૈમાનિક દેવ થયો. અવધિજ્ઞાનથી પૂર્વભવનો વ્યતિકર જાણી 'મારા મરણથી મુનિઓને ખેદ ન થઓ.' એટલા માટે મુનિઓને વૈક્રિય રૂપથી મળીને તેમને સંતોષિત કર્યા.

મહાતપસ્વી **ધર્મરુચિ** અણગારને એકદા અટ્ઠમતપ કરી અરણ્યમાં ચાલતાં પારણે ક્ષુધા-તૃષાથી પીડિત થયેલા વનદેવતાએ દીઠા, તે વનદેવતાએ મનુષ્યનું રૂપ ધારી તે મુનિને કાંજિક આપવા માંડ્યા, છતાં પોતાની વિચક્ષણતાથી દેવમાયા જાણીને તે ગ્રહણ કરી નહિ. તેથી પ્રગટ થઈ વનદેવતાએ તે મુનિની ભારે પ્રશંસા કરી તો પણ ગર્વ રહિત રહેલા તે મુનિ સકળ કર્મને ખપાવી શિવપદ પામ્યા.

## **આર્ય સોમિલમુનિની કથા** (ગાથા-૧૯૨)

**સોમિલ** નામના એક મુનિ ગુરુની આજ્ઞાથી પાત્ર-પ્રતિલેખના કરી તે ઊંચાં રાખી કંઈક કાર્ય માટે ગયા હતા. કાર્ય પૂરું થયે છતે ભિક્ષા માટે જતાં તે સોમિલ મુનિને પાત્રાં પુનઃ પ્રતિલેખવાનું સાધુએ કહેવાથી આ પાત્રાં હમણાં જ પડિલેહ્યાં છે એમ કહેવાથી તેમનાં તેવાં ઉપેક્ષા ભરેલાં વચનથી રૂષ્ટ થયેલા દેવતાએ પ્રગટ થઈ તેમને ઉપાલંભ દીધો, તે પછી તે પ્રતિલેખનક્રિયામાં અધિકાધિક સાવધાન રહેવા લાગ્યા.

## **ધર્મરુચિ મુનિની કથા** (ગાથા-૧૯૪)

કોઈક ગચ્છમાં **ધર્મરુચિ** નામના મુનિ પ્રતિલેખનક્રિયામાં પ્રાણાન્તે પણ પ્રમાદ કરતા નથી. અન્યદા સંધ્યા સમયે સ્થંડિલ-પ્રતિલેખના કરવી ચૂકી જવાથી, રાત્રીમાં લઘુનીતિની શંકા થતાં

પોતાના થયેલા પ્રમાદને લઈ જીવદયાની ખાતર તેનો રોધ કરી રહ્યા છે. અને પોતાના આત્માને હવે પછી વધારે સાવધાન રહેવા સમજાવે છે. એવા સત્ત્વથી તુષ્ટમાન થયેલા આસન્ન દેવતાએ પ્રભાત વિકુર્વ્યું. એટલે સાધુએ સ્થંડિલભૂમિને પડીલેહી લઘુશંકા ટાળી. પછી તરત અંધકાર પ્રસરી જવાથી તે બધી દેવમાયા જાણી મુનિ સ્વપ્રમાદને નિંદતા અને દેવસાન્નિધ્યથી પણ ગર્વ નહિ ધરતા સમયમાં વધારે સાવધાનપણે વર્તી અનુક્રમે સકળ કર્મનો ક્ષય કરી સિદ્ધિપદને પ્રાપ્ત થયા.

## જિનદાસ શ્રાવકની કથા (ગાથા-૧૯૭-૯૮)

**જિનદાસ** શ્રાવક એકદા પૌષધ ગ્રહી શૂન્ય ઘરમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યો હતો. તેવામાં ત્યાં તેની સ્ત્રી કોઈ અન્ય પુરુષની સાથે રમવા માટે આવી. અંધકારમાં તેણીએ સ્વભર્તાને જાણ્યો નહિ. ખીલાયુક્ત પાયાવાળો પલંગ ઢાળી યથેષ્ટ રમવા લાગી. એક તીક્ષ્ણ ખીલો જિનદાસના જ પગ ઉપર આવ્યો તે પગને ચીરી ભૂમિમાં પેસી ગયો, તેથી તીવ્ર વેદના થઈ; તે વેદના અદીનપણાથી સહી, પવિત્ર જિનવચનનું અવલંબન કરી શુદ્ધ અધ્યવસાય સહિત કાળ કરી વૈમાનિક દેવપણે ઉત્પન્ન થયો. જ્યારે ગૃહાસ્થાશ્રમમાં રહેલા શ્રાવક પણ મનનો આવી રીતે જય કરે તો સાધુજનોએ એથી અધિક મનોજય કરવો ઘટે છે.

## ગુણદત્ત સાધુની કથા (ગાથા-૨૦૧)

**ગુણદત્ત** સાધુને એકદા ગુરુ આજ્ઞાથી એકાકી વિચરતાં અરણ્યમાં ચોરો મળ્યા, "અમારી વાત કોઈને કહીશ નહિ." એમ જણાવી તેમણે મુનિને જવા દીધા. માર્ગમાં આગળ જતાં મુનિને (પોતાના સંસાર પક્ષે) માતા-પિતાદિ મળ્યાં. તેમણે વંદનાદિ કર્યા બાદ આગ્રહ કરી

મુનિને પાછા વાળ્યા, માર્ગમાં ચોરોએ તેમને પકડી લૂંટી લીધાં. ત્યારે પલ્લીપતિને મુનિરાજની માતાએ કહ્યું, "કે મને છરી આપ કે જેથી સ્તનોને કાપી નાખું." પલ્લીપતિએ તેનું કારણ પૂછવાથી તે વૃદ્ધાએ કહ્યું કે, "મેં જાતે સ્તનપાન કરાવેલા આ સાધુએ તમને જાણ્યા જોયા છતાં મને પ્રથમથી નિવેદન કર્યું નહિ. મુનિને તેનું કારણ પૂછતાં મુનિએ કહ્યું કે, "થોડી પણ ગૃહી પ્રસંગ વાર્તા શ્રી જિનેશ્વરોએ નિષેધી છે, તો તે જિનવચનનો અનાદર કરી હું સ્વજનનું કાર્ય શી રીતે કરું?" આ વાતથી પ્રસન્ન થઈ પલ્લીપતિએ સહુને છોડી મૂક્યાં. મુનિ પણ સહુને ઉપદેશ દઈ અન્ય સ્થળે વિહાર કરી ગયા. એવી રીતે અન્ય મુમુક્ષુઓએ પણ **વચનગુપ્તિ** આદરવી.

## **માર્ગપ્રપન્ન સાધુની કથા** (ગાથા-૨૦૩)

કોઈ એક મુનિરાજ સાર્થની સાથે વિચરતા હતા, તે સાર્થ ઘાસવાળા સ્થાનમાં પડાવ નાંખીને રહ્યો. સાધુને પોતાને રહેવાને યોગ્ય સ્થાનક નહિ હોવાથી કષ્ટથી એક પગ રહી શકે એવા નિર્દોષ સ્થળમાં એક પગે ધ્યાનમાં લીન થઈ ઊભા રહ્યા પણ તિલતુષ માત્ર પણ બીજી ભૂમિ વાપરી નહિ. તેમના સત્ત્વથી તુષ્ટમાન થયેલા ઈન્દ્રે પ્રશંસા કરી, તે સાંભળી કોઈક દેવ ચળાવવા આવ્યો. વ્યાઘ્રનું રૂપ ધારી ફાળ મારી મુનિ ઉપર ધસ્યો પણ મુનિ લગારે ક્ષોભ પામ્યા વગર ત્યાં જ ઊભા રહ્યા, તેથી દેવ પ્રગટ થઈ સ્તુતિ કરી ખમાવી સ્વસ્થાનકે ગયો. તો પણ ગર્વ રહિત તે મહામુનિ સ્વધ્યાનમાં સમાહિત રહી સકળ કર્મ ખપાવી મોક્ષપદ પામ્યા.

## **સુભદ્રાની કથા** (ગાથા-૨૭૭-૭૮)

**સુભદ્રા** પોતાની એક દાસી કદાચિત્ કોઈ ચતુર ગવૈયાના ગાનનાં રસમાં નિમગ્ન થઈ મોડી આવવાથી તે દાસી ઉપર

ચીડાણી, સત્ય હકીકત કહેવાથી પોતે પણ તે ગાયન સાંભળવા આતુર થઈ. એકદા તે પ્રમાણે પોતે તક મેળવી તેનું મનોહર ગાન સાંભળ્યું, પણ તેને કદ્રૂપ જાણી પાછળથી તેની નિંદા કરવા લાગી; તે વાત ગવૈયાએ જાણી. જ્યારે સુભદ્રાનો પતિ પરદેશ ગયો હતો ત્યારે પોતાનું વૈર વાળવા માટે તેના ગૃહ સમીપે જઈ વિરહાનલથી દગ્ધ થયેલી તેણીને એવું ગાન સંભળાવ્યું કે જેથી ઉન્મત્તપ્રાય બની બેબાકળી થઈ પ્રમાદથી નીચે પડીને તે મરણ પામી. એવી રીતે શ્રોત્ર ઈંદ્રિયની પરવશતાથી સુભદ્રાનું મરણ થયું.

## **વણિકસુતની કથા** (ગાથા-૨૭૭-૭૮)

કાંચનપુરમાં વસતા એક શ્રેષ્ઠિનો પુત્ર જન્મતી વેળાએ સુંદર લક્ષણ લક્ષિત છતાં ચપળ નેત્રવાળો હોવાથી તે સ્ત્રીલોલુપી થશે, એમ કોઈ સામુદ્રિકે કહ્યું હતું, તે પ્રમાણે જ યૌવનવયમાં તે લોલાક્ષ અત્યંત સ્ત્રીલોલુપી બન્યો; તેથી ઘણે ઠેકાણે કૂટાતો. છેવટે રાજાની રાણીને જોઈ તેની સાથે વ્યભિચાર સેવવા ઈચ્છા કરવા લાગ્યો. માર્ગમાં જતાં જ બહુ વિડંબના પામ્યો, છેવટે ભૂંડા હાલે કમોતે મરી ત્રીજી નરકે ગયો. એ પ્રમાણે ચક્ષઈદ્રિયની પરવશતાથી વણિક્સુત પોતાના બન્ને ભવ હારી ગયો.

## **રાજપુત્રની કથા** (ગાથા-૨૭૭-૭૮)

એક રાજપુત્ર અત્યંત ગુણવંત છતાં ઘ્રાણ ઈંદ્રિયના વિષયમાં અતિ લોલુપ હતો. એકદા તેની ઓરમાન માતાએ પોતાના પુત્રને રાજ્યપ્રાપ્તિ થાય તે માટે કપટથી વિષમય એક ગંધપુટી તૈયાર કરી, તેને એવી યુક્તિથી ગોઠવી રાખી કે તે રાજપુત્રના હાથમાં આવતાં તરત જ સુંઘીને તે પ્રાણમુક્ત થયો. તે ઘ્રાણલોલુપતાનું ફળ જાણવું.

## **વિમળયશા રાજાની કથા** (ગાથા-૨૭૭-૭૮)

મિથિલાનગરીમાં વિમળયશા નામે રાજા છે. તે અન્યદા કેવળી ભગવાનને વાંદવા ગયો, ત્યારે કેવળી મહારાજે દેશના દીધી કે **"સર્વ ઇંદ્રિયોમાં રસના ઇંદ્રિય જીતવી, સર્વ કર્મમાં મોહનીય કર્મ જીતવું, સર્વ વ્રતમાં બ્રહ્મવ્રત પાળવું, અને સર્વ ગુપ્તિમાં મનગુપ્તિ પાળવી એ અતિ કઠિન છે."** એ પ્રમાણે દેશના સાંભળીને નૃપતિએ પ્રભુ પ્રત્યે પૂછ્યું કે મહારાજ ! રસનેન્દ્રિય જીતવાથી કેવા ફાયદા છે ? અને તેનું દુર્જયપણું શી રીતે છે ? ગુરુમહારાજ કહે છે કે 'હે નૃપતિ ! રસનેન્દ્રિયને જીતવાથી બીજી બધી ઇન્દ્રિયો સહજે જિતાઇ જાય છે અને તેને વિવિધ રસ વડે પોષવાથી શેષ ઇન્દ્રિયોને પુષ્ટિ મળ્યા કરે છે. જેમ વૃક્ષના મૂળમાં જળનું સિંચન કરવાથી તે જળ ઠેઠ ટોચ સુધી પહોંચી ફળપ્રસૂતિ કરે છે, અને જળ વિના મૂળ શુષ્ક થવાથી આખું વૃક્ષ સુકાઇ જાય છે; એમ અત્ર સમજી લેવું. તે ઉપર **એક દૃષ્ટાંત** કહું છું. આ ભૂવલય (નગર)માં કર્મવિપાક રાજા રાજ્ય કરે છે. તેને **શુભસુંદરી** અને **અશુભસુંદરી** નામે બે રાણીઓ છે. પહેલીથી **વિબુધ** નામનો પુત્ર દક્ષ, કૃતજ્ઞ, સરળ અને બુદ્ધિમાન થયો ત્યારે બીજીથી **મતિવિકળબાળ** નામનો પુત્ર વિપરીત ગુણવાળો થયો, તેમાં પણ વિશેષતઃ રસલોલુપી થયો. તેથી તે **રસલોલ** નામે વિખ્યાત થયો. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય ઇચ્છા મુજબ વાપરવાથી રોગગ્રસ્ત થયો. વૈદ્યોએ લંઘન કરવા કહ્યા છતાં તે કરતો નથી.ભાઇએ બહુ કહેવાથી લંઘન કર્યું પણ ભાઇ પ્રમુખને વિધવિધ ભોજન કરતાં જોઇ પ્રદ્વેષથી પ્રજ્વલિત થઇ ભાઇને મારવા દોડ્યો, તે ઘાને વંચી વૈરાગ્ય વડે **વિબુધ** ભાઇએ દીક્ષા ગ્રહી આત્મકલ્યાણ સાધ્યું. પિતાએ પણ એ જ માર્ગ આદર્યો અને તે રસલોલુપી બાળ રાજ્યપદ પામી માંસલોલુપી બની, રૌદ્ર ધ્યાનથી મરી, સાતમી નરકે

ગયો. ત્યાંથી અનંત સંસાર પરિભ્રમણ કરશે. એવી રીતે રસ-લોલુપતા વડે તે પાપી બાળ બહુ દુઃખી થયો.

## **સુકુમાલિકા રાણીની કથા** (ગાથા-૨૭૭-૭૮)

**વસંતપુર** માં **જીતશત્રુ** રાજા પોતાની રાણી **સુકુમાલિકા**ના કોમળ સ્પર્શમાં અતિ આસક્ત થયો હતો. રાજ્યકાજની ઉપેક્ષા કરી બેઠો તેથી મંત્રીએ તેને પદભ્રષ્ટ કરી તેના પુત્રને તખ્તનશીન કર્યો. મહાટવીમાં ચાલતાં રાણી ભૂખીતરસી થઈ તેથી રાજાએ મોહવશાત્ સ્વજંઘા ચીરીને પોતાના માંસાદિકથી તેણીને પરિતૃપ્ત કરી, તો પણ અંતે તેણીએ રાજાને છેહ દીધો. રાણી પણ વિવિધ વિડંબના પાત્ર થઈ. એવી રીતે સ્પર્શન ઈન્દ્રિયને આધીન બની રાજા-રાણી બન્ને દુઃખી થયાં.

આ પ્રમાણે એક એક ઈન્દ્રિયને વશ પડનાર પ્રાણીઓના બહુ બૂરા હાલ થાય છે. પતંગ, ભંગ, મીન, મચ્છ, હાથી અને હરણ પ્રમુખ પણ એકએક ઈન્દ્રિયને આધીન બની મરણાંત કષ્ટ પામે છે, તો સમકાલે સમગ્ર ઈંદ્રિયોને વશ થનાર જીવોને થતી અને થનારી દુઃખ દંદોળીનું કહેવું જ શું? એમ સમજી ચતુર નરોએ ચેતી જવું અને સંતોષવૃત્તિ ધરી જ્ઞાનદોરીથી મનમર્કટને બાંધી સ્વવશ કરી ઈંદ્રિયજય કરવો.

## **અચ્ચંકારી ભટ્ટાની કથા** (ગાથા-૨૯૫)

**અચ્ચંકારી** ભટ્ટા એ એક શ્રેષ્ઠીની પુત્રી હતી. પોતાનું વચન ઉલ્લંઘન ન કરે એવા ગૃહસ્થ (પ્રધાન) સાથે પરણી. દિવસ અસ્ત થયા બાદ ગમે તેમ થાય તો પણ ઘર બહાર નહિ જવા પોતાના પતિને જણાવવાથી તે તે પ્રમાણે જ કરતો હતો. છતાં એક દિવસે પ્રધાનને રાજાએ રોકી રાખવાથી તે વખતસર આવી શક્યો નહિ,

તેથી બહુ કુપિત થઈ સ્વપતિનો ત્યાગ કરી પોતે ચાલી ગઈ. માર્ગમાં ચોર પ્રમુખથી બહુ દુઃખ પામી, પછી ઘાતકી પ્રદેશમાં વેચાઈ, જ્યાં મનુષ્યના લોહીથી વસ્ત્ર રંગાતાં. ત્યાં ક્વચિત્ કોઈ સ્વજન આવી ચડવાથી તેણે તેણીને તે દુઃખમાંથી કોઈ રીતે મુક્ત કરી. આવા કડવા અનુભવ પછી તેણીને બહુ જ સમતા આવી. ક્ષમાગુણ તેણીમાં એટલો બધો વૃદ્ધિ પામ્યો કે ઈંદ્રે પણ તેણીની પ્રશંસા કરી. ઉત્તમ **સમતા** યોગે પોતાની જિંદગી સુધારી તે સુખી થઈ.

## **ક્ષુલ્લક સાધુની કથા** (ગાથા-૨૯૫)

**ક્ષુલ્લક** સાધુ ક્વચિત્ ભિક્ષા નિમિત્તે ગયો હતો, ત્યાં અનુપયોગથી એક મંડૂકી (દેડકી) તેના પગ નીચે કચરાઈ ગઈ. તે વાત અન્ય સાધુએ પુનઃ પુનઃ જણાવ્યાથી કોપપ્રજ્વલિત થઈ ક્ષુલ્લક તે સાધુને મારવા જતાં વચમાં રહેલા સ્તંભ સાથે ભટકાયો અને તેના મર્મસ્થાને વાગવાથી મરણ પામી જ્યોતિષ્ક દેવ થયો. પછી સર્પના કુળમાં અવતર્યો, ત્યાં જાતિસ્મરણ જ્ઞાનથી પોતાની ભૂલ સમજી, સુધારી સમતાયુક્ત કાળ કરી **નાગદત્ત** નામે રાજપુત્ર થયો.

## **કૂરગડૂ સાધુની કથા** (ગાથા-૨૯૫)

**કૂરગડૂ** સાધુ મહા વૈરાગ્યવંત છતા બહુ ક્ષુધાયોગે દિવસમાં બેત્રણ વાર નિર્દોષ આહાર વાપરતા હતા. ઉપવાસ પ્રમુખ તપ કરી શકતા નહિ. એકદા આહાર લાવી તપસ્વાં સાધુને પોતે નિમંત્રણ કર્યું, તે તેમણે નહિ સ્વીકારતાં તે સાધુના પાત્રમાં થૂંક નાંખ્યું. કૂરગડૂ મુનિ મનમાં સમતા સહિત તે વાપરી ગયા. ઉત્તમ પ્રકારની ક્ષમાને આદર કરતાં નિર્મળ ધ્યાનયોગે તે **કેવળજ્ઞાન** પામી સકળ કર્મપબંધનથી મુક્ત થઈ મોક્ષે સિધાવ્યા.

## **બ્રહ્મદેવની કથા** (ગાથા-૩૦૩)

**સોમદત્ત** નામનાં પુરોહિતનો પુત્ર **બ્રહ્મદેવ** સકળ વિદ્યાગૃહ છતાં જાતિમદથી ઉન્મત્ત બની જવાથી તેના પિતાના મરણ બાદ રાજાએ અન્ય પુરોહિત થાપ્યો. બ્રહ્મદેવની સહુકોઈ હાંસી કરવા લાગ્યા, તેથી કંટાળીને તે અટવીમાં ચાલ્યો ગયો. ત્યાં અનેક ડુંબોને જોતા તેમાંના એક ડુંબે આવી તેને સ્પર્શ કર્યો. તેથી તે કુપિત થઈ તેને શાપ દેવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે ડુંબે તેને ઠાર માર્યો. ત્યાંથી તે મરીને તે જ ડુંબનો દુર્ભગ પુત્ર થયો અને બહુ પાપ કરી મરીને પાંચમી નરકે ગયો. ત્યાંથી પણ નીકળીને પ્રાયઃ સર્વ હીન જાતિઓમાં અવતરી મહા દુઃખી થયો.

## **વણિકપુત્રી વસુમતીની કથા** (ગાથા-૩૦૫)

એક શ્રેષ્ઠીની **વસુમતી** નામની પુત્રીએ પોતાની માતાના મરણ થયા બાદ ઓરમાન માતાની ઉપર ખોટું આળ ચઢાવવા એકદા યુક્તિ કરી, જેથી નાહક તેણીનો શ્રેષ્ઠીએ ત્યાગ કર્યો. તેથી બાર પ્રહર સુધી તે બાપડી રુદન કરતી રહી. એવા દયાજનક દેખાવ જોયાથી તેણીનું હૃદય પીગળ્યું, અને કલંક ઉતારવા માટે પોતાના પિતાને યુક્તિસર સમજાવવા લાગી, આથી પિતાએ પુનઃ તેણીનો સ્વીકાર કર્યો. આવી રીતે બાંધેલા કર્મ વડે તેણી ભવાંતરમાં બાર વર્ષપર્યંત પતિવિરહના દુઃખને પામી. છેવટે જ્ઞાનીના મુખથી તે હકીકત જાણી વૈરાગ્યથી દીક્ષા લઈ તે સુખી થઈ.

## **કપિલની કથા** (ગાથા-૩૧૨)

**કપિલ** એ એક પુરોહિતનો પુત્ર હતો, જે પોતાના પિતાના મરણ થયા બાદ માતાની પ્રેરણાથી પિતાના મિત્ર બ્રાહ્મણના ઘરે

વિદ્યાભ્યાસ કરવા ગયો હતો. ત્યાં દૈવયોગે દુર્વ્યસનમાં લુબ્ધ થયો હતો. દ્રવ્યની જરૂર જણાતાં નૃપતિ પાસે દક્ષિણા માગવા ગયો. ત્યાં ખરી હકીકત કહેવાથી રાજાએ પ્રસન્ન થઈ ગમે તેટલું ધન ભંડારમાંથી લેવા આજ્ઞા કરી, ત્યારે પોતે કેટલું ધન માંગવું તેનો એકાંતમાં વિચાર કરવા બેઠો; પરંતુ લોભ વડે તે દ્રવ્યનું કંઈ માન-પાન રહ્યું નહિ. બે માસા સુવર્ણથી માંડી ક્રોડ સોનૈયાથી પણ તેની તૃષ્ણા શાન્ત થઈ નહિ. તેનું કારણ શોધતાં પોતાની ભૂલ પોતાને સમજાણી અને સર્વ લોભ તજી સંતોષવૃત્તિ ધારી સાધુ-નિર્ગ્રંથ થયો અને કેવળજ્ઞાન પામી મોક્ષસુખ પ્રાપ્ત કર્યું.

## **આષાઢભૂતિની કથા** (ગાથા-૩૧૨)

**ધર્મરુચિ** અણગારનો એક શિષ્ય **આષાઢભૂતિ** નામે હતો, તે ભિક્ષાર્થ ગયેલો તેને એક અતિ સુંદર મોદક મળ્યો. તેવા મોદકના લોભથી ભિન્ન ભિન્ન રૂપ ધારી તે જ ઘરે જંઈ પોતે મોદક મેળવ્યા. આવા લોભથી ગૃહસ્થનો વધારે પરિચય થતાં વિકારગ્રસ્ત બની તે ચારિત્રહીન થયો. સ્ત્રીમાં લુબ્ધ બની નટવત્ ચેષ્ટા કરવા લાગ્યો. એકદા નિમિત્ત પામી વિરક્ત થઈ પૂર્વકૃત કર્મને માટે પશ્ચાત્તાપ કરી પુનઃ પ્રવ્રજિત થઈ ભરત ભૂપતિનું નાટક ભજવતાં તે કેવળજ્ઞાન પામ્યો.

## **લક્ષ્મીધરાદિકની કથા** (ગાથા-૩૨૪)

કોઈ એક શ્રેષ્ઠીને લક્ષ્મીધર પ્રમુખ ચાર પુત્રો હતા. શ્રેષ્ઠીનું કુંટુંબ ધર્મવાસિત હતું. કિંતુ ઉકત ચારે પુત્રો મોહના અંગજ દૃષ્ટિરાગ, કામરાગ તેમજ દ્વેષને વશ થઈ જવાથી શ્રેષ્ઠી તેમને ધર્મવિમુખ થયેલા જોઈ મનમાં દુઃખિત થઈ વૈરાગ્યથી કોઈ સુસાધુ

પાસે ચારિત્ર લઈ સદ્ગતિ પામ્યા, અને તે ચારે પુત્રો ઉક્ત દોષોથી મરણાંત કષ્ટ પામી મરીને દુર્ગતિમાં ગયા. ત્યાંથી અનંત સંસાર ભ્રમણ કરશે તેમજ અનંત દુઃખના ભાગી થશે.

## વિધવાપુત્રની કથા (ગાથા-૩૩૮)

એક વિધવા માતાનો પુત્ર બાલ્યવયમાં સ્નાન કરી ભીને શરીરે વસ્ત્ર રહિત ઘર બહાર જતાં માર્ગમાં કોઈ વણિગ્‌ની દુકાન પાસે તલના ઢગલામાં અફળાઈ પડ્યો, તેથી ઘણા તલ તેના શરીરે ચોંટી ગયા તે લઈને ઘરે આવી પોતાની માતાને તે વાત જણાવતાં તેણીએ એ વાતમાં ટેકો આપ્યો, પણ નિષેધ કર્યો નહિ; તેથી તે નિરંતર ચોરી કરતાં શીખ્યો. છેવટે તેમાં પકડાઈ જવાથી તેને મોતની શિક્ષા થઈ તે પહેલાં પોતાની માતાને મળવા ઇચ્છા જણાવવાથી પૂરતા જાપતાથી તેને તેની માતા પાસે લઈ જવામાં આવ્યો. માતાની પાતે પોતે છરી માંગી કે તરત તે તેણીએ આપી, એટલે તે જ છરીથી તેણીનાં બંને સ્તન તેણે કાપી નાંખ્યા. લોકોએ તેનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે આ માતા મારી વેરણ થઈ છે, કેમકે જો તેણીએ મને ચોરી કરતાં નિવાર્યો હોત તો મારી આવા દશા થાત નહિ. અવળી શિખામણથી જ મારા બૂરા હાલ થયા છે.

## ગુરુ-શિષ્યની કથા (ગાથા-૩૪૫)

એક વખત રાજા અને ગુરુ વચ્ચે એવો સંવાદ થયો કે વિનય ગુણ રાજપુત્રમાં અધિક છે કે સાધુઓમાં અધિક છે ? ગુરુ મહારાજે કહ્યું કે તમે તમારા પાટવી કુંવરને 'ગંગા કઈ મુખી વહે છે ?' તેની તપાસ કરી જણાવવા ફરમાવો અને હું એક તરત દીક્ષિત થયેલ શિષ્યને એવી જ રીતે ફરમાવું. ઉભયની પરીક્ષા કરવી એમ નક્કી કરીને રાજપુત્રને અને નવદીક્ષિત શિષ્યને પૃથક્ પૃથક્ એવી ફરમાશ

કરી, તેનો તેઓ કેવો અમલ કરે છે તે તપાસવા કોઈ વિશ્વાસુ માણસની યોજના કરી; તો માલૂમ પડ્યું કે રાજપુત્રે તો રાજાના હુકમને હસી કાઢ્યો હતો, અને સાધુએ તેની પૂરેપૂરી તપાસ કરી ઉભયને સંતોષ પમાડ્યો હતો. મતલબ કે રાજપુત્ર કરતાં અધિક અને સાચો વિનય સાધુમાં જ નક્કી થયો. એવી રીતે વિનય પ્રયુંજવા સદા સાવધાન રહેવું એ દરેક સુશિષ્યની ખાસ ફરજ છે. યતઃ **વિનયવૃત્તિમાં જ શિષ્યની ખરી શોભા છે.**

## **આર્દ્રકુમારની કથા** (ગાથા-૩૭૨)

**આર્દ્રકુમાર**નો જીવ પોતાના પૂર્વભવમાં વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કર્યા બાદ પોતે ગીતાર્થ છતાં એકદા પોતાની બંધુમતી સ્ત્રી કે જેણીએ દીક્ષા ગ્રહણ કરી હતી તેણીને દેખી કામાતુર થયો, તે વાત પોતે કોઈ સાધુ દ્વારા જણાવી; તેથી તેણીએ ઉભયનું હિત વિચારી અનશન ગ્રહણ કર્યું. તે વાત સાંભળી પોતે પણ ખિન્ન થઈ અનશન ગ્રહણ કરી સ્વર્ગે ગયો. પરંતુ ત્યાંથી ચ્યવી અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો.

## **અગ્નિશર્માની કથા** (ગાથા-૩૭૨)

**વસંતપુર**માં વસતો અગ્નિશર્મા નામનો વિપ્ર એકદા વૈરાગ્યથી ભાર્યા સહિત પ્રવ્રજિત થયો. તે બન્ને ચારિત્રમાં એકનિષ્ઠાવાળા છતાં સાધુ પૂર્વ અભ્યાસથી ભાર્યા ઉપર રાગ રાખે છે. અને સાધ્વી જાતિમદ કરે છે. છેવટે તે બંને સ્વ-પાપને આલોચ્યા નિંદ્યા વગર કાળ કરીને સ્વર્ગે ગયાં. સાધુનો જીવ ઇભ્ય પુત્ર **ઇલાસુત** થયો અને સાધ્વીનો જીવ અદ્‌ભુત રૂપવાળી **નટપુત્રી** થયો. એકદા તે નટડીને દેખી પૂર્વસ્નેહવશથી કામપરતંત્ર બની સ્વકુળનો ત્યાગ કરી પોતે પણ નટ થયો. એમ સમજી સુજ્ઞ જનોએ નિઃશલ્ય થવું !

## માતા-પિતા-બંધુ-ભાર્યા-પુત્રના કૃત્રિમ સ્નેહની કથા

**(ચુલણી-કનકરથ-ભરત ચક્રી-સૂર્યકાંતા-કુણિકની કથા)**

**(ગાથા ૩૯૦-૩૯૧)**

### ચુલણી

**ચુલણીએ** પોતાના સ્વાર્થની ખાતર સ્વપુત્ર બ્રહ્મદત્તને લાક્ષાગૃહમાં બાળી નાખવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે વાત **વરદત્ત** મંત્રીદ્વારા જાણી તે સુરંગ દ્વારા સહીસલામત નીકળી ગયો.

### કનકરથ

**કનકરથ** રાજા રાજ્યના લોભથી પોતાના પુત્રોને જન્મતાં જ અંગહીન કરી નાંખતો હતો. તેથી છેવટે રાણીએ એક પુત્રને જન્મ આપી મંત્રીના ઘરે છૂપો રાખ્યો હતો.

### ભરત ચક્રી

**ભરત ચક્રીએ** પોતાના બંધુ બાહુબલી ઉપર તેને મારવા ચક્રરત્ન મૂક્યું હતું. પણ સ્વગોત્રી હોવાથી તેને પ્રદક્ષિણા દઈ ચક્ર પુનઃ સ્વસ્થાને આવ્યું હતું.

### સૂર્યકાંતા

**સૂર્યકાંતાએ** સ્વાર્થથી સ્વભરતારને મારવા ઝેર આપ્યું હતું.

### કુણિક

**કુણિક** રાજાએ પોતાના પિતા શ્રેણિક રાજાને કેદમાં નાંખી ભારે કદર્થના કરી હતી.

## **બંધુયુગલની કથા** (ગાથા-૩૯૩)

કોઈ એક સાર્થવાહના બે પુત્રો વ્યાપારાર્થે જળમાર્ગે જતાં જહાજ ભાંગી જવાથી ફલક વડે રત્નદ્વીપમાં જઈ ચડ્યા, ત્યાં તે

દ્વીપની સ્વામિની એવી કોઈ દેવીનું રત્નમય ભુવન દેખી તેઓ ત્યાં જોવા માટે ગયા. તે બંન્ને બંધુને જોઈ કામ પરવશ થયેલી દેવીએ તેમનો સત્કાર કર્યો, ક્વચિત્ કાર્યાંતરે દેવી અન્યત્ર ગઈ ત્યારે તે દેવીની કપટરચના તેમના જાણવામાં આવી. તે દેવી પ્રાંતે સહુ કોઈ ભક્તભોગીની ભારે વિડંબના કરતી હતી. આ વાત જાણી તેમને પણ બહુ ત્રાસ થવાથી કોઈ ઉત્તમ યક્ષની સહાયથી તે સમુદ્રની પાર જવા નીકળ્યા. પાછળથી તે દેવીએ આવી તેમને બહુ જ આજીજી કરી. તેથી એક ભાઈ ચલાયમાન થઈ ગયો, તેના તો બહુ જ બૂરા હાલ થયા અને બીજો સુદૃઢ રહ્યો; તે ક્ષેમકુશળ સમુદ્ર પાર પહોંચી શક્યો. ઉક્ત કથાનો ઉપનય એવો છે કે આ મનુષ્ય અવતાર રત્નદ્વીપ તુલ્ય છે, તેમાં ભાગ્ય યોગે જીવનું પ્રયાણ થાય છે, તેમાં વિષય તૃષ્ણારૂપ **રત્નાદેવી** છે, જે જીવોને વિવિધ રીતે લોભાવે છે. જે લોભાઈ વિષયમાં લુબ્ધ બને છે; તેના બહુ બૂરા હાલ થાય છે. સદ્ગુરુરૂપ યક્ષ સમજવો, તેમની સહાયથી જ વિષયથી વિમુખ રહી શીલાદિકમાં સુદૃઢ રહે છે તે સંસારસમુદ્રમાં નહિ ડૂબતાં સુખે તેનો પાર પામી શકે છે.

## **સિંહરથની કથા** (ગાથા-૪૧૭)

**પુંડરીક** રાજાનો પુત્ર **સિંહરથ** નામે હતો. તે દુર્વિનીત હોવાથી સહુ કોઈને અનિષ્ટ થઈ પડ્યો. રાજાએ તેનો ત્યાગ કર્યો. એકદા ભમતો ભમતો માર્ગમાં એક ઘોડાને પૂજાતો તથા બીજા ઘોડાને કુટાતો દેખી કુમારે તેનું કારણ કોઈને પૂછવાથી તેને જણાયું કે આ ઘોડો અતિ વિનીત સ્વામીના આશય અનુસારે ચાલનાર હોવાથી પૂજાય છે અને બીજો દુર્વિનીત-ઉદ્ધત હોવાથી કૂટાય છે. તે દુર્વિનયનું ફળ સાંભળી કુમાર ચમક્યો અને એવો તો વિનીત બની ગયો કે તેણે થોડા વખતમાં

રાજા પ્રમુખ સર્વ કોઈને રંજિત કરી દીધા. તેથી સિંહરથને રાજ સોંપી પુંડરીક નૃપે દીક્ષા લીધી. સિંહરથ પણ વિનયગુણથી પ્રૌઢ પ્રતિષ્ઠા પામી અંતે દીક્ષા ગ્રહી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં અવતરી મોક્ષે જશે.

## **ધનદરાજપુત્રની કથા** (ગાથા-૪૨૨)

**ધનદ** નૃપતિની રાણી **પદ્માવતીથી** ઉત્પન્ન થયે **ભુવનતિલક** નામનો પુત્ર મહા સૌભાગ્યશાળી હતો. યશોમતી નામની રાજકન્યાને પરણવા જતાં માર્ગમાં રોગાક્રાન્ત થવાથી અનેક ઉપચાર કરતાં છતાં તે સાજો નહિ થયો. એટલામાં ત્યાં કેવળજ્ઞાની પધાર્યા. વિનયપૂર્વક તેમની પાસે રોગનું કારણ સાંભળતાં **જાતિસ્મરણજ્ઞાન** પામી વૈરાગ્યથી તે દીક્ષિત થયો. પછી પૂર્વે પોતે કરેલી સાધુ-વિરાધના સંભારી સંભારી સાધુઓની અનેકવિધ ભક્તિ કરતો છતો, દેવતાએ અનેક રીતે ચળાવવા યત્ન કર્યો છતાં, સ્વપ્રતિજ્ઞામાં દૃઢ રહી, વિશુદ્ધ અધ્યવસાયથી કેવળજ્ઞાન પામી મોક્ષગતિ પામ્યો.

## **સુભદ્રા સાધ્વીની કથા** (ગાથા-૪૨૫)

એક સાર્થવાહની **સુભદ્રા** નામે ભાર્યા સંતાન વગરની હોવાથી તે દુ:ખથી દીક્ષિત થઈ. ત્યાર બાદ મહા આકરો તપ કરવા લાગી, પરંતુ ગૃહસ્થનાં બાળકો ઉપાશ્રયે આવે છે તેને અનેક રીતે ઉત્સંગ (ખોળા) આદિકમાં સ્થાપી લાડ લડાવે છે. સાધ્વીઓએ વાર્યા છતાં તેથી નિવર્તતી નથી. છેવટે જુદા ઉપાશ્રયમાં રહી, તેવી જ પ્રવૃત્તિથી કાળનિર્ગમન કરી છેવટે તે પાપને આલોચ્યા નિંદ્યા વગર અનશન કરી દેવાંગના થઈ. જો તે કાર્યથી ઓસરી કેવળ શાસ્ત્રનીતિથી જ વર્તી હોત તો તે સાધ્વી મોક્ષે જઈ શકત. આ વાત સાધુજનોને

ગૃહસ્થ-પરિચયથી દૂર રહેવા ખાસ સૂચવે છે.

## **શ્રીમતીની કથા** (ગાથા-૪૩૮)

**શ્રીમતી**ને મારવા પતિએ પ્રપંચ કર્યા છતાં નવકારના પ્રભાવથી દેવતાએ સાંનિધ્ય કરી, સર્પને બદલે ફૂલની માળા થઈ ગઈ. તેવા ચમત્કારથી પછી પતિ પણ જૈન ધર્મમાં રક્ત બની ગયો.

## **બીજોરાની કથા** (ગાથા-૪૩૮)

એકદા કોઈ એક પુરુષે રાજા પ્રત્યે એક અતિ અદ્‌ભુત બીજોરું ભેટ કર્યું. તેથી પ્રસન્ન થઈ તેને બક્ષિસ આપી. રાજાએ તેના મૂળ સ્થળનો પત્તો મેળવ્યો તો માલૂમ પડી કે તે બીજોરાનું વન દેવતાઅધિષ્ઠિત છે. જે કોઈ તેમાંથી બીજોરું તોડી લે છે તે મરી જાય છે. તેમ છતાં તેવા ફળના લોભથી રાજાએ લોકોના વારા બાંધ્યા. એકદા એક **શ્રાવક**નો વારો આવ્યો. તેણે પ્રસન્નતાપર્વક **નમસ્કારમંત્રનું** સ્મરણ કરી નિસ્સીહી કહી તેમાં વિવેકથી પ્રવેશ કર્યો. તેથી અધિષ્ઠાયક યક્ષ પ્રસન્ન થઈ પ્રતિબોધ પામી તેની પ્રશંસા કરવા લાગ્યો. **શ્રાવક**ને વર માંગવાનું કહેતાં તેણે કોઈ જીવનો વધ ન થાય તેમ કરવા જણાવ્યું, તેથી તેણે તેમજ વર્તવા કબૂલ કર્યું. ઘરે બેઠાં બીજોરું મળવા લાગ્યું. **એ સર્વ નવકાર મહામંત્રનો પ્રભાવ સમજવો.**

## **ચંડપિંગળ ચોરની કથા** (ગાથા-૪૩૮)

**ચંડપિંગળ** નામનો ચોર એક વેશ્યાના ઘરે રહે છે. એકદા રાજાનો મહામૂલ્યવાળો મોતીનો હાર ચોરી તેણે પ્રયત્નથી વેશ્યાના ઘરે રાખ્યો. કોઈક મહોત્સવ સમયે તે હાર પહેરી વેશ્યા બહાર ગઈ. તે જોઈ રાણીની દાસીએ ઓળખી લઈ, તે વાત રાણીને

જણાવી. તપાસ કરી ચોરને પકડી તેને શૂળીએ ચડાવ્યો. વેશ્યાને બહુ પશ્ચાત્તાપ થયો. તેથી શૂળી સમીપે જઈ ચોરને નવકારમંત્ર સંભળાવ્યો. તે ત્યાંથી શુભધ્યાને મરી રાજાનો જ પુત્ર થયો. તે નવકારના માહાત્મ્યથી અનુક્રમે રાજ્યઋદ્ધિ પામી દીક્ષા લઈ બહુ સુખી થયો.

## **હુંડિક યક્ષની કથા** (ગાથા-૪૩૮)

તે હુંડિક પ્રથમ ચોરી કરી મથુરામાં રહેતો હતો. એકદા કોટવાળે પકડી રાજાના હુકમથી તેને શૂળીએ દીધો. તે વખતે બહુ તૃષાથી પીડિત થયેલા તેણે નજદીકમાં જ જતા **જિનદત્ત** શ્રાવકને કહ્યું કે, "તમે બહુ દયાળુ છો, તેથી મને જળ આપો." ત્યારે શ્રાવકે કહ્યું કે, હું જળ લાવી આપું, ત્યાં સુધી તું નવકારમંત્ર ગણ્યા કર! ચોરે પણ તેમજ કર્યું. એટલામાં જિનદત્ત પાણી લઈને આવ્યો. ચોરને સહાય દેનાર જાણીને તેને પકડી રાજાએ તેને પણ શૂળીએ દેવાનો હુકમ દીધો. તેવામાં પેલો ચોર પણ શુભધ્યાને મરી યક્ષપણે ઉત્પન્ન થયો, અવધિજ્ઞાનથી પોતાના ઉપકારીને સહાય કરવા જલદી આવી સહુને ત્રાસ પમાડી કહ્યું કે તમે આ મહાપુરુષને ઓળખતા નથી ? તેને તમે જલદી છોડી દ્યો, નહિ તો સઉને ચૂરી નાંખીશ. આમ થવાથી તત્કાળ તે યક્ષને પ્રસન્ન કરવા જિનદત્તને ખમાવી રાજાએ વિસર્જન કર્યો. યક્ષે પણ જિનદત્તની ભારે સ્તુતિ કરી. એ સર્વ પ્રભાવ નવકારમંત્રનો જાણવો. **નવકારમંત્રના પ્રભાવથી સર્વત્ર કલ્યાણ થાય છે.**

## **ક્ષપકની કથા** (ગાથા-૪૬૫)

**કુસુમપુરમાં** અગ્નિશિખ નામનો **ક્ષપકસાધુ** ચાતુર્માસ માટે

કોઈ એક ગૃહસ્થના ઘરે નીચલા ભાગમાં રહ્યો હતો. એવામાં ત્યાં અન્યસાધુ **અરુણ** નામનો આવી ઉપલા ભાગમાં રહ્યો. તે સંયમ આચરણમાં શિથિલ હતો અને **ક્ષપક** સાધુ અનેક આકરાં તપ કરતો હતો. પણ સ્વોત્કર્ષ વડે શિથિલ આચારી સાધુની નિંદા કરતો હતો. તેથી તેણે ઘણા ભવ વધાર્યા, અને શિથિલ સાધુ તો ક્ષપક સાધુની તપકરણી વિગેરે જોઈ પ્રમુદિત થઈ તેની સ્તુતિ કર્યા કરતો હતો તેથી તેને **ભવભ્રમણ** ઓછું થયું. એમ સમજી ગુણાનુરાગી જ થવું.

## **કુંતલાદેવીની કથા** (ગાથા-૪૬૫)

કોઈ એક નગરમાં જિતશત્રુ રાજાની અનેક રાણીઓ જિન-પ્રાસાદ કરાવી તેમાં મહોત્સવ કરતી હતી. તે દેખી રાજાની પટ્ટરાણી **કુંતલાદેવી** દ્વેષ વહેતી મરીને કૂતરી થઈ, પ્રાસાદદ્વારે રહે છે. કોઈક જ્ઞાનીએ તેના પૂર્વભવનું સ્વરૂપ કહેવાથી જાતિસ્મરણ જ્ઞાન પામી તે અનશન આદરી સ્વર્ગે ગઈ, એવી રીતે દ્વેષના માઠાં ફળ જાણી સુજ્ઞજનોએ તે પરિહરવો.

## **સૂરિની કથા** (ગાથા-૪૬૫)

કોઈ એક ગચ્છમાં આચાર્ય સર્વ આગમના જ્ઞાતા છતાં દૈવયોગે સંયમમાં શિથિલ થઈ ગયા, અને તેમનો એક શિષ્ય સર્વ શાસ્ત્રમાં પારગામી થઈ ક્રિયાકાંડમાં બહુ ઉજમાલ રહેતો. તેથી શ્રાવકો તથા શિષ્યો તે શિષ્યની પાસે ગુણના બહુમાનપૂર્વક ધર્મશ્રવણ કરવા લાગ્યો. તેથી આચાર્ય મનમાં પ્રદ્વેષ વહેવા લાગ્યા, તો પણ તે ગુણવાન શિષ્ય સ્વઉચિત સેવા સદા સાચવતો ! એમ કરતાં આચાર્ય કલુષિત પરિણામથી કાળ કરી ઉદ્યાનમાં વિષધર થયો, અને શિષ્ય સાધુ આચાર્ય થયા. સ્થંડિલભૂમિ જતાં સાધુઓને મૂકી નવા થયેલા

આચાર્ય પ્રત્યે પ્રદ્વેષથી પેલો વિષધર દોડવા લાગ્યો. એવામાં કોઈ **કેવળી** પધાર્યા. તેમને તેનું સ્વરૂપ પૂછતાં તેમણે તેનું યથાર્થ સ્વરૂપ કહેવાથી શિષ્યો બહુ જ વૈરાગ્ય પામ્યા. પછી તે સર્પને પ્રતિબોધવા માટે તેના પૂર્વભવનું સ્વરૂપ જ ઉપાયરૂપ જાણી, તે સર્પને સંભળાવવાથી તે સર્પ જાતિસ્મરણ જ્ઞાન પામી, અનશન આદરી દેવગતિ પામ્યો. પ્રદ્વેષ કરવાના કટુકવિપાક સમજી સુજ્ઞજનોએ કોઈના ઉપર પ્રદ્વેષ ન જ કરવો !

## **કીરયુગલની કથા** (ગાથા-૪૬૯)

કોઈ એક વિદ્યાધરે કરાવેલા જિનમંદિરના દ્વાર ભાગે રહેલું **કીરયુગલ** શ્રાવકોને પ્રભુપૂજા કરતા દેખી પોતે પણ પુષ્પો વડે પ્રભુની પૂજા કરવા વડે શુભ ભાવની વૃદ્ધિથી બોધિબીજ પામી અનુક્રમે બહુ સુખભાગી થયું; તો અન્ય ભાવિક ભવ્ય જનોનું તો કહેવું જ શુ ? સુગંધી, તાજાં, અખંડ, પરિપક્વ, વિવિધ પુષ્પો વડે જ પ્રભુની પૂજા કરવી યુક્ત છે.

## **શ્રેષ્ઠીપુત્રોની કથા** (ગાથા-૪૬૯)

**વિમળ, શંખ** પ્રમુખ સર્વ એક મહા શ્રેષ્ઠીના પુત્રો તીર્થંકર મહારાજ પાસે અષ્ટપ્રકારી પૂજાનું ફળ સાંભળી તે પ્રમાણે પ્રતિદિન અષ્ટપ્રકારી પૂજા કરવાથી તેમજ શ્રાદ્ધવ્રતમાં દૃઢ રહેવાથી સાતમા દેવલોકમાં સત્તર સાગરોપમના આયખે સર્વે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં અવતરી મોક્ષે જશે. વિવેક રહિત **કીરયુગલ** પણ પુષ્પપૂજાથી સદ્‌ગતિ પામ્યું. તો જે પ્રતિદિન અધિક પ્રેમપૂર્વક પ્રભુની અષ્ટપ્રકારી પૂજા વિચરી ગુણગ્રામ કરી આત્માને નિર્મળ કરે છે, તેમનું તો કહેવું જ શું ? એમ સમજી આવી રીતે જિનદીક્ષા ગ્રહણ કરવા શ્રાવકજનોએ પ્રભુપૂજામાં પ્રેમપૂર્વક પ્રવૃત્તિ

કરવી ઘટે છે. જે મૂઢ જનો ગૃહસ્થ છતાં પણ પ્રભુપૂજામાં પ્રવૃત્તિ કરતા નથી. તેમનો જન્મ નિરર્થક છે એમ શાસ્ત્રકાર કહે છે.

## સમરનૃપતિની કથા (ગાથા-૪૯૭)

**સમરનૃપતિ** એકદા પ્રબળ દાહપીડાગ્રસ્ત થયા છતાં પુણ્યના પ્રભાવથી ધર્મરુચિવંત બની દીક્ષા લેવા ઉજમાળ થયા. તેવામાં મોહથી પુનઃ પુત્રાદિકની ચિંતાદિક કારણે વિલંબ કરવા વિચાર થયો, પરંતુ પુનઃ ભાગ્યોદયે જ્ઞાની ગુરુ સમીપે **'શ્રેયઃકામમાં બહુ વિઘ્નો આવી પડે છે.'** ઇત્યાદિક સંક્ષિપ્ત સદ્બોધ સાંભળી વૈરાગ્યથી તરત દીક્ષા લઈ તેને યથાર્થ આરાધી **કેવળજ્ઞાન** પામી **સમરરાજર્ષિ** મોક્ષસુખના ભાગી થયા ! એમ વિચારી આત્માર્થીજનોએ ધર્મ આરાધના કરવા ઉજમાળ થવું. તેમાં કદાપિ પ્રમાદ નહિ કરવો !

• • •

# गाथा अकारादि क्रम


| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| अइदुल्लहंपि | ४७२ | अप्पा सुगइ | २१४ |
| अकसिण | २३५ | अब्भुठाणं | ४०८ |
| अकुसलमणो | १९५ | अभिकंखवं | २४ |
| अकुसलवयण | १९९ | अमय समो | ४१४ |
| अक्खलियमिलियाइ | २२ | अम्हारिसा कहं | २१७ |
| अग्गीओ न | ३६३ | अरिहं देवो | ९० |
| अचलिय | १०३ | अलमित्थ | १७० |
| अजिइंदिएहिं | २६१ | अवि जलहीव | १९३ |
| अट्ठविहा | ३३४ | अवि दंतसोहणं | १५१ |
| अट्ठारस | १२३ | अव्वत्तेण | २६० |
| अणभिओगेण | ३४१ | अह ओवयारिओ | ४०६ |
| अणासायणा | ४१३ | अहर-गइ | २२५ |
| अणुमित्तोवि | २४५ | अंगुल असंख | २७२ |
| अणुरत्तो | १३३ | अंगुल पहुत्त | २७० |
| अन्नयर | २९७ | अंतो-बहि | २६४ |
| अन्नेपि | ४५७ | अंतोमुहुत्त | १०४ |
| अन्नो सुखखंमि | ४७० | आकंपइता | ३७५ |
| अपरक्कमो | ४८७ | आगम सुअ | ३५७ |
| अप्पत्ते य | १३८ | आगारिंगिय | ३४४ |
| अप्पंपि भाव | ३७२ | आमिणिबोहिय | १७ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| आमे घडे | २७ | इच्छिज्ज न | ४२६ |
| आयरइ जइ | ४६० | इत्तो सव्वन्नूत्तं | ४२८ |
| आयरव | ३५६ | इत्थं पुण | १८ |
| आयरपकप्पाइ | ३६० | इत्थं वीसहिगारा | ५०३ |
| आरंभनियत्ताणं | ४७ | इयअट्ठारस | १२६ |
| आराहिज्जइ | १४८ | इय अनिवारय | ३३९ |
| आरुग्गं सोहग्गं | ५० | इय अन्नाणवि | १६८ |
| आलंबणे अ | १७५ | इय इक्कं | ६० |
| आलोयण | १३२ | इय एवमाइ भेयं | ११९ |
| आलोयणा | ३६५ | इय एवमाइ विहिणा | १३५ |
| आवायाइ | १९३ | इय नाय तस्स | २७३ |
| आसंसाइ | ४६ | इय निज्जिय | ७० |
| आहार-गंध | ३९४ | इय निम्मल | २०४ |
| आहार-मित्त | १८४ | इय-भव-विरत्त | ४०१ |
| आहार वसहि | ४१ | इय भावंतो | २२३ |
| आहारोवहि | १८३ | इय मुक्खहेउ | ४८ |
| इअरो उ | २५३ | इयरित्थीणवि | ४५० |
| इअ लोभस्सु | ३०९ | इय विहिपडिवन्न | १४२ |
| इक्कं पंडिय | ४८८ | इय सव्वगुण | ४७९ |
| इक्कंपि पयं | ४९७ | इय सुहफलयं | २५९ |
| इक्कंमि वि | १९ | इरिया भासा | १७४ |
| इक्कंमि हीलयंमी | ४२१ | इरियावहि | २४३ |
| इच्छंतो य | १५ | इह लोइ | २९३ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| इह लोगंमि तिदंडी | ४३८ | ओसन्नो वि | २१ |
| इह लोगंमि वि | १६९ | कम्मखवए | ४९९ |
| इहलोय | ४१७ | कम्मसंखिज्ज | ४३० |
| उक्कोसो | ४३१ | कम्मं कसं | २८३ |
| उज्झिय गुरु | ३५३ | कयपावोवि | ३८० |
| उद्धमुहो | १७८ | कल्लाणकोडि | ७ |
| उन्नयविहवो | ५८ | कस्स न सलाह | ६२ |
| उल्लसिय-गरूय | ९४ | कस्सालोयण | ३५५ |
| उवएसमाल-करणे | ५०४ | कह दायगेण | ४५ |
| उवएसमाल-नामं | ५०२ | कहेहि सव्वं | ३५८ |
| उवसमइ | ४६८ | कंमाइं भवंतर | ८१ |
| उस्सग्गववाय | २५५ | कायंबपुप्फ | २६८ |
| उस्सग्गे अववायं | २५१ | कालाइदोस | ३३५ |
| उस्सग्गेण | २३९ | काले सुपत्तदाणं | ४८१ |
| एअ-दोस | ३७६ | काहं अछित्तिं | २३७ |
| एएहिं विरहियाणं | ४३ | कित्तिय मित्तं | ८५ |
| एगंतेण | २४४ | किह होही | २५२ |
| एगिंदएसु | १४३ | किं इत्तो लट्ठयरं | ३४ |
| एमेवय मज्झि | १४१ | किं चरणं | ११३ |
| एवंपि कम्म | २१८ | किंतु मय-माण | ३९७ |
| एवं विसुद्ध | ३८२ | किं नाणं को | १६ |
| एसो मे | ४११ | किं बहुणा | ४१८ |
| एसो सो | ३२० | किं सम्मत्तं | ८९ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| किं सुरगिरणो | ६ | गुरु परितोस | २५ |
| कुम्मुव्व सया | २०३ | गोआलमाई | २१६ |
| कुंथु पिवीलिय | २६६ | घणमालाउ | ४४४ |
| केसिं च होइ | ४९ | चउसुवि | २८९ |
| को चक्कवट्टि | २२१ | चरणरहियं | ११२ |
| को य गुरु | ३२८ | चंदन तरूण | ४१५ |
| को लोभेण | ३०६ | चंदुव्व सोमलेसो | २०८ |
| कोवंमि खमाए | २९५ | चाउम्मासिय | ३६८ |
| कोहाइणो य | ३१० | चिंतइ अचिंत | १९७ |
| कोहाईहिं | १८० | चिंतामिणणा | ६९ |
| कोहेण व | १४६ | चेइय कुलगण | २३१ |
| कोहो माणो | २८४ | चेईय-दव्व-विणासे | ४५१ |
| खइयं खओ | १०६ | चेईय दव्वं साहारणं | ४५२ |
| खंती सुहाण | २९४ | छज्जीवकाय | २३४ |
| गच्छंतु | ३४२ | छट्ठट्ठमदसम | ३५ |
| गणनिसरणा | ४८४ | छत्रीसगुण | ३७० |
| गयणंव | २०७ | छंदेण गओ | ३४८ |
| गंगाइ वालुअं | ४० | जइ उवसंत | ३१५ |
| गंठि भणंति | ९३ | जइ घोरतव | १९१ |
| गंभीरं जिणवयणं | २५४ | जइ चक्कवट्टि | १६१ |
| गिहिणो | ४२५ | जइ जिणमयं | २२८ |
| गीयथ्थेणं | ३६१ | जइ धम्मंमि | १२१ |
| गुरु चित्तविउ | ३४३ | जइ नाणाइ | २९८ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| जइ मिच्छदिट्ठि | १४४ | जह सीसाइ | ३३७ |
| जइ वणिसुआइ | ३०५ | जह सुकुसलो | ३७१ |
| जइ वहसि | १५९ | जहिं नत्थि | ३४० |
| जइ वि परि | ४४९ | जं अज्जवि | ४३५ |
| जइ विहु | २९ | जं अज्जियं | ३१४ |
| जणणीए | ३३८ | जं आमोसहि | ७२ |
| जमुवेहंतो | ४५३ | जं किंचि | १५६ |
| जम्हा न कज्ज | २२४ | जं देवाणवि | ६१ |
| जम्हा विणयइ | ४०२ | जं नंदिसेण | ७८ |
| जलणाइ | ४३२ | जं नारयाण | ३८४ |
| जल-रेणु | २८६ | जं पिच्छसि | ३१८ |
| जललवचलंमि | ४७४ | जं पिच्छह | ३० |
| जललवतरलं | २२० | जं भरहमाइणो | ७४ |
| जलहीवि | ६५ | जं लहइ | २५८ |
| जस्स भवे | ११० | जाइ-कुल-रूव | २९६ |
| जह आगम | ३३ | जाइ मएणि | ३०३ |
| जह जह वड्ढइ | ३१२ | जाई कुलविणय | ३६६ |
| जह धन्नाणं | १०१ | जा जयमाणस्स | २४१ |
| जह नरवइणो | १८६ | जायइ सुपत्त | ५२ |
| जह बालो | ३६९ | जाव जिणसासण | ५०५ |
| जह ममं न पियं | ११ | जिणवयणकाणणाओ | २ |
| जह वारिम | ४७३ | जिणवयणमहाविज्जा | १९८ |
| जह सलिला | ३८८ | जिणसासणस्स | १८५ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| जियपरिसो | ३३१ | तम्हा सकम्म | ४९८ |
| जीहाए वि | ३३६ | तम्हा सुहं | ३९८ |
| जुगमित्त | १७७ | तवसुसिय | ७७ |
| जुव्वईहिं | ४४६ | तह जिणवराण | १८७ |
| जे उण अभव्व | ९५ | तह भरहनिवइ | ३९१ |
| जे उण छज्जीव | १२ | तह सूरो | २७४ |
| जे जत्तिआ | २४२ | तह सेवंति | ३५१ |
| जे मुद्धजणं | ३०४ | तह दुज्ज | १७९ |
| जे सयल | ६३ | तं गिरिवरं | ९६ |
| जो जहव | १८८ | तं चिंतासय | २५७ |
| जो दूठुगइंदो | २०२ | तं चेव दिव्व | ४ |
| जो पुण | २४६ | तं नत्थि किं | ३९९ |
| जो भणइ | ३७७ | तं नत्थि जं | ४२९ |
| जो रागाईण | ३२६ | तं मइलणा | १६० |
| जो लिंगिणिं | ४५४ | तंमि अहीए | २०५ |
| ठाण-वसही | ४८५ | तं वत्थुं | ३१९ |
| तइअवए | १५२ | ता जइ मणोरहा | ४७८ |
| तम्हा उक्कोसणं | ३६४ | ताणं च तथ्थु | १७१ |
| तम्हा उवउत्तेणं | १९२ | तित्थयर | ४१२ |
| तम्हा जइ | ४२२ | तित्थयरु | २३० |
| तम्हा दारिद्द | ३९५ | तुल्लेवि | ४७७ |
| तम्हा परिणामुच्चिय | २२७ | ते वि अ | ३७९ |
| तम्हा विहीइ | ४४ | तेसि सरूवं | २८२ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| तो अत्तणो | १० | देहो अ पुग्गल | ४२ |
| तो अवगय | ४७१ | दोसा जेण | २४८ |
| तो आणाबज्झेसुं | २३६ | धणसम्म | १८९ |
| तो जिणसु | २८१ | धम्मत्थकाम | २९२ |
| तो सेविज्ज | ३५४ | धम्मरुइ | १९४ |
| थोवा माणकसाई | ३०८ | धम्मस्स दया | ३०० |
| दप्पविस | २९९ | धम्मेण विणा | ४७६ |
| दव्वथओ य | २३३ | धरउ वयं | १५५ |
| दव्वाइ चिंतिऊणं | ३६२ | धीरेणवि | ४८९ |
| दव्वाइ सद्दहंते | ४०५ | न भवइ | ३८७ |
| दंमंति तुरंगा | २०० | न य विहवेणु | ३११ |
| दंसण नाण | ४०४ | नवगुत्तीहिं | १५३ |
| दाउं सुपत्तदाणं | ५१ | न वाहुई | १६७ |
| दाणं सीलं च | ८६ | नवि तं | ३७४ |
| दारिद्दं दोहग्गं | ५५ | न विरुज्झइ | १८२ |
| दासे दुट्ठे | १२५ | न संभरइ | ३५९ |
| दीहं ससंति | ३८३ | न हु तंमि | ४३५ |
| दुक्खं जरा | ४९२ | नंदंतु निम्मलाइं | १५७ |
| देविंदचक्कवट्टि | ९ | नाऊण दुहमणंतं | १४ |
| देवेसु वीयराओ | १५४ | नाऊण सुअ | ४९६ |
| देस-कुल-जाइ | ३३० | नाणमकारण | ३७ |
| देसचरणं | ११५ | नाणस्स होइ | ३४९ |
| देहट्ठिएहिं | २७५ | नाणाइ आलंबण | १७६ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| नाणागारं | २६९ | पडिसेहो | २४७ |
| नाणेण सव्वभावा | ३६ | पढमं चिय | ३५० |
| नामाइ मंगलाणं | ४३६ | पढमाणुदए | ३१६ |
| नारयतिरियाय | २८० | पढिए अ | १३७ |
| निच्छइ य | ३४७ | पत्थइ सुहाइं | ८० |
| निच्छिन्न | ४९३ | परदोसकहा | ४६५ |
| निव्विय | ३८१ | परदोसं | ४६१ |
| निद्दा विकहा | २३ | परिहरसु | ४४८ |
| नियगुण | ३४६ | पवणुव्व | २०९ |
| निय पाणग्घाए | १४५ | पवयणमायाउ | १७२ |
| निवपुच्छिएण | ३४५ | पहसंतगिलाणेसु | ५३ |
| नीयंगमाहिं | ४४३ | पंचय अणुव्वयाइं | ११६ |
| नेरइआणवि | २२२ | पंचविहे | ३३२ |
| पइसमयं | ९७ | पंचेव इंदियाइं | २६३ |
| पक्ख-चउमासि | २८८ | पंडए वाइए | १२७ |
| पच्चक्ख नाणिणो | १६३ | पाउवगमण | ४९० |
| पडिबंधो | २०६ | पाएण हुंति | १२२ |
| पडिभग्गस्स | ४२४ | पायं अदिन्न | ५७ |
| पडिरूवो....माणसिओ | ४०७ | पायं धम्मत्थीणं | ५०० |
| पडिरूवो....मुणेयव्वो | ४१० | पायाले सुरलोए | ७५ |
| पडिलेहिऊण | १९० | पावंति | ९२ |
| पडिवज्जमाणया | १०० | पावाओ | ३९ |
| पडिसिद्धंपि | २४० | पावाणं | ४५५ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| पासत्थो ओसन्नो | २११ | भूसग सप्प | २६७ |
| पिज्जं भयं | २१२ | भेओ सामित्तं | २६२ |
| पियविरहाओ | ३०७ | मयण-नवणीय | ४४२ |
| पिंडप्पयाण | १०८ | मरणे वि | १४९ |
| पिंडविसोही | ११८ | महिलासहावो | १३० |
| पुढवि-जल | २६५ | माय-पिय | ३९० |
| पुप्फेसु कीर | ४६९ | माया तिरियाण | २९० |
| पुव्वपडिवन्ना | ९९ | माया लोभो | ३२१ |
| पुव्वुत्तगुणसमग्गं | ४६६ | मायावलेहि | २८७ |
| पुव्वुत्तगुणा सव्वे | ३२७ | मिच्छत्तभाविउ | १०९ |
| पुव्वोवठ्ठ | १४० | मित्तंपि कुणइ | २९१ |
| फासिंदिएण | २७८ | मुत्तुंपि | ४३३ |
| बज्झेण | ५४ | मूलुत्तरगुणभेएण | ११७ |
| बहुदोससंकुले | ३०१ | मूलुत्तरगुणविसयं | ३६७ |
| बहुयं लाघव | १८१ | मेहा हुज्ज | २८ |
| बहु-विथ्थर | २४९ | रइरिद्धिबुद्धि | ६४ |
| बहुवेरकलह | १६२ | रयणायर | ३ |
| बंधंति भव | २८५ | रागाइदोस | २५६ |
| बंभाइतेअ | १६४ | रागो अ तत्थ | ३२३ |
| भमिऊण | ९१ | रिसीहिं | १६५ |
| भरहेरवय | ४२० | रूवं गिन्हइ | २७१ |
| भावुग-दव्वं | ४५८ | रोयंति | ४४७ |
| भूरिगुणा | ४६४ | लच्छीपेमं | ३८६ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| लज्जाइ गारवेण | ३७३ | विणय विसेसो | ४१९ |
| लद्धोवि | ५९ | विभूसा | ४४० |
| लभ्भति अमर | १०५ | विसमंपि | ७६ |
| लहुकम्मो | २१५ | विसयपडिबंध | ३२४ |
| लोएवि | १४७ | विसयाउरे | ६८ |
| लोओ परस्स | ४६३ | विसयाविक्खो | ३९३ |
| लोगोवयार | ४०३ | विहिपडिवन्न...वजभीरूय | १३६ |
| वज्जिज्ज | २१० | विहिपडिवंन्न....सुसीलोय | ३२९ |
| वड्ढिए वप्पिए | १२९ | वेयावच्चं | ४२३ |
| वर-पुप्फ | ४६७ | वेयावच्चे | ४२७ |
| वरविसय | ४७५ | वेलंवगाइएसु | २२६ |
| ववसायफलं | ५६ | सज्झायंपि | ४३९ |
| ववहारो विहु | २२९ | सत्तू विसं | ३२५ |
| वसणसय | ३८ | सपरक्कमं | ४८३ |
| वसुनरवईणो | १५० | सपरक्कमेयरं | ४८२ |
| वहबंध | १३ | समयपसिद्धं | ७१ |
| वंदामि चरण | १५८ | समयमणिएण | २६ |
| वंदिज्जंतो | २१३ | समयंमि | ४६२ |
| वालाइदोस | १३१ | सम्मत्तचरण | ८७ |
| वाले वुड्ढे | १२४ | सम्मद्दिट्ठी | १०२ |
| विउलं रज्जं | ८ | सयलदुहाणा | २१९ |
| विणओ वेयावच्चं | ८८ | सव्वत्थ | १११ |
| विणयवओ | १३४ | सव्वरयणा | २३२ |

| गाथा आरंभ | गाथा क्रमांक | गाथा आरंभ | गाथा क्रमांक |
|---|---|---|---|
| सव्वंपि बारसंगं | ४३४ | सिरिगोअमाइणो | ३५२ |
| सव्वंपि य | ३७८ | सिंगार | ४४५ |
| सव्वं सुराण | ३९६ | सी-उन्ह | ३८५ |
| सव्वाओ | ४०० | सीया देवसियाणं | ६७ |
| सव्वेवि अ | ३१७ | सुइवि जह | ३२ |
| ससमय | ३३३ | सुचिरंपि | ४८० |
| ससुरासुरंपि | ३२२ | सुच्चिय सूरो | २७६ |
| संका कंख | १०७ | सुठ्ठुवि गुणे | ४५९ |
| संघगुरु | ८३ | सुयसागरस्स | १७३ |
| संजाए | १६६ | सुर-असुर-देव | ७९ |
| संते वि | ४९४ | सुरगण | ४९१ |
| संविग्गो | २० | सुरनररिद्धी | ६६ |
| संवेगभाविअमणो | १२० | सुरसुंदरि | ७३ |
| संसारगिम्ह | ९८ | सूइ जहा | ३१ |
| संसारमण | ४५६ | सेवंति परो | २७९ |
| सामन्नमणु | ३१३ | सेह्रस्सं | १३९ |
| सामन्नेणुस्सग्गो | २५० | सोएण | २७७ |
| सारेऊण | ४८६ | सोगंधिए | १२८ |
| सालंबणो | २३८ | सोय अहिंसा | ५ |
| सावज्जजोग | ११४ | सहइ दोसाभावो | ३०२ |
| सिद्धमकम्मम | १ | हरइ दुहं | ४३७ |
| सिद्धंत-जलहि | ४४१ | हिअमिअ | ४०९ |
| सिद्धंतनीइ | २०१ | हुज्ज असरज्झं | ४१६ |


| | |
|---|---|
| हुंति महाकप्प | ८४ |
| हुंति मुहु | ३९२ |
| हेम-मणि | ५०१ |
| होऊण वि | ३८९ |
| होऊण विसमसीला | ८२ |


समाप्त

# દૃષ્ટાંતકથાઓનો અકારાદિ ક્રમ


| કથા | પૃષ્ઠક્રમાંક | કથા | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|---|
| અગ્નિશર્મા | ૧૭૮ | જિનદાસ શ્રાવક | ૧૬૯ |
| અચ્ચંકારી ભટ્ટા | ૧૭૩ | દૃઢપ્રહારી | ૧૬૧ |
| અમરદત્તભાર્યા | ૧૬૨ | ધનદરાજપુત્ર | ૧૮૧ |
| અમરસેન-વયરસેન | ૧૫૪ | ધનશર્મા અને ધર્મરુચિ | ૧૬૭ |
| આર્દ્રકુમાર | ૧૭૮ | ધનસાર શ્રેષ્ઠી | ૧૫૫ |
| આર્ય સોમિલમુનિ | ૧૬૮ | ધર્મરુચિ અણગાર | ૧૬૩ |
| આષાઢભૂતિ | ૧૭૬ | ધર્મરુચિ મુનિ | ૧૬૮ |
| કપિલ | ૧૭૫ | નાગદત્ત | ૧૬૪ |
| કીરયુગલ | ૧૮૫ | બંધુયુગલ | ૧૮૦ |
| કુંતલાદેવી | ૧૮૪ | બીજોરું | ૧૮૨ |
| કૂરગડૂ સાધુ | ૧૭૪ | બ્રહ્મદેવ | ૧૭૫ |
| ક્ષપક | ૧૮૪ | મણિરથ રાજા | ૧૬૦ |
| ક્ષુલ્લક સાધુ | ૧૭૪ | માર્ગપ્રપન્ન સાધુ | ૧૭૦ |
| ગુણદત્ત સાધુ | ૧૬૯ | મૃગાપુત્ર | ૧૫૨ |
| ગુરુ-શિષ્ય | ૧૭૭ | રતિસુંદરી, રિદ્ધિસુંદરી, | |
| ચંડપિંગળ ચોર | ૧૮૩ | બુદ્ધિસુંદરી, અને | |
| ચંપાપુરીસ્વામી | | ગુણસુંદરી સતીઓ | ૧૫૭ |
| કીર્તિચંદ્ર નૃપ | ૧૬૪ | રવિગુપ્ત | ૧૬૫ |
| ચુલણી-કનકરથ-ભરતચક્રી- | | રાજપુત્ર | ૧૭૧ |
| સૂર્યકાંતા-કુણિક- | ૧૭૯ | લક્ષ્મિધરાદિક | ૧૭૬ |

| કથા | પૃષ્ઠક્રમાંક | કથા | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|---|
| વણિકપુત્રી વસુમતી | ૧૭૫ | સંગત સાધુ | ૧૬૬ |
| વણિકસુત | ૧૭૧ | સાગરચંદ્ર | ૧૫૩ |
| વરદત્ત મુનિ | ૧૬૫ | સિંહરથ | ૧૮૧ |
| વિક્રમ નૃપતિ | ૧૬૩ | સુકુમાલિકારાણી | ૧૭૨ |
| વિધવાપુત્ર | ૧૭૭ | સુભદ્રા | ૧૭૦ |
| વિમળયશા રાજા | ૧૭૧ | સુભદ્રા સાધ્વી | ૧૮૩ |
| શ્રીમતી | ૧૮૨ | સૂરિ | ૧૮૪ |
| શ્રેષ્ઠીપુત્રો | ૧૮૬ | હુંડિક યક્ષ | ૧૮૫ |
| સમર નૃપતિ | ૧૮૬ | | |



Printed bY : KIRIT GRAPHICS - (079) 5352602